Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાકવિ ભવભૂતિ-વિરચિત

ઉત્તરરામચરિત

અનુવાદક

ઉમાશંકર જોષી

૬૪૫
૨૨

જીવનસાહિત્ય મંદિર
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

a Samaj Foundation Chenna

omain. Gurukul Kangri Colle

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या 68 ग/22
पञ्जिका-संख्या ..

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાકવિ ભવભૂતિ-વિરચિત

ઉત્તરરામચરિત

અનુવાદક

ઉમાશંકર જોષી

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं. 64
आगत सं. 22
तिथि 25.3.
गुरुकुल ग्रन्थालय कांगड़ी.

CHECKED 1973
Initial

જીવન સાહિત્ય મંદિર
ગાંધીરોડ, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી આવૃત્તિ : ૧૯૫૦. પ્રત ૧,૧૦૦

સવા છ રૂપિયા

મુદ્રક : નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ
પ્રકાશક : રમણલાલ શેઠ, જીવનસાહિત્ય મંદિર, ગાંધીરોડ, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉ. સુમન્ત અને શ્રી શારદાબહેન મહેતાને

સ્નેહસંસ્કારિતા-તેજે દીપ્ત અર્ધ શતાબ્દથી
મહેકતા ગુર્જરીકુંજે નમું દામ્પત્યપદ્મને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

૧૯૪૬ આખરે અધ્યાપનકાર્યમાંથી હું મુક્ત થયો ને પહેલી ઇચ્છા આત્મશિક્ષણ અર્થે કાલિદારાભવભૂતિને ચરણે બેસવાની થઈ. એમની મહાન નાટ્યકૃતિઓનો અનુવાદ કરવાની પ્રવૃત્તિમાં ગૂંથાવું એ એમની પાસેથી શીખવાનો એક ઉત્તમ પ્રકાર નીવડશે એ આશાએ ઉત્તરરામચરિત અને શાકુન્તલના અનુવાદો આદર્યા. ઉત્તર-રામચરિતનો અનુવાદ બલકે અનુવાદનું ડોળિયું તૈયાર કરવામાં પંદર દિવસથી વધારે સમય ન લાગ્યો. પણ પછીથી મેં જોયું કે એ પંદર દિવસમાં મેં મારે માટે પૂરતી મુશ્કેલી ઊભી કરી છે. તે પછીનાં ત્રણ વરસમાં મેં એ અનુવાદ સુધાર્યો–મઠાર્યો, ફરી લખ્યો, ફરી મઠાર્યો, વળી રંદો ફેરવ્યો,–કાંઈ નહિ તો સાત કરતાં વધારે વખત એ અનુવાદમાં વળીવળીને હું ગૂંથાયો. અને તેમ છતાં મુદ્રણકાર્ય ચાલતું હતું ત્યારે પણ ક્યાંક કોઈક છટકી ગયેલી ભૂલ પકડાઈ જતાં આવા કાર્ય માટેના મારા અધિકારની શંકાનું તીવ્ર ભાન મને વારંવાર થયું છે. મહાકવિ પાસેથી શીખવાની મારી ઇચ્છા ખરે જ મેં કલ્પ્યું હશે તે કરતાં પણ વધુ ગંભીર અર્થમાં ફળીભૂત થઈ છે એમ કહી શકું.

૧૯૨૭ની નાતાલની રજાઓમાં મૅટ્રિકનું ભણતાં ભણતાં મેં પહેલી વાર ઉત્તરરામચરિત સાક્ષરશ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીના અનુવાદની મદદથી વાંચ્યું હતું. આજે આ અનુવાદ પ્રગટ કરતી વખતે સાક્ષરશ્રી મણિભાઈ પ્રત્યે એક પ્રકારનું ઋણ અદા કર્યાની લાગણી હું અનુભવું છું.

અનુવાદની સાથે મેં મૂળ સંસ્કૃત પણ આપ્યું છે. ઘણાઓએ ઇન્ટર સુધી સંસ્કૃતનો અભ્યાસ કર્યો હોય છે ને પછી સંપર્ક છૂટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો હોય છે. તેમ છતાં જીવનના અનુભવથી સમજશક્તિ તો વધી હોય છે. એવાઓ અનુવાદની મદદથી ધારે તો મૂળનો આસ્વાદ સીધો પણ લઈ શકે. વિદ્યાર્થીઓને પણ કદાચ મૂળ અને અનુવાદ સાથે હોય તો ૧૯૨૭માં મેં કરેલો તેવો પ્રયોગ કરવામાં કે વિશેષ અભ્યાસમાં એ ઉપયોગમાં આવી શકે. પાદટીપમાં ચાલુ ટીકા (ભાવાર્થબોધિની) આપી છે તે મુખ્યત્વે અર્થ– અને રસ– લક્ષી છે. પાઠાંતરો ચર્ચતી વખતે પણ દૃષ્ટિ અર્થ અને રસ તરફ રહી છે. કવિજીવન વગેરે વિષેની માહિતી પાછળ પરિશિષ્ટોરૂપે મૂકી છે. મૂળ સંસ્કૃત વાચના, ટીકા અને પરિશિષ્ટો–એ બધામાં સાક્ષરશ્રી મણિભાઈ, પ્રો. વિલ્સન, ડૉ. ભાંડારકર, નિર્ણયસાગર પ્રેસની આવૃત્તિ, ડૉ. બેલવલકર, શ્રીશરદરંજન રાય, મહામહોપાધ્યાય કાણે, શ્રી કાળે આદિ વિદ્વાનોની રચનાઓની મદદ લીધી છે. તે બધાનો જ હું અત્યંત ઋણી છું.

ભાવાર્થબોધિનીમાં શ્લોકના અંક ઘેરાં બીબાંમાં છાપેલા છે. એ રીતે બે શ્લોક વચ્ચેની ઉક્તિઓ ઉપરની ટીકા, જો હોય તો, ઘેરા છાપેલા તે તે બે શ્લોકાંક વચ્ચે હશે એમ નિર્દેશ્યું છે. શ્લોક ઉપર ટીકા ન હોય પણ તે પછીની ઉક્તિઓ પર હોય તો શ્લોકાંક પછી રેખા મૂકેલી છે. દા. ત. ૧૧–એટલે ૧૧મા શ્લોક પછીની કોઈક ઉક્તિની ટીકા. એ જ રીતે ૩.૨૧– એવો ઉલ્લેખ એ ત્રીજા અંકના એકવીસમા શ્લોક પછીની (પણ બાવીસમા પહેલાંની) કોઈક ઉક્તિ સૂચવે. પ્રમાણમાં અલ્પપરિચિત એવા છંદોનાં નામ ટીકામાં નોંધ્યાં છે. ઇન્દ્રવજ્રા–ઉપેન્દ્રવજ્રાને મિશ્રોપજાતિ થવા દીધા છે તે અપવાદ બાદ કરતાં અનુવાદ સમશ્લોકી છે. ત્રીજા અંકમાં સીતા-તમસાની ઉક્તિઓ રામ-વાસન્તીની ઉક્તિઓથી તે જુદી પડે એ રીતે નાનાં બીબાંમાં છાપી છે. સાતમા અંકના ગર્ભનાટકની ઉક્તિઓ પણ એ રીતે જુદી પડી આવે એમ છાપી છે.

ઉત્તરરામચરિતના આંતરદર્શન અંગે આરંભમાં 'અમૃતા આત્મની કલા' એ પ્રવેશક લેખ મૂક્યો છે. ઉત્તરરામચરિતની કેન્દ્ર-ભાવનારૂપે એકપત્નીત્વનો આદર્શ, રાજધર્મ વિરુદ્ધ પ્રેમ, નાટકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખાન્તયોજના માટે હૃદયમેળ સ્થાપવાની જરૂર, — એમ જુદા જુદા ખ્યાલોનો વિચાર થયેલો છે. તે દરેકમાંના સત્યાંશના સ્વીકારપૂર્વકનો નાટકની કેન્દ્રાનુભૂતિનો વિચાર એ લેખમાં કરવામાં આવ્યો છે. વિદ્વાનો એની યથાર્થતા વિચારશે. રસદૃષ્ટિએ રાજધર્મ વિ. પ્રેમ એ જાતના પ્રશ્નો વિચારવાનો ભાગ્યે જ અવકાશ હોય, કેમકે કવિએ જે વિભાવાદિ સ્વીકાર્યા તેમાં જે માન્યતાઓ અભિપ્રેત હોય તેને અભિનિવેશપૂર્વક વળગવામાં આવે તો રસાસ્વાદમાં એ બાધાકર જ નીવડે. પણ એ જાતના પ્રશ્નો ઉઠાવવામાં આવે જ છે એટલા પૂરતી એની ચર્ચાને પ્રસ્તુત લેખી છે. 'અમૃતા આત્મની કલા'ની ભાવના અમદાવાદમાં એસ. એલ. ડી. કૉલેજના આશ્રયે ૧૯૪૩માં ઊજવાયેલી ભવભૂતિ-જયન્તી પ્રસંગે વિદ્વદ્વર્ગ સમક્ષ મૂકવાની તક મને મળી હતી.

એ લેખ છપાવા જાય તે પહેલાં મુ. શ્રી રસિકલાલ છો. પરીખ તે આખો સાંભળી ગયા છે તેનો મને સંતોષ છે. આ પુસ્તક તૈયાર કરવામાં, અધ્યાપક શ્રી નગીનદાસ પારેખે એ જોઈ જઈ, અનેક કીમતી સૂચનો કરી, મુદ્રણશુદ્ધિમાં મદદ કરી, મહત્ત્વની સેવા આપી છે. એ સ્નેહીઓનો આભાર શો માનવો? શ્રી નગીનદાસના નાના ભાઈ શ્રી બાલુભાઈ પારેખનો પણ હું ઋણી છું. આવા ઠીક ઠીક કઠિન એવા મુદ્રણકાર્યને આત્મીયતાથી પાર પાડવા માટે નવજીવન પ્રેસની વ્યવસ્થાનો પણ અહીં આભાર માનવાની તક લઉં છું.

૧૮ એપ્રિલ, ૧૯૫૦ **ઉમાશંકર જોષી**

અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

	પૃષ્ઠ
નિવેદન	૫
'અમૃતા આત્મની કલા' : ઉત્તરરામચરિતનું આંતરદર્શન	૯–૮૮
उत्तररामचरितम् અને અનુવાદ અંક ૧–૭	૧–૨૯૯
પરિશિષ્ટ ૧ : કવિજીવન	૩૦૧
પરિશિષ્ટ ૨ : ઉત્તરરામચરિતની સામગ્રી	૩૨૧

卐

થોડીક શુદ્ધિઓ

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૮	પ્રતિહારી : અંતઃપુરનો સેવક	પ્રતીહારી : અંતઃપુરની સેવિકા
૩	૧૩	ગંગીતીરે	ગંગાતીરે
૧૧૯	પાદટીપમાં ૨	રામ ... આશાએ	રદ કરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અમૃતા આત્મની કલા'

[ઉત્તરરામચરિતનું આંતરદર્શન]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અમૃતા આત્મની કલા'

૧. રસનિર્ણય

રસદૃષ્ટિએ एको रसः करुण एव — એ શબ્દોથી સ્વયં ભવભૂતિએ નિર્દેશ્યું છે અને સૌ કાવ્યપ્રેમીઓએ સ્વીકાર્યું છે તેમ ઉત્તરરામચરિત એ કરુણરસનું કાવ્ય છે. ભવભૂતિના રસવિચારને આ લેખના અંતભાગમાં ચર્ચવાનો પ્રસંગ આવશે. અહીં એમના ઉત્તરરામચરિત નાટકનું અવલોકન કરતાં રસનિર્ણય અંગે જે પ્રશ્ન ઉપસ્થિત થાય છે તેને સ્પર્શીશું.

પહેલા અંકમાં પૂર્વજીવનનાં ચિત્રોના દર્શનપ્રસંગે સીતાહરણ પછીની વિરહયાતનાના તાર વારંવાર ગુંજી ઊઠે છે અને સાથેસાથે જાણે કાલગુહામાં એના પડઘા પડતા હોય એમ ભાવિ વિરહના ભણકારા વાગી રહે છે. વસ્તુતઃ, ચિત્ર-દર્શન 'આવ્યો મારે ફરીથી વળી શું જાનકીનો વિયોગ!' — એવા રામના ઉદ્‌ગાર આગળ પૂરું થાય છે. પછીથી સહ-જીવનના આહ્લાદકારી અનુભવમાં રામ તલ્લીન છે અને इयं गेहे लक्ष्मीःનું દામ્પત્યસ્તોત્ર ઉચ્ચારે છે ત્યાં એ ઉક્તિના અંતિમ શબ્દ 'વિરહ' સાથે 'આવી પહોંચ્યો છે, દેવ!' એવા પ્રતીહારીના શબ્દો જોડાઈ જતાં અંતઃપુરને બારણે વિરહ સાક્ષાત્ આવીને ઊભો રહ્યો હોય એવું અમંગલ ચિત્ર આપણાં મનશ્ચક્ષુ આગળ પ્રતીત થાય છે. અને થોડી ક્ષણોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ આપણે જોઈએ છીએ કે દૂત લોકાપવાદની જે વાત લઈને આવ્યો છે તેનું પરિણામ બંનેના વિયોગમાં જ આવે છે. પણ છેવટે સાતમા અંકને અંતે બંનેનું મિલન થાય છે એ ઉપરથી કોઈને થાય કે ઉત્તરરામચરિતનો રસ કરુણ નહિ પણ વિપ્રલંભશૃંગાર છે. એક આધુનિક પંડિતે એવો અભિપ્રાય દર્શાવ્યો પણ કહેવાય છે.

પણ શું વિપ્રલંભશૃંગાર, શું સંભોગશૃંગાર, બંનેનો સ્થાયી ભાવ રતિ છે, જ્યારે કરુણનો સ્થાયી ભાવ શોક છે, જે ઇષ્ટજનના નાશથી ઉદ્ભવે છે. ઉત્તરરામચરિતની બીજા અંકથી (બલકે પહેલા અંકના અંતભાગથી) સાતમા અંકના અંતભાગ સુધીની રચના જોતાં સીતાનો નાશ થયો છે એવી રામની સમજણ હોય એવું ચોખ્ખું દેખાય છે. આત્રેયી પણ સીતાને 'નામશેષા' કહે છે. પંચવટી આગળ રામ પોતાનો नाशितप्रियतमः (પ્રિયતમાનો નાશ કરનાર) તરીકે ઉલ્લેખ કરે છે. વાસન્તીની સમક્ષ રામ સીતાની અંગ-લતાને માંસભક્ષી પશુઓને હાથે नियतं विलुप्ता ગણાવે છે. (ઊલટું સીતાને કહેવું પડે છે કે 'જીવું છું આર્યપુત્ર, આ જીવું.') અને

देव्याः शून्यस्य जगतो द्वादशः परिवत्सरः ।
प्रणष्टमिव नामापि न च रामो न जीवति ॥

— એ ઉદ્ગાર પણ રામ સીતાનો નાશ થયાનું માને છે એવું નિર્દેશે છે. પંચવટીમાંથી વિદાય લેતાં પહેલાં આ બીજા વિયોગને राम निरवधिः તરીકે વર્ણવે છે; ઉપરાંત ત્યાંથી અયોધ્યા પાછા વળતાં વચ્ચે વાલ્મીકિ-તપોવન પાસે લવકુશ આગળ વાત કરતાં પણ એ કહે છે: વિયોગમાં ધ્યાન ધરી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરીને પ્રિયજનની મૂર્તિનું પોતાની આગળ નિર્માણ કરવાનું બને છે એટલે એ રીતે એ આશ્વાસન આપી રહે છે, પણ ચિત્ત એવા વિકલ્પો કરવાની સ્થિતિમાં જ ન રહે — પ્રિયજનનો નાશ થાય, એટલે તો પછી જગત જીર્ણ અરણ્ય સમું બની જાય છે. આ ઉલ્લેખો સ્પષ્ટ બતાવે છે કે રામને મન સીતાનો નાશ થયો છે અને સ્વાભાવિકપણે એથી રામનો સ્થાયી ભાવ શોકનો છે, રતિનો નથી. બીજા શબ્દોમાં, નાટકનો રસ રતિ જેનો સ્થાયી ભાવ છે એવો વિપ્રલંભશૃંગાર નહિ, પણ શોક જેનો સ્થાયી ભાવ છે એવો કરુણ છે.

સાહિત્યવિદ્ વિશ્વનાથે રસોમાં કરુણવિપ્રલંભની ગણના કરાવેલી છે. બેમાંથી એક જણ અન્યલોકને પામ્યું હોય, તેમ છતાં જો પછીથી બંનેનું પરસ્પર મિલન થાય તો એવા દાખલામાં કરુણવિપ્રલંભ રસને અવકાશ છે એમ એ કહે છે. ઉદાહરણ તરીકે એ મહાશ્વેતા અને પુણ્ડરીકનો ઉલ્લેખ કરે છે. પુણ્ડરીક વિદેહ થાય છે, પણ પાછળથી મહાશ્વેતા સાથે એનું મિલન થાય છે. ભવભૂતિની સીતા સાતમા અંકમાં — ગર્ભનાટકમાં — સત્યવસ્તુવાદી વાલ્મીકિ કવિ આર્ષચક્ષુથી જોયેલી ઘટનાનું નિરૂપણ કરે છે તેમ અન્યલોકમાં, રસાતલમાં, વિલય પામે છે. બાર વરસે ભાગીરથીની કૃપાથી પંચવટીમાં રામ ન જાણે એ રીતે બે ઘડી માટે અને થોડા દિવસ પછી વાલ્મીકિની કરુણાથી ગંગાતટ પરના નાટ્યમહોત્સવપ્રસંગે હંમેશ માટે એનો રામ સાથે મેળાપ થાય છે. એટલે મહાશ્વેતાપુણ્ડરીકને મળતી આ ઘટના કહેવાય અને ઉત્તરરામચરિતનો રસ કરુણવિપ્રલંભ ગણાવવાને અવકાશ રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કરુણનો કરુણવિપ્રલંભથી ભેદ દર્શાવતાં વિશ્વનાથે જ કહ્યું છે તેમ :—

शोकस्थायितया भिन्नो विप्रलम्भादयं रसः ।
विप्रलम्भे रतिः स्थायी पुनः सम्भोगहेतुकः ॥

—અર્થાત્, કરુણનો સ્થાયી ભાવ શોક હોઈ તે કરુણવિપ્રલંભથી ભિન્ન છે. વિપ્રલંભમાં તો સ્થાયી ભાવ રતિ હોય અને તેમાં ફરી મિલનની — સંભોગશૃંગારની — અપેક્ષા છે. ભવભૂતિએ નાટકને અંતે રામસીતાનું મિલન યોજ્યું છે પણ તેની રામને માટે ઉક્તિ છે : अंतर्गूढघनव्यथः . . . रामस्य करुणो रसः ॥— હૃદયમાં ઊંડી ભરાયેલી ઘન વ્યથાથી નિર્માયેલો એવો રામનો કરુણ રસ છે; અર્થાત્ રામનો સ્થાયી ભાવ વ્યથાનો—શોકનો છે, જે નાટકમાં કરુણરસ રૂપે પ્રતીત થાય છે. આમ છેવટે રામ અને સીતાનું મિલન થાય છે તેમ છતાં બીજાથી સાતમા અંકના અંત સુધીના ભાગમાં રામનો સ્થાયી ભાવ રતિ નથી, અને તેથી નાટકનો રસ કરુણવિપ્રલંભ લેખવામાં મુશ્કેલી છે.

નાટકનો સુખાન્ત યોજવાની શાસ્ત્રપ્રણાલીને અનુસરીને કવિએ ભલે રામસીતાને અંતે મેળવ્યાં હોય, એમને સીતા-ત્યાગના આખા પ્રકરણમાં રામનો રતિભાવ નહિ પણ શોક-ભાવ આલેખવો છે એ સ્પષ્ટ છે. વાલ્મીકિ અને કાલિદાસની જેમ અંતે સીતાનો વિલય બતાવવાનું એમણે ટાળ્યું છે અને નાટકનો પ્રણાલિકાનુસાર સુખાન્ત નિરૂપ્યો છે, તેમ છતાં સીતાનો ત્યાગ થયા પછી બારે વરસ તે વાલ્મીકિ-તપોવનમાં રહે છે એવું વાલ્મીકિ અને કાલિદાસ જ્યાં વર્ણવે છે ત્યાં ભવભૂતિ સીતાનો વિલય નિરૂપે છે; માતા પૃથ્વી પુત્રી સીતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસાતલમાં લઈ જાય છે અને ત્યાં તે બાર વરસ રહે છે એમ યોજે છે. જ્યાં જરૂર નથી ત્યાં કવિ વિલયની વાત લાવતા ન હોય! પણ જરૂર નથી એમ નથી. કવિને રામનો શોકભાવ પ્રગટ કરવો હોય તો તે માટે સીતાને અન્યલોકમાં ગયેલી નિરૂપવી જોઈએ, 'નિરવધિ' વિયોગનો પ્રસંગ ઉપસ્થિત કરવો જોઈએ અને તેથી કવિએ વિલયની ઘટનાને સીતા-ત્યાગ પછી તરત યોજી છે.

ખરું જોતાં નાટક સુખાન્ત છે એ વાત ઉપર બહુ ભાર મૂકવાની જરૂર નથી. વાલ્મીકિ અને કાલિદાસ પ્રમાણે પણ સીતા અને રામનું પુનર્મિલન તો થાય છે જ, સીતાની નિર્દોષતા સ્વીકારાય છે જ, પણ તે પછી સીતા રામ સાથે સુખથી જીવન ગાળવાને બદલે પોતાના જીવવાનો હવે કોઈ ખાસ અર્થ ન જોતાં માતા પૃથ્વી પાસે પોતાનો વિલય પ્રાર્થે છે. ભવભૂતિ પણ પુનર્મિલન અને સીતાના અનવદ્ય શીલનો સ્વીકાર નિરૂપે છે. તે પછી પ્રણાલિકા પ્રમાણે એમણે રામ-સીતાનો સહવાસ સૂચવ્યો છે અને સીતાનો વિલય નિરૂપ્યો નથી. એથી નાટકની કે રામસીતાના પરસ્પર સંબંધની સ્થિતિમાં કોઈ મૂલગત-મહત્ત્વનો ફેર પડતો નથી. ભવભૂતિએ અંતે વિલય નિરૂપ્યો હોત તોપણ નાટકની રસવ્યવસ્થા તો છે એવી જ રહેત, ભવભૂતિનું રામસીતાના પરસ્પર ભાવસંબંધ વિશે જે દર્શન છે તે એનું એ જ રહેત.

રામસીતાના પરસ્પર ભાવસંબંધનું ઉદ્ઘાટન કરવા માટે ભવભૂતિએ સીતાત્યાગ પછી તરત સીતાનો વિલય નિરૂપવો યોગ્ય માન્યો છે. બાર વરસ પછી સીતાનું દર્શન થતાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણને તમસા-મુરલાના વાર્તાલાપ દ્વારા જણાવવામાં આવ્યું છે કે એ બાર વરસ એ રસાતલમાં હતી. બાર વરસે રામ જાણે નહિ એ રીતે સીતા રામને મળે છે તે પ્રસંગે આપણે જોઈએ છીએ કે રામ સીતાને માંસભક્ષક પશુઓને મોંએ नियतं विलुप्ता માને છે. (મહાશ્વેતાના પ્રિયજન અંગે આકાશ-વાણી થઈ હતી. સીતાનો તો નિશ્ચિતપણે નાશ થયો છે એમ રામ માને છે. આટલો બંનેમાં ફેર છે. પૃથ્વી સીતાને રસા-તલમાં લઈ ગઈ છે તે તો રામને બાર વરસ પછી વાલ્મીકિએ ભજવાવેલા નાટક ઉપરથી જાણવા મળે છે.) આમ, ઉત્તર-રામચરિતમાં સીતાનો નાશ થયો હોય એ સંજોગોમાં રામની હૃદયસ્થિતિ શી છે તે નિરૂપવાનો ભવભૂતિનો ઉપક્રમ સ્પષ્ટ દેખાય છે. અર્થાત્ શોક જેનો સ્થાયી ભાવ છે એવા કરુણરસનું ઉત્તરરામચરિતમાં ભવભૂતિને હાથે આલેખન થયું છે. વિશ્વ-નાથે શૃંગારના પ્રભેદ તરીકે કરુણવિપ્રલંભને ગણાવ્યો છે તેમ આપણે વિપ્રલંભકરુણ એવો કરુણનો પ્રભેદ સ્વીકારીને ઉત્તર-રામચરિતનો રસ વિપ્રલંભકરુણ છે એમ કહી શકીએ. પણ એ તો નામકરણ અંગેનો — વિગતનો માત્ર પ્રશ્ન છે. જે મહત્ત્વનું છે તે તો ઇષ્ટજન સીતાના નાશથી શોક સ્થાયી ભાવ અનુ-ભવતા રામનો करुणः रसः છે એમ જે ઉપર જોયું એ છે.

કૃતિમાં અમુક રસ છે એવો નિર્ણય કર્યો એટલે પછી, સંસ્કૃત કાવ્યશાસ્ત્ર પ્રમાણે, એને અંગે કાંઈ ખાસ વિશેષ કરવાનું રહેતું નથી; કેમકે રસ એ સ્વસંવેદ્ય છે, ભાવકે પોતે આસ્વાદવાનો છે. કૃતિના શબ્દાર્થ અંગે મુશ્કેલી હોય તો તે સમજાવવાની રહે એટલું જ. અને એથી સ્વાભાવિક રીતે એ જાતની ટીકાઓનો સંસ્કૃતમાં ઠીકઠીક પ્રચાર પણ જોવા મળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. કાવ્યશાસ્ત્રવિનોદમાં બુદ્ધિમાન રસિકોએ ઓછો સમય ગાળ્યો હશે એમ નહીં. પણ લખવાની વાત આવે ત્યારે કાવ્યના આકારને સમજવા શબ્દાર્થથી અને કાવ્યનું અંતિમ લક્ષ્ય — રસનિષ્પત્તિ — સમજવા માટે રસનિર્ણયથી તેઓ ઘણુંખરું સંતોષ માનતા. અને કાંઈક નિશ્ચયપૂર્વક લખી શકાય એવી વસ્તુઓ પણ એ એ જ હોઈ એ વલણમાં ડહાપણ પણ હતું.

આજે આપણો કાવ્યશાસ્ત્રવિનોદ લેખનમાં એ રીતે પરિસીમિત રહ્યો નથી. કૃતિનું, એનાં વિવિધ અંગોનું, અનેક રીતે અવલોકન કરવાની સાહિત્યરુચિ આપણે કેળવી છે. કવિનું જીવન, કવિજીવનની કાવ્યકૃતિ ઉપર અસર, ઇતિહાસના અન્વયમાં કૃતિનું મૂલ્યાંકન, કવિના સમયના અને કવિના પોતાના વિચારોનું કૃતિમાં પ્રતિબિંબ, કૃતિનો મધ્યવર્તી વિચાર, કવિનો સંદેશ, એવા અનેક પ્રશ્નો ચર્ચવામાં આપણી અભિનવ સાહિત્યરુચિ રાચે છે, અને આવા સર્વાંગીણ પરીક્ષણના પ્રકાશમાં કૃતિનો રસ નિઃશેષપણે આસ્વાદવાની શક્યતા વધવાનો પણ સંભવ છે.

ભવભૂતિના ઉત્તરરામચરિતનો રસ કરુણ છે અને એ આપણે સ્વયં આસ્વાદવાનો છે એમ કોઈ કહે તો એ સામાન્ય રીતે બસ ગણાવું જોઈએ. પણ આપણું મન આજે એમ માનવાનું નથી. એ તો પૂછશે કે રસ અમારે જાતે પામવાનો છે તે તો અમે પામવા પ્રયત્ન કરીશું, પણ તમે કૃતિ અંગે જો કાંઈ બીજું જાણતા હો તો તેની જરી વાત કરવામાં તમારું શું જાય છે? નાયકનાયિકા એ પરસ્પરનાં આલંબન-વિભાવ છે ત્યાં જ બધી વાત પતી જાય છે? એમના હૃદયની કોઈ જ છૂપી વાત પ્રગટ કરી દેવા જેવી તમારી પાસે નથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ નાટચકૃતિમાં નદીઓ ચિંતાતુર વિચરે છે, વનદેવતા વલવલે છે, જનક વિદેહી જેવા આસક્તિની ઝાળથી સળગી ઊઠે છે, એમાં પથ્થરો રડવાની અને વજ્રનું હૈયું દળાવાની વાતો આવે છે, અરે! સર્વ ભૂતોને ધારણ કરનારી સાક્ષાત્ પૃથ્વી મૂર્છા પામે છે,—આ બધું તે શું કવિએ જાદુગરની પેઠે કરુણ નામનો રસ નિષ્પન્ન કરવા માટે શબ્દનળીમાં નાખેલા ઘટક અંશો માત્ર છે? કવિના હૃદયની કોઈ સ્વકીય અનુભૂતિ આ બધા દ્વારા સાકાર થવા મથી રહી નથી? ભવભૂતિ કવિનું કોઈ વિશેષ દર્શન ઉત્તરરામચરિત નાટકરૂપે મૂર્ત થયું નથી?

અર્થાત્, રસમીમાંસાની પરિભાષામાં કહીએ તો: કવિ સાધારણીભૂત ભાવને અનુભવે છે અને વાઙ્મયરૂપે એને સાકાર કરી આપણને — ભાવકને અનુભવાવે છે. એ વખતે આપણે પણ એને સાધારણીભૂત ભાવરૂપે જ અનુભવીએ છીએ, એટલે કે રસરૂપે આસ્વાદીએ છીએ. સર્જક અને ભાવક બંને પક્ષે મહત્ત્વ સાધારણીભૂત ભાવનું જ છે. તેમ છતાં સર્જક એને સાકાર કરે છે તે તો વિભાવાદિના નિબંધનથી રચેલી વિશેષ સૃષ્ટિની મદદથી. એથી તો કોઈ બે કવિઓની સૃષ્ટિઓ સરખી હોતી નથી. એ વિભાવાદિની પસંદગી, એના નિબંધનની પ્રક્રિયા અને પરિણામે શબ્દદેહ ધારતી એ સમગ્ર સૃષ્ટિ — એ બધામાં કવિનું વિશિષ્ટ જીવનદર્શન, એણે જોયેલું કોઈ જીવનરહસ્ય એ એક નિર્ણાયક તત્ત્વરૂપે ભાગ ભજવતું હોય છે. કવિની વિશિષ્ટ સૃષ્ટિ એ એની વિશિષ્ટ દૃષ્ટિનું પરિણામ હોય છે. આપણે એ દૃષ્ટિનો પરિચય કર્યો હોય તો એની વિશિષ્ટ સૃષ્ટિને સાધારણીભૂત ભાવરૂપે આસ્વાદવામાં એટલી વધુ અનુકૂળતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે નાટકમાં મૂર્ત થતી ભવભૂતિ કવિની વિશિષ્ટ દૃષ્ટિનો — અનુભૂતિનો પરિચય કરવા પ્રયત્ન કરીએ.

૨. પ્રેમ, આત્માનો અમૃત અંશ

ખરું જોતાં કવિદર્શન નિઃશેષપણે તંતોતંત રજૂ થતું હોય તો તે એણે નિર્મેલી સમગ્ર કાવ્યકૃતિ દ્વારા. કાવ્યકૃતિથી નોખું એવું કવિનું દર્શન નિર્દેશી શકાય કે કેમ એ પ્રશ્ન છે. પોતાના દર્શનને પ્રત્યક્ષ કરાવવા માટે કવિને આખી એક નવીન કાવ્યસૃષ્ટિ રચવાની જરૂર જણાઈ હોય છે. જો એ કવિદર્શનને કાવ્યકૃતિમાંથી એક વિચારકણરૂપે જુદું તારવવાનું આપણે માટે શક્ય હોય તો સહેજે એવો સવાલ ઉદ્ભવે કે કવિએ પોતે જ એક વિચારકણરૂપે પોતાનું વક્તવ્ય કેમ રજૂ કર્યું નહિ. ઉપરાંત, એવા પ્રમાણપુરઃસરના સત્યવાક્યનું અને એક સુંદર કલાકૃતિનું ઐક્ય પણ સ્થાપી શકાય નહિ. એ બંને જુદી જ વસ્તુઓ છે. એથી સત્ય જ્યારે સુંદરરૂપે પ્રતીત થવાનું પસંદ કરે છે ત્યારે સુંદરમાંથી એને ઉતરડીને ચીપિયામાં પકડી રાખી ઝીણી આંખે અવલોકવા મથવું એ તે સુંદરરૂપ સત્યનો દ્રોહ — કદાચ ઘાત કરવા જેવું છે. એનો સુંદર રૂપે જ સાક્ષાત્કાર કરવો ઉચિત છે. કવિ જે સત્ય — જે રહસ્ય સુંદર કાવ્યકૃતિ દ્વારા સાકાર કરે છે તેના એકેએક અંગમાં એ સત્ય વ્યાપેલું હોય છે, ધબકી રહ્યું હોય છે. કવિની જેમ આપણે પણ એ સુંદર આકારને અખંડપણે આપણામાં અનુભવીને એમાંના સત્યનો, બલકે એ સુંદરરૂપ સત્યનો, સંસ્પર્શ પામી શકીએ. અખંડ કલાકૃતિ તે પોતે જ એ કલાકૃતિનું સત્ય છે. આ સિવાય કલાકૃતિના કોઈ સત્યની — રહસ્યની વાત કરવી એ તે કલાકૃતિ પૂરતી અપ્રસ્તુત છે. વિવેચનની આ મર્યાદા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ મર્યાદા સમજી લઈને આપણે ઘણું તો, કવિસૃષ્ટિ કયા મધ્યબિંદુમાંથી પ્રસરી, એનું કાવ્યગત ગુરુત્વમધ્યબિંદુ શું છે, તે વિષે અનુમાન કરવા પ્રવૃત્ત થઈ શકીએ. એ મધ્યબિંદુ જુદાજુદા વિચક્ષણોને કોઈ પ્રસિદ્ધ કલાકૃતિ આગે જુદું જુદું જણાય છે તેનું કારણ પણ હવે આપણને સમજાશે. ઉત્તરરામચરિતના એવા કોઈ મધ્યબિંદુની, કોઈ મધ્યવર્તી આશયની, ઝાંખી થાય છે કે કેમ તે આપણે તપાસીએ. એવા મધ્યવર્તી આશયને આપણે કવિપુરસ્કૃત જીવનરહસ્ય, દર્શન, કે એવું કાંઈ કહીએ તો તેનો અર્થ પણ ઉપરની સમજ પ્રમાણે મર્યાદિત લેખીને જ.

યુરોપીય વિવેચકોએ ઉત્તરરામચરિત પાછળ ભવભૂતિનો હિંદના બહુપત્નીકતાના પ્રચલિત રિવાજ સામે એકપત્નીત્વનો આદર્શ રજૂ કરવાનો આશય જોયો છે. યુરોપની સમાજવ્યવસ્થા એકપત્નીકતાના આદર્શનું બહુમાન કરે છે એ જોતાં ત્યાંના વિદ્વાનોને ઉત્તરરામચરિત નાટકમાં એ આદર્શ ઊડીને આંખે વળગે એવો લાગે એ સ્વાભાવિક છે. એ આદર્શ ઉત્તરરામચરિતમાં છે જ. પણ સીતાના નાશ આગે શોક કરવા છતાં રામે ફરીથી લગ્ન કર્યું હોત તો પણ એકપત્નીત્વના યુરોપીય ખ્યાલને તો કોઈ જ આઘાત પહોંચત નહિ. દેખીતું છે કે રામના સીતા સાથેના સંબંધમાં એકપત્નીત્વના યુરોપીય ખ્યાલ કરતાં કાંઈક વધુ અભિપ્રેત છે. કેવળ એકપત્નીત્વના આદર્શને માટે ભવભૂતિએ નાટક રચ્યું એમ કહી શકાય નહિ. એ આદર્શ ભવભૂતિએ નવો સ્થાપવાનો પણ ન હતો. વાલ્મીકિના સમયથી રામકથા દ્વારા એ આદર્શ દેશના સમાજ આગળ રજૂ થયાં જ કર્યો હતો. રામકથા ભવભૂતિએ સ્વીકારી એટલે સાથે સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનિવાર્યપણે એકપત્નીત્વનો આદર્શ પણ સ્વીકારીને જ પોતાના નાટકની રચના એમણે કરી છે.

આપણા વિદ્વાનોએ પણ, પશ્ચિમના વિદ્વાનોને અનુસરીને, ઉત્તરરામચરિતમાં બહુપત્નીકતાની રૂઢિના વિરોધરૂપ એકપત્નીત્વના આદર્શનો ઉદ્ઘોષ જોયો છે. ઉપર જોયું તેમ એકપત્નીત્વના આદર્શને ઉત્તરરામચરિતમાં આપોઆપ ઉઠાવ મળ્યો છે. એકપત્નીત્વ એ તો કવિની રચનામાં ભૂમિકા તરીકે ગૃહીત છે. પણ એ ભૂમિકા ઉપર ભવભૂતિએ પોતાના દર્શનવિશેષની માંડણી કરી છે.

પતિ અને પત્ની એ એકમેકને માટે શું છે તેનું દર્શન ઉત્તરરામચરિતનાં રામ અને સીતામાં આપણને થાય છે. પિતાથી છૂટા પડવાને લીધે વ્યથિત બને એટલી સીતા કોમળ છે, તે સાથે જ અષ્ટાવક્ર આગળ રામના મોઢામાંથી લોકારાધન માટે સર્વ મોંઘી વસ્તુઓ સાથે 'જાનકી'નો પણ ત્યાગ કરવાની તૈયારી વિષે ઉદ્ગાર નીકળી પડે છે, ત્યારે સીતા પતિના એ ગુણોત્કર્ષ ઉપર વારી જાય છે. અગ્નિશુદ્ધિના ઉલ્લેખને 'હશે' કરીને હળવેથી એ ખંખેરી નાખે છે અને પરશુરામને નમાવ્યાનું ચિત્ર રામ ટાળે છે ત્યારે પતિનું એ 'વિનયમાહાત્મ્ય' પણ એની નજર બહાર રહેતું નથી. અરણ્યોમાં રાક્ષસોથી થતા અવરોધમાં હવે એને રસ નથી, તડકો નિવારવા પોતાની ઉપર પતિએ તાડપત્ર ધરી રાખ્યું છે એ ચિત્ર ધરાઈને જોઈ લેવાની રસિકતા એ દાખવે છે. શૂર્પણખાનું ચિત્ર આવતાં પોતાને હમણાં રાવણ ઉપાડી જશે કે શું અને પતિથી વિયોગ પડશે કે શું એમ એ ક્ષણભર ફફડી ઊઠે છે. વિયોગ પછીનાં ચિત્રોમાં

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પોતાનાં વીતક કરતાં રામને જે વ્યથા થયેલી તેનાં ચિત્રો આગળ થોભી એ વ્યથામાં એ સમભાગી બને છે. પછીનાં ચિત્રો વિનોદને બદલે વ્યથા કરનારાં લાગવાથી અને સીતા શ્રમિત થવાથી ચિત્રદર્શન પૂરું કર્યું ત્યારે પતિનું માન રાખવા સીતાએ પોતાને ચિત્રદર્શનથી પ્રગટેલો દોહદ જણાવ્યો તે કેવો સરળ અને સાત્ત્વિક છે! ગંગાતટની વનરાઈઓમાં વિહરીને એનાં શીતળ પાવન જળમાં ઝીલવાની પોતાની ઇચ્છા એ દર્શાવે છે. આમ નાટકના આરંભમાં જ, એકમેકમાં સમરસ થયેલાં અનુભવી પ્રેમિકોનો આપણને પરિચય થાય છે. પૂર્વજીવનની તડકીછાંયડીએ એકમેકને વધુ એકમેકમય બનાવ્યાં છે એ, ચિત્રદર્શન દ્વારા પૂર્વજીવનનાં જાગેલાં એમનાં અનેક સ્મરણો ઉપરથી, આપણને પ્રત્યક્ષ થાય છે.

તે પછી એ બંનેના સંબંધનું કવિએ જે આલેખન કર્યું છે તે જોઈએ. સીતાને આરામ કરાવવા રામ વાતાયન તરફ લઈ જાય છે. ટેકો લેવા માટે સીતાનો હાથ પોતે જ પોતાના ગળે ગોઠવી આપે છે. એ સ્પર્શથી ચૈતન્ય કેવાકેવા વિકારો અનુભવી રહે છે તે રામ વર્ણવવા કરે છે. સીતા તો માત્ર 'તમારો પ્રેમ સ્થિર છે' — એમ કહે છે. આ શબ્દોથી વળી રામનું ચૈતન્ય ઉત્તરલિત થાય છે:

> એ સર્વ જે સુવચનો કમલાક્ષિ! તારાં
> દર્ણામૃતો, મન તણાંય રસાયણો શાં!

સીતાને થાકથી ઊંઘ આવી જાય છે. રામ એને જોઈ રહે છે. નયનોની એ અમૃતસળી છે. આમ, સ્પર્શ, શ્રવણ અને ઈક્ષણની ઈન્દ્રિયોની પરિતૃપ્તિ અનુભવતા રામ એની અસર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે પોતાના મન સાથે દામ્પત્યસ્નેહનું સ્તોત્ર इयं गेहे लक्ष्मीः ઉચ્ચારે છે. અને એથી સીતા અંગેની જે બધી વાતો એ ગણાવે છે તેમનો છેલ્લી પંક્તિમાં એ 'પ્રેયસ્' તરીકે ઉલ્લેખ કરે છે ('ન શું એનું પ્રેયસ્? અસહ પણ તે માત્ર વિરહ.') એ સમજાય એવું છે. સીતાને લગતી આ બધી વાતો પ્રેયકોટિની છે, શ્રેયકોટિની નથી. પ્રિયતમાને પ્રેયોદૃષ્ટિથી જોઈ એટલે એ પ્રેયોદૃષ્ટિનો પડછાયો પણ અસહ વિરહરૂપે પડવાનો જ. પત્ની પ્રત્યેની પતિની દૃષ્ટિમાં એને પ્રેયોમૂર્તિ તરીકે જોવાનું પણ સમાયેલું છે જ. એ અંશ જતાં પણ પરસ્પરને માટે તેઓનું ઘણુંબધું, કદાચ વધારે સમૃદ્ધ, વ્યક્તિત્વ શેષ રહે છે. તરત જ એનો અનુભવ આપણને થાય છે.

સીતા ઊંઘમાં લવે છે: 'આર્યપુત્ર, સૌમ્ય, ક્યાં છો?' રામ જુએ છે કે ચિત્રદર્શનને કારણે નીપજેલી વિરહની ભાવના સીતાને ઊંઘમાં પણ ઉદ્વેગ કરાવી રહી છે. સ્નેહથી એના શરીરે હાથ ફેરવતાં દામ્પત્યમંગલનો મંત્ર એ ઉચ્ચારી રહે છે. ઇંદ્રિયોના આકર્ષણને એમાં હવે સ્થાન નથી. સીતા નિદ્રામાં છે. અને 'આર્યપુત્ર ક્યાં છો?' એવું એ લવે છે તેમાં વિરહનો અણસારો હોઈ તેમના પરસ્પર સંબંધના સૂક્ષ્મમાં સૂક્ષ્મ તાર ઝણઝણી ઊઠે છે. તે પૂર્વે પોતે 'અસહ પણ તે માત્ર વિરહ' બોલ્યા, ત્યારે 'વિરહ' શબ્દના અનુસંધાનમાં જ 'આવી પડોંચ્યો છે, દેવ' એમ પ્રતીહારી બોલી જવાથી અંતઃપુરમાં વિરહના ઓળા પથરાઈ રહ્યા હોય એવું અમંગલ સૂચન રામના મનને પણ જ્ઞાત-અજ્ઞાત-પણે થયું હશે. સીતા અને પોતાની વચ્ચેના સંબંધનું દર્શન આવી ક્ષણે રામને થાય એ સ્વાભાવિક છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે અદ્વૈત સુખેદુખેય, સરખું સર્વે અવસ્થા મહીં,
વિસામો ઉરનો, શકે નવ હરી વૃદ્ધત્વ જેનો રસ,
ને સૌ આવરણો સર્યે કદી થતું જે સ્નેહસારે સ્થિર,
સદ્ભાગી જનને ક્યમેય વિરલું કલ્યાણ તે લાધતું.

પ્રેયોદૃષ્ટિને કાંઈક વટાવીને કરેલું દામ્પત્યનું આ દર્શન છે; ઇન્દ્રિયાકર્ષણથી પર માનસિક અદ્વૈતનું, હૃદયના વિસામાનું, વૃદ્ધત્વથી પણ ન સૂકાનાર રસનું, સૌ પડદા સરી જતાં સ્થિર થયેલા સ્નેહસારનું, કોઈ સદ્ભાગીને જ મળતા વિરલ દામ્પત્ય-મંગલનું એ દર્શન છે. સ્ત્રીપુરુષસંબંધના આ મંગલ દર્શન આગળ જ રામને સીતાનો ત્યાગ કરવા માટેનું કારણ દુર્મુખ-દૂત દ્વારા મળે છે. એને મોઢેથી કિંવદન્તી સાંભળીને તરત તો રામ મૂર્છા પામે છે, તેમ છતાં એમના હૃદયમાં ઊંડો વિશ્વાસ જામેલો પડ્યો છે કે કેમે કરી મળેલું દામ્પત્યનું ભદ્ર એમ સહેજે (સીતાનો ત્યાગ કરવો પડે તો પણ) નાશ પામવાનું નથી, પોતે જે કલ્યાણમય દામ્પત્યસ્વરૂપની વાત કરી તે સુખદુઃખને પણ એકાકાર કરી દેનારું — મિલનવિરહના ભેદ ભૂંસી નાખનારું છે. પછી આપણે જોઈએ છીએ કે ખરેખર સીતાનો ત્યાગ કરવાનો રામ નિર્ણય કરે છે.

અહીં સુધીના આલેખનમાં કવિએ પ્રેમના કલ્યાણમય દામ્પત્યસ્વરૂપની પરાકાષ્ઠા આપણને પ્રત્યક્ષ કરાવી. એવો પ્રેમ ઇન્દ્રિયાકર્ષણ ઉપર નિર્ભર નથી, અરે, વૃદ્ધત્વ પણ એના રસને ઓછો કરી શકે એમ નથી, એવી રામને — અને રામ દ્વારા આપણને — પ્રતીતિ થાય છે. સમય જતાં બંનેનાં હૃદય વચ્ચેના એકેએકે તમામ પડદા સરી જતાં સ્નેહસારરૂપે એ સ્થિર થાય છે અને તેથી જે વિરલ કલ્યાણરૂપ છે એવા પ્રેમની અનુભૂતિ સુધી કવિ આપણને લઈ આવ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જો બંને વચ્ચે મૃત્યુનો પડદો પડે તો? તો એ સ્થિર થયેલા સ્નેહસારની સ્થિરતા ટકે ખરી કે? વૃદ્ધત્વ એનો રસ હરી લઈ શકે નહિ એટલું તો રામ જોઈ શકે છે. પણ મૃત્યુ એ રસ હરી શકે ખરું?

ઉત્તરરામચરિતના પહેલા અંક પછીના ભાગમાં કવિ આપણને આ પ્રશ્નના ઉત્તરરૂપે અનુભૂતિ કરાવે છે કે પ્રિયજનનું મૃત્યુ થાય તો પણ પ્રેમ તો અમર રહે છે. બીજા અંક પછી આપણે જોઈએ છીએ કે રામને મન સીતાનો નાશ થયો છે. પરંતુ સીતાનું મૃત્યુ થાય છે તે છતાં સીતા પ્રત્યેનો રામનો પ્રેમ તો અમર રહે છે એ બીજા અને ખાસ કરીને ત્રીજા અંકમાં આપણને પ્રતીત થાય છે. પ્રેમની આવી અમરતા વિષે કવિ ગમે તેટલું પ્રતિજ્ઞાપૂર્વક આપણને કહે તો પણ એમ એ આપણે ગળે ઓછું જ ઊતરવાનું હતું? એથી એમણે એક એવી સૃષ્ટિ આપણી આગળ રજૂ કરી છે, જેમાં મૃત્યુ પામેલું મનાતું પ્રિયજન પોતે પ્રેમની અમરતાનો સાક્ષાત્કાર કરી શકે અને પ્રેક્ષકવૃંદ તરીકે આપણે પણ તેની દ્વારા (પ્રૉક્સીથી) એવો સાક્ષાત્કાર કરી શકીએ. પંચવટીમાં રામ સીતાને જોઈ શકતા નથી, સીતા એટએટલામાં છે એવો એમને સંદેહ પણ નથી. પૂર્વનાં સંસ્મરણોમાંથી પોતે સીતા નિર્માં છે એવું કાંઈક એ માને છે. પણ પોતે મૂર્છામાંથી જાગે છે ત્યારે સીતાના સંજીવનીસ્પર્શથી પોતાની મૂર્છા હટી છે એમ એમને લાગે છે અને સીતાને એ શોધવા જાય છે.

રામ — (બધે નિહાળીને નિર્વેદથી) હા! અહીં કંઈ યે નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — ભગવતી, કાંઈ કારણ વગર એમણે મારો પરિત્યાગ કર્યો છે તો પણ એમનું આ રીતનું દર્શન થતાં મારા હૃદયની કેવી દશા થઈ છે!

સીતા પોતાનો નિષ્કારણ પરિત્યાગ થયેલો તે ભૂલી શકતી નથી, પણ 'આ રીતનું દર્શન' થતાં — રામ પોતાને પ્રેમપૂર્વક ઝંખે શોધે એ જોવા મળતાં — એના હૃદયની જોવા જેવી દશા થઈ જાય છે.

રામ — દેવી,

મૂર્ત પ્રસાદશો તારો સ્પર્શ સ્નેહાર્દ્રશીતલ,
આપે આનંદ અદ્યાપિ, પણ છે ક્યાં તું નંદિની !

સીતા — ખરે જ આર્યપુત્રના આ આનંદઝરતા ઉદ્ગારો સુધામય અને અગાધ સ્નેહસંભાર દર્શાવનારા છે, જેની પ્રતીતિથી નિષ્કારણ પરિત્યાગનું શલ્ય લાગવા છતાં મને મારું જન્મ્યું સાર્થક લાગે છે.

મૃત્યુ પછી પણ ટકી રહેનારા પ્રેમના દર્શન આગળ સીતા પોતાના પરિત્યાગનું — અને તે 'નિષ્કારણ' પરિત્યાગનું — શલ્ય પણ ગણકારતી નથી. મૃત્યુ પછી પણ પોતાને માટે આવો પ્રેમ ટકી રહે એમાં માનવજન્મની ચરિતાર્થતા એને લાગે છે.

રામ બીજી વાર વાસન્તીની હાજરીમાં મૂર્છા પામે છે અને સીતાની સ્પર્શસંજીવનીથી ફરી ભાનમાં આવે છે ત્યારે પણ એ સીતા માટે વલખે છે:

રામ — (બધી બાજુએ જોઈને) હા! શું નથી જ? ઓ અકરુણ વૈદેહી!

સીતા — સાચે અકરુણ છું કે તમને આવા જોતી છતાં ધરાર જીવું છું.

રામ — ક્યાં છે, દેવી? પ્રસન્ન થા, કૃપા કર! આ દશામાં મારો પરિત્યાગ કરવો તને ઘટતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — અરે આર્યપુત્ર, આ તો ઊલટી જ વાત થઈ!

સીતા જુએ છે કે પરિત્યાગ થયો હોય તો તે રામને તો પોતાનો થયો છે એમ લાગે છે. રામની પરિત્યક્તદશા પોતે સાક્ષાત્ જુએ છે એટલે હવે એ પોતાના 'પરિત્યાગ'ની ક્યાં વાત કરવા બેસે? ઊલટું રામ પોતાને થયેલા ભ્રમની વાત કરે છે ત્યારે વત્સલ પ્રિયતમા પેઠે એ પોતાને નિન્દે છે: 'મેં જ નિર્દય થઈને આર્યપુત્રને વંચનામાં નાખ્યા.' પણ એ બધું, પોતે નહિ પણ રામ વસ્તુતઃ પરિત્યકત છે એવું જ્ઞાન એ, એને ગમતી વાત છે એ નિઃસંશય છે.

થોડી વાર પછી (ત્રીજા અંકને અંતે) વાસન્તીની-પંચવટીની વિદાય લેતાં રામ પોતાની યજ્ઞસહધર્મચારિણી-સીતાની સુવર્ણમયી પ્રતિમા-નો ઉલ્લેખ કરે છે ત્યાં સીતાનું પેલું પરિત્યાગની (હવે એ નિષ્કારણ પરિત્યાગ હતો કે સકારણ એ પ્રશ્નને સ્પર્શવાનું પણ સૂઝતું નથી) લજ્જાનું શલ્ય પણ ઊખડી જાય છે: 'અહો, આર્યપુત્રે મારું પરિત્યાગની લજ્જાનું શલ્ય ઉખાડી નાખ્યું.' અને રામ પોતાને મૃત્યુ પામેલી માને છે તે છતાં મૃત્યુ પછીયે પોતાનું બહુમાન થતું જોઈ, મૃત્યુ પછી પણ પોતે પ્રિયતમને આનંદ આપી રહી છે એ જોઈ સીતા, તમસાને હર્ષાશ્રુ સાથે ઠેકડી કરવાનું મળે એમ જરીક આત્મસ્તુતિપૂર્વક, ધન્યતા અનુભવી રહે છે:

રામ — . . . તેને (સીતાની સુવર્ણમયી પ્રતિમાને) જોઈને તો મારી આંસુથી ખરડાયેલી આંખોને રીઝવું.

સીતા — સાચે જ તે ધન્ય છે, જેનું આર્યપુત્ર આવું બહુમાન કરે છે, અને આર્યપુત્રને રીઝવીને જે સંસારની આશાનો આધાર બની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે પ્રિયજનના મૃત્યુ પછી પણ તેને માટેનો પ્રેમ તે તો અમર રહે છે એનો સાક્ષાત્કાર વિશિષ્ટ પરિસ્થિતિમાં સીતાને થાય છે — અને સીતા દ્વારા આપણને પણ થાય છે. પ્રિયજન મૃત્યુ પામે, પ્રેમ મૃત્યુ પામતો નથી, અમૃત રહે છે,— એ અનુભૂતિને કવિ ભવભૂતિએ ઉત્તરરામચરિતમાં સાકાર કરી છે. એનો નિર્દેશ નાટકના પ્રથમ શ્લોકમાં, નાન્દીમાં જ વિરલ સૂત્રાત્મક વાણીમાં — મંત્રરૂપે — થયો છે. નાન્દીમાં સામાન્ય રીતે નાટ્યવસ્તુનું, પાત્રો વગેરેનું સૂચન હોય છે. એ પ્રણાલિકાનુસાર દિવ્યવાણીના સંદર્ભમાં વપરાયેલા નાન્દીના 'અમૃતા આત્મની કલા' એ પદમાં આત્માથી રામ અને કલાથી સીતા સૂચવાય છે એમ ટીકાકાર ઘનશ્યામે કહ્યું પણ છે. તો, સીતા એ રામની અમૃત કલા છે, સીતા મૃત્યુ પામે તો પણ એ રામનો અ-મૃત અંશ છે, અર્થાત્ ઉપર જોયું તેમ, ઉત્તરરામચરિતમાં મૂર્ત થતું કવિનું વિશિષ્ટ દર્શન — પ્રેમ એ આત્માનો અ-મૃત અંશ છે એ — નાન્દીના 'અમૃતા આત્મની કલા' એ શબ્દોમાં જ સૂચવાયું છે.

પ્લેટોના 'સિમ્પોઝિયમ'માં સૉક્રેટિસ પોતે ડાયોટિમા નામની સન્નારી પાસેથી પ્રેમ વિષે, Love is of immortality — પ્રેમ એ અમરતાનો હોય છે — એવું જે પરમ રહસ્ય પામ્યાની વાત કરે છે તેની જોડે ઉપરની ભવભૂતિની પ્રેમ-વિષયક અનુભૂતિને સરખાવવા જેવી છે.

ભવભૂતિએ પ્રેમતત્ત્વનું આવું ગૌરવ કર્યું છે તેમ છતાં એમણે પ્રેમને આત્માનો અંશ જ ગણ્યો છે. મોટા કવિઓ સત્યને અતિશયોક્તિથી વિકૃત થવા દેતા નથી. પ્રેમ આત્માની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલા — આત્માનો અંશ માત્ર છે, એમ કવિએ કહ્યું છે. પણ સાથે જ કહ્યું છે કે એ અ-મૃત અંશ છે.

૩. રાજધર્મ વિ. પ્રેમધર્મ ?

આવો અમૃતત્વના સ્વભાવવાળો પ્રેમ તેનો સમષ્ટિ પ્રત્યેના ધર્મથી વિરોધ સંભવી શકે ખરો? સમષ્ટિ માટે એને ફેંકી દેવાનો પ્રસંગ આવે ખરો? ભવભૂતિએ પોતાની વિશિષ્ટ અનુભૂતિને નાટકદ્વારા સાકાર કરવા જતાં નાયકનાયિકાને જે પરિસ્થિતિમાં મૂક્યાં છે તે ઉપરથી ઘણાને એમ લાગે છે કે લોકોના આરાધન અર્થે રામે સીતાનો ત્યાગ કર્યો, સમષ્ટિ-હિતની વેદી ઉપર પ્રેમનું બલિદાન આપ્યું. અને આને સમષ્ટિ-પક્ષપાતીઓ નાટકના રહસ્યરૂપે જોવા પ્રેરાય છે તો વ્યષ્ટિ-પક્ષપાતીઓ આ માટે કવિને ટીકાપાત્ર ગણે છે. સમષ્ટિ વિરુદ્ધ વ્યષ્ટિ — એ રીતે વસ્તુતઃ ભાગ્યેજ કદી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો હોય. વ્યષ્ટિને કચડીને સમષ્ટિ કુશળ રહી શકે નહિ કેમકે એટલા પૂરતો એનો ઘાત થયો હોય જ, અને સમષ્ટિને આઘાત પહોંચાડીને વ્યષ્ટિ પોતાનું કુશળ કરી શકે નહિ કેમકે સમષ્ટિને પહોંચેલા આઘાતમાં એને પોતાને પણ હિસ્સો ઉઠાવવાનો હોય જ. ઉત્તરરામચરિતમાં સમષ્ટિ વિ. વ્યષ્ટિ, લોકારાધન વિ. સીતા, રાજધર્મ વિ. પ્રેમ, — એ પ્રશ્ન નથી, પણ રાજધર્મ અને પ્રેમ બંને — એ પ્રશ્ન છે. રાજધર્મને ભોગે પ્રેમ સચવાય એમ નથી. અષ્ટાવક્ર સમક્ષ સીતાએ જ, રામે લોકારાધન માટે પોતાનો પણ ત્યાગ કરવાનો ઇશારો કર્યો ત્યારે, રામ માટે મગરૂબી અનુભવી ન હતી? પોતાને વહાલી ગણી રાજધર્મમાં રામ કચાશ બતાવે તો એની આંખમાં રામ ઊતરી જાય, એટલો પ્રેમને આઘાત પહોંચે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પ્રેમને ભોગે, મનુષ્ય મટીને, રામ રાજધર્મ શી રીતે પાળી શકવાના હતા? 'રહેજે પ્રજાના અનુરંજને રત; જે એથી કીર્તિ–ધન મોટું તે તમ.'–એવો વસિષ્ઠનો સંદેશો હતો, અને રઘુવંશમાં કાલિદાસે પણ 'યશોધનોને યશ એ જ મોટો.'–એમ કહ્યું છે, એનો ત્રીજા અંકના વાસન્તીના 'અયિ, કઠોર, તને યશ કે પ્રિય? અયશ ઘોર બીજો વળી આથી શો?' — એ ઉદ્‌ગારો કરતાં વધુ સારો જવાબ શો હોઈ શકે? એથી તો, આપણે જોઈશું તો જણાશે કે, રામે રાજધર્મ પાળવા માટે સીતાનો ભોગ આપ્યો છે, પ્રેમનો આપ્યો નથી. સીતાનો રામે ચૂપચાપ ત્યાગ કર્યો છે, અયોધ્યામાં રાજધર્મ બજાવતાં છાનું ડૂસકું પણ ભર્યું નથી. આટલું સમષ્ટિ માટે રામે કર્યું છે. પણ રાજાએ પોતાનો વારસ આપવો જોઈએ, રાજસૂયયજ્ઞમાં સહધર્મ-ચારિણી બેસાડવી જોઈએ, એવા દાવા આગળ કરીને સમષ્ટિ જો ફરીથી લગ્ન કરવા પ્રેરવાની હોય તો રામ આગળ એનું ચાલવાનું નથી, કેમકે રામને પ્રેમ પ્રત્યે પણ કાંઈક વફાદારી છે.

'કુમારસંભવ'ની જ વાત જોઈએ. સમષ્ટિને કુમાર જોઈએ છે અને એને માટે શિવ-પાર્વતી એ જ યોગ્ય જનકજનની છે એ ખરું, પણ તેથી સમષ્ટિ જો કામદેવને મોકલી અકાળ વસન્ત પ્રગટાવીને શિવ અને પાર્વતીનો હૃદયમેળ થયા પહેલાં જ પોતાનું કાર્ય સિદ્ધ કરવા પ્રયત્ન કરવાની હોય તો તે સમષ્ટિ છે એટલા માટે જ એની એવી ચેષ્ટા સજ્જનસંમત થવાની નથી–સફળતા પણ પામ-વાની નથી. બીજી બાજુ, એવો હૃદયમેળ થયા પછી કામદેવે અકાળ વસન્તનું આલંબન લેવાની પણ જરૂર નથી, ધર્મને અવિરોધી રીતે પોતાનું યોગ્ય સ્થાન એ મેળવી શકે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમષ્ટિહિતમાં — કુમારના સંભવ(ઉત્પત્તિ)માં અનુકૂળ થઈ શકે છે.

રામ લોકારાધન ખાતર ક્ષણાર્ધમાં સીતાનો ત્યાગ કરે છે. પણ પછી યજ્ઞનો પ્રસંગ આવે છે ત્યારે યજ્ઞ જો કરવો જ હોય અને સહધર્મચારિણી વગર યજ્ઞ અસંભવિત હોય તો સીતાની પ્રતિમા મૂકવા સિવાય બીજો કોઈ માર્ગ રામના પ્રેમધર્મને કારણે રહેતો નથી. સમષ્ટિ રામ પાસે જીવતી સીતાનો ત્યાગ કરાવી શકે છે, પણ સીતાની સુવર્ણમયી પ્રતિમાની યજ્ઞમાં સહધર્મચારિણી તરીકે સ્થાપના થવા દઈ રામના સીતા માટેના પ્રેમનો સ્વીકાર એને કરવો રહે છે, રામના સીતા માટેના પ્રેમનો ત્યાગ એ કરાવી શકતી નથી.

આમ, રામે સીતાનો પરિત્યાગ કરીને રાજધર્મ પાળ્યો છે અને સીતાની સુવર્ણપ્રતિમા રાજસૂયયજ્ઞમાં મૂકીને પ્રેમ-ધર્મ સાચવ્યો છે.

રામ બંને ધર્મો હૃદયથી તેમ જ વ્યવહારથી પાળે છે. રામ સીતાનો ત્યાગ કરે તે વખતે એમને સીતાની પવિત્રતાની પૂરી પ્રતીતિ છે. સીતાથી તો જગત પવિત્ર છે એમ એ માને છે. પોતે ઊંઘતી પ્રિયાને છેતરીને વનમાં મોકલવા પ્રવૃત્ત થયા હોઈ અપૂર્વ કર્મચાંડાલ બન્યા છે અને એથી સીતાને અભડાવી રહ્યા છે એમ માનીને એના માથા નીચે ઓશીકા તરીકે રાખેલો પોતાનો હાથ પણ એ હળવેથી ખસેડી લે છે. વ્યવહારમાં લોકારાધનનો રાજધર્મ બજાવતી વખતે હૃદયથી એ પ્રેમધર્મને પણ પાળે છે. પછીથી સીતાની સુવર્ણમયી પ્રતિમાની સ્થાપનાથી લોકો સમક્ષ એ વ્યવહારથી પ્રેમધર્મનું પાલન કરે છે, તેમ છતાં ક્યારેય હૃદયથી એમણે લોકારાધનનો રાજધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાળવામાં ઊણપ આવવા દીધી નથી, લોકોનો કચારેય એમણે દોષ જોયો નથી. દુર્મુખ જ્યારે 'દુર્જનના વચન'થી રામ સીતાનો ત્યાગ કરી રહ્યા છે એમ સૂચવે છે ત્યારે તરત 'એ શું બોલ્યો? નગરના અને જનપદના લોકો દુર્જન કેવા?'– એમ એને ચૂપ કરી દે છે. દોષ લોકોનો નથી, પરિસ્થિતિનો છે, એ રામ તરત જોઈ શકે છે:

ઇક્ષ્વાકુનો વંશ રુચે પ્રજાને
દૈવે કરી જાગ્યું કલંકબીજ;
વિશુદ્ધિકાળે થયું કર્મ અદ્‌ભુત,
તે કોણ માને કદી દૂર જો થયું?

લોકો તો બિચારા રાજકુળ પ્રત્યે પ્રેમવૃત્તિ ધરાવનારા છે. લોકોના કોઈ વાંકથી નહીં પણ દૈવવશાત્ કલંકની વાત ઉપસ્થિત થઈ. મનુષ્યજીવનની ઘટનામાં જ કાંઈક એવું છે જેથી સીતાત્યાગ જેવા પ્રસંગો ઉપસ્થિત થાય છે એમ કવિ સૂચવતા ન હોય! વાસન્તી પૂછે છે કે આવું અઘટતું કામ કેમ કર્યું ત્યારે રામ જવાબમાં કહે છે: 'લોક સાંખે નહીં માટે.' 'શાને વારુ?' 'શાને એ તો એ જ જાણે.' અહીં પણ સીતાના ત્યાગમાં લોકાપવાદ નિમિત્તરૂપ છે એ હકીકત જણાવવા ઉપરાંત રામના શબ્દોમાં કોઈ રોષ જોવો એ ઠીક નથી. પોતે સીતા વિરુદ્ધનું કોઈ કારણ જાણતા નથી એમ એ સૂચવે છે. સાતમા અંકમાં સીતાના સચ્ચારિત્ર્યનો ઉદ્‌ઘોષ થાય છે ત્યાં લક્ષ્મણ રામનું એ તરફ લક્ષ્ય ખેંચે છે ત્યારે પણ 'લોક સાંભળે' એમ રામ કહે છે તે લોકો પ્રત્યેના રોષથી નહીં પણ પોતાને એમાં કાંઈ નવું સાંભળવાનું-જાણવાનું નથી, પોતાને તો સીતાનું શીલ સુવિદિત છે, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબતમાં કોઈને કાંઈ મુશ્કેલી હોય તો તે લોકોને છે એથી એમને આવી નવીન પ્રતીતિની આવશ્યકતા રહે, તે ભલે સાંભળે, — એટલું જ એમને કહેવું છે. પંચવટીમાં પણ પોતે ત્યાંનાં સીતાસહવાસનાં જૂનાં સ્મરણો જાગતાં રડી પડે છે ત્યારે રામ પુરના અને જનપદના મહાનુભાવો પાસે અત્યંત ઋજુતાપૂર્વક ક્ષમાયાચના કરે છે. રામ રડે એનો અર્થ તો એ થાય કે લોકોએ પરાણે એમની પાસે સીતાનો ત્યાગ કરાવ્યો. એ રીતે લોકોને અન્યાય થાય. એવો અન્યાય લોકોને ન થઈ બેસે એની રામ પૂરી સાવધતા રાખે છે. રામ બંને ધર્મોનું આદર્શ રીતે પાલન કરે છે. પંચવટીમાં માનવસહજ નિર્બળતા બતાવી લોકોની ક્ષમા માગવી પડે એવું કરીને એ ઘડીભર પ્રેમધર્મને વશ વર્તે છે, ત્યારે એ ક્ષમાપનકાર્યમાં ઊલટો રાજધર્મ કેવો ઝળહળી ઊઠે છે! સાતમા અંકમાં આપણે જોઈએ છીએ કે વાલ્મીકિ કવિ અને અરુન્ધતી આદિ દ્વારા એ બે વિરુદ્ધ ભાસતા ધર્મોનું દ્વંદ્વ ઓગળી જાય છે.

એ ઓગળી જાય ત્યાં સુધી રામે અને સીતાએ અનર્ગળ યાતનામાંથી પસાર થવાનું રહે છે. એમ પસાર થતાં બંનેનું તેજ વધે છે. સીતાની સૌન્દર્યદીપ્તિ તો આ કસોટીમાં સોળે કળાએ પ્રકાશે છે. આ યાતના બંને સહન કરી શકે છે તેનું કારણ પણ એમને માટે ઉપર કહ્યું તેવું કોઈ દ્વંદ્વ નથી એ છે. લોકનું આરાધન થાય, રાજધર્મ પળાય, એ માટે બંને ઉત્સુક છે. દંડકારણ્યમાં રામને શમ્બૂકવધ માટે આવેલા જાણી સીતાના મુખમાંથી સહજ ઉદ્ગાર નીકળી પડે છે: 'હાશ! ત્યારે તે રાજા રાજધર્મમાં તો પાછા પડ્યા નથી!' પ્રેમધર્મમાં પણ બંને સુપ્રતિષ્ઠિત છે. સીતા કહે છે તેમ 'હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમનું હૃદય જાણું છું. મારું એ.' સીતા પ્રત્યેના રામના સુકુમાર પ્રેમનો એક ઉન્મેષ, સીતાના ચરણ મસ્તકે અડાડી 'દેવી, દેવી, તારા પાદપંકજને રામના મસ્તકનો આ છેલ્લો સ્પર્શ.'— એમ રુદનસ્વરે એ કહે છે ત્યારે જોવા મળે છે. અને પોતાને રામ મૃત્યુ પામેલી માને છે છતાં જે અમૃત પ્રીતિ એ વરસાવી રહ્યા છે તેનો અનુભવ થયા પછી સીતાના હૃદયમાંથી પણ એનો કેવો પડઘો પડે છે : 'અપૂર્વ પુણ્યથી જેનાં દર્શન થયાં એવાં આર્યપુત્રનાં ચરણકમળને વંદન!' પરસ્પરના પ્રીતિયોગની આવી સંવાદિતા છે એટલે તો તે પરિત્યાગ જેવી ઘટનાથી પણ છિન્નભિન્ન થઈ શકે એવી નથી. સમષ્ટિ પ્રત્યેના ધર્મથી એ પ્રેમનો વિરોધ કદી સંભવતો નથી, બલકે સમષ્ટિ પ્રત્યેના ધર્મની ભૂમિકા ઉપર તો એ પ્રેમ પ્રતિષ્ઠિત છે, એટલું જ નહીં પણ એ પ્રેમ સમષ્ટિ પ્રત્યેનો ધર્મ બજાવવાનું બળ પણ આપી રહે છે.

આથી, પ્રજા પ્રત્યેનો રાજાનો ધર્મ વિ. પ્રિયતમાનો પ્રેમ એવા સંઘર્ષના નિરૂપણ અર્થે જ ઉત્તરરામચરિતનું નિર્માણ થયું નથી, પરંતુ પ્રજાનુરંજનના રાજધર્મને ઉપકારક એવો આત્માના અ-મૃત અંશરૂપ પ્રેમ એ ઉત્તરરામચરિતના મધ્યબિંદુ રૂપે છે જેમાંથી આખું નાટક પ્રસર્યું છે.

આત્માના અમૃત અંશરૂપ એવો પ્રેમ નાટકના મધ્ય-બિંદુએ છે એટલે સીતા પ્રત્યેના પ્રેમનો રામે દ્રોહ કર્યો છે એવી ટીકાને તો અવકાશ જ રહેતો નથી. રામાયણ અને રઘુવંશમાં રામ ભાઈઓ વગેરે સાથે ચર્ચા કરીને પછી સીતાનો ત્યાગ કરવાનો નિર્ણય કરે છે. એ કરતાં ભવભૂતિએ સીતા નિદ્રાધીન છે ને જ એને વનમાં મોકલવાની વ્યવસ્થા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય એ રીતે પ્રસંગગૂંથણી કરી છે તે એમના પરસ્પર પ્રેમની દૃષ્ટિએ વધુ ઉચિત છે. સીતાની સાથે લોકાપવાદ અંગે રામને ચર્ચા કે જરીક અમથી વાતચીત, અરે ઇશારો પણ, થાય એથી એમના પ્રેમનું ગૌરવ હણાય.

૪. અન્ય કૃતિઓ સાથે આંતર સામ્ય

ઉત્તરરામચરિતનું નામ એની ખ્યાતિને લીધે સંસ્કૃત નાટ્યસાહિત્યમાં શાકુન્તલની સાથે જ બોલાય છે, અને શાકુન્તલ સાથે એની સરખામણી કરવાનું રસપ્રદ થઈ પડે એવું પણ છે, તેમ છતાં મધ્યવર્તી આશયની દૃષ્ટિએ એનું ભાસરચિત ગણાતા સ્વપ્નવાસવદત્તમ્ સાથે સામ્ય વધારે છે અને ધીરનાગનું કુન્દમાલા જોયા વગર તો ઉત્તરરામચરિતની રસગભીર કલાનો પરિચય અધૂરો જ રહે. એ બંને સમાન વસ્તુને, લગભગ સમાન રીતે, છેડે છે.

સ્વપ્નવાસવદત્તમ્માં લાવાણુકગ્રામમાં દાહ પામેલી ગણાતી રાણી વાસવદત્તા બ્રાહ્મણકન્યા તરીકે મગધરાજની પુત્રી પદ્માવતી પાસે છે અને એને માધવીમંડપ પાછળ પદ્માવતી સાથે રહ્યે રહ્યે રાજા ઉદયન અને વિદૂષકની વાતચીતમાંથી પોતાને માટેના રાજાના પ્રેમનો અનુભવ થાય છે. વાસવદત્તા કહે છે: अहो प्रियं नाम, ईदृशं वचनं अप्रत्यक्षं श्रूयते । (અહો, શી ખુશીની વાત કે આવું વચન અપ્રત્યક્ષ રહીને સાંભળવા મળે છે!) પોતે મગધમાં આવતાં જ તપોવનમાં લાવાણુકગ્રામથી આવેલા બ્રહ્મચારીને મોઢે સાંભળેલું કે પોતાને બળી ગયેલી જાણ્યા પછી ઉદયનના શોકનો પાર રહ્યો ન હતો. બ્રહ્મચારીએ તો એટલે સુધી કહ્યું હતું કે —

धन्या सा स्त्री यां तथा वेत्ति भर्ता
भर्तृस्नेहात् सा हि दग्धाप्यदग्धा ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

— જે પતિને મન આટલીબધી હોય તે સ્ત્રી ધન્ય છે, પતિના સ્નેહને કારણે એ તો બળી ગયા છતાં ન બળ્યા સમી છે. આ ધન્યતાનો વાસવદત્તાને હવે પ્રત્યક્ષ અનુભવ થાય છે. પછીથી સમુદ્રગૃહમાં રાજા શિરોવેદનાથી પીડાતી પદ્માવતીને સાન્ત્વન આપવા જાય છે અને તે હજી ત્યાં આરામ માટે આવી પહોંચી નથી એથી અને પોતે ઊંઘે ઘેરાયો હોવાથી તેની પથારીમાં સૂઈ જાય છે. વાસવદત્તાની અને બીજી કથાથી વિદૂષક રાજાને ઊંઘાડીને ટાઢ વાતી હોઈ ઉપરણો લેવા જાય છે. દીવો ટમટમ બળી રહ્યો છે. બીજું કોઈ નથી. ત્યાં પદ્માવતીની પરિચર્યા કરવા વાસવદત્તા આવી પહોંચે છે. પતિને આશ્વાસનરૂપ થઈ શકે એવી પદ્માવતી તે પણ અસ્વસ્થ થઈ એથી ખેદ અનુભવતી તેની પથારી પર બેસી, તે એક બાજુ છે એથી આલિંગવા સૂચવે છે એમ વિચારીને એની પાસે આડે પડખે થાય છે. ત્યાં રાજા ઊંઘમાં લવે છે; 'હા વાસવદત્તે!' વાસવદત્તા સફાળી ઊઠીને ખસી જવા કરે છે. રાજા લવે છે: 'देहि मे प्रतिवचनम्!' (મને પ્રત્યુત્તર દે!) રાજાએ લંબાવેલો હાથ પથારી પર બરોબર ગોઠવીને વાસવદત્તા ચાલી જાય છે. રાજા તરત ઊઠીને એને રોકવા જાય છે પણ એને સામો વિદૂષક મળે છે. રાજાને એ કહે છે કે સ્વપ્નમાં એણે વાસવદત્તાને જોઈ હશે. રાજા કહે છે કે સ્વપ્નને અંતે પોતે એનું મુખ જોયું હતું અને દેવીએ હાથ ઝાલેલો તેના સ્પર્શને લીધે થયેલો રોમાંચ હજી શમ્યો નથી.

સ્વપ્નવાસવદત્તમ્માં પણ પ્રિયજન મૃત્યુ પામે છે તેમ છતાં પ્રેમ અ-મૃત રહે છે એની એ પ્રિયજનને વિશિષ્ટ પરિસ્થિતિમાં અનુભૂતિ થાય છે, એ સ્પષ્ટ છે. એટલે કૃતિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેન્દ્રની ભાવના ઉત્તરરામચરિતને મળતી જ છે. (ધન્યા સા સ્ત્રી૦ ની સહજ ધન્યા ખલુ સા યૈવમાર્યપુત્રેણ બ્રહુમન્યતે – એ સીતાની ઉક્તિ સાથે સરખામણી થઈ જાય એવું છે.) માત્ર આવા અ-મૃત પ્રેમની અનુભૂતિને સાકાર કરવા માટે જે સૃષ્ટિ નિર્માઈ છે તેના પાયામાં રાજકીય કારણોસર ('સુકુમાર પ્રયોગ' તરીકે) મગધરાજની પુત્રી સાથે ઉદયનનું લગ્ન કરાવવા માટે વાસવદત્તાને બળી મરેલી જાહેર કરવામાં આવી છે એ હકીકત રહેલી છે એથી, અને પરિણામે પદ્માવતી સાથે ઉદયનનું લગ્ન થાય છે એથી, પેલી મધ્યવર્તી ભાવના (અ-મૃત પ્રેમ)નું ગૌરવ રહેતું નથી એ સોમાં નવ્વાણુંની ઊણપ ગણાય એવું છે.

'કુન્દમાલા' સીતાપરિત્યાગનું જ નાટક છે અને એટલી બધી અગત્યની વીગતોમાં એનું ઉત્તરરામચરિત સાથે સામ્ય છે કે એ નાટક ભવભૂતિ આગળ હોય તો એમાંથી એને ઘણી મદદ મળી હશે એમ નિઃસંકોચ કહી શકાય. સીતા વાલ્મીકિતપોવનમાં વનવાસ ભોગવે છે ને રામ-લક્ષ્મણ ત્યાં ભગીરથીના ભાઠાને રસ્તે આવી ચઢે છે. સામેથી તરતી આવતી 'કુન્દમાલા'ની રચના ઉપરથી તે સીતાને હાથે ગૂંથાયેલી છે એમ રામ ઓળખી જાય છે અને રેતીમાં પડેલી પગલીઓથી પણ પગની રેખાનાં સામુદ્રિક ચિહ્નોથી એમને સીતા એટએટલામાં હોવાની સંભાવના જાગે છે. રેતીપટમાંથી પગલાં બહાર જાય છે એટલે એ અટકે છે અને લતાજાલની છાયામાં આરામ માટે બેસે છે. સીતા ભાગીરથીનું પૂજન કરીને અતિથિઓ માટે એ જ લતાજાલમાં પુષ્પસંચય કરી રહી હોય છે. રામ લક્ષ્મણ આગળ સીતાને અને દણ્ડકા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવાસના સુખના દહાડા સંભારી સંભારીને શોક અનુભવે છે. રામ આર્ત સ્વરે સીતાને બોલાવે છે: देहि मे प्रतिवचनम् । સીતાને પ્રતીતિ થાય છે: न खलु स जनः शोचनीयः, य एवं वल्लभेन शोच्यते— પ્રિયતમ જેનો આમ શોક કરે તે શોચનીય ન ગણાય. કોઈ જુએ નહિ એ માટે સીતા ચૂપકીથી સરકી જાય છે. રામ વાલ્મીકિતપોવનમાં આવે છે. રામ આવવાને લીધે સ્ત્રીઓને નાહવાની અગવડ ન પડે એ માટે વાલ્મીકિએ તપઃપ્રભાવથી એક આશ્રમતળાવડીમાં રહેલી સ્ત્રીઓ કોઈને દેખાય નહિ એવું કર્યું છે. સીતા એ તળાવડીને કાંઠે જ આખો દિવસ ગાળે છે. વનદર્શન કરતા રામ ત્યાં આવી ચઢે છે અને તળાવડીમાં સીતાની છાયા જોઈ જાય છે. અને પછી તો તે છાયાના મૂળને—સીતાને—શોધવા એ વલખે છે. સીતાને હંસયુગલ જોવામાં કોઈ આવ્યાનું ભાન ન રહેતાં એની છાયા દેખાઈ ગઈ, હવે ન દેખાય એમ એ બેસે છે. રામ મૂર્છા પામે છે. સીતા બધી હિંમત એકઠી કરીને રામ પાસે જાય છે અને ભેટે છે. રામ ભાનમાં આવતાં સીતા તળાવડીમાં પાછી ચાલી જાય છે. રામ રોમાંચ અનુભવી રહ્યા છે. એમના પ્રલાપ શરૂ થાય છે: 'મારી પ્રત્યે તું નિષ્કરુણ કાં?' સીતા કહે છે: 'આર્યપુત્ર, આ ઉપાલંભ ખરે ઊલટો જ છે!' રામ ફરી મૂર્છા પામે છે. સીતા પાલવથી પવન નાંખે છે. ભાનમાં આવેલા રામ પાલવ ઝાલી લઈને ઉત્તરીય ખેંચી લે છે અને ચિત્રકૂટદેવતા માયાવતીએ આપેલું પ્રિયતમાનું એ રેશમી વસ્ત્ર ઓળખી જાય છે. પોતાને બે ઉત્તરીય ઠીક નહિ લાગે એમ માનીને પોતાનું ઉતારીને ફેંકે છે જે સીતા લઈ લે છે. એટલામાં વિદૂષક આવે છે અને રામાયણગાન માટે આવેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપ્સરા તિલોત્તમા સીતાનો વેશ લઈને રામના ભાવની પરીક્ષા કરવાનું કાવતરું ગોઠવી રહી હતી એવું સવારમાં પોતે અતિમુક્તા-મંડપ પાછળ છૂપાઈને સાંભળેલું એની વાત કરે છે. રામ માને છે કે તિલોત્તમાએ પોતાની વંચના કરી. . . . પછી અયોધ્યામાં પૌરજાનપદોની સભા સમક્ષ લવકુશ અને વાલ્મીકિશિષ્ય કણ્વ રામાયણકથા કહે છે ત્યારે સીતા-પરિત્યાગ પછીની વાતમાં સીતાના પુત્રોનાં મુનિએ કુશલવ નામ પાડેલાં એ જાણનાં રામલક્ષ્મણ અને કુશલવ પરસ્પર ભેટે છે અને બંધા જ મૂર્છા પામે છે. કણ્વ હાંફળોફાંફળો વાલ્મીકિને બોલાવવા દોડે છે. વાલ્મીકિ સીતા સાથે આવે છે અને સીતા વિના અનુજ્ઞાએ રાજા પાસે આવતાં ખંચકાય છે તેને પોતે અનુજ્ઞા આપે છે અને કુશલવને ભાનમાં લાવવા કહે છે. પોતે રામલક્ષ્મણને ભાનમાં લાવવા કરે છે. સૌ ભાનમાં આવે છે અને સીતા સૌ લોકપાલ ગંધર્વ સિદ્ધ વિદ્યાધર મહર્ષિઓ સૂર્યદેવ આદિ સમક્ષ પોતાની ચારિત્રશુદ્ધિ પ્રસ્તુત કરે છે. સૌ સ્થાવરજંગમ લોક તેને અનુમોદે છે. માતા વિશ્વંભરા પૃથ્વી પાતાલમાંથી પ્રગટ થઈને અનુમોદન આપે છે. પુનર્જીવન પામ્યા સમી સીતા રામની સાથે બાકીનું આયુષ્ય નિર્ગમન કરે છે.

કુન્દમાલા અને ઉત્તરરામચરિતનું સામ્ય ઉઘાડું છે. બંનેનો સીતાપરિત્યાગ એ વિષય છે. બંને સુખાન્ત છે. બંનેમાં રામ ન જાણે એ રીતે સીતાને રામનું મનોગત જાણવા મળે છે અને રામને સીતાના સાન્નિધ્યની ઇંદ્રિયો દ્વારા પ્રતીતિ થાય છે, જે પરિસ્થિતિવશાત્ ભ્રમમાં ઘટાવવી પ્રાપ્ત થાય છે. અનેક ઉદ્ગારોનું સામ્ય પણ તરત ધ્યાન ખેંચે છે. (જુઓ પરિશિષ્ટ ૨.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાયા એ કુન્દમાલામાં સાચી છાયા છે. ઉત્તરરામચરિતના ત્રીજા અંકનું નામ છાયા અંક આપેલું છે, અને ત્રીજા અંકની સીતાને પણ છાયાસીતા તરીકે ઓળખાવવામાં આવે છે. પૌરાણિક સાહિત્યની એક કલ્પના છે કે રાવણ જેને હરી ગયેલો તે સાચી સીતા ન હતી, છાયા સીતા હતી. એ કલ્પના ભવભૂતિને જ્ઞાત હોય તો ત્રીજા અંકને તે છાયાસીતાનો અંક–છાયા અંક કહે, જો કે નાટક પ્રમાણે ત્રીજા અંકની સીતા તે સાચી સીતા છે, છાયાસીતા નથી. અંકનાં નામો કવિએ જ આપેલાં હશે કે પાછળના રસિકોએ એ નક્કી કરવું મુશ્કેલ છે, પણ એટલું જરૂર કહી શકાય કે ઉત્તરરામચરિતના ત્રીજા અંક કરતાં કુન્દમાલાના ચોથા અંકને છાયાઅંક નામ વધુ યોગ્ય ઠરે.

છાયાના પ્રશ્ન ઉપરથી જ બંને નાટકો વચ્ચેનો એક મુખ્ય ભેદ સ્ફુટ થયો હશે. કુન્દમાલામાં સીતા જીવતી છે એવી ઉત્તરોત્તર પ્રતીતિ રામને થતી આવે એવો ઉપક્રમ છે, સીતા મૃત્યુ પામી છે એમ સૂચવવાનો કે દઢાવવાનો પ્રશ્ન જ નથી. એટલે એ નાટકનો મધ્યવર્તી આશય મૃત્યુ પછી પ્રેમ અ-મૃત રહે છે એ પ્રત્યક્ષ કરાવવાનો હોય એને અવકાશ જ નથી. આમ, બંને નાટકમાં ઘણું બાહ્ય સામ્ય હોવા છતાં બંને કૃતિઓમાં મૂળગત ભેદ છે. બંને તદ્દન ભિન્ન અનુભૂતિઓને સાકાર કરવાના ઉદ્દેશથી પ્રેરાયેલી છે. કુન્દમાલાકારે છાયાનો ચારુ કલાવિન્યાસ યોજ્યો છે અને સુવર્ણપ્રતિમાની વીગત પણ ઉપયોગમાં લીધી છે, તેમ છતાં એણે એની મદદથી કોઈ ગહન જીવનરહસ્ય સારવવા પ્રવૃત્ત થવાને બદલે રામસીતા ફરીથી મળી શકે અને સાથે રહી શકે એવો નાટકનો સુખાન્ત સાધવાથી જ સંતોષ માન્યો છે. સંસ્કૃત નાટ્યશાસ્ત્ર અનુસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાટક સુખાન્ત હોવું જોઈએ તે પ્રમાણે પરિત્યક્તા સીતા અને રામના જીવનનો સુખાન્ત કેમ યોજી શકાય તે પ્રશ્નનો કુન્દમાલાકારે રસિક ઉકેલ નિરૂપ્યો છે. જો એ બંનેને ફરીથી મેળવવાં હોય તો એ પુનર્મિલન એ બે હૃદયોનું પુનર્મિલન હોવું જોઈએ. તે માટે વનમાં સીતાને એના પરિત્યાગના સમાચાર આપતી વખતે જ લક્ષ્મણ એને રામ હવે ફરી લગ્ન કરવાની ઇચ્છા રાખતા નથી અને યજ્ઞમાં હવે સીતાની પ્રતિમા એ જ એમની ધર્મપત્ની હશે એવો રામનો સંદેશો આપે છે—એ રીતે પહેલી તકે જ પ્રતિમાની વીગતનો ઉપયોગ કવિએ કર્યો છે.

त्वं देवि चित्तनिहिता गृहदेवता मे . . . ।
दारान्तराहरणनिःस्पृहमानसस्य
यागे तव प्रतिकृतिर्मम धर्मपत्नी ॥

—એ સંદેશથી સીતાના હૃદયમાં પરિત્યાગનું લેશમાત્ર દુઃખ રહેવા પામતું નથીઃ 'આવો સંદેશો મોકલીને આર્યપુત્રે મારું પરિત્યાગદુઃખ નિરવશેષપણે દૂર કર્યું. અન્ય ઉપર આસક્ત સ્ત્રી પતિને તેટલું દુઃખ ઉપજાવતી નથી જેટલું અન્ય સ્ત્રી ઉપર આસક્ત પતિ પત્નીને ઉપજાવે છે.' પોતાને રામ સંભારવાની કૃપા કરે એવો સંદેશ એ પોતે પણ મોકલાવે છે. પછીથી લતાજાલમાં રહ્યે રહ્યે રામલક્ષ્મણનો વાર્તાલાપ સીતા સાંભળવા પામે છે ત્યારે પોતાને પામીને સીતા એક પછી એક દુઃખ જ પામી છે એવાં એવાં રામનાં વચનોથી એ પોતાને શોચનીય લેખતી નથી. તે પછી છાયાના પ્રસંગે રામ પોતાનું ઉત્તરીય ફેંકે છે તે ઝીલી લઈ તેને સૂંઘીને સીતા બોલે છે: 'હાશ! આર્યપુત્રના ઉત્તરીયમાં કોઈ સ્ત્રીના સ્તનવિલેપનની સુવાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળગી નથી. સર્વથા રાઘવો સત્યપ્રતિજ્ઞ હોય છે.' રામે સંદેશામાં ફરીથી લગ્ન કરવાનું પોતાને મન નથી એમ કહેવડાવેલું તે આ રીતે ખાતરી થતાં, સાચું ઠરે છે. પોતાનો પરિત્યાગ કરીને, પોતાને દુઃખી કરીને, રામ દુઃખી થયા છે એ પણ લતાજાલમાંથી અને છાયાના પ્રસંગમાંથી સીતાને જાણવા મળ્યું છે. હવે તે બંનેના ફરી મળવામાં અને સાથે રહેવામાં લોકાપવાદ જ અંતરાય રહે છે, તે વાલ્મીકિ દૂર કરતાં, નાટકનો સુખાન્ત સધાય છે. પાંચમા અંકમાં રામ વિદૂષક આગળ બોલે છે કે 'સીતાને તું સ્મરણયોગ્ય ગણે છે તો એનો પરિત્યાગ કરવા હું પ્રવૃત્ત થયો ત્યારે તેમાંથી તેં મને વાર્યો કેમ નહિ?' રામના ચરિત્રને આ ઉદ્‌ગાર અનુરૂપ નથી. પણ એક વાર સીતાનો પરિત્યાગ કર્યો તો પછી પ્રતીતિકર રીતે બંનેને મેળવીને નાટ્યશાસ્ત્રની પ્રણાલિકાનુસાર નાટકનો સુખાન્ત કેમ સાધવો એ જ કુન્દમાલાકારનું લક્ષ્ય રહ્યું છે.

જે વિદ્વાનો ઉત્તરરામચરિતમાં સુખાન્ત સાધવા માટે દંપતીનું પુનર્મિલન યોજવા પૂર્વે એમના હૃદયનું પુનર્મિલન યોજવાનો કવિનો ઉપક્રમ છે એમ જુએ છે તેઓ ઉત્તરરામ-ચરિતમાં કુન્દમાલા કરતાં વિશેષ કશું જ જોતા નથી, એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. ભવભૂતિના ઉત્તરરામચરિતમાં એ જ નાટ્યવસ્તુ, સુખાન્ત યોજના, છાયાનો પ્રસંગ, સુવર્ણ પ્રતિમાની વીગત–એ બધું યોજાયું છે, પણ ત્યાં એ બધી સામગ્રીનો ઉપયોગ ઉપર જોયું તેમ જીવનની એક સૂક્ષ્મતર અનુભૂતિને સાકાર કરવામાં થયો છે. કુન્દમાલા પણ એની મર્યાદાઓમાં એક સુવાચ્ય કૃતિ છે અને જો ભવભૂતિ સમક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કૃતિ હોય તો ઉત્તરરામચરિતના નિર્માણમાં એણે અગત્યનો ફાળો આપ્યો ગણાય.

શાકુન્તલ અને ઉત્તરરામચરિત એ બંને સંસ્કૃત સાહિત્યની રસઘન કૃતિઓ છે એ સામ્ય તો એ બંનેમાં છે જ, પણ બીજું પણ કેટલુંક સામ્ય દેખી શકાય એમ છે. એકમાં સ્ત્રીનું પ્રત્યાખ્યાન એ વિષય છે, બીજામાં સ્ત્રીનો પરિત્યાગ એ વિષય છે. બંનેનો નિર્સગપ્રેમ પણ સરખો ઉત્કૃષ્ટ છે. નાટકનું નિર્વહણ કોઈ મહર્ષિ દ્વારા યોજવાની બાબતમાં પણ બંનેમાં સામ્ય છે. અને જરી ઝીણવટથી જોવાનો પ્રયત્ન થાય તો શાકુન્તલના છઠ્ઠા અંકમાં ચિત્રની મદદથી રાજા કણ્વાશ્રમમાં પહોંચી જાય છે અને વિદૂષકની હાજરીમાં શકુન્તલા પ્રત્યેનો મનોભાવ પ્રગટ કરે છે અને તે લતા પાછળ છૂપાયેલી સાનુમતી સાંભળે છે એ પ્રસંગ જાણે દુષ્યન્ત-શકુન્તલાના વિશ્રંભસ્થાનસમા કણ્વાશ્રમમાં દુષ્યંત અને વિદૂષક વચ્ચે શકુન્તલાવિષયક વ્યથાની વાત ચાલતી હોય અને એમને ખબર ન હોય એ રીતે સાનુમતી અને શકુન્તલા તે સાંભળી જતાં હોય (હા, શકુન્તલા સાનુમતી દ્વારા તો તે બધું સાંભળવાની છે જ) એવો કલ્પનામાં ઉપસ્થિત થાય છે અને તેનું રામસીતાના વિશ્રંભસ્થાન પંચવટીમાં સીતાનો શોક કરતાં રામવાસન્તીના વાર્તાલાપને તેઓથી અદીઠ રહીને તમસાસીતા સાંભળી જાય છે એ ઉત્તરરામચરિતના ત્રીજા અંકના પ્રસંગ સાથેનું સામ્ય સમજી શકાય એવું છે. બંને નાયિકાઓને પતિના પ્રેમની પરમ પ્રતીતિ થવામાં અને ગેર-સમજ દૂર કરવામાં આ પ્રસંગો જ ભાગ ભજવે છે. સાનુમતી કહે છે : सर्वथा प्रमार्जितं त्वया प्रत्यादेशदुःखं शकुन्तलायाः। સીતા કહે છે : उत्खातमिदानीं मे परित्यागलज्जाशल्यं आर्यपुत्रेण ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બંને કૃતિઓ ભિન્ન ભિન્ન અનુભૂતિઓને સાકાર કરે છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. શાકુન્તલમાં નાયિકાના મૃત્યુનો સવાલ જ નથી. અપ્સરસ્તીર્થ પાસેથી કોઈક સ્ત્રીની જ્યોતિર્મયી આકૃતિ તેને આકાશમાં ઉપાડી જાય છે અને વિદૂષક સૂચવે છે તેમ શકુન્તલા અપ્સરાપુત્રી હોઈ તે કોઈક અપ્સરા જ હશે. એથી શાકુન્તલમાં વિપ્રલંભને અવકાશ છે, પણ કરુણને નથી. શાકુન્તલ શૃંગારરસની કૃતિ છે, ઉત્તરરામચરિત એ કરુણની છે એ સ્પષ્ટ છે. બંને નાટકોની નાયિકાઓ અંગે જે એક ભેદ છે કે દુષ્યન્ત પોતાના મનમાં જે નથી તેને પાછી કાઢી મૂકે છે જ્યારે ઉત્તરરામચરિતમાં રામને પોતાના મનમાંથી જેને ત્યજી શકાતી નથી (न मनस्तः रघु० १४ ८४) એવી चित्तनिहिता (કુન્દમાલા ૧.૧૩) પ્રિયતમાનો પરિત્યાગ કરવો પડે છે તેને લીધે ઉત્તરરામચરિતની કરુણતા વધી જાય છે. બંને નાટકો વચ્ચેનો બીજો એક ભેદ પણ ખાસ ધ્યાન ખેંચે એવો છે. શાકુન્તલમાં બંને પ્રેમિકોનું મિલન હૃદય-સંવાદ-પૂર્વકનું મિલન કેવી રીતે સિદ્ધ કરવું એ પ્રશ્ન છે. કણ્વા-શ્રમમાં બંનેના પ્રાણનું મિલન થાય છે પણ તેના વેગમાં કાંઈક એવું છે કે એ હૃદયસંવાદની ગુંજાશ કરતાં કદાચ આગળ વધી જાય છે. પછીથી દુષ્યન્તના દરબારમાં બંને મળે છે તે તો એવી રીતે મળે છે કે ફરી કદી બંનેને મળવાની સંભાવના પણ નાબૂદ થાય. છેવટે મારીચ-આશ્રમમાં બંનેનું હૃદયસંવાદ-પૂર્વકનું મિલન થાય છે. શાકુન્તલ એ બે પ્રેમિકોને મેળવવાં — સંવાદી રીતે મેળવવાં – એનું નાટક છે. ઉત્તરરામચરિતમાં બે પ્રેમિકો મળેલાં છે – તેમનાં હૃદયો મળેલાં છે, हृदयं त्वेव जानातिમાં એકવચન છે તે ઉપરથી સૂચવાયું છે તેમ એક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયરૂપ બન્યાં છે, બંને વચ્ચે અપૂર્વ સંવાદ સધાયો છે એટલું જ નહીં પણ વરસો સુધી સચવાયો છે. હવે એ સંવાદ કેટલો ઓજ ઉપાડી શકે એમ છે, મૃત્યુથી એ તૂટે એવો છે, એ સંવાદમાં કોઈ અમૃત તત્ત્વ છે કે કેમ એનું શોધન ઉત્તરરામચરિતમાં થાય છે. રાજા જ્યારે શકુન્તલાનો સ્વીકાર કરતો નથી ત્યારે તે એને અનાર્ય કહી સંબોધે છે; પણ પરિત્યાગને દિવસે સીતાને પ્રસૂતિ થાય છે તે પ્રસંગે પૃથ્વી ભાગીરથીને પૂછે છે કે 'રામભદ્રને આ બધું ઉચિત છે? એમને શોભતું છે?' ત્યારે સીતા 'હા! મને આર્યપુત્રનું સ્મરણ કરાવ્યું!' કહી રામનો 'આર્યપુત્ર'થી ઉલ્લેખ કરે છે. પૃથ્વી ઊલટી એને ધમકાવે છે કે 'આઃ તારે આર્યપુત્ર કોણ વળી!' આ ફરકનું કારણ સીતા રામનું હૃદય પૂરી રીતે જાણે છે એ છે.

કુમારસંભવમાં પણ કાલિદાસનો ઉપક્રમ મિલન સિદ્ધ કરવાનો છે. હિમાલયની ઉપત્યકા ઉપર સમાધિસ્થ શિવ સાથે કામદેવે કરવા ધારેલું મિલન વિફળ ગયું, પછીથી પાર્વતીના તપોવનમાં બંનેનું મિલન સિદ્ધ થાય છે. બે પ્રેમિકો હૃદયસંવાદ-પૂર્વક મળે ત્યાં કાલિદાસની વાત પૂરી થાય છે. એ રીતનું મિલન સિદ્ધ કરવા સુધી જ એમને રસ છે. ઉત્તરરામચરિતમાં એ સંવાદની ક્ષમતાનું માપ કાઢવાનો, અને એમાં રહેલી અમૃતતાનો પરિચય કરવાનો ઉપક્રમ છે.

કુમારસંભવ દામ્પત્યનું કાવ્ય હોઈ ઉત્તરરામચરિતને એની સાથે વધુ મળતાપણું છે. સમષ્ટિદૃષ્ટિ અને દામ્પત્યપ્રેમ અંગે બંનેનું મળતાપણું ઉપર સૂચવાયું પણ છે. ભારતવર્ષમાં બે પૌરાણિક યુગલો દામ્પત્યના આદર્શરૂપ છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવપાર્વતી અને રામસીતા. ભારતીય સ્ત્રીઓના આદર્શ તરીકે લગ્ન થતાં સુધી, વર મેળવવા સુધી, પાર્વતી આદર્શ છે અને લગ્નજીવન માટે–કુટુમ્બિનીઓ માટે સીતા આદર્શ છે. (બંગાળમાં શક્તિની પૂજાનો મહિમા હોઈ પાર્વતીના લગ્ન-જીવનની કથાઓ પણ ત્યાં પ્રચલિત છે પણ એવું આ તરફ નથી. આપણે ત્યાં સંસારી સ્ત્રીનો આદર્શ સીતા જ છે.)

૫. ભવભૂતિની કલાસિદ્ધિ

પોતાના નાટક માટે રામકથાનું વસ્તુ સ્વીકારવાને લીધે ભવભૂતિને એક વિશિષ્ટ મુશ્કેલી અનુભવવી પડી છે — કાલિદાસે કુમારસંભવમાં અનુભવી છે એવી જ કાંઈક. કાલિદાસે કુમાર-સંભવમાં દિવ્ય યુગલ લીધું. તેમ છતાં પાર્વતીનું તો એ માનવી નાયિકા હોય એ રીતે ચિત્રણ કર્યું છે, પણ મહા-દેવનું એ માનવી નાયક તરીકે આલેખન કરી શકાયા નથી. મહાદેવ એ મોટા દેવ છે એ ભાન એમને ક્ષણભર પણ નથી રહ્યું એમ નથી. માનવી–દિવ્યતાભરી તેમ છતાં માનવી–પ્રેમભાવનાના આલેખનમાં એમને કાંઈક નિયંત્રણ પણ અનુભવવું પડયું છે. પછીથી શાકુન્તલમાં એમણે અપ્સરામાતા અને રાજર્ષિની પુત્રી અને ક્ષત્રિય રાજાના પ્રેમની વાત કરી. ભવભૂતિએ રામ અને સીતાને નાયકનાયિકા તરીકે સ્વીકાર્યાં એથી કુમારસંભવમાં કાલિદાસને જે નિયંત્રણ છે તે એમને પણ કાંઈક રહે છે, શાકુન્તલની મોકળાશભરી માનવ-સહજતાને અવકાશ ઓછો છે. કાલિદાસે દેવને છોડી રાજાને નાયક તરીકે પસંદ કર્યો. ભવભૂતિએ રાજાની પસંદગી કરી, પણ તે રાજા દેવ છે. તેમ છતાં કુમારસંભવના શિવ જેમ સાદ્યંત મહા-દેવ છે, તેવું રામનું નથી. ભવભૂતિના રામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવ છે એવું એકંદરે જણાય છે. માત્ર એક ઠેકાણે એ પરમેશ્વર છે એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. શમ્બૂક કહે છે :

अन्वेष्टव्यो यदसि भुवने भूतनाथः शरण्यः ।

એમાં सोऽन्वेष्टव्यः એ શ્રુતિવચનનો સંસ્કાર પણ છે. પણ ત્રીજા અંકમાં તમસા જ્યારે મુરલાને કહે છે કે સીતાને ભાગીરથીના 'પ્રભાવથી વનદેવતા પણ દેખી નહીં શકે, તો મર્ત્યોની તો વાત જ શી?' ત્યારે રામની કવિએ મર્ત્યમાં ગણના કરી છે એ સ્પષ્ટ છે. રામનું પાત્રાલેખન પણ એ માનવી હોય એ રીતે થયેલું છે, અન્યથા નાટકમાં થવું પણ મુશ્કેલ. નાટકના રસો આઠ છે. શાન્તને નાટ્યરસ લેખવામાં આવતો નથી. રામને દેવ તરીકે માનીને ચાલવાથી નાટક જે રીતે છે તે રીતે પ્રવર્તી શકે નહીં એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. પણ રામ પુરુષ હોવા છતાં અવતારી પુરુષ છે, કંઈ નહીં તો એક ધીરોદાત્ત નાયક તો એ છે જ અને દરેક માનવમાંથી દેવત્વ સ્ફુટ થવાની શક્યતા પણ રહેલી છે જ. ભવભૂતિએ રામના પાત્રના આલેખનમાં તેમને નખશિખ માનવ તરીકે ચીતરવા છતાં એમનામાંના દેવત્વને આઘાત ન પહોંચે એ રીતે, બલકે દેવત્વને ઉઠાવ મળે એ રીતે એકંદરે આલેખન કર્યું છે. એમ કહેવું જોઈએ કે રામમાં પૂર્ણપણે માનવતા છે એટલે જ એ દેવ છે. વિષયની પસંદગીમાં રહેલી મુશ્કેલીનો ભવભૂતિએ પૂરા સ્વારસ્યથી સામનો કર્યો છે.

રામાયણના કવિએ રામકથાને એક કૌટુમ્બિક કાવ્ય કે કરુણતાનું કાવ્ય જ ન રહેવા દેતાં તેનું એક આધ્યાત્મિક કાવ્યમાં – પરમાત્મતત્ત્વનો સઘન પરિચય કરાવે એવા કાવ્યમાં – પરિવર્તન કરી દીધું છે. અલબત્ત એના પાયામાં રામની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવતા છે. રામાયણનો આરંભ જ નારદ પાસે વાલ્મીકિએ કોઈ આદર્શ 'નર' ની પૃચ્છા કરી અને એમણે રામનું નામ કહ્યું ત્યાંથી થાય છે. તુલસીદાસજીના હાથમાં રામકથા નરી પરમાત્મપ્રીતિનો પ્રાસાદિક પ્રવાહ બની રહે છે. ભવભૂતિનો ઉપક્રમ રામકથાને સંકુચિત હેતુ માટે — માનવી લાગણીઓના ખાસ કરીને દામ્પત્યપ્રેમના આલેખન માટે અને એમાં જો કાંઈ આધ્યાત્મિક અંશ હોય તો તેના શોધન માટે — યોજવાનો છે. આને લીધે વિષયવશાત્ બે વલણો પરત્વે, ભવભૂતિના રામ વાલ્મીકિના રામ કરતાં તત્ત્વતઃ છેક જુદા તો કહી પડતા નથી પણ, એમનું વ્યક્તિત્વ ભવભૂતિમાં ઘેરા રંગો ધારણ કરે છે : એક વલણ તે પ્રેમોપચાર પરત્વેનું અને બીજું વિરહવિકલતાનું.

રામની વિરહવિકલતા જોઈ કોઈ વાર એમની અસામાન્યતા વિષેના આપણા ખ્યાલને ધોકો પહોંચે છે. પહેલા અંકમાં પંચવટીમાંથી સીતાનું હરણ થયા પછીનાં ચિત્રો આવતાં રામની આંખમાંથી આંસુ દડવા માંડે છે તેનું લક્ષ્મણનું વર્ણન અને રામનો ઉત્તર (૧.૨૯, ૩૦) પ્રસંગોપાત્ત છે અને વસ્તુવિકાસને ઉપકારક થઈ શકે એમ છે, પણ રામના વ્યક્તિત્વનો કાંઈક અનપેક્ષિત એવો પરિચય કરાવે છે. કદાચ લક્ષ્મણની ઉક્તિ – 'अपि ग्रावा रोदित्यपि०' – થી જ પૂરતો અર્થ સરી શકત. અગાઉ અગ્નિશુદ્ધિની વાત આવતાં क्लिष्टो जनः આદિ રામે ઉદ્ગાર કરેલો તે પણ રામની તીવ્ર સંવેદનશીલતાનો સૂચક છે. પણ ઊંઘતી સીતાનો ત્યાગ કરવા સમયની, પ્રસંગવશાત્ કાંઈક વિસ્તૃત એવી, ઉક્તિઓમાં પૂરો સંયમ છે, એક પણ નિરર્થક ઉક્તિ જડતી નથી એમ કહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય. રામના અત્યંત સંવેદનશીલ હૃદયતંત્રનો આમ એક વાર પરિચય થઈ ચૂકયા પછી બીજા અંકમાં પંચવટીમાં રામ એકાકી જે ઉદ્‌ગારો કરે છે તેમાં કાંઈ અનુચિત ભાસતું નથી. ત્રીજા અંકમાં લોપામુદ્રાએ ગોદાવરીને જેને માટે સાવધ રહેવા કહાવ્યું છે તે 'ડગલે ને પગલે ભારે પ્રમાદભરેલા અને શોક ઉપજાવે એવા પ્રસંગોની શંકા' સ્વાભાવિકપણે રહે છે, તેમ છતાં રામનાં વિલપનો અને મૂર્છાઓ બહુ આગળ તરી આવતાં લાગે છે. કવિએ લોપામુદ્રાના સંદેશાથી આપણને તૈયાર કર્યા છે. છેવટે વાસન્તી રામને 'પોતાના જ લોકોત્તર ધૈર્ય વડે' પોતાની જાતને ટકાવી રાખવા વીનવે છે એ ઉપરથી કવિ પોતે પણ રામની અત્યંત સંવેદનશીલતાથી (એવા પોતે કરેલા આલેખનથી) સભાન છે એ દેખાય છે. વિક્રમોર્વશીયના પુરુરવામાં અને રામમાં અથવા પુરુરવાની યાદ આપતા માલતી-માધવના માધવમાં અને રામમાં કંઈક ફેર હોવો જોઈએ એવી સહજ અપેક્ષા રહે છે. અલબત્ત, આવા બધા વિરહ-પ્રલાપો પાછળ સીતાહરણ પછી પંચવટીમાં રામે કરેલા પ્રલાપોનું વાલ્મીકિએ કરેલું વર્ણન રહેલું છે. વાલ્મીકિના રામ માનવસહજ રીતે વિરહવિકલતા અનુભવે છે અને પ્રલાપો કરે છે. ઉત્તરરામચરિતના ત્રીજા અંકમાં એવા પ્રલાપો માટે વિશેષ કારણ છે. રામ બીજી વાર પંચવટી આવ્યા છે. પંચ-વટીમાં પગ મૂકતાં જ પ્રથમ વિરહ વખતના પ્રલાપો વગેરે તાજું થાય એ સ્વાભાવિક છે. તેમાં હવે સીતાપરિત્યાગ પછીના બીજા વિરહની વેદના સીતાસહવાસના સાક્ષી વિવિધ પદાર્થોના દર્શનથી ઊપડી આવે, રામનો 'ઘનીભૂત શોક' સળવળવા માંડે એ સ્વાભાવિક છે. એ વેદના વધુ ઉત્કટ બને – માઝા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વટાવતી લાગે એવી ઉત્કટ બને – તો તેને માટે સવિશેષ કારણ છે. પ્રથમ વિરહ તો રાક્ષસને લીધે આવેલો, આ બીજો વિરહ તો પોતે જ વહોરી લીધેલો છે; પહેલા વિરહ વખતે તો કપટથી અને બળથી રાક્ષસ સીતાને ઉપાડી લઈ ગયેલો, આ બીજો વિરહ તો પોતે જ સીતાને કાઢી મૂકવાથી આવેલો છે. પ્રથમ વિરહનો તો પુરુષાર્થ વડે અંત લાવી શકાય એમ હતું, જ્યારે આ બીજા વિરહમાં એવી કોઈ શક્યતા જ નથી. આ ઘટનામાં રહેલું કારુણ્ય અદમ્યપણે રામના હૃદયમાંથી વારંવાર શોકના ઉત્સરૂપે ઊછળ્યાં કરે તો એ આ રીતે સમજી શકાય એવું છે. માત્ર, સીતા નિદ્રાવશ છે ત્યારે અને શંબૂક અગસ્ત્યઋષિને પગે લાગવા જાય છે ત્યારે રામ એકલા હોય છે ને શોકોદ્‌ગારો કાઢે છે તેમાં સંયમ હોઈ ઔચિત્યભંગ દેખાતો નથી, પણ બીજાંઓ આગળ – લક્ષ્મણ સમક્ષ કે વાસન્તી સમક્ષ એ ધૈર્ય ગુમાવે છે ત્યારે તે કાંઈક ખૂંચે છે. પહેલા અંકના ૨૯–૩૦ શ્લોકની જેમ ત્રીજાના પણ ૩૧, ૩૫ અને ૩૬ એ શ્લોકો ન હોય તો કદાચ, કરુણનું આલેખન પાંખું થયા સિવાય, સંયમગુણને લાભ થવા સંભવ છે. ૩૮ મો, મૂર્છા પહેલાંનો, શ્લોક જરૂરી છે. એનું सीदन्नन्धे तमसि विधुरो मज्जतीवान्तरात्मा માંનું દર્શન પણ પ્રસંગાનુરૂપ છે, પણ એવા ઉદ્‌ગારોનો આરંભ हा हा देवि થી થાય છે તેથી શોકની ઘનતાને કાંઈક ઓછપ લાગે છે. કાંઈ નહિ તો એ શબ્દો શ્લોક બહાર હોત તો વધુ સારું એમ થાય છે. પણ ઉપર કહ્યું તેમ કવિ પોતે આ બાબતમાં સભાન છે એટલું જ નહિ પણ રામ પોતે પણ સભાન હોય એ રીતે કવિએ આલેખન કર્યું છે. રામ વિરહ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોકના પ્રલાપોની અમુક હદે પહોંચ્યા પછી પણ, પૌરજન-પદોની એ પ્રલાપો દ્વારા પોતે ટીકા કરવા માગતા નથી, એવી ક્ષમા માગે છે (શ્લોક ૩૨). અયોધ્યામાં તો ' વિલપન-વિનોદ ' પણ દુર્લભ હતો, બલકે સંજોગ જોતાં અયોધ્યામાં રામનાં વિલપનો એ રામનો વિલાસ જ લેખાય. જનસ્થાનમાં રામને ફરીથી રાજકાર્ય માટે લાવીને, પંચવટીમાં સીતાના બીજા વિરહના સમયમાં રામને મૂકીને, પ્રલાપોરૂપે એમનો શોક ઊભરાય — એમાં રહેલા ધૈર્યભ્રંશ કરતાં પણ વિશેષ તો ધર્મ-ભ્રંશ વિષે રામ સભાન હોય એ રીતે ઊભરાય — એનું કવિને હાથે, રામનું ધીરોદાત્તપણું સચવાય એ ઉપર સભાનપણે લક્ષ્ય રાખતા રહીને, ઉત્તરરામચરિતમાં જે આલેખન થયું છે, તે ઉપર સૂચવેલા થોડાક સંભવિત અતિરેકો બાદ કરતાં, પૂરું વિષયોચિત, માનવસહજ અને રામના રામાયણનિરૂપિત વ્યક્તિત્વના અનુલક્ષમાં પણ ન્યાય્ય ઠરે એવું છે.

ઉત્તરરામચરિતમાં એના વિષયને લીધે મૂર્છાઓ વારંવાર આવે છે. વધુ પડતી આવે છે એમ પણ કોઈને લાગે. રંગ-ભૂમિ ઉપર સીતા ચાર વાર, રામ ચાર વાર, વાસન્તી બે વાર, કૌસલ્યા એક વાર અને નેપથ્યમાં જનક અને રામમાતાઓ મૂર્છા પામે છે (૬. ૪૧). આમાં રામની ત્રીજા અંકમાંની બે મૂર્છાઓ અને સાતમામાંની એક મૂર્છા એ ચિંતાજનક છે. ચોથા અંકમાંની કૌસલ્યાની મૂર્છા લાંબી (છ ઉક્તિઓ – જેમાં ચાર તો શ્લોકો છે) ચાલે છે, તે જરી ચિંતા ઉપજાવે છે. પણ બાકીની બધી મૂર્છાઓ વત્તેઓછે અંશે મૂંઝારાના રૂપની છે, પાસેનું બીજું પાત્ર ' શાન્ત થાઓ, શાન્ત થાઓ ! ' એમ બોલે ત્યાં તો મૂર્છા પામેલું માણસ સ્વસ્થ થઈને વાર્તાલાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ચલાવે એવી સંસ્કૃતનાટકમાં જે મૂર્છાઓ આવે છે તે કોટિની છે. એથી મૂર્છાઓ વારંવાર લાવીને કવિએ કકલાણુ કરી મૂકયું છે એવું માનવું ઠીક ન ગણાય. મૂર્છા એ બાહ્ય પરિસ્થિતિના દબાણમાંથી ક્ષણિક છુટકારો હોય છે. આવા ક્ષણિક છુટકારા જેવી, કેટલાક વાર તો થોડીક સેકંડ ચાલતા મૂંઝારા જેવી, મૂર્છાઓ પ્રસંગોપાત્ત નાટકમાં યોજાઈ છે, યોગ્ય સ્થાનોએ યોજાઈ છે એમ પણ કહી શકાય. રામે ત્રણ વખત અનુભવેલી મૂર્છાઓ વત્તેઓછે અંશે જીવલેણ સ્વરૂપની છે અને તે તે પ્રસંગ જોતાં તે યોગ્ય છે એમ જોઈ શકાય એવું છે.

આ ત્રણે પ્રસંગે રામને પુનર્જીવન આપવા માટે ભવભૂતિએ સીતાના કરસ્પર્શનો ઉપાય યોજાતો બતાવ્યો છે. પંચવટીમાં રામને ભાનમાં લાવવા માટે તમસા, અને ગંગાતટે સૌ ભૂતસમુદાય સમક્ષ અરુન્ધતી, સીતાને પતિને સ્પર્શવા પ્રેરે છે એ જાણે લગ્નઘડીના જાહેર કરસ્પર્શ જેવું સહજ ન હોય એ રીતે કવિએ નિરૂપ્યું છે. તે ઉપરાંત, રામના હાથનું ઓશીકું કરીને સીતા ઊંઘી ગઈ હોય ને એ દૃશ્ય પ્રતીહારી કે દૂત જુએ અથવા પંચવટીમાં વાસન્તી રામને કદલીવનમાંની રામસીતાની શિલા-પથારી બેસવા માટે બતાવે અથવા રામ અશિથિલપરિરંભથી સીતાનો માર્ગશ્રમ ઉતાર્યાની કે એવા પરિરંભમાં રાતોની રાતો વાતો કર્યાની વાત લક્ષ્મણ આગળ કરે એ બધું જેમાં સ્વાભાવિક લેખાય એવી આ નાટકની સૃષ્ટિ છે. માત્ર, ક્યાંક લવ જેવો બટકબોલો છોકરો રામાયણના શ્લોકો બોલતાં રામનો સીતા પ્રત્યેનો 'શિલાની પાટ આ પહોળી તારે માટે શું ગોઠવી?' એવો શ્લોક બોલે ત્યાં રામને શિશુજનની — અને તેમાંય અરણ્યવાસી શિશુજનની — મુગ્ધતા પર 'લજ્જાસ્મિત' કરતા કવિ બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ વનવાસ વખતની વાત કરતાં રામ ચિત્રકૂટ-પ્રદેશમાં અશિથિલપરિરંભથી સીતાનો માર્ગશ્રમ ઉતાર્યાનું અને એવા પરિરંભમાં વાતો કરતાં રાતોની રાતો વીતી ગયાનું કહે છે, જનસ્થાનમાં પાછા જાય છે ત્યારે ત્યાંના પ્રદેશોને પણ विविधविस्रम्भातिप्रसंगसाक्षिणः કહે છે, અને લવકુશ સમક્ષ પણ ચિત્રકૂટપ્રદેશના तत्समयविस्रम्भातिशयप्रसंगની વાત કરે છે, એ બધા ઉપરથી રામના આરણ્યકજીવનમાં પ્રેમોપચારને કેટલી હદ સુધી સ્થાન હશે એવો પ્રશ્ન થાય એવું છે. રામના –

આ તે ફરી વન દીઠું અહ આજ ક્યાંથી !
પૂર્વે જહીં સમય ખૂબ રહ્યા, બનીને
આરણ્યકો વળી સ્વધર્મ-મચ્યા ગૃહસ્થો
સંસારના સુખ વિષેય થઈ રસજ્ઞ.

आरण्यकाश्च गृहिणश्च रताः स्वधर्मे
सांसारिकेषु च सुखेषु वयं रसज्ञाः ॥

– ઉદ્ગારોમાં ભવભૂતિનો અભિપ્રાય સ્પષ્ટ છે. ચિત્રદર્શનપ્રસંગે લક્ષ્મણે રામના જે 'પુણ્ય આરણ્યકવ્રત'ની વાત કરી હતી, તેથી શારીર સંબંધોને સર્વથા નિષેધતું બ્રહ્મચર્યવ્રત અભિપ્રેત નથી. રામાયણમાં પણ એ પ્રકારનું ઐકાન્તિક બ્રહ્મચર્યવ્રત અભિપ્રેત નથી એમ દેખાય છે. વનમાં આવવાની માગણી કરતાં સીતા नियता ब्रह्मचारिणी । सह रंस्ये त्वया वीर वनेषु मधुगन्धिषु ॥ – કહે છે તેમાં બ્રહ્મચર્ય સાથે જ વનવિહારની પણ વાત છે સીતાહરણ પછી પમ્પાસર પર પુષ્પમાસનો વૈભવ જોઈ રામ કહે છે : यदेषा शिखिनी कामाद्भर्तारं रमतेऽन्तिके ॥ ममाप्येवं विशालाक्षी जानकी जातसंभ्रमा । मदनेनाभिवर्तेत यदि नापहृता भवेत् ॥

અશિથિલપરિરંભથી ચિત્રકૂટપ્રદેશમાં માર્ગશ્રમ ઉતાર્યાનું વર્ણન (૧. ૨૪) તો ખાસ ધ્યાન ખેંચતું લાગતું નથી, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોદાવરીતટે અશિથિલપરિરંભમાં રાતોની રાતો ક્રમ વિણ વાતો કર્યાં કર્યાનું વર્ણન (૧. ૨૭) એની ઉત્કટતાથી તરત ધ્યાન ખેંચે છે અને ચિત્રકૂટપ્રદેશના માર્ગશ્રમના (કદાચ ૧.૨૪વાળા જ) પ્રસંગે સુંદર લાગતા સીતામુખનું વર્ણન (૬.૩૭) તો ટીકાકાર વીરરાઘવે જુદી રીતે ઘટાવ્યું પણ છે. आनन्दग्रन्थिरेकः(૩.૧૭)-માંથી સ્થૂળ અર્થ કાઢનાર ટીકાકાર ઘનશ્યામે એ રીતે કર્યું નથી એનું જ આશ્ચર્ય છે. મધ્યકાલીન સંસ્કૃત ટીકાકારો ન હોય ત્યાંથી નાયકનાયિકાનાં વર્તન પર કામસૂત્રનો પ્રકાશ (આજના ફ્રોઈડ-મોહની યાદ આપે એ રીતે) પાડયા વગર રહેતા નથી. સંસ્કૃત કવિઓ પણ એને માટે એમને કારણ આપતા નથી એમ નથી. ક્રમવિણ વાતો કર્યાં કર્યાનું અને માર્ગશ્રમથી સુંદર લાગતા મુખનું વર્ણન કરતા શ્લોકો નાટકના સંદર્ભમાં આરણ્યક રામસીતા પરત્વે નિર્વાહ્ય ન ગણી શકાય એવા નથી, પણ એમને નાટકમાંથી ઊંચકી લેવામાં આવે તો સ્વતંત્ર શ્લોકો તરીકે એ કામચર્યાના વર્ણનના શ્લોકો બની રહે એવી એમની શબ્દરચના છે. સંસ્કૃત કવિઓના આવા શોખનો મોટો દાખલો શાકુન્તલ (૧.૨૬)માં વૃક્ષોને પાણી પાવાના શકુન્તલાના શ્રમનું કાલિદાસે જે વર્ણન કર્યું છે તે જોવાથી મળશે. ભવભૂતિનું શ્રમવર્ણન કાલિદાસના એ વર્ણનશ્લોક જેવાનું અનુકરણ હોય તો પણ નવાઈ નહીં; તે સમયની કાલિદાસ આદિએ અનુસરેલી પરિપાટી પ્રમાણેનું છે એમાં તો સંશય જ નથી. આટલા પૂરતો ભવભૂતિનો અતિચાર ગણવો હોય તો ગણી શકાય.

તે ઉપરાંત પણ કવિનો એક અભિપ્રાય ધ્યાન ખેંચે એવો છે. રામ પંચવટીમાં જૂનાં સ્મરણોથી મૂર્છા પામે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લે.પામુદ્રાએ ગોદાવરીને વિનંતી કરી છે કે જલશીકરની ફરફરોમાં પદ્મકેસરોની મહેક વહી લાવતી તરંગલહરીઓથી રામને પોતે સંજીવન આપે. પણ તમસા કહે છે તેમ રામને જિવાડવાનો ધરમૂળનો ઉપાય અર્થાત્ સીતા જ નજીકમાં છે. સીતાને ભાગીરથીએ પંચવટીમાં ઉપસ્થિત કરી અને ગંગાતીરે વાલ્મીકિનું નાટક ચાલતું હતું ને અધવચ રામ મૂર્છા પામતાં ધરમૂળના સંજીવનોપાય તરીકે સીતાને આગળ કરી — એ આ રીતે અલબત્ત પ્રસ્તુત બની રહે છે. પણ સ્પર્શને (પતિવ્રતાના સ્પર્શને) ચોક્કસ સંજીવનોપાય તરીકે નિરૂપવામાં કવિ સ્પર્શની કોઈ રહસ્યમય(mystic) શક્તિ અવશ્ય સૂચવે છે, જેને માટે તેમના અંગત એવા અભિપ્રાય કરતાં બીજો કોઈ આધાર જણાતો નથી. સ્વપ્નવાસવદત્તમ્માં વાસવદત્તાને ઉદયને ઊંઘમાં ફેલાવેલો હાથ શય્યા બહાર રહેતો હોઈ સરખો કરવો પડે એવી પ્રસંગયોજના છે. કુન્દમાલામાં દીર્ઘિકાતીરે રામ મૂર્છા પામે છે ત્યારે એમને સાન્ત્વન આપનાર કોઈ ન હોઈ સીતા સાહસપૂર્વક રામ પાસે આવી એમને 'વળગે' છે, પણ છેલ્લા અંકમાં તો વાલ્મીકિ પોતે જ રામલક્ષ્મણને ભાનમાં લાવવાનું સંભાળી લે છે અને સીતાને લવકુશને ભાનમાં લાવવાનું કાર્ય સોંપે છે. એકમેકમાં ભાવૈકરસ પતિપત્નીને પોતાથી અન્યનું દર્શન, શબ્દશ્રવણ, સ્પર્શન એ ક્યારેક સંજીવનીસમું બની રહે એ સમજાય એવું છે, અને 'વિમાનરાજ અહીંયાં જ થોભો!' એવા શબ્દો રામ બોલ્યા તેના અવાજથી જ મૂર્છા પામેલી સીતાના જીવમાં જીવ આવે છે એ નિરૂપણ કેવું સ્વાભાવિક છે! આવા અનુભવને જ દામ્પત્યની એક રહસ્યમયી શક્તિના નિદર્શનરૂપ કોઈ લેખે તો એવા અભિપ્રાયને સ્થાન છે, બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણને જોડનાર સ્નેહ(कोऽपि हेतुः)ને રહસ્યમય તત્ત્વ લેખવાને અવકાશ છે, પણ કવિએ જે પ્રકારે સ્પર્શને એવી રહસ્યમયી શક્તિરૂપે યોજ્યો છે તે એવા અભિપ્રાયને લગભગ અભિનિવેશની કોટિએ પહોંચાડે એવો છે એમ કહી શકાય.

આ ઉપરથી એક વસ્તુ તો સ્પષ્ટ થઈ હશે કે ઉત્તરરામ-ચરિતમાં પ્રિયજનના મૃત્યુ પછી પણ અ-મૃત રહેનાર પ્રેમની અનુભૂતિ કેન્દ્રસ્થાને છે એનો અર્થ એ નથી કે કવિ કેવળ અપાર્થિવ પ્રેમનું ગાન કરવા પ્રવૃત્ત થયા છે અને પાર્થિવ પ્રેમના સર્વથા વિરોધી છે, બલકે પાર્થિવ પ્રેમનું એ એવું મહત્ત્વ કરે છે કે તેના પરિપાકરૂપે અપાર્થિવ પ્રેમની સિદ્ધિ શક્ય છે અને એ અપાર્થિવ પ્રેમમાં પણ (ત્રીજા અંકમાં રામ મૂર્છામાંથી જાગ્યા પછી ફરી આનંદની જડતા અનુભવે છે એ જોતાં) પાર્થિવ પ્રેમનો સર્વથા વિરોધ નથી. પંચવટીમાં પોતાના આરણ્યકજીવનનું વર્ણન કરતાં રામ आरण्यकाश्च . . . सांसारिकेषु च सुखेषु वयं रसज्ञाः ॥ – એ શ્લોક બોલે છે તે પાદટીપમાં ઉતારીને આચાર્યશ્રી આનન્દશંકર ધ્રુવે ભવભૂતિના પ્રેમભાવના વિષે ઇશારો કર્યો છે તેમ: 'ક્ષણવાર શંકરાચાર્યનો વૈરાગ્ય અને ક્ષણવાર વલ્લભાચાર્યનો રાસ આત્માને આકર્ષે છે, અને ઉભયનો સમન્વય ભવભૂતિ કરે છે.' (દિગ્દર્શન, પૃ. ૨૫૦.) પંચવટીમાં રામસીતા સાથે રહેતાં ત્યારે જે પાર્થિવ-અપાર્થિવ પ્રેમનો સમન્વય પ્રતીત થયેલો તે જ બીજી વાર રામ પંચવટીમાં એકલા આવે છે ત્યારે અ-મૃત રૂપે પ્રતીત થાય છે. સ્વીડિશ વિદુષી એલન કેના શબ્દોમાં કહીએ તો ભવભૂતિએ આલેખેલા પ્રેમમાં 'Sensuous Soulfulness' — ઇન્દ્રિયતર્પક આત્મસભરતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવભૂતિને પ્લેટોની પ્રેમભાવના – શરીરમૂલક ન હોય એવી પ્રેમભાવના – અભિપ્રેત નથી એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

નાટકની કેન્દ્રાનુભૂતિ પ્રિયજનના મૃત્યુ પછી અ-મૃત રહેતા પ્રેમની હોઈ એની ભૂમિકા રૂપે બંને પ્રેમિકોના સમગ્ર સહજીવનના સ્નેહસંગીતનો એકેએક તાર પહેલા અંકમાં ઝણઝણી ઊઠે એ યોગ્ય છે. સ્વાભાવિક રીતે જ ઉત્તરરામચરિત એ પશ્ચાદ્દર્શન(Retrospect)નું નાટક છે. પહેલા અંકમાં ચિત્રદર્શન(પ્રચલિત સાહિત્યમાંથી, રઘુવંશ ૧૪.૨૫ જેવામાંથી, જેનું સૂચન મળ્યું હોય)ની મદદથી અદ્ભુત કલામયતાપૂર્વક પૂર્વજીવનની – અને તે તાટકાવધપ્રસંગ જેવા બાળપણના સમયથી માંડીને – બધી માર્મિક ઘટનાઓને સ્પર્શવાનું કવિ ચૂક્યા નથી. તે તે પ્રસંગની લાગણીઓ વર્તમાનની લાગણીઓ સાથે ગૂંથાઈ જાય છે એમાં તો કાંઈ શંકા જ નથી, પણ ભાવિનો રણકાર પણ એમાં ક્વચિત્ ક્વચિત્ ગુંજી ઊઠે છે. કવિએ ભારે સંવિધાનશક્તિથી ભૂતકાળના પુનઃકથનમાં ભાવિના કથનને ભેળવી દેવા જેવું કર્યું છે. માત્ર પહેલા અંકમાં જ નહિ બીજા અંકમાં પણ ભૂતકાળ એ જ આગળ તરી આવે છે. ત્રીજા અંકમાં તો વાસંતી વનવાસનાં સંસ્મરણોથી રામના ચિત્તને કેવું સીતામય કરી મૂકે છે એ સ્પષ્ટ છે. એ રીતે પંચવટી-નિવાસ સમયના અગાધ સ્નેહસભર જીવનની ભૂમિકા ઉપર જ અ-મૃત પ્રેમની અનુભૂતિ અભિવ્યક્ત થઈ શકી હોત એ સહેજે સમજાય એવું છે. ભવભૂતિએ મહાવીરચરિતમાં રામના પૂર્વ-જીવનને ગૂંથવાનો પ્રયત્ન કર્યો હતો. એ નાટક અધૂરું પણ રહ્યું છે. એ નાટકમાં એમણે સર્જકને છાજે એવી સાહસિકતાથી નવા આશયો નાખીને સુશ્લિષ્ટ કૃતિ રચવા પ્રયત્ન કરવા છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેના મધ્યમાં કોઈ કેન્દ્રાનુભૂતિ ધબકતી હોય એવી એકીભૂત કૃતિ યોજવામાં એમને ધારી સફળતા મળી નથી. રામનાં પરાક્રમોની ક્યાંક રસપ્રદ, ક્યાંક શુષ્ક, એવી સંકલના આપવા કરતાં વધારે સિદ્ધિ એમને મળી નથી. ઉત્તરરામચરિતમાં કવિને રામના પૂર્વજીવનની એકેએક માર્મિક વીગતને ભાવસજીવરૂપે ગૂંથી લેવાનો અવકાશ મળ્યો છે. મહાવીરચરિત છો પૂરું ન થયું. ઉત્તર-રામચરિત એ પૂર્વ-રામચરિત પણ છે. એ તો ખુલ્લું છે કે પૂર્વચરિતના મર્મપ્રસંગોના તારના ઝણકારમાંથી જ ઉત્તરચરિતના અ-મૃત પ્રેમની અનુભૂતિના સૂરો જાગી શક્યા છે.

પશ્ચાદ્દર્શન (Retrospect)નો આધુનિક નાટ્યકલામાં ઇબ્સને કર્યો છે તેવો માર્મિક ઉપયોગ કરવાની ફાવટ કવિને પહેલા અને બીજા અંક વચ્ચે, બલકે પહેલા અંક પછી તરત, બનેલી ઘટનાને છેક સાતમા અંકમાં ગર્ભનાટકરૂપે મૂકવા સુધી પશ્ચાદ્દર્શનને યોજવા પ્રેરે છે. એ ગર્ભનાટક એ સંસ્કૃત જ નહિ પણ દુનિયાનાં બીજાં ગર્ભનાટકોમાં પણ સહેજે એની લાઘવયુક્ત કલામયતાથી એક ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપે તરી આવે એવું છે. છેક આજની flash-back (પીઠ-ઝબકાર) ની સંવિધાનકલાનો એ એક સુંદર નમૂનો છે. કાલક્રમ પ્રમાણે આ ગર્ભનાટકના પ્રસંગને કવિએ પહેલા અને બીજા અંક વચ્ચે જ ગૂંથી લીધો હોત તો ત્રીજા અંકમાં રામનો સીતા માટેનો જેટલો પ્રેમ પ્રગટ થાત તે સીતાએ પોતાના પરિત્યાગને જે સ્નેહમયી શ્રદ્ધાથી સ્વીકાર્યો—પરિત્યાગ પછી પણ એને મન રામ તો 'આર્યપુત્ર' મટ્યા નહિ — એના સ્વાભાવિક પ્રતિશબ્દ રૂપે જ હોત. ઉપરાંત, સીતાનો બાળકો સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસાલતમાં વિલય થાય છે અને બાળકોને પછીથી ભાગીરથી વાલ્મીકિને સોંપવાનાં છે એટલે ત્રણે મૃત્યુ પામતાં નથી એ પ્રતીતિ પછી મૃત્યુ પછીના અ-મૃત પ્રેમની નાટચગત કેન્દ્રાનુભૂતિ માટે તો અવકાશ જ ન રહેત. ખરું જોતાં, પહેલા અને બીજા અંક વચ્ચે એ દૃશ્ય મૂકીને પણ રામને તો તે પ્રત્યક્ષ કરાવી શકાય એમ હતું જ નહિ. એ દૃશ્ય ભૂતાર્થવાદી મુનિ વાલ્મીકિએ આર્ષ ચક્ષુથી જોયેલા અને નાટકરૂપે ગૂંથેલા પ્રસંગ તરીકે રજૂ થાય તો જ રામને એ અનુભવગમ્ય થાય અને શ્રદ્ધેય બને. અને એને સાતમા અંકમાં મૂકવામાં આવે એમાં કેટલું બધું ઔચિત્ય છે! રામે તો સીતા નથી એમ માનીને પંચવટીમાં પોતાનો હૃદયભાવ પ્રગટ થવા દીધો, સીતા એની સાક્ષી છે એવા કોઈ જ ભાન વગર. હવે એમને સીતાના હૃદયભાવનો સાક્ષાત્કાર થાય છે. ગર્ભનાટકનો પ્રસંગ ત્રીજા અંક પૂર્વે બનેલો છે, છતાં નાટકમાં એ ત્રીજા અંકનો જાણે પ્રતિધ્વનિ ન હોય એ રીતે પ્રતીત થાય છે. પંચવટીમાં જેમ રામને સંદેહ સરખો નથી કે સીતા એટએટલામાં છે ને એમનું હૃદ્‌ગત પ્રગટ થાય છે, તેમ આ પ્રસંગે પણ રામ આ ઘટનાના સાક્ષી છે એવો વહેમ પણ સીતાને હોવો અસંભવિત છે, એ રીતે સીતાના હૃદયગતનો રામને અનુભવ થાય છે. પરસ્પરનો પ્રેમ મૃત્યુનો ભાર ઉઠાવી શકે એમ છે એનો સીતાને ત્રીજા અંકમાં સાક્ષાત્કાર થયો તેમ એ પરિત્યાગનો ભાર ઉઠાવી શકે એમ છે એવો રામને આ ગર્ભનાટકથી સાક્ષાત્કાર થાય છે. આમ આ દ્વિમુખ સાક્ષાત્કાર છે. પણ એનાથી ઉઠાવ તો એ વાતને મળે છે કે રામને, આવા પ્રત્યક્ષ અનુભવની રાહ જોવા રહ્યા વગર જ, સીતાના શ્રદ્ધાભર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નેહની એવી સ્વયંપ્રતીતિ છે કે એની અસર નીચે જ પંચવટીમાં એમનું હૃદયગત સહજપણે પ્રગટ થયે ગયું, અને સીતાને અ-મૃત પ્રેમની અનુભૂતિ થઈ.

સીતાને થયેલી એ અનુભૂતિને પ્રતીતિકર રીતે નિરૂપવામાં કવિએ અદ્‌ભુત સંવિધાનકૌશલ બતાવ્યું છે. તમસામુરલાની વાતચીત દ્વારા આપણને કહેવામાં આવ્યું છે કે સીતાને મર્ત્યો તો શું પણ વનદેવતા પણ જોઈ શકશે નહિ. અલબત્ત આપણે— પ્રેક્ષકવૃંદ—તેને જોઈ શકીશું, કેમકે પ્રેક્ષકવૃંદ જ્યાં સુધી પ્રેક્ષક-વૃંદ છે ત્યાં સુધી સર્વજ્ઞની સ્થિતિ ભોગવી શકે છે. પછી સીતા અને તમસાને આપણે રંગભૂમિ ઉપર આવતાં જોઈએ છીએ. સીતાતમસાને રંગભૂમિની એક તરફથી નેપથ્યમાંથી વાસન્તીનો વહાર માગતો અવાજ સંભળાય છે ત્યાં બીજી બાજુથી વિમાનમાંથી ઊતરતા રામનો અવાજ સંભળાય છે. વિમાનમાંથી ઊતરીને પંચવટીનું દર્શન કરતાં જ રામ નેપથ્યમાં મૂર્છા પામે છે. તમસાના આદેશથી સીતા સ્પર્શસંજીવનીથી રામને ભાનમાં લાવવા બહાર જાય છે. પછી સીતાથી સ્પર્શાતા રામનો પ્રવેશ આવે છે. રામ ભાનમાં આવતાં જ સીતા નજીકમાં છે એમ અનુભવે છે અને 'ભલે, જોઉં!' કરી સીતાને શોધવા કરે છે. એમને સીતા દેખાતી નથી અને સીતાનો સ્પર્શ થયાનો પોતાને ભ્રમ થયો છે એમ એમને લાગે છે. તત્કાલ પૂરતા આપણે રામના દૃષ્ટિબિંદુથી પરિસ્થિતિને જોઈ શકીએ એ રીતે ઘટનાનું આલેખન થયું હોઈ રામ સીતાને જોઈ શકતા નથી એ આપણે સ્વીકારી શકીએ છીએ. અને ત્યાં જ રામ પાસેથી સરકી જતી સીતા પોતાને જોઈને રાજા ગુસ્સે થશે એમ તમસાને કહે છે ત્યાં તમસા સીતાને –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આપણને પણ — યાદ આપે છે કે 'ભાગીરથીની કૃપાથી વનદેવતા પણ તને જોઈ શકે એમ નથી.' આમ વનદેવતા પણ નહિ જોઈ શકે તેની પણ સાથે સાથે યાદ અપાઈ છે. વનદેવતા આવે છે ત્યાં સુધીમાં રામ સીતા-તમસાને જોઈ શકતા નથી એ તો આપણને સ્વીકાર્ય થઈ ચૂક્યું છે. વાસન્તી રામને મળે છે કે તરત ગજકુમારના રક્ષણ અર્થે તેમને લઈ જવાના સંભ્રમમાં છે. ત્યાં જ સીતા ફરી તમસાને પૂછે છે કે વનદેવતા પણ એને જોઈ શકતી નહિ હોય. નથી જોઈ શકતી એવી ખાતરી થતાં વાસન્તી અને રામની પાછળ પાછળ જવા પોતે તમસાને વીનવે છે.

રામ પ્રથમ રંગભૂમિ ઉપર આવ્યા હોત ને પછીથી સીતાતમસા આવ્યાં હોત તો તેઓને રામ જોઈ શકતા નથી એવું સ્થાપવું અસંભવિતવત્ બની રહેત, આપણી શ્રદ્ધા ઉપર વધુ પડતો બોજો પડત. રામ મૂર્છામાંથી ધીમે ધીમે જાગે અને સીતા, જેને પોતે મૃત માને છે, તેનો સ્પર્શ-અનુભવ થતાં તેને ખોળવા કરે (આવા પ્રસંગે ધરમૂળના ઉપાય તરીકે સ્પર્શને યોજવાની સંવિધાનદૃષ્ટિએ સાર્થકતા દેખાય છે) અને તેને જોઈ ન શકે એ એટલું બધું સ્વાભાવિક છે કે આપણને સ્વીકાર્ય બની શકે છે. રામ અને વાસન્તીને એક પછી એક એમ પ્રવેશ કરાવીને અને બંને પ્રસંગે તમસા દ્વારા ભાગી-રથીના પ્રભાવનું સ્મરણ કરાવીને સીતા-તમસા રામ-વાસન્તીથી અદૃશ્ય હોય એ હકીકતને પ્રતીતિકર રીતે નિરૂપવાનું સંવિધાન-કૌશલ ખરે જ નોંધપાત્ર છે.

આ અંકમાં સંવિધાનની દૃષ્ટિએ એક વસ્તુ ધ્યાનમાં રાખવી જોઈએ. સીતાતમસા રંગભૂમિ ઉપર તદ્દન છેડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ હોય. રંગભૂમિ ઉપર ઊંડાણમાં બીજો એક તખ્તો હોય, જેની ઉપર રામ અને વાસન્તીનું કાર્ય, સંભાષણ વગેરે ચાલે. રામવાસન્તી જે રંગભૂમિ ઉપર છે, તેનાં સીતાતમસા પ્રેક્ષકો છે. એ પ્રેક્ષકો પણ બીજી રંગભૂમિ ઉપર છે, અને એ બંને રંગભૂમિઓના આપણે પ્રેક્ષકો છીએ. ભવભૂતિના સમયમાં કાલપ્રિયાનાથની યાત્રાના પ્રસંગે થતા પ્રયોગમાં આ જ રીતે રંગભૂમિની રચના થતી હશે એમ કહેવાનો આશય નથી, પણ શી હોઈ શકે તેનો ખ્યાલ આપવાનો પ્રયત્ન છે. સાતમા અંકના ગર્ભનાટક વખતે તો આવી જ રચના કરવી પડતી હશે એ ચોખ્ખું છે. અને એ જોતાં ત્રીજા અંકમાં પણ એવી જ રંગભૂમિની યોજનાનો લાભ લેવાયો હોય એ સંભવિત છે. નેપથ્યમાં રામ મૂર્છિત થયાનું જોઈ તમસાની આજ્ઞાથી સીતા સંજીવન આપવા 'જાય છે' એમ કહ્યું છે અને પછી સીતાથી સ્પર્શાતા રામનો પ્રવેશ આપણી આગળ ઊઘડે છે. સીતા નેપથ્યમાં ગયા પછી, બે માણસો મોટો ચોફાળ લઈને ચાલતા ચાલતા ઉપરની (ઊંચી) રંગભૂમિની મધ્યમાં આવીને ચોફાળની પાછળ પાછળ આવેલાં રામ-સીતા યોગ્ય અભિનય સાથે તૈયાર રહેતાં ચોફાળ ખસેડી લઈને ચાલ્યા જાય,— એ રીતે એ પ્રવેશની યોજના કલ્પી શકાય છે. પછીથી રામ ભાનમાં આવતાં સીતા નીચલી રંગભૂમિ ઉપર સરકી આવી હશે. બીજી વાર રામ વાસન્તીની હાજરીમાં મૂર્છા પામે છે ત્યારે ઉપરના તખ્તાના અગ્રભાગ સુધી આવીને એ બેઠેલા હોય તો સીતા નીચલા પર રહ્યે રહ્યે જ, ઉપર ગયા વિના જ, કરસ્પર્શથી એમને ભાનમાં લાવી શકે.

ઉપરના તખ્તા પર સીતા રામને પહેલી વાર ભાનમાં લાવે છે તે વખતની બે ઉક્તિઓ બાદ કરતાં પ્રથમ એકાકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામનું સંભાષણ ચાલે છે અને પછીથી રામ અને વાસન્તી એ બંનેનો વાર્તાલાપ ચાલે છે. એ તખ્તા પરનું કાર્ય, સંભાષણ વગેરે સુસંગત રીતે ચાલે છે કે નહીં એ જોઈ શકાય તે માટે રામ અને વાસન્તીની ઉક્તિઓને જુદાં બીબાંમાં છાપવી યોગ્ય છે. અલબત્ત, રામ અને વાસન્તીનાં સંભાષણો વચ્ચે સીતાતમસાનાં સંભાષણો ભેગાં વણાઈને આખા નાટકનો કાર્યપ્રવાહ આગળ વધે છે, પણ રામ અને વાસન્તીની ઉક્તિઓ એકલી જ સળંગ જોઈ જવાથી સીતા-તમસા હાજર નથી એમ માનીને જ એમના ઉદ્‌ગારો કેવા નીકળે છે અને એ રીતે કેટલા સ્વાભાવિક અને ઔચિત્યવાળા છે, તેમ જ ઉપરના તખ્તા પરનું કાર્ય પોતા પૂરતું કેવું સંગતિયુક્ત છે એ તરત ધ્યાનમાં આવશે. બંને તખ્તા પરનાં કાર્યસંભાષણનાં સૂત્રો પર નજર રાખતા રહીને, યોગ્ય અવસરે એ બંને સૂત્રોનો આવશ્યકતા પ્રમાણે ગોઠ ગૂંથતા રહીને, કવિએ જે અપૂર્વ રચનાકૌશલ દાખવ્યું છે તેનો આ અંકમાં પરમ હૃદ્ય અનુભવ થાય છે.

સીતાને અ-મૃત પ્રેમની અનુભૂતિ થાય છે તે માટે અનુસરાયેલો ક્રમ પણ ઊંચી સંવિધાનકલાના નિદર્શનરૂપ છે. રામ એકલા છે ને જ એમના આનંદ ઝરતા 'સુધામય અને અગાધ સ્નેહસંભાર દર્શાવનારા' ઉદ્‌ગારોની 'પ્રતીતિથી નિષ્કારણ પરિત્યાગનું શલ્ય લાગવા છતાં' સીતાને 'જન્મ્યું સાર્થક લાગે છે.' વાસન્તી સીતાનાં સ્મરણો સંકોરે અને રામના મોંમાં આંગળાં નાખીને સખી માટે કંઈક સારું બોલાવે એવો પ્રસંગ જ નથી. આ રીતે એક વાર થયેલી 'પ્રતીતિ' વાસન્તીની હાજરીમાં વજ્રલેપ થાય છે અને સીતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધન્યતા અનુભવે છે. સીતાને રામના પ્રેમ પરત્વે પોતા પૂરતો વિશ્વાસ ભરપૂર હતો, પોતાનું અસ્તિત્વ ન હોય તે સંજોગોમાં પણ રામનો અમર પ્રેમ અનુભવી એ વિશ્વાસની સાર્થકતા સીતા અનુભવે છે, પણ પરિત્યાગને લીધે સમાજ આગળ એને શરમાવાનું થયેલું એ પણ એ સદંતર ભૂલી જઈ શકે એવું ન હતું. સીતાનું જીવન વીત્યું હતું અયોધ્યા અને પંચવટીમાં. અયોધ્યાની નિકટની નદીદેવતા તમસા અને પંચવટીની વનદેવતા વાસન્તીની સમક્ષ સીતાને 'પ્રતીતિ' થાય છે અને અંતે અયોધ્યામાં રાજસૂયયજ્ઞમાં પોતાની સુવર્ણપ્રતિમા મુકાયાનું રામમુખે સાંભળવા મળે છે એટલે સીતાનો પરિત્યાગની લજ્જાનો કાંટો પણ મૂળમાંથી ઊખડી જાય છે.

બે કે ત્રણ વાર પ્રતીતિ કરાવવામાં આવે તો તે દૃઢ થાય એવું કાંઈક નાટ્યકારોનું વલણ જોવા મળે છે. (પિરેન્ડેલો-એ તો સ્પષ્ટ કહ્યું પણ છે કોઈ પણ સત્ય સામાને સુગ્રાહ્ય થાય તે માટે ત્રણ વાર રજૂ થવું જોઈએ.) સ્વપ્નવાસવદત્તમ્માં માધવીમંડપ પાછળથી અને સમુદ્રગૃહમાં એમ બે વાર વાસવદત્તાને પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે. કુન્દમાલામાં સીતાને લતાજાલમાંથી અને દીર્ઘિકામાં એમ બે વાર પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે. સીતાને પણ રામ એકાકી છે ત્યારે અને પછી સાથે વાસન્તી છે ત્યારે એમ બે વાર પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે. બંનેને અંતે રામ પોતાને થયેલા ભ્રમની વાત કરે છે, બીજી વખતે તો 'મહાવંચના . . .ફરી ફરી મને વળગે છે' એમ કહીને બીજી વાર એ વળગ્યાનું તે સ્પષ્ટ કરે છે. બંને વખતે વીરરસની મદદથી – ગજકુમાર પરના આક્રમણના અને રાવણરથના નિર્દેશથી રામને જાગ્રત કરવામાં આવ્યા છે, જેમ શાકુન્તલમાં માતલિના વિદૂષક પરના પ્રહાર દુષ્યન્તને જાગ્રત કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર જે કહેવામાં આવ્યું છે તેથી એ સ્પષ્ટ થયું હશે કે ભવભૂતિએ ઉત્તરરામચરિતમાં કેવી ઊંચા પ્રકારની નાટ્યકલાનો પરિચય કરાવ્યો છે. ગઈ સદીના સંસ્કૃતવિદ્વાનો નાટકનો ખ્યાલ ઘણુંખરું શેક્સ્પિયર આદિનાં નાટકો પરથી બંધાયેલો હોઈ જેમાં વસ્તુવેગ કે કાર્યવેગ ન હોય તે નાટકને તેઓ દોષયુક્ત ગણવા પ્રેરાતા. પ્રાચીન ગ્રીક કે ગઈ સદીના જ ઇબ્સન, ચેખોવ આદિની અભિનવ નાટ્યકલાના પ્રકાશમાં નાટકનું મૂલ્યાંકન કરવાનું એમનાથી બન્યું નથી. નાટકમાં ઉપલક સપાટી ઉપર કોઈ મોટો કાર્યવેગ કે ધાંધલ ન જોવા મળે તેમ છતાં જો કોઈ આંતર કાર્ય–માનસિક કાર્ય (સાઇકોલૉજિકલ ઍક્શન) ચાલતું હોય તો તે પૂરતું નીવડી શકે. છેવટે પણ આંતર કાર્યના પ્રતીક રૂપે જ બહારના કાર્યની કિંમત છે. આ સદીના આરંભમાં હૉપ્ટમનનાં નાટકોમાં નાટ્યકલાનું આ સત્ય વધુ સુરેખ રીતે સ્પષ્ટ થયું છે. ઉત્તરરામચરિતમાં વસ્તુવેગ નથી, કાર્યની મંદતા છે, એમ જે ઘણીવાર કહેવામાં આવે છે તે એના આંતર કાર્યની સતત ધબકતી તીવ્રતા જોતાં અકિંચિત્કર ગણાવું જોઈએ. ૧૮૭૧માં વિલ્સને ઉત્તરરામચરિતના અનુવાદના અનુલેખમાં 'કાર્યના અભાવ'નો દોષ જોયો અને છેલ્લે કહ્યું: 'કૃતિનો સામાન્ય સૂર કલ્પનામયતાનો અને ઉન્નતતાનો છે અને તે ઓછામાં ઓછું નાટ્યાત્મક કાવ્ય(Dramatic Poem)ના નામને તો પાત્ર છે જ.' વિલ્સનને અનુસરીને ડૉ. રામકૃષ્ણ ભાંડારકરે ૧૯૦૫માં કાલિદાસ અને ભવભૂતિની સરખામણી રૂપે કહ્યું: ' કાલિદાસમાં, પ્રો. વિલ્સન નિર્દેશે છે તેમ, વધુ કલ્પનાલીલા(ફૅન્સી) છે. ભવભૂતિ કરતાં એ મોટા કલાકાર છે. કાલિદાસમાં ભાવનું સૂચન હોય છે, વ્યંજન હોય છે, જ્યારે ભવભૂતિમાં એનું સબળ ભાષામાં કથન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે. ભવભૂતિનાં પાત્રો રાગોદ્રેકના બળથી અભિભૂત થઈને ઘણી વાર ઘોર આક્રંદ કરે છે, જ્યારે કાલિદાસનાં પાત્રો જો એવો પ્રસંગ આવે જ તો બેએક અશ્રુબિંદુ ખેરવે છે. સંસ્કૃત વિવેચકોની પરિભાષામાં કહીએ તો કાલિદાસમાં રસ શબ્દના લક્ષ્ય કે વ્યંગ્ય અર્થથી અભિવ્યક્ત થાય છે, જ્યારે ભવભૂતિમાં વાચ્ય અર્થથી પ્રગટ થાય છે. . . . એ નાટક(ઉત્તરરામચરિત)માં પ્રસંગો જૂજ માત્ર છે, ગતિ ન જેવી છે. . . .ઉત્તરરામચરિતનો પ્રયોગ રંગભૂમિ કરતાં ગૃહખંડને વધુ અનુકૂળ છે. એ દૃશ્ય કરતાં વધારે તો શ્રાવ્ય કાવ્ય છે, જ્યારે શાકુન્તલની ખૂબીઓ તેના વાચન કરતાં પ્રયોગમાં વધુ દેખાઈ આવે છે.' એ જ વાત બીજા શબ્દોમાં પણ એ કહે છે : 'ભવભૂતિની પ્રતિભા નાટચકવિ કરતાં વધારે તો ઊર્મિકવિની છે.'

કાલિદાસ ભવભૂતિ કરતાં અનેક રીતે ચઢે છે, પણ એ અંગે ઉપરના અભિપ્રાયોમાં જે કારણો સૂચવાયાં છે તે ભાગ્યે જ યથાર્થ હોય. ઉપલક કાર્યના અભાવ કે ગતિની મંદતાને દોષ માનવામાં રહેલી ભૂલનો હમણાં જ નિર્દેશ કર્યો છે. રંગભૂમિની દૃષ્ટિએ ઉત્તરરામચરિતમાં કેવું ઉત્કૃષ્ટ સંવિધાનકૌશલ જોવા મળે છે તેની કાંઈક ઝાંખી કરાવવાનો ઉપર પ્રયત્ન થયો છે તેથી એની તખ્તાલાયકીનો પણ ખ્યાલ આવ્યો હશે. ઉત્તરરામ-ચરિત રંગભૂમિને ધ્યાનમાં રાખીને જ, એક દૃશ્ય કાવ્ય તરીકે, યોજાયું છે એ એની સંવિધાનકલાની વીગતોના થોડાક પરિ-ચયથી પણ સ્ફુટ થયા વગર રહે એવું નથી. આંતર કાર્યને અને એના વેગને નાટકના જીવાતુભૂત તત્ત્વ તરીકે ન જોઈ શકનાર, માત્ર બાહ્ય કાર્યગતિમાં નાટચકલાનો પ્રાણ જોનાર, દૃષ્ટિને જ ઉત્તરરામચરિત 'નાટચાત્મક કાવ્ય' કે 'શ્રાવ્ય કાવ્ય' લાગે એમ કહેવું પ્રાપ્ત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊલટું, ભવભૂતિની બાબતમાં તો એવું બન્યું છે કે ઉત્તરરામચરિતમાં બાહ્ય કાર્ય, ગતિશીલ કાર્ય, લાવવા એ પ્રયત્નશીલ થવા જાય છે ત્યાં એની નાટ્યાત્મકતા નબળી પડે છે. ત્રીજા અંકમાં, આમ જુઓ તો, નથી કાંઈ ખાસ કાર્ય, નથી ગતિ, છતાં કેટલું બધું આંતર(માનસ) કાર્ય છે! ભમરડો 'ઊંઘે' છે ને અ-ગતિશીલ લાગે છે, પણ એ વખતે જ એ અત્યંત ગતિશીલ હોય છે, એવું કાંઈક ઉત્તરરામચરિતના ત્રીજા અંકના કાર્યની ગતિનું છે. કાર્યના અભાવનો ભાસ કરાવતી આવી વેગભરી આંતર કાર્યગતિના નિરૂપણમાં ભવભૂતિ નિષ્ણાત છે. ઊલટું ચોથા, પાંચમા અને છઠ્ઠા અંકમાં બાહ્ય કાર્યગતિ લાવવા એ પ્રવૃત્ત થાય છે ત્યારે કૃતિની નાટ્યાત્મકતા લૂલી પડી જતી લાગે છે. ચોથા અંકમાં જનક, અરુન્ધતી, કૌસલ્યા આદિ વૃદ્ધજનોના સૌહાર્દનું અને પાવિત્ર્યનું અપૂર્વ આલેખન થયું છે, સ્ત્રીપાત્રોના નિરૂપણની ભવભૂતિની શક્તિનો પણ એમાં પરિચય થાય છે. પાંચમા અંકમાં લવ અને ચંદ્રકેતુ યુદ્ધે ચઢવામાં પણ પરસ્પર જે વિનય અને સ્નેહ દાખવે છે તે આભિજાત્યના આલેખનનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આ ઉન્મેષો હૃદ્ય હોવા છતાં, ચોથા અંકના અંતથી — ઘોડાને જોઈ કલકલ મચાવતા બટુકોના દૃશ્યથી છઠ્ઠા અંકના અંત સુધી "યુદ્ધ! યુદ્ધ!" – એવી વાતો હોવા છતાં એક જ દૃશ્ય ત્રણે અંકમાં પથરાયેલું જોઈ શકાય છે. ઉપલક ધાંધલની કમી ન હોવા છતાં કાર્યનો વેગ શિથિલ થતો વરતાય છે, 'ઊંઘતો' ભમરડો ફરતો દેખાવા માંડે ત્યારે જેમ એની ગતિ ઢીલી પડી હોય છે એમ.

આવે પ્રસંગે ભવભૂતિ અને કાલિદાસની કલામાં રહેલો ફેર પ્રગટ થાય છે. ભવભૂતિ જેવો શિષ્ય કાલિદાસને ભાગ્યે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળ્યો હશે. કાલિદાસ પાસેથી શીખવામાં એમણે પાછી પાની કરી નથી. ઉત્તરરામચરિતની વિષયપસંદગી, ત્રીજા અંકનું શાકુન્તલના છઠ્ઠા અંક સાથે ગર્ભિત સાદૃશ્ય, કુમારસંભવ અને રઘુવંશની અસરો, એ બધા વિષે ઉપર દિગ્સૂચન થયું છે જ, અનેક શાબ્દિક સામ્યોમાંથી પણ કેટલાંક ભાવાર્થ-બોધિની ટીકામાં નોંધેલાં જોવા મળશે. સાતમા અંકમાં મિલન-યોજના પૂર્વે છઠ્ઠામાં નાયકનાયિકાના સ્નેહના સમ ઉપર નાટકનું સંગીત લાવી મૂકવાનું ભવભૂતિએ પણ કાલિદાસની જેમ કર્યું છે. તેમ છતાં શાકુન્તલમાં સહજ પ્રતિભાથી, સૂઝથી, કાલિદાસે જે અંકયોજના કરી છે તેવી ભવભૂતિથી થઈ શકી નથી. કાલિદાસે છેક પાંચમા અંકમાં પ્રત્યાખ્યાન યોજ્યું અને સંવાદિતાની ભૂમિકા રચવા પૂરતો વચ્ચે એક જ અંક એમને જોઈએ છે, સાતમામાં તો એ નાયકનાયિકાનું મેળભર્યું મિલન યોજી શકે છે. ભવભૂતિ પહેલા અંકમાં જ પરિત્યાગ યોજે છે — પરાકાષ્ઠા(ઉત્કોટિ)થી જ એ આરંભ કરે છે એટલે સાતમા અંકમાં મિલન યોજાય ત્યાં સુધી એને ટકાવી રાખવી એ વિકટ કાર્ય છે, ત્રીજા અંકમાં હૃદયનું-આંતર-મિલન નિરૂપાયા પછી બાહ્ય મિલન સાતમા અંક સુધી વિલંબાયાં કરે એ સ્થિતિમાં વચગાળાના સમયમાં રસ જાળવી રાખવો એ દુર્ઘટ છે. ભવભૂતિએ આમ કર્યું હોત તો સારું એવી વૈકલ્પિક અંકયોજના સૂચવવાનો કોઈ અર્થ નથી. પણ કાલિદાસનું દૃષ્ટાંત આવી સંવિધાનગત મુશ્કેલીના પ્રશ્ન પર પ્રકાશ પાડનારું નીવડે એવું છે. કાલિદાસને પણ, નાટક સપ્તઅંકી હોઈ, બેએક અંકનો વિસ્તાર પ્રાપ્ત થયો છે, પણ તેનો એમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે રીતનો ઉકેલ શોધ્યો છે. શાકુન્તલના બીજા અને ત્રીજા અંકમાં પહેલા અંકની મિલનમધુર કથા ઊભરાયાં કરે છે. ખરું જોતાં પહેલા અંકના આરંભમાં વૃક્ષવાટિકામાં પાણી પાતી શકુન્તલાને પ્રથમ રાજા જુએ છે ત્યાંથી માંડીને ત્રીજા અંકના અંતે લતાવલયમાં બંને પરસ્પર પ્રેમનો સ્વીકાર કરે છે ત્યાં સુધી ત્રણ અંકમાં એક જ દૃશ્ય પથરાયેલું જોઈ શકાય છે. પણ બંનેનાં પ્રથમ મિલનોની કથા એવી આસ્વાદ્ય થઈ પડે એવી છે કે અહીં ત્રણ અંક સુધી તેને વિસ્તારવામાં કોઈ કૃત્રિમતા દેખાતી નથી, બલકે બંનેના પ્રથમ મિલન પછી પરસ્પર પ્રણયના એકરાર સુધીના હૃદયના વિકાસને માટે થોડોક સમય મળી રહે છે એ રીતે એનું પૂરું ઔચિત્ય પણ છે. ઉત્તરરામચરિતમાં કુમારોના અભિજ્ઞાન જેવી જરૂરી તેમ છતાં પ્રમાણમાં ગૌણ બાબતમાં ત્રણ અંકો સુધી એક દૃશ્યને વિસ્તારવાનું થયું છે. નાટક પરાકાષ્ઠાથી જ શરૂ થાય, ત્રીજો અંક આખો એવી પરાકાષ્ઠાની ધાર ઉપર જ ચાલે અને તે પછી આવા ત્રણ અંક આવે તો એ આખી કૃતિને કેટલી શિથિલ કરી મૂકે એ સમજી શકાય એવું છે. કાલિદાસે પાંચમા અંકની પરાકાષ્ઠા અને સાતમાના મિલન વચ્ચે માત્ર એક અંક (અને તે પણ કણ્વાશ્રમની કથાથી ગુંજતો) મૂકીને રસપ્રવાહ જાળવી રાખ્યો છે. ભવભૂતિને લાઘવ સુસાધ્ય નથી એમ પણ નથી. ઉત્તરરામચરિતના સાતમા અંક જેવું લાઘવ નાટ્યસાહિત્યમાં વારંવાર જોવા મળતું નથી. સાતમા અંકની અદ્‌ભુત લાઘવકલાથી જ ઉત્તરરામચરિતનો ઉત્તરાર્ધ કથળી જતો અટકી ગયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોથા અંકમાં નાટકના નિર્વહણની તૈયારી કરવાનો કવિએ જે ઉપક્રમ સ્વીકાર્યો છે તે દૃષ્ટિએ જ જો જોઈએ તો તેની પ્રસંગ-સંકલનાની કલા ખરેજ પ્રસંશાપાત્ર છે. (જુઓ ભાવાર્થબોધિની પૃ. ૧૮૯–૧૯૨.) અરુન્ધતી જેવાં બ્રહ્મનિષ્ઠ તપસ્વિની, જે સીતા-વિહોણી અયોધ્યામાં પગ મૂકવા તૈયાર નથી, તે સીતાને જગદ્-વંદ્યા કહે છે તેમજ સૌ વૃદ્ધોને મન સીતાનું પાવિત્ર્ય સ્વયંપ્રતીત છે — એ નાટ્યવિકાસને ખરેજ ઉપકારક છે. ઉપરાંત ત્રીજા અંકના ગાઢ કરુણ વાતાવરણમાંથી એક પલકારામાં ખુલ્લા હસમુખા વાતાવરણમાં લાવી મૂકનાર ચોથા અંકના વિષ્કંભકનું કલાવિધાન પણ આકર્ષક છે. મૅકબેથમાં રાજા ડંકનની હત્યા પછી પોર્ટરનું દૃશ્ય મૂકવામાં શેક્સ્પિયરે જે કલા-દૃષ્ટિ દાખવી છે તે અહીં જોવા મળે છે. જર્મન કવિ શીલરે પોતાના મૅકબેથમાં પોર્ટરનું દૃશ્ય રસવિક્ષેપ-રસહાનિ કરે એવું છે એમ માનીને ગાળી નાખેલું, પણ એ રીતે રસહાનિ થતી નથી એમ ભવભૂતિ તેમ જ શેક્સ્પિયરના એકસરખા પ્રાતિભ દર્શનથી પ્રતીત થાય છે. વીજળીના ચમકારાથી રાત્રિના ભીષણ અંધકારની ભીષણતા તૂટતી નથી, ઊલટી વધુ તીવ્ર, વધુ વિષમ બને છે. ચોથા અંકના પૂર્વાર્ધની અને છઠ્ઠાના અંતની કરુણતા ભેદક છે પણ ચોથા, પાંચમા અને છઠ્ઠા એ ત્રણે અંકમાં કુમારપ્રત્યભિજ્ઞાનની કથા જે રીતે લંબાય છે, છઠ્ઠાના વિષ્કંભકમાં યુદ્ધવર્ણન હોવા છતાં જે પોચાપણું છે તે સંવિધાનકલાની વિષય ઉપરની પકડનો અભાવ પ્રગટ કરે છે.

સંવિધાનકલાની દૃષ્ટિએ બીજી એક વિગત પણ નોંધવા જેવી છે. ઉત્તરરામચરિતમાં કાલયોજનાની દૃષ્ટિએ એક ગૂંચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત ધ્યાન ખેંચે છે. બીજા અંકમાં વિષ્કંભકમાં વાલ્મીકિ-શિષ્યા આત્રેયી ઋષ્યશૃંગનું દ્વાદશવાર્ષિક સત્ર પૂરું થયાની, વસિષ્ઠાદિની વાલ્મીકિતપોવનમાં જવાની ઇચ્છાની, રામ બ્રાહ્મણ-શિશુને જિવાડવા વિમાનમાં શૂદ્ર તાપસ શમ્બૂકને શોધવા નીકળ્યાની વગેરે છેલ્લામાં છેલ્લી (સ્ટૉપપ્રેસ સુધીની) ખબરો જનસ્થાનની વનદેવતા વાસન્તીને આપે છે. 'અધ્વગવેષા' આત્રેયી 'દીર્ઘપ્રવાસ' ખેડીને તમસા કાંઠેથી ચાલતી ચાલતી ઠેઠ ગોદાવરી(સીતાપરિત્યાગની વાત ત્યાં પહોંચી શકી નથી એટલી તો એ દૂર છે જ)ના તટ સુધી આવી પહોંચી ત્યાં સુધી 'પ્રજવિન્' 'વિમાનવર'માં શમ્બૂકને શોધવા નીકળેલા રામ હજી દંડકારણ્ય આવી પહોંચ્યા નથી! 'બધી દિશાઓમાં અને ખૂણાઓમાં શૂદ્ર તાપસને શોધવા માટે જગતપતિએ ઘૂમવાનું શરૂ કર્યું છે,' એમ આત્રેયી કહે છે, તેમ છતાં એવી શોધના સમાચાર લઈને અયોધ્યા નજીકથી ગોદાવરી સુધી આત્રેયી ચાલીને આવે ત્યાં સુધી વિમાનારૂઢ રામની શોધ પૂરી ન થાય એ જરી નવાઈ ઉપજાવે એવું છે, ખાસ કરીને બ્રાહ્મણશિશુ અયોધ્યાના રાજદ્વારના ઉંબરમાં મરેલો પડ્યો છે એ સંજોગોમાં. બીજું, ઋષ્યશૃંગે વસિષ્ઠ અરુન્ધતી આદિને 'વિદાય દીધી' અને તેઓ વાલ્મીકિતપોવનમાં જઈને વસવા માગે છે એ સમાચાર જાણ્યા પછી આત્રેયી વાલ્મીકિતપોવનથી નીકળીને ગોદાવરીતટ સુધી આવી છે. તેના આવ્યા પછી રામ ગોદાવરી કાંઠે આવે છે ને શમ્બૂકવધ તેમજ પંચવટીદર્શન પછી અયોધ્યા પાછા ફરે છે અને રસ્તામાં બે કુમારોનું યુદ્ધ ચાલતું જોઈ તેને શમાવવા વાલ્મીકિતપોવન પાસે ઊતરે છે. કુમારોના યુદ્ધને દિવસે જ વસિષ્ઠ આદિ 'છુટ્ટી પડાવનારા' તપોધનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાલ્મીકિ-આશ્રમમાં આવ્યા છે. તેઓ, આત્રેયી ગોદાવરી-તટે પહોંચે તેથી ઘણા વહેલા, વાલ્મીકિતપોવનમાં આવી જવા જોઈતા હતા. દેખીતું છે કે 'દીર્ઘ પ્રવાસ' પર નીકળેલી 'અધ્વગવેષા' આત્રેયીની યાત્રા કવિને મન ઘણી ત્વરિત છે, પણ તે એ રીતે નિરૂપાયું નથી. બીજી રીતે સમૃદ્ધ એવા આત્રેયી-વાસન્તીવાળા વિષ્કંભકમાં આટલી આ એક નબળી કડી છે. આ ઉપરાંત, પહેલા અંકને અંતે શત્રુઘ્નને લવણ સામે મોકલવાની વાત હતી, પણ લવણને નિર્મૂલ કરી બાર વરસ પછી સાતમા અંકને અંતે તેને પાછો આવતો બતાવ્યો છે તેમાં એટલો બધો સમય કાંઈક વધુ પડતો લાગે છે. પણ વસ્તુસંકલનાની દૃષ્ટિએ નાટકના એ બિંદુએ એનું આગમન જરૂર રસસમર્પક છે એમ કહી શકાય.

આ રીતે, ઉપર જોયું હતું તેમ ભવભૂતિને સંવિધાન-કલાની ઝીણી દૃષ્ટિ હોવા છતાં, સંવિધાનની ઊણપો પણ એની કૃતિમાં જણાય છે અને એ કારણે ઉત્તર-રામચરિતની નાટ્યાત્મકતાને એ પૂરતું સહન કરવું પડયું છે, એ કારણે જ શાકુન્તલ જેવી અનવદ્ય સંવિધાનવાળી કૃતિ આગળ એની કાંઈક અપૂર્ણતા પણ ઉઘાડી પડે છે; અને નહિ કે એમાં 'કાર્યનો અભાવ' છે અથવા કાર્યગતિ નજેવી' છે એ કારણે અથવા તો ભવભૂતિની 'પ્રતિભા ઊર્મિકવિની' છે એ કારણે. આપણે જોયું કે બાહ્ય કાર્યગતિ માટેનો અભિનિવેશ એ નાટ્ય-કલાની દૃષ્ટિએ ઠીક નથી, કેમકે ઉત્તરરામચરિતમાં કાર્યના અભાવનો ભાસ થતો હોવા છતાં તેમાં આંતર કાર્ય ભરપૂર છે, ઊલટું બાહ્ય કાર્યનો ડંબર આવકારવા જતાં એની નાટ્યા-ત્મકતાને હાનિ પહોંચે છે. અને આંતરકાર્યની તીવ્રતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરૂપણમાં ભવભૂતિની કલાસિદ્ધિની ચાવી છે એ જોતાં એમની પ્રતિભા ઊર્મિકવિની હોય તો એ એમને માટે નડતરરૂપ નહિ પણ શક્તિરૂપ ગણાય. ઊર્મિકવિત્વ અને નાટ્યકવિત્વ વચ્ચે રેખા દોરવી પણ મુશ્કેલ છે. દરેક ઊર્મિકાવ્યને એનાં નાટ્યબિંદુઓ હોય છે અને દરેક નાટકમાં યોગ્ય સ્થાને ઊર્મિ-કવિતાની સેરો પણ ઊડતી હોય છે. વિષયવશાત્ રામની વિરહ-વિકલતાના વર્ણનમાં કેટલાક અતિરેકો નજરે પડે છે તે ઉપર નોંધ્યા જ છે. ભવભૂતિની પ્રતિભાને ઊર્મિકવિની પ્રતિભા કહેવાથી એ અતિરેકો પ્રત્યે ધ્યાન ખેંચવાનો ખ્યાલ હોય તો તે પૂરતો એ કથનમાં સત્યાંશ છે, પણ જો એનો અર્થ એ હોય કે ઉત્તરરામચરિત એ માત્ર શ્રાવ્ય કાવ્ય છે, દૃશ્ય કાવ્ય નથી, તો તે બરોબર નથી. ઉત્તરરામચરિત એ રંગભૂમિ ઉપર રજૂ કરવાના આશયથી યોજાયું છે એટલું જ નહિ, પણ એ સારી રીતે રજૂ થઈ શકે એવા નાટ્યગુણો વાળું છે.

ઉત્તરરામચરિતની નાટ્યાત્મકતા વિષે, કેટલીક વાર એનો મર્મ સમજવાનો પ્રયત્ન ન થવાને લીધે, ખોટી રીતે શંકા સેવવામાં આવે છે. વિલ્સને પોતાના અંગ્રેજી અનુવાદમાં ક્યાંક ક્યાંક કેટલાક ભાગ ગાળી નાખ્યા છે. ત્રીજા અંકમાં ૧૭મા શ્લોક પછી ૨૦મા સુધીનો ભાગ એમણે જવા દીધો છે. તો ડો. બેલવલકર ૨૧મા શ્લોકથી શરૂ કરી ૨૪મા સુધીનો ભાગ, પ્રયોગ કરતી વખતે એ ગાળી નાખવામાં આવતો હશે એમ સૂચવી, ગાળી નાખવા કહે છે. 'આ સ્વાગત થોડુંક મોડેથી થાય છે એમ લાગે છે' એમ પણ એ કહે છે. ગજકુમારને બચાવવાના પ્રસંગને લીધે સ્વાગતમાં વિલંબ થયો છે એ દેખીતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એને આશીર્વાદ આપી રામ-વાસન્તી પાછાં ફરે છે ત્યાં કદમ્બવૃક્ષ ઉપર પીંછાં ફેલાવીને બેઠેલા કેકા કરતા ગિરિમયૂર તરફ એમની દૃષ્ટિ વળે છે (શ્લોક ૧૮). મયૂર અને કદમ્બ બંનેને સીતાએ ઉછેરેલાં છે એથી તરત રામના મનમાં સીતાનાં સ્મરણો જાગે છે, મોર કદમ્બ પર બેઠો છે તેમાં પોતાની પેઠે કદમ્બને પણ સીતાએ ઉછેરેલો છે એવા પરિચયને વશ વર્તવાનો એનો આશય રામ જુએ છે (શ્લોક ૨૦) — અને એના વિરોધમાં, પોતે મનુષ્ય થઈને પણ સીતા સાથેના પરિચયને છેહ દીધો એ અનુક્ત ભાવ વ્યંજિત થાય છે. એ મોરનું દર્શન કરી રહ્યા પછી તરત રામને વાસન્તી આસન સ્વીકારવા વીનવે છે (શ્લોક ૨૧). આમ, સ્વાગત યોગ્ય વખતે અને યોગ્ય રીતે જ થયું છે એ સ્પષ્ટ છે. રામને બેસવા માટે વાસન્તીએ રામ-સીતાની શિલાપથારી બતાવી તેથી એ જોઈ રામનું હૃદય દ્રવી ઊઠે છે અને એ બીજે જઈને બેસે છે. એમની એવી સ્થિતિ છે તે દરમ્યાન વાસન્તીનું ધ્યાન એમની ક્ષીણ છતાં આંખો ઠારતી કાન્તિ તરફ જાય છે (શ્લોક ૨૨). પછી એ દણ્ડકારણ્યને રામનું સ્વાગત કરવા નિમંત્રે છે (શ્લોક ૨૪). આ દરમ્યાન વચ્ચે વચ્ચે સીતાતમસાના ઉદ્‌ગારોને પણ તક મળી રહે છે. હજી વાસન્તી પોતે ઊભી જ છે એ તરફ ધ્યાન જતાં રામ એને બેસવા કહે છે. તરત વાસન્તી લક્ષ્મણના – અને નહિ કે સીતાના અથવા તો બંનેના — સમાચાર પૂછે છે અને માર્મિક રીતે સીતાપરિત્યાગનો વિષય પ્રસ્તુત કરે છે. એ વિષય બંને વચ્ચે ઊપડે તે પહેલાં પંચ-વટીના મજકુમાર, ગિરિમયૂર અને કદમ્બ દ્વારા સીતાવિષયક સ્મરણોના તાર ગુંજી ઊઠ્યા હોય એનું ઔચિત્ય સમજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય એવું છે. આમ પ્રો. વિલ્સન કે ડૉ. બેલવલકર જે ભાગો ગાળી નાખવા સૂચવે છે તે ખરેખર રદ કરવામાં આવે તો કૃતિની સાચી નાટ્યાત્મકતાને કેટલી હાનિ પહોંચે એ જોઈ શકાશે. વિલ્સને ગિરિમયૂર અને કદમ્બવાળો ભાગ ગાળ્યો છે તે તો બરોબર નથી જ, પણ એને માટે અને એવા બીજા દાખલાઓ માટે એમણે આપેલું કારણ પણ બરોબર નથી : 'ઉક્તિઓ ગાળી છે તે કેવળ, મૂળમાં જે દૃશ્ય કાર્યના અભાવવાળું હોઈ પ્રમાણબહારની લંબાઈ સુધી વિસ્તરેલું છે, તેને ઘટ્ટ બનાવવા માટે, — ખાસ કરીને સીતા અને તમસાની ઉક્તિઓ કેટલીક વાર રામ અને વાસન્તીનો વાર્તાલાપ અગવડભરી રીતે થંભી જાય એ રીતે એને અધ્ધર લટકાવી રાખે છે એ કારણે'. કહેવાની જરૂર નથી કે રામ આંસુ સારતા સૂનમૂન બેઠા છે એટલે જ વાસન્તી પ્રમાણમાં શાન્ત રહે છે અને સીતા-તમસાને વાર્તાલાપનો અવસર મળે છે. આખા અંકમાં સીતા-તમસાની ઉક્તિઓથી રામ-વાસન્તીના વાર્તાલાપમાં ક્યાંય પણ વિક્ષેપ આવતો નથી, કેમકે તેઓ કાં તો એક સ્થળથી બીજે સ્થળે ખસતાં હોય છે, કાં તો ઊર્મિની પરાકાષ્ઠા અનુભવતાં સૂનમૂન ઊભાં હોય છે. ચારેની વાચચીતનાં વાક્યો એકમેકમાં ગૂંથાય છે તે પણ રામ કે સીતા નિઃશ્વાસથી, દુઃખાવેગથી કે રુદનથી થોડી ક્ષણો થંભી જતાં હોય એવા પ્રસંગે. વિલ્સને જોયેલા 'કાર્યના અભાવ' અંગે રોકાઈશું નહિ. આપણે જોયું છે કે આ જ ભાગમાં કેટલું બધું આંતર કાર્ય ચાલ્યું છે. વિલ્સને ૩.૧૪ પછીની સીતાની ઉક્તિ ('ખરે જ આર્યપુત્રના ઉદ્ગારો . . . . જેની પ્રતીતિથી . . . મને મારું જન્મ્યું સાર્થક લાગે છે.')

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાળી નાખી છે એ, નાટકના અ-મૃત પ્રેમ અંગેના મધ્યવર્તી આશયનો ખ્યાલ જ ન હોઈ, સમજી શકાય એવું છે.

સંવિધાનની થોડીક ઊણપો છતાં ભવભૂતિને નાટચ-તત્ત્વ(the dramatic)ની ઊંડી સૂઝ છે એ ઉત્તરરામચરિતમાં છૂપું રહેતું નથી. કાવ્યત્વ પણ પદેપદે ખીલી ઊઠે છે. કાલિદાસમાં વ્યંગ્યાર્થથી રસ સ્ફુટ થાય છે અને ભવભૂતિમાં વાચ્યાર્થથી, એમ કહેવું એ સર્વથા યથાર્થ નથી. થોડાંક એવાં સ્થાનો છે જ્યાં વાચ્યાર્થ આગળ પડતો હોય છે. એ સ્થાનો પૂરતી વિલ્સનની પણ ટીકા 'ભવભૂતિનાં પાત્રોની વાણીમાં કવિતા કરતાં રાગોદ્રેક વિશેષ છે,' એ સાચી ઠરે. પણ એકંદરે ભવભૂતિમાં વ્યંજનાની અદ્‌ભુત શક્તિ છે. 'સ્ત્રીઓના તેમ વાણીના સાધુત્વે જન દુર્જન' એ શરૂઆતના એક શ્લોકાર્ધમાં આખા નાટકની વ્યંજના કેવી ગુંજી ઊઠે છે! ઉત્તરરામચરિતમાં એવું ઘૂંટાયેલું કવિત્વ જોવા મળે છે કે વાંચતાં જ જીભને ટેરવે રમી રહે એવા શ્લોકો જેટલા પ્રમાણમાં ઉત્તરરામચરિતમાં જડશે એટલા પ્રમાણમાં બીજી કોઈ કૃતિમાં (શાકુન્તલ–રઘુ-વંશમાં પણ) કદાચ નહિ જડે. વિલ્સન કહે છે તેમ નાટકમાં 'કેટલાક તેજસ્વી વિચારો આવે છે, જેની ન્યાયયુક્તતા અને સુન્દરતાને ટપી જાય એવું કોઈ પણ સાહિત્યમાં જોવા મળતું નથી.' કાલિદાસની શક્તિ અપરિમેય છે, તેમ છતાં એમનાં પાત્રો જ્યાં એકેક અશ્રુબિંદુ ખેરવે છે ત્યાં ભવભૂતિનાં ઘોર આક્રંદ કરે છે એવા શબ્દોથી થતી બંનેની તુલના એ તે બંનેને અન્યાય કરનારી છે, કેમકે કાલિદાસના પુરુરવાના આક્રંદોને કેવા કહીશું અને તેથી ઊલટું રતિ અને અજ જે ઠંડું રુદન આદરે છે તે અને ભવભૂતિના રામનાં રાગોદ્રેકભર્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આક્રંદો એ બેમાંથી વધારે પસંદ કરવા જેવું શું એવો પ્રશ્ન પણ ઉદ્ભવી શકે. એકંદરે કાલિદાસમાં જે વ્યક્તિ(expression)ની અદોષતા છે તેવી ભવભૂતિમાં ન હોવા છતાં (ક્યાંક ભવભૂતિમાં અલંકારખીચડો પણ હોય છે), માનવભાવોના માર્મિક આલેખનમાં ભવભૂતિની સિદ્ધિ કાલિદાસ જેવા કવિવરની સિદ્ધિની લગોલગ પહોંચી શકે એવી છે, કેટલાકને એમાં ભવભૂતિ કાલિદાસથી ચઢે એમ પણ લાગે છે. उत्तरे रामचरिते भवभूतिर्विशिष्यते એ ઉક્તિ માનવભાવની હૃદયસ્પર્શી વ્યક્તિ અંગે જ સંભવી શકે, સંવિધાનકલા અંગે તો ભાગ્યે જ ટકી શકે. માનવભાવના વેધક નિરૂપણ ઉપરાંત ભવભૂતિની કવિતાનું બીજું સિદ્ધિશિખર છે પ્રકૃતિચિત્રણ.

પ્રકૃતિના કવિ તરીકે ભવભૂતિએ ઉત્તરરામચરિતદ્વારા સંસ્કૃત સાહિત્યમાં જ નહિ પણ વિશ્વસાહિત્યમાં ઘણું ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ચિત્રદર્શનપ્રસંગે જ ઠેર ઠેર પ્રકૃતિકવિતાના ફુવારા ઊડતા જોવા મળે છે. બીજા અંકમાં તો એ ધસમસતા ધોધવારૂપે પ્રતીત થાય છે. અને ત્રીજા અંકમાં પ્રકૃતિકવિતા એક સ્થિરગભીર કાસાર સ્વરૂપે દેખાય છે, જેમાં રામ અને સીતાની અપૂર્વ વિરહશ્રી નિઃશેષપણે નિઃસ્પંદપણે પ્રતિબિંબિત થયેલી જોવા મળે છે. પંચવટીમાં જ ત્રીજા અંકની હૃદયસમૃદ્ધિ ઠાલવવી શક્ય હતી પ્રકૃતિપ્રેમના પરિવેશમાં માનુષ પ્રેમ કેવો આનન્દસાન્દ્રરૂપે વિકસી શકે છે એનો અનુભવ પણ ભવભૂતિની પ્રકૃતિકવિતા દ્વારા થાય છે. ભવભૂતિની સૃષ્ટિમાં વનદેવતા, નદીદેવતા ત્રિલોકવાહિની ગંગા અને સ્વયં ભૂતધાત્રી વસુંધરા એ પ્રકૃતિસત્ત્વો પ્રત્યક્ષ પાત્રો રૂપે સંચરે છે. સીતા, વાસન્તી (૨.૯ નો અપવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદ કરતાં) અને રામની ઉક્તિઓમાં પ્રકૃતિની લલિતતા અને મંગલતા પ્રગટ થાય છે, તો જનસ્થાનવાસી શૂદ્ર તાપસ શમ્બૂકની ઉક્તિઓ દ્વારા પ્રકૃતિની વિચિત્રરૂપતા (Grotesqueness) અને ઊર્જિતતા (Sublimity) રેખાન્વિત બને છે. નિબિડ અરણ્યોનાં વિકટ ગિરિગહ્વરોમાં ઘૂમતાં ભયંકર હિંસક શ્વાપદોનાં ટોળાં, ભુજંગોના શ્વાસથી જેમાં અગ્નિ પ્રજ્વલી ઊઠે છે એવી વનની સૂની સીમો, અજગરનો પરસેવો પીતા કાચિંડા, બરાડા પાડતા કુહરવાસી રીંછડાઓ, ફળથી લચી પડતી જાંબુની શ્યામ કુંજો, વાંસનાં ઝુંડમાં માળામાં લપાયેલાં કાગડાઓને મૂંગાં કરી દેતાં ઘુવડોના ઘુઘવાટ, મયૂરની કેકાથી ફફડી ઊઠી ચંદનતરુના જીર્ણ થડથી ઝૂલી રહેતા સર્પો, ગિરિકુહરો ગજાવતા ગોદાવરીના ગહ્ગહ્ અવાજો, કલ્લોલકોલાહલે એકમેકથી અથડાતા સરિત્સંગમો, — એ બધું પ્રત્યક્ષ કરાવતા શમ્બૂકના ઉદ્ગારો પ્રકૃતિનાં ભયાનક અને અદ્ભુત પાસાંમાં રહેલી ઊર્જિતતાનો અનુભવ કરાવે છે. ઉત્તરરામચરિતના કરુણના આલેખનમાં પ્રકૃતિકવિતાનો તાર સતત ગુંજ્યાં કરે છે. — અને વચ્ચે વચ્ચે વિરહવીણાના ઝંકારમાં વિરાટ પ્રકૃતિની અદ્ભુત ભયંકરતાની મીંડ બોલી ઊઠે છે.

કવિની ભાષા સંસ્કૃત સાહિત્યના સુવર્ણયુગના અંતની હોવા છતાં સાષ્વભરી છે. માલતીમાધવમાંનો પ્રસ્તારશોખ જોતાં ઉત્તરરામચરિતમાંનો સંયમ તરત ધ્યાન ખેંચે છે. કવિએ અરુન્ધતી, જનક, જેવાં પાત્રોની વાણી વૈદિક સંસ્કારવાળી યોજી છે અને તેમાં આડંબર કરતાં સાચા ગૌરવ અને પાવિત્ર્યનો રણકો છે. કવિનું યોગ, મીમાંસા, વિવર્તવાદ આદિનું ઊંડું જ્ઞાન ડૉ. કીથે બતાવ્યું છે તેમ એમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યથાર્થ રીતે કરેલા પારિભાષિક શબ્દોના ઉપયોગ ઉપરથી પ્રતીત થાય છે. કેટલાક અલ્પપરિચિત શબ્દો યોજવાનું વલણ ભવભૂતિમાં જણાય છે. કૂજત્ક્લાન્ત૦ (૨.૯) જેવામાં ક્યાંક વર્ણસગાઈનો મોહ દેખાય છે, તો ક્યાંક એક જ શ્લોક-(૫.૨૬)માં રસક્રમ મિશ્ર થયો છે એ બતાવવા આરંભની દોઢ પંક્તિમાં શ્રવણસુભગ અને પાછળની પંક્તિઓમાં કઠોરતાભરી વાણી યોજાતાં વર્ણસંકલનાના ઔચિત્યનું ઉદાહરણ જોવા મળે છે. એકંદરે ઉત્તરરામચરિતની વાણી સ્વાભાવિક અને પ્રાસાદિક છે. કેટલીય ગદ્ય ઉક્તિઓ પણ જીવનના સામાન્ય વ્યવહારમાં વારંવાર વાપરવાનું મન થઈ આવે એવી છે, વપરાય પણ છે.

જુદાં જુદાં પાત્રોનાં મુખમાંથી ઔચિત્યપૂર્વક જુદી જુદી ભાષાભંગિ પ્રગટ થતી હોઈ તે એકમેકથી તરત જુદાં પડી આવે છે. રામને 'રામભદ્ર!' તરીકે ઉદ્દેશીને પછી ભૂલ સુધારી 'મહારાજ!'થી સંબોધતા કંચુકીને પછી ન મળીએ તો પણ ભૂલી શકીએ કે? લવ અને કુશ તરત જ જુદા પડી આવે એ રીતે ચીતરાયા છે. કુશ, ચંદ્રકેતુ અને રામ દ્વારા ઉદાત્ત વીર પુરુષની ઝાંખી થાય છે. શમ્બૂકને મારવા માટે 'સદય' 'રામભદ્ર' (રામ નહિ, જનસ્થાનના તો એ લાડકા રામભદ્ર જ! અને એથી તો એ ત્યાં ખડ્ગ લઈને કોઈને મારવા આવે એની કરુણતા વધુ ખુલ્લી પડે છે!) પ્રવેશે છે અને ઘા કર્યા પછી 'કર્યું રામના જેવું કામ!' — એવા વેધક આત્મનિર્ભર્ત્સનાભર્યા રામના ઉદ્ગારથી અને મૃત્યુ પામેલા શમ્બૂકને દિવ્યપુરુષ રૂપે ઉપસ્થિત થતો નિરૂપી કવિએ રામના એ કૃત્યનો ડંખ દૂર કરવા પ્રયત્ન કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૌસલ્યા, અરુન્ધતી, અને ગંગા તથા પૃથ્વી એ બે વેવાણો, સખ્યમૂર્તિ વાસન્તી, આત્રેયી અને તમસા, — ભવભૂતિની સ્ત્રીસૃષ્ટિ વિવિધ અને સમૃદ્ધ છે. સાતમા અંકમાં થતા મિલન અંગેની યોજના વાલ્મીકિ, ગંગા અને અરુન્ધતીએ મળીને કરી લાગે છે, પણ જે રીતે વાલ્મીકિ લગભગ નેપથ્યમાં રહે છે અને ઉષાના અવતાર સમાં પાવિત્ર્યમૂર્તિ અરુન્ધતી (– એક સ્ત્રી –) પાસે પ્રસ્તાવ મુકાવે છે એ સંયમ ઉત્કૃષ્ટ છે. અગસ્ત્ય અને વસિષ્ઠ જેવા આદ્યર્ષિઓને આ પ્રશ્નમાં પ્રત્યક્ષ રસ લેતા ન બતાવવામાં કવિએ ભારે ઔચિત્ય દાખવ્યું છે. જનકને રજૂ કરીને જ એમણે જોઈતું કામ કાઢી લીધું છે. આ બધી પાત્રસૃષ્ટિ પરસ્પર સંપર્કમાં મુકાતાં અનેક બિંદુએ કવિની અપૂર્વ કટાક્ષશક્તિ પ્રગટી ઊઠે છે અને ભવભૂતિ હાસ્ય-પરાઙ્મુખ નથી અને કરુણનાં ગાઢ વાદળોમાં નર્મસ્મિતના ચમકારા આલેખી શકે છે એની પ્રતીતિ કરાવે છે. પાત્રોના પરસ્પર સંબંધોની યોજનામાં કવિનો કોઈ દોષ જોવો હોય તો તે સીતાને 'કેવળ આર્યપુત્રનો જ નિરંતર વિરહ નથી, પુત્રોનો પણ વિયોગ છે' એ છે. દમ્પતીની આનન્દગ્રન્થિ રૂપે બાળકનું અપૂર્વ ગૌરવ કરનાર ભવભૂતિને સીતાથી દસેક (બારમાંથી ધાવણનાં વર્ષો બાદ કરતાં) વરસ સુધી લવકુશને જુદા રહેતા આલેખવાનું કેમ રુચ્યું હશે? અને તે વાલ્મીકિ, કાલિદાસ, અને સુખાન્ત નિરૂપનાર પદ્મના પાતાલ-ખંડની પણ વિરુદ્ધ જઈને? આપણે જોયું છે કે સીતાનો નાશ થયો છે એ રીતની પ્રસંગસંકલના કવિને ઇષ્ટ છે એટલે એ વાલ્મીકિતપોવનમાં રહી શકે જ નહિ, જ્યારે લવકુશને તો શિક્ષણ માટે (અને ચોથાથી છઠ્ઠા અંક સુધીના પ્રસંગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે) ત્યાં રાખવા જ જોઈએ. પણ આમાં માનવહૃદય–માતૃહૃદય–ના સત્યને દુભવવા જેવું થયું નથી? બાળક એ માતાને મન પતિની લઘુક આકૃતિ (miniature hero) પણ છે. એના સાન્નિધ્યમાં એને પતિવિરહ વેઠવાનું કાંઈક સુસહ્ય બને. સર્વદમન વગર શકુન્તલા છસાત વરસ કાઢી શકી હોત કે કેમ એ કલ્પી જોવા જેવું છે. દમ્પતીના પ્રીતિયોગનું અપૂર્વ આલેખન કરવાના ઉપક્રમમાં કવિને માતૃહૃદય ઉપર પુત્રવિરહ સહન કરવાની એક વધારાની આપત્તિ પડે એવી સ્થિતિ ઊભી કરવી પડી છે. કાલિદાસે દમ્પતીસ્નેહનું ઐકાન્તિક મહત્ત્વ કરવાને બદલે છઠ્ઠા અંકમાં રાજા, પોતે સપુત્ર થઈ શકત છતાં હાથે કરી વારસ ખોઈને પિતૃઓને સદા માટે દુભવ્યા છે એમ ખેદ અનુભવતો હોય એ ક્ષણે એને મૂર્છિત થતો નિરૂપીને દામ્પત્ય અને તેનું સમષ્ટિને ઇષ્ટ એવું ફળ–પુત્ર–તે બંનેને રાજાના હૃદયના શોકોદ્રેકમાં સાંકળી લઈને આખા વિશ્વક્રમ ઉપર પોતાની નજર છે એવું આપણને ભાન કરાવ્યું છે.

કાલિદાસની ભવભૂતિ કરતાં (અથવા બીજા કોઈ પણ કવિ કરતાં) વિશેષતા હોય તો તે જીવનનું અખિલાઈપૂર્વક દર્શન કરવાની એમનામાં ઊંચા પ્રકારની શક્તિ છે તેને લીધે છે. ભાષાની, વ્યક્તિની, સંવિધાનની એમની વિશેષતાઓ જીવનને અખંડપણે જોવાની એમની આ વિશેષતાને પરિણામે છે, એ વિશેષતાના નિદર્શનરૂપ છે. અન્ય કવિઓ ઘણુંખરું જીવનના એકદેશનું દર્શન કરતા હોય છે, એમની અનુભૂતિ જીવનરહસ્યના એક પાર્શ્વની — અને તેથી પરિમિત — હોય છે, જ્યારે કાલિદાસની કાવ્યાનુભૂતિમાં કાંઈક અપરિમેયતા વરતાય છે, અખિલાઈને આવરી લેતી કલાનો અણસારો મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવભૂતિએ ઉત્તરરામચરિત દ્વારા આત્માના અ-મૃત અંશ રૂપ પ્રેમની અનુભૂતિને સાકાર કરી, પણ એવી અનુભૂતિનું જીવનના સર્વગ્રાહી દર્શનના અન્વયમાં મૂલ્ય કેટલું? મનુષ્ય આત્મૌપમ્ય કેળવીને સર્વભૂતાત્મભૂતાત્મા બની રહે એ લક્ષ્ય સિદ્ધ કરવામાં, જો માણસના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવતા વિજાતીય આકર્ષણમૂલક પ્રેમને વિકસાવીને રામ અને સીતાના 'અખંડ, અભેદ્ય અને એક' (મ. ન. દ્વિવેદી) પ્રેમ રૂપે અનુભવી શકાય તો, એવો આત્માના અ-મૃત અંશરૂપ પ્રેમ જરૂર ઉપકારક નીવડી રહે. ઉપરાંત આવો પ્રેમ એ પરમ આશ્વાસક તત્ત્વરૂપે પણ પ્રતીત થાય છે. ભવભૂતિએ પ્રથમ વિરહના સ્થાનમાં-પંચવટીમાં જ બીજા ('નિરવધિ') વિરહની યાતના પ્રગટ થાય એ રીતે યોજના કરી છે. પંચવટીની આવી પસંદગીમાં ભારે ઔચિત્ય છે. પ્રથમ વિરહ તો રાક્ષસની દુષ્ટતાને કારણે આવ્યો હતો, જ્યારે આ બીજા વિરહ માટે તો એ કોઈનો પણ વાંક કાઢી શકે એમ રહ્યું હોય તો તે માત્ર પોતાનો. મનુષ્યજીવનમાં જ કાંઈક એવું છે કે તેમાં કોઈ ને કોઈ કારણે પાર વગરનો હ્રાસ (રામસીતા વનમાં સાથે રહી શકે, નગરમાં નહિ! સીતાની પ્રતિમા રામની જોડે બેસી શકે, જીવતી સીતા નહિ!) અનિવાર્ય બને છે. માત્ર એવા હ્રાસ સામે ટકી રહેવામાં મદદ કરનાર અ-મૃત પ્રેમ (मद्रं तस्य सुमानुषस्य) જેવું તત્ત્વ છે એ મોટું આશ્વાસન છે. આ રીતે પણ પ્રેમનું સમગ્ર વિશ્વક્રમના અન્વયમાં કવિએ મહત્ત્વ નિર્દેશ્યું છે. આ જ વસ્તુ બીજી રીતે પણ જોવી ઘટે છે. સમષ્ટિમાં દુરિતની લીલા ચાલતી જ હોય છે, અને ક્યારેક આખી સમષ્ટિમાંથી દુરિત ઉભરાઈને વ્યક્તિને અભિભૂત કરવા પ્રવૃત્ત થાય છે. પણ જે વ્યક્તિ, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમષ્ટિનો પોતાને પણ એક ભાગ લેખીને, એ દુરિતમાં પોતાની પણ જવાબદારી સમજીને, એની સામે પ્રેમધર્મથી સ્થિર રહે છે, તેને અત્યંત સહન કરવું પડે છે પણ અંતે એને નહિ પણ પેલા દુરિતને અભિભૂત થવું પડે છે. રામ લોકોએ ચલાવેલા અપવાદથી લોકો પ્રત્યે રોષ કરતા નથી, જેમ જનક 'चापेन शापेन वा' શિક્ષા કરવા બે ક્ષણ માટે પ્રેરાય છે. રામને તો રાજાના દોષ વગર લોકોમાં (न राजापचारमन्तरेण प्रजासु) દુરિત પ્રવર્તી ન શકે એવો કાંઈક ખ્યાલ, હોય તો, હશે. અંતે એ દુરિત રામસીતાના સહનશીલ પરસ્પર પ્રીતિયોગના પરિબળે દીર્ણશીર્ણ થઈ જાય છે. વિશ્વક્રમમાં અંતે દુરિતનો હ્રાસ કરતા પ્રેમતત્ત્વના મહિમાનું મંગલદર્શન ઉત્તરરામચરિતમાં જોવા મળે છે. કહેવાની જરૂર નથી કે દુર્મુખને ઈઆગો-(Iago) રૂપે ચીતરવાને માટે કે લોકોમાં રહેલી પરપીડનવૃત્તિને ઈઆગોનો સ્વાંગ પહેરાવવા માટે અહીં અવકાશ જ નથી. ઈઆગોને નિષ્કારણ, અથવા કહો કે દુરિત ખાતર, દુરિતમાં રસ છે. એ દુરિત ડેસ્ડિમોનાને ગ્રસી જાય છે અને ઑથેલોની આત્મહત્યામાં કારણભૂત બને છે. પણ ડેસ્ડિમોનાના મૃત્યુ દ્વારા ઊભરાતી એની નિષ્કલંક ચારિત્ર્ય-આભા સમક્ષ અને ઑથેલોની મૃત્યુનોતરતી સાહસશ્રી આગળ એ દુરિત પોતે જ અભિભૂત થાય છે. બંને પ્રેમીઓના ઐહિક પરાભવ આગળ જ એમનો આધ્યાત્મિક વિજય પ્રગટ થાય છે અને દુરિત બે ડગલાં પાછું હટે છે. પશ્ચિમની શેક્સ્પિયર જેવાની જીવનદૃષ્ટિ પ્રમાણે દુરિતના હાથ અંતે તો હેઠા પડે છે એમ નિર્દેશાય છે, પણ તે માનવોત્તમોના પ્રાણને ભોગે; અર્થાત્ માનવજીવનમાંથી ઊછળતા અગાધ કારુણ્યરૂપે જ માંગલ્યનાં દર્શન થાય છે એમ કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવભૂતિ જેવામાં પ્રગટ થતી ભારતીય જીવનદૃષ્ટિ પ્રમાણે પણ એ જ રીતે માંગલ્યનાં દર્શન થાય છે; માત્ર દુરિતની લીલા સામે ટકી રહેવા પ્રેરતી કોઈક શ્રદ્ધાને બળે, માનવો ગમે તેટલું સહન કરવું પડે છતાં (સહન કરવાનું બળ પણ એ શ્રદ્ધામાંથી મળી રહે છે) નિષ્કંપ રહેતાં હોઈ અંતે એ, શ્રદ્ધાના બળ આગળ આપોઆપ ગળી જતા દુરિતનાં સાક્ષી બને છે અને તેમનો ઐહિક પરાભવ કે નાશ થતો નથી. બંને જીવનદૃષ્ટિઓ પ્રમાણે કારુણ્ય(The Tragic)નો અંતિમ અનુભવ એક સરખો જોઈ શકાય, પણ અવાંતરક્રમમાં તેમ જ એના નિરૂપણમાં મહત્ત્વનો તફાવત છે.

વિશ્વક્રમના અન્વયમાં ઉત્તરરામચરિતમાં સાકાર થયેલી અનુભૂતિનું મહત્ત્વ જોતાં ભવભૂતિને વિશ્વકાવ્યના એક ઉદ્‌ગાતા (Cosmic Poet) કહીએ તો તે ભાગ્યે જ અયથાર્થ ગણાશે.

६. एको रसः

અ-મૃત પ્રેમની અનુભૂતિ કદાચ કરુણરૂપે જ સબળ રીતે થવી શકય હતી. રસાનુભવ એટલે ચૈતન્યનું એક વિશિષ્ટ સ્ફુરણ, ચૈતન્યની એક વિશિષ્ટ અવસ્થા. ઉત્તરરામચરિતની અનુભૂતિ કરુણના સ્ફુરણરૂપે થવી સુકર છે, કેમ કે એમાં મૃત્યુનાં અને દુરિતનાં બળોનો વિજય નથી તેમ છતાં તે બળો સાથેના સંઘર્ષમાં શોકથી હૃદય તવાય છે. પણ એથી કવિને एको रसः करुण एव એટલી હદે પ્રતિજ્ઞા કરવાની શી જરૂર હતી? આ વાકયને સામાન્ય રીતે કવિના પ્રતિજ્ઞાવાકય રૂપે જોવામાં આવે છે, પણ વસ્તુતઃ એનો નાટકના સંદર્ભમાં પ્રથમ વિચાર કરવો જોઈએ. પંચવટીમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ વિદાય લે છે ત્યારે સીતા સાથે પાછા વળતાં તમસાના મોઢામાંથી ઉદ્‌ગાર નીકળી પડે છે: अहो संविधानकम् । एको रसः करुण एव વગેરે. — 'અહો, શું સંવિધાન છે!' એટલે કે 'શી રચના છે!'—એમ તમસા કહે છે. અહીં પણ ભવભૂતિ પોતાની ત્રીજા અંકમાં પ્રત્યક્ષ થતી રચના માટે અહોભાવ બતાવે છે અને નોતરે છે એમ સૂચવાય છે તે ભાગ્યે જ બરોબર હોય. તમસાના એ શબ્દો ચાલ્યા આવતા કાર્ય-પ્રવાહના ભાગરૂપ જ છે. અહો જીવનની કેવી રચના છે! — એવું એને અભિપ્રેત છે. પછી एको रसः વાળા શ્લોકથી પોતાના ઉદ્‌ગારનું એ સમર્થન કરે છે: જીવનઘટનાની વિચિત્રતા તો જુઓ! રામના દૃષ્ટિબિંદુથી જોઈએ તો એમને મન મૃત્યુ પામેલી એવી પ્રિયતમા અંગે પંચવટીમાં વાસન્તી સમક્ષ એમનો કરુણ રસ રેલાયો. સીતાના દૃષ્ટિબિંદુથી જોઈએ તો મારી સાક્ષીએ એનો વિપ્રલંભશૃંગાર (કેમકે રામ જીવંત છે અને પોતે વિરહિતા છે) રેલાયો. મારી આગળ એક જ ઘટના કરુણની અને વિપ્રલંભશૃંગારની હોય એ રીતે પ્રગટ થઈ. એવી જીવનની રચના છે! પંચવટીમાંથી વિદાય પ્રસંગે તમસાના ચૈતન્યની અવસ્થા તો એક જ હોઈ શકે. તે કરુણના અનુભવની હશે કે વિપ્રલંભશૃંગારના અનુભવની? તમસાનો ઉત્તર એ છે કે એ કરુણની છે. સીતાના નિમિત્તે કરીને એ વિપ્રલંભશૃંગારની હોવી જોઈતી હતી, પણ શૃંગાર આદિ કરુણના જ નિમિત્તભેદે કરીને પ્રગટતા વિવર્તો હોઈ, અંતે તે કરુણરૂપ જ હોઈ, કરુણમય ચૈતન્યાવસ્થામાં વિપ્રલંભશૃંગાર-મય ચૈતન્યાવસ્થા પણ અભિપ્રેત છે — એ રીતે તમસાએ एको रसः करुणः વાળા શ્લોકથી સમન્વય સૂચવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવભૂતિએ તમસાને મુખે કરુણનું આવું પ્રાધાન્ય શા માટે સ્થાપ્યું? ભવભૂતિ વિવર્તવાદમાં માને છે એ ઉત્તરરામચરિતમાંના ઉલ્લેખોથી સમજાય છે. મૂળ શબ્દબ્રહ્મ છે, તેનો વિવર્ત રામાયણ છે અને રામાયણનો વિવર્ત ઉત્તરરામચરિત નાટક છે એમ કવિએ કહ્યું છે. એ જ રીતે રસો ભલે આઠ હોય, તે બધા જ, સૌ વાઙ્મય રચનાઓ શબ્દબ્રહ્મના વિવર્તરૂપ છે એમ, શાના વિવર્તરૂપ હશે? ભવભૂતિના અભિપ્રાય પ્રમાણે સૌ રસો કરુણના વિવર્તરૂપ છે. વિવર્તવાદમાં માનનાર માટે સો રસો પાછળ આવી એક મૂલ વસ્તુ માનવી આવશ્યક રહે, પણ એ મૂલ વસ્તુ કરુણ છે અને તે પોતાનું સ્વરૂપ તજ્યા વિના ખોટી રીતે અન્યરૂપે — બીજા રસોરૂપે — ભાસે છે એમ કહેવું સયુક્તિક છે ખરું? ગમે તે રસના અનુભવ વખતે ચૈતન્યની અવસ્થા મૂળમાં કરુણમય હોય છે? રસાસ્વાદ વખતે ચિત્ત દ્રુતિ (દ્રવ, પીગળવું તે) અનુભવે છે એમ માનનારાઓ ભવભૂતિની પેઠે કરુણને મૂલ રસ માની શકે, વિસ્તાર–વિકાસ–નો અનુભવ થાય છે એમ માનનારાઓ રસગંગાધરકાર પંડિત જગન્નાથ જેવા અદ્‌ભુતને મૂળ માની શકે. કવિએ કરુણનું ઉત્તમ આલેખન કર્યું છે માટે તેનું જ ગૌરવ કર્યું એમ કહેવાનું હોય નહિ. પોતે વિવર્તવાદી હોઈ મૂળ એક રસ શોધવા એ પ્રેરાય એ સ્વાભાવિક છે. એમને જો મૂળ રસ કોઈ બીજો જણાયો હોત તો કરુણને એ જરૂર તેના વિવર્તરૂપ ગણાવત, પણ રસાનુભવ વખતે ચિત્તની દ્રુતિની અવસ્થા હોય છે એમ એ માનતા હશે તેથી પ્રામાણિકપણે એમણે કરુણને મૂળ ગણ્યો છે એમ માનવું ન્યાયયુક્ત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રસ અંગેનો મંત્ર આપનાર ભરતે જ નાટચશાસ્ત્ર-(૬. ૧૦૭)માં કહ્યું છે તેમ શાન્ત એ જ મૂળ રસ છે અને

समः सर्वेषु भूतेषु स शान्तः प्रथितो रसः ।
भावा विकारा रत्याद्याः शान्तस्तु प्रकृतिर्मतः ॥

—બીજા ભાવો તે એનાં પરિવર્તનો છે. ભરતનાટચશાસ્ત્ર પર ટીકા કરતાં આચાર્ય અભિનવગુપ્તપાદ સૌ રસોનો શાન્ત જેવો જ આસ્વાદ હોય છે सर्वरसानां शान्तप्राय एव आस्वादः । એમ જે કહે છે તેમાં આ આખા પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર છે. રસનું સ્વરૂપ જ એવું હોવા સંભવ છે કે જ્યાં ભાવકની સ્વીકાર-પરિહાર-ઉપેક્ષા-બુદ્ધિનું શમન થયું છે એવા શાન્તની છાયા હેઠળ જ એનો ઉદય થાય છે. સૌ સરિતાઓ સાગરમાં જઈને વિલીન થાય છે એમ સૌ રસો શાન્તમાં લય પામે છે. નાટચરસ આઠ છે, શાન્ત નાટચરસ નથી, પણ આઠે રસનાં નાટકો અંતે શાન્તમાં જઈને પર્યવસાન પામે છે. રસાનુભવ ચૈતન્યની વિશિષ્ટ અવસ્થા હોઈ, અભિનવગુપ્ત आत्मैव . . . સ્થાયી કહે છે તેમ, ચૈતન્યની ક્ષણભર માટે વિશેષાવસ્થા ભલે ગમે તે ભાસે. એનું સ્થાયી રૂપ તો આત્માનું છે, શાન્ત-આકાર છે.

ભવભૂતિના રસવિચાર સાથે સંમત થઈ ન શકાય તો પણ તેથી એમના નાટકના રસના આસ્વાદમાં તો કોઈ બાધ આવવાનો પ્રસંગ જ નથી. ભવભૂતિના કરુણનો પણ શાન્તપ્રાય જ આસ્વાદ છે એટલું જ નહિ .પણ પ્રથમઅંકના આરંભમાંની જ રામની एते हि हृदयमर्मच्छिदः संसारभावा येभ्यो बीभत्समानाः संत्यज्य सर्वान्कामानरण्ये विश्राम्यन्ति मनीषिणः । — ઉક્તિથી, બીજાના વિષ્કંભકમાંનાં બ્રહ્માનાં, ચોથામાં અરુન્ધતીનાં ને પાંચમામાં સૂત્રધાર વાચા અંગેનાં લવનાં વચનોથી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતે ભરતવાક્યમાં રામકથાને પાપોમાંથી પાવન કરનારી, શ્રેયોમાં વૃદ્ધિ કરનારી, માંગલ્યા મનોહરા કહી છે એથી આખી કૃતિનો કરુણરસ શાન્તના પરિવેશમાં સ્ફુર્યો કરતો હોય એવી પ્રતીતિ થયા વગર રહી શકતી નથી. નાટકના આરંભમાં રામની પહેલી જ ઉક્તિ દ્વારા કવિએ हृदयमर्मच्छिदः संसारमात्राः ઉપર ભાર મૂકીને સંસારના દુઃખમય સ્વરૂપ પ્રત્યે ધ્યાન ખેંચ્યું છે એમાં ભારતીય જીવનદૃષ્ટિનો પ્રભાવ પણ જરૂર છે. ભગવાન બુદ્ધના કરુણાસભર હૃદયમાંથી પણ सर्वं दुःखं दुःखम् એવો ઉદ્ગાર જ નીકળી પડેલો. માનવજીવનમાં (અને તે રામસીતા જેવાના જીવનમાં પણ) રહેલા અનિવાર્ય હ્રાસ વિષે, વિશ્વહૃદયમાંથી અદમ્યપણે ઊછળ્યાં કરતા કરુણ વિષે, કવિનું જે દર્શન છે તે જોતાં કવિ કરુણને એકમાત્ર રસ ગણવા પ્રેરાય તો તે સમજી શકાય એવું છે.

એવા હ્રાસને અતિક્રમીને અંતે એની ઉપર વિજયી નીવડનારો આત્માની અ-મૃત કલા(અંશ) રૂપ આશ્વાસક પ્રેમ પણ માનવજીવનમાં પડેલો છે એ અનુભૂતિનો કરુણરસરૂપે સંસ્પર્શ કરાવતી ભવભૂતિની, આત્માની અ-મૃત (અમૃતભરી તેમ જ અમર) કલાસમી, કવિતાવાણી ઉત્તરરામચરિતમાં રેલાઈ છે.

૨૫-૪-૧૯૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उत्तररामचरितम्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાત્રો

[નાટકમાં તેઓ દેખા દે છે તે ક્રમમાં]

नान्दीपाठक, सूत्रधार अने नट : નાટકનો પ્રસ્તાવ કરનારાઓ
राम : કોસલ (રાજધાની અયોધ્યા)ના રાજા
सीता : રામની પત્ની
कंचुकी : અંતઃપુરનો સેવક
अष्टावक्र : ઋષ્યશૃંગના આશ્રમનો ઋષિ
लक्ष्मण : રામનો નાનો ભાઈ
प्रतिहारी : અંતઃપુરનો સેવક
दुर्मुख : લોકચર્યા જોવા મોકલેલો અંતઃપુરનો સેવક
आत्रेयी : વાલ્મીકિઆશ્રમની વિદ્યાર્થિની–તાપસી
वासन्ती : જનસ્થાનની વનદેવતા
दिव्यपुरुष : શૂદ્ર તાપસ शम्बूक, તેના વધ પછી
तमसा અને मुरला : બે નદી–દેવતાઓ
सौधातकि અને दण्डायन : વાલ્મીકિઆશ્રમના બે શિષ્ય-તાપસો
जनक : સીતાના પિતા
अरुन्धती : વસિષ્ઠ ઋષિનાં પત્ની
गृष्टि : કૌશલ્યા વગેરે સાથેનો સેવક, कंचुकी
कौसल्या : રામની જનેતા
लव : વાલ્મીકિઆશ્રમનો વિદ્યાર્થી (સીતા–રામનો પુત્ર)
बटुगण : વાલ્મીકિઆશ્રમના વિદ્યાર્થીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
पुरुष : ચન્દ્રકેતુના સૈન્યનો એક અધિકારી

चन्द्रकेतु : લક્ષ્મણનો પુત્ર

सुमन्त्र : ચન્દ્રકેતુનો સારથિ

कुश : વાલ્મીકિઆશ્રમનો વિદ્યાર્થી (સીતા-રામનો પુત્ર)

विद्याधर અને विद्याधरी : અર્ધદિવ્ય યુગલ

वाल्मीकि : રામાયણના રચયિતા ઋષિ

सूत्रधार અને સીતા-પૃથિવી-માગીરથીની ભૂમિકા ભજવનાર અપ્સરાઓ અને તરતનું જન્મેલ પુત્રદ્વય (પુત્ર-જોડકું)

સ્થળ

પહેલો અંક — અયોધ્યામાં સીતા-રામનું વાસગૃહ

બીજો અને ત્રીજો અંક — ગોદાવરીતીરે જનસ્થાનમાં પંચવટી

ચોથો, પાંચમો અને છઠ્ઠો અંક — તમસાતીરે વાલ્મીકિ-આશ્રમની નજીક

સાતમો અંક — ગંગીતીરે અયોધ્યાની નજીક

સમય

પહેલો અંક — લંકાવિજય પછી રામના રાજ્યાભિષેક બાદ તરતનો

બીજાથી છઠ્ઠા સુધીના અંકો — પહેલા અંક પછી બાર વરસ પછીનો

સાતમો અંક — છઠ્ઠા અંક પછી તરતનો, પણ અનિશ્ચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रथमोऽङ्कः ।

इदं कविभ्यः पूर्वेभ्यो नमोवाकं प्रशास्महे ।
वन्देम देवतां वाचममृतामात्मनः कलाम् ॥ १ ॥

[नान्द्यन्ते]

सूत्रधारः — अलमतिविस्तरेण । अद्य खलु भगवतः कालप्रियानाथस्य यात्रायामार्यमिश्रान्विज्ञापयामि—एवमत्रभवन्तो विदांकुर्वन्तु । अस्ति खलु तत्रभवान्काश्यपः श्रीकण्ठपदलाञ्छनः पदवाक्यप्रमाणज्ञो भवभूतिर्नाम जतुकर्णीपुत्रः ।

यं ब्रह्माणमियं देवी वाग्वश्येवानुवर्तते ।
उत्तरं रामचरितं तत्प्रणीतं प्रयोक्ष्यते ॥ २ ॥

एषोऽस्मि कविवशादायोध्यकस्तदानींतनश्च संवृत्तः । (समन्तादवलोक्य) भोः, यदा तावदत्रभवतः पौलस्त्यकुलधूमकेतोर्महा-

---

ઉત્તરરામચરિત — રામના જીવનના પાછળના ભાગનો વૃત્તાન્ત જેમાં આવે છે તે નાટક. વિલ્સન કહે છે કે 'ખરું કહીએ તો એ, રામાયણમાં વર્ણવ્યા પ્રમાણેનાં રામનાં યુદ્ધપરાક્રમોનું જેમાં નાટ્યાલેખન થયું છે તે, એ જ લેખકકૃત, વીર-રામ-ચરિત(महावीरचरितम्)નું અનુસંધાન છે.'

૧ વિન્દેમ પાઠ લઈએ તો 'પામીએ', પણ 'વન્દીએ' વધારે સારું છે, કેમ કે બરોબર વંદના–ઉપાસના કરી હશે તો જ પરિણામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક પહેલો

પૂર્વના કવિઓને આ નમસ્કાર સમર્પીએ,
વન્દીએ દિવ્ય તે વાણી — અમૃતા આત્મની કલા. ૧

[નાન્દીને અંતે]

સૂત્રધાર — બહુ વિસ્તાર કરવો રહેવા દઈએ ! આજ ભગવાન કાલપ્રિયાનાથની યાત્રા પ્રસંગે સૌ સન્માન્ય આર્યજનોને વિજ્ઞાપન કરું છું તે અત્રે પધારેલા આપ સર્વે ધ્યાન પર લેશો. કશ્યપ ગોત્રમાં ઉત્પન્ન થયેલ, શ્રીકંઠ નામનો, વ્યાકરણ, ન્યાય અને મીમાંસાનો જાણકાર, ભવભૂતિ નામથી જાણીતો થયેલો જતુકર્ણીનો એક પુત્ર છે.

ફરે જે વિપ્રની પૂંઠે થઈ વશ સરસ્વતી,
'ઉત્તરરામચરિત' રચ્યું તેનું પ્રયોજીએ. ૨

આ હું, કવિરચના અનુસાર, રામચંદ્રના સમયનો અને અયોધ્યા નગરીનો બન્યો છું. (ચોતરફ નજર કરીને) અરે એ ! પુલસ્ત્યકુલના પ્રલયાગ્નિ પૂજ્ય મહારાજ રામનો, આ દિવસરાત મંગળ ગવાતાં અટકે જ નહિ એવો,

---

કદાચ પામીશું. કાલપ્રિયાનાથ—ઉજ્જયિની પાસેના મહાકાલેશ્વર. ૨ મૂળમાં 'બ્રહ્મની' છે. જેમ સરસ્વતી બ્રહ્માને વશ છે તેમ આ બ્રાહ્મણને પણ છે. અયોધ્યા નગરીનો—અત્યાર પૂરતો, હંમેશનો રહેનારો નહિ. હમણાં જ પોતાને તે પરદેશી તરીકે ઓળખાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

राजरामस्यायं पट्टाभिषेकसमयो रात्रिंदिवमसंहृतनान्दीकः, तत्किमिदानीं विश्रान्तचारणानि चत्वरस्थानानि ?

[प्रविश्य]

नटः — भाव, प्रेषिता हि स्वगृहान्महाराजेन लङ्कासमरसुहृदो महात्मानः प्लवङ्गमराक्षसाः सभाजनोपस्थायिनश्च नानादिगन्तपावना ब्रह्मर्षयो राजर्षयश्च, यत्समाराधनायैतावतो दिवसानुत्सव आसीत् । संप्रति हि

वसिष्ठाधिष्ठिता देव्यो गता रामस्य मातरः ।
अरुन्धतीं पुरस्कृत्य यज्ञे जामातुराश्रमम् ॥ ३ ॥

सूत्रधारः — वैदेशिकोऽस्मीति पृच्छामि । कः पुनर्जामाता ?

नटः — कन्यां दशरथो राजा शान्तां नाम व्यजीजनत् ।
अपत्यकृतिकां राज्ञे रोमपादाय तां ददौ ॥ ४ ॥

विभाण्डकसुतस्तामृष्यशृङ्ग उपयेमे । तेन च सांप्रतं द्वादशवार्षिकं सत्रमारब्धम् । तदनुरोधात्कठोरगर्भामपि जानकीं विमुच्य गुरुजनस्तत्र गतः ।

सूत्रधारः — तत्किमनेन ? एहि । राजद्वारमेव स्वजातिसमयेनोपतिष्ठावः ।

नटः — तेन हि निरूपयतु राज्ञः सुपरिशुद्धामुपस्थानस्तोत्रपद्धतिं भावः ।

પુલસ્ત્ય–રાવણના પિતામહ. ૩–પરદેશી છું–મણિલાલ ન. દ્વિવેદી અને ડૉ. કેલવલકર આ ઉક્તિ નટના મુખમાં મૂકે છે અને પછીની નટ અને સૂત્રધારની ઉક્તિ સૂત્રધારના મુખમાં મૂકે છે. પણ સૂત્રધાર અજાણ્યો લાગે છે. એને નટ અહીંની માહિતી આપે છે. બધાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટ્ટાભિષેકનો સમય છે, તો અત્યારે ચોરામાં ચારણો કેમ શાન્ત થઈ ગયા છે?

[પ્રવેશીને]

નટ — આર્ય, જેમનું રંજન કરવા માટે આટલા દિવસ ઉત્સવ ચાલતો હતો તે, સેવાસત્કારને પાત્ર, લંકાની લડાઈના સાથી, મહાત્મા વાનરો અને રાક્ષસો તેમજ વિવિધ દિશાઓને પાવન કરનાર બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓને મહારાજે સૌ સૌને ત્યાં વિદાય કર્યા છે. વળી, હમણાં જ

ગઈ છે રામમાતાઓ વસિષ્ટ થકી રક્ષિત,
કરી અરુન્ધતી અગ્રે, યજ્ઞે જામાતૃઆશ્રમે. ૩

સૂત્રધાર — પરદેશી છું એટલે પૂછું છું: જમાઈ વળી કયા?

નટ — રાજા દશરથે કન્યા શાન્તાને જન્મ આપીને
પુત્રી દત્તક તે દીધી રાજવી રોમપાદને. ૪

વિભાણ્ડકનો પુત્ર ઋષ્યશૃંગ તેને પરણ્યો. તેણે બાર વરસનો યજ્ઞ આદર્યો છે. તે કારણે, જાનકીને પૂરા દહાડા જાય છે છતાં એને મૂકીને વડીલવર્ગને ત્યાં જવું પડયું છે.

સૂત્રધાર — એ બધાનું આપણે શું છે? આવ, આપણે રાજદ્વારે જ જઈએ અને પોતાની જાતિની રીતિનું પાલન કરીએ.

નટ — તો પછી આપ રાજાની સામે બોલવાની સારી પેઠે પરિશુદ્ધ એવી સ્તોત્રમાલા ઉપજાવી કાઢો.

આપેલી વિદાયના અને ગુરુજનોના પ્રસ્થાનના સમાચાર આપનાર નટ પોતાને પરદેશી કહે એ કરતાં સૂત્રધાર કહે એ વધારે સયુક્તિક છે.

૪–આજે લક્ષ્મણ સીતાને વનમાં મૂકી આવશે ને ત્યાં તરત બે પુત્રનો પ્રસવ થવાનો છે એટલે રાજ્યાભિષેકનો સમય લંકામાં સીતાની થયેલી અગ્નિશુદ્ધિ પછી ઓછામાં ઓછો નવદસ મહિના લંબાયેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सूत्रधारः — मारिष,

सर्वथा व्यवहर्तव्यं कुतो ह्यवचनीयता ।
यथा स्त्रीणां तथा वाचां साधुत्वे दुर्जनो जनः ॥ ५ ॥

नटः — अतिदुर्जन इति वक्तव्यम् ।

देव्यामपि हि वैदेह्यां सापवादो यतो जनः ।
रक्षोगृहस्थितिर्मूलमग्निशुद्धौ त्वनिश्चयः ॥ ६ ॥

सूत्रधारः — यदि पुनरियं किंवदन्ती महाराजं प्रति स्यन्देत्, ततः कष्टं स्यात् ।

नटः — सर्वथा ऋषयो देवताश्च श्रेयो विधास्यन्ति । (परिक्रम्य) भो भोः, केदानीं महाराजः ? (आकर्ण्य) एवं जनाः कथयन्ति —

स्नेहात्सभाजयितुमेत्य दिनान्यमूनि
नीत्वोत्सवेन जनकोऽद्य गतो विदेहान् ।
देव्यास्ततो विमनसः परिसान्त्वनाय
धर्मासनाद्विशति वासगृहं नरेन्द्रः ॥ ७ ॥

[इति निष्क्रान्तौ ।]

इति प्रस्तावना ।

હોવો જોઈએ. જાતિ-અભિનયકારો, કુશીલવો શૂદ્ર લેખાતા. ૫ નિંદા ન થાય એવી સ્થિતિ, 'અદોષતા.' વાણી સારી છે એમ માનતાં માણસ દુર્જનતા દાખવે છે એટલું કહેવું છે તે દાખલો આપીને ઠસાવ્યું : જેમ સ્ત્રીઓના શીલની બાબતમાં પણ. એમ આહવાતમાં નાટકની મુખ્ય વાતનો અણસારો કરી દીધો. કવિની કાવ્યવાણીને સારી કહેતાં અચકાનારા માણસો હશે એમને વિશેનું સૂચન પણ આ શ્લોકમાં જોઈ શકાય. 'માલતીમાધવ'માં પોતાના ટીકાકારોને કવિએ કહ્યું પણ છે કે એમને માટે પોતાનો યત્ન નથી, 'કો જાગરે, મુજ હશે ય સમાનધર્મા; છે કાલ તો નિરવધિ, વિપુલા ધરિત્રી.' કાલિદાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂત્રધાર — ભાઈ,

આચાર પાળવો કોઈ રીતે! ક્યાંથી અનિંદ્યતા?
સ્ત્રીઓના તેમ વાણીના સાધુત્વે જન દુર્જન. ૫

નટ — અતિ દુર્જન — એમ કહેવું જોઈએ.

દેવી વૈદેહીને યે તે જન સૌ અપવાદ દે!
લંકાનિવાસ તે મૂળ માને ના અગ્નિશુદ્ધિને. ૬

સૂત્રધાર — જો વળી આ ઊડતી વાત મહારાજ સુધી પહોંચી તો ભારે થશે.

નટ — ઋષિઓ અને દેવતાઓ સર્વ પ્રકારે કલ્યાણ નિપજાવશે. (પરિક્રમણ કરીને) અરે ઓ! અત્યારે મહારાજ ક્યાં છે? (સાંભળીને) માણસો આમ કહે છે —

સ્નેહે પધારી અહીં ઉત્સવ આટલા દી'
માણી સુખે જનક આજ ગયા વિદેહે.
તેથી થતાં વ્યથિત જાનકી, સાન્ત્વનાર્થે
ધર્માસનેથી નૃપ વાસગૃહે પ્રવેશે. ૭

[બંને જાય છે.]

* પ્રસ્તાવના *

જેવા પણ પોતાની પ્રથમ કૃતિ ધરતાં ટીકાખોરોને ટકોર કરે છે કે 'પુરાણું તેથી નહિ સર્વ રૂડું' વ૦. ૬ 'માને' દેહલીદીપ ગણવું. મૂળ માને અને અગ્નિશુદ્ધિને માને ના. ઊડતી વાત — રામાયણમાં માત્ર એક ધોબીએ જ આળ દીધાની વાત છે. ભવભૂતિ પ્રજામાં ચાલતી અફવાની વાત કરે છે. એક જણની શંકાનું તો કોઈ રીતે નિવારણ પણ થઈ શકે. આખી પ્રજાની શંકા શી રીતે કાઢી શકાય? એટલે સીતાનો ત્યાગ કર્યે જ છૂટકો. —એ રીતે નિર્ણય વધુ યોગ્ય ઠરે. ઋષિઓ૦ સુખાન્ત છે એનું સૂચન. અરુંધતી, વાલ્મીકિ, ભાગીરથી, પૃથ્વી વગેરે જે ભાગ ભજવવાનાં છે તેનો ઇશારો. આ છેલ્લી ઉક્તિઓમાં નાટકનું બીજ છે. ૭ વિદેહે—પોતાના રાજ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ततः प्रविशत्यासनोपविष्टो रामः सीता च ।]

रामः — देवि वैदेहि, समाश्वसिहि । ते हि गुरवो न शक्नुवन्ति विमोक्तुमस्मान् ।

किंत्वनुष्ठाननित्यत्वं स्वातन्त्र्यमपकर्षति ।
संकटा ह्याहिताग्नीनां प्रत्यवायैर्गृहस्थता ॥ ८ ॥

सीता — जाणामि अज्जउत्त, जाणामि । किन्दु सन्दावआरिणो बन्धुअणविप्पओआ होन्ति । [जानामि आर्यपुत्र, जानामि । किंतु संतापकारिणो बन्धुजनविप्रयोगा भवन्ति ।]

रामः — एवमेतत् । एते हि हृदयमर्मच्छिदः संसारभावा येभ्यो बीभत्समानाः संत्यज्य सर्वान्कामानरण्ये विश्राम्यन्ति मनीषिणः ।

[प्रविश्य]

कञ्चुकी — रामभद्र . . . (इत्यर्धोक्ते साशङ्कम्) महाराज . . .

रामः — (सस्मितम्) आर्य, ननु रामभद्र इत्येव मां प्रत्युपचारः शोभते तातपरिजनस्य, तत् यथाभ्यस्तमभिधीयताम् ।

વિદેહમાં. વનવાસનાં વરસો પછી પિતાને મળવાનું બન્યું છે એટલે છૂટા પડતાં વ્યથા. સીતાનો કોમળ સ્નેહાળ સ્વભાવ અને રામની સીતાને તરત સાન્ત્વન આપવાની વૃત્તિનો પરિચય થાય છે. રામ ધર્માસન છોડીને વાસગૃહ–રાણીવાસ-માં જાય છે, પણ વાસગૃહને જ એ ધર્માસન બનાવવાના છે, કર્તવ્ય છોડીને સ્નેહનો આદર કરે છે; પણ સ્નેહને દબાવી કર્તવ્યને માથે ચઢાવવાના છે. ૮ રામના પ્રથમ શબ્દો જ વિયોગને લગતા છે ! નાટક ઉપર જેના ઓળા પડેલા છે તે વિષમ વસ્તુનો નિર્દેશ. સાથે સાથે સ્નેહીજનો દૂર થઈને પણ એકમેકને હૃદયથી છોડી શકતાં નથી–સાચા અર્થમાં વિખૂટાં પડતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પછી રામ અને સીતા બેઠેલાં હોય એવો પ્રવેશ]

રામ — દેવી વૈદેહી, શાન્ત થાઓ! તે વડીલો કાંઈ આપણને છોડી શકતા નથી.

ઇચ્છે સ્વાતંત્ર્યને કિંતુ નિત્યકર્મોનું પાલન.
ઘેરાઈ અગ્નિહોત્રીની વિઘ્નબીકે ગૃહસ્થતા. ૮

સીતા — જાણું છું, આર્યપુત્ર, જાણું છું. પરંતુ સગાંઓના વિયોગ સંતાપકારી થઈ પડે છે.

રામ — સાચું છે! એ જ આ હૃદયમર્મને છેદનારા, સંસારના પદાર્થો, જેનાથી જુગુપ્સા પામીને મનીષીઓ સર્વ કામનાઓનો ત્યાગ કરી અરણ્યમાં વિશ્રામ પામે છે.

[પ્રવેશીને]

કંચુકી — રામભદ્ર . . . (એમ અરધા બોલે, શિયાવિયા,) મહારાજ. . .

રામ — (સ્મિતપૂર્વક) આર્ય, પિતાજીનાં માણસોનું મારી પ્રત્યે 'રામભદ્ર' એવું સંબોધન જ શોભે છે. તો, ટેવ પ્રમાણે બોલવાનું રાખો.

નથી એ શ્રદ્ધાવચન પણ રામ તરફથી સીતાને મળે છે. પમાં 'આચાર'ની વાત હતી, અહીં 'નિત્યકર્મોનું પાલન' નિર્દેશાયું છે, જેને વશ વર્તીને રામને નિર્ણય લેવો પડશે. એ જ આ હૃદયમર્મને —આ વાક્ય નિરર્થક મુકાયું નથી. રામ માનવભાવોથી પૂરા ભરેલા હોવા છતાં, તેની મર્યાદાઓ પણ જરૂર જાણે છે અને સર્વ કામનાઓ તજવાથી મળતી વિશ્રાન્તિને જ મનીષીઓનું જીવનધ્યેય તો લેખે છે. સીતાને ને પોતાને ભાગે બાર વરસ જેટલો જે તાપસ જેવા જીવનનો કસોટીકાળ આવવાનો છે તેમાં બંનેનું ધ્યેય તો સંસાર-ભાવોથી પર રહેવા પ્રયત્ન કરવાનું જ રહેશે, એવી આ ઉક્તિ ઉપરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कञ्चुकी — देव, ऋष्यशृङ्गाश्रमादष्टावक्रः संप्राप्तः ।

सीता — अज्ज, तदो किं विलम्बीअदि ? [आर्य, ततः किं विलम्ब्यते ?]

रामः — त्वरितं प्रवेशय ।

[कञ्चुकी निष्क्रान्तः ।]

[प्रविश्य]

अष्टावक्रः — स्वस्ति वाम् ।

रामः — भगवन्, अभिवादये । इत आस्यताम् ।

सीता — भअवं, णमो दे । अवि कुसलं समग्गस्स गुरुअणस्स अज्जाए संताए अ ? [भगवन्, नमस्ते । अपि कुशलं समग्रस्य गुरुजनस्यार्यायाः शान्तायाश्च ?]

रामः — निर्विघ्नः सोमपीथी आवुत्तो मे भगवानृष्यशृङ्गः, आर्या च शान्ता ?

सीता — अम्हे वा सुमरदि ? [अस्मान् वा स्मरति ?]

अष्टावक्रः — (उपविश्य) अथ किम् ? देवि, कुलगुरुर्भगवान्-वसिष्ठस्त्वामिदमाह —

અપેક્ષા રહેવાની. રામભદ્ર — રાજા થયા પહેલાંનું સામાન્ય વહાલનું સંબોધન. કંચુકીના આ ઉદ્ગારથી રામને રાજા ગણતાં બધા ટેવાયા નથી એટલા બધા એ નવા રાજા છે એ સ્પષ્ટ થઈ જાય છે. રામની આજુબાજુના સ્નેહના વાતાવરણને પણ ઉઠાવ મળે છે. કંચુકીનું પાત્ર બે જ શબ્દોથી જીવંત બની જાય છે. એની મૂંઝવણ પ્રેક્ષકને જરીક હસાવે પણ છે. ભવભૂતિમાં જવલ્લે જ પ્રગટ થતું હાસ્ય અહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંચુકી — દેવ, ઋષ્યશૃંગના આશ્રમથી અષ્ટાવક્ર પધાર્યા છે.

સીતા — આર્ય, તો પછી વિલંબ શાને?

રામ — તરત એમને અંદર લઈ આવો.

[કંચુકી જાય છે.]

[પ્રવેશીને]

અષ્ટાવક્ર — બંનેનું કલ્યાણ હો!

રામ — ભગવન્. અભિવાદન કરું છું. અહીં બિરાજો.

સીતા — નમસ્કાર, ભગવન્! સૌ ગુરુજનો અને આર્યા શાંતા કુશળ છે ને?

રામ — સોમપાન કરનારા અમારા બનેવી ભગવાન ઋષ્યશૃંગ અને આર્યા શાન્તા નિર્વિઘ્ન છે ને?

સીતા — અમને સંભારે છે ખરાં કે?

અષ્ટાવક્ર — (બેસીને) હા, દેવી, કુલગુરુ ભગવાન વસિષ્ઠે તને કહાવ્યું છે કે —

સૂક્ષ્મ સમજપૂર્વક યોજાયેલું જોવા મળે છે. અષ્ટાવક્ર આવતાં જનક ગયાની વાતનો વિસારો થાય છે. વસિષ્ઠ, કૌસલ્યા, આદિ યજ્ઞમાં પહોંચી પણ ગયાં છે. (યજ્ઞ હોઈ જનકની વિદાય પહેલાં જવું પડ્યું.) એ સૌના સુખ-સમાચારની ઉત્સુકતા મનને બીજી દિશામાં વાળે છે. વીરરાઘવ કહે છે તેમ અષ્ટાવક્રનું આવવું હાસ્યરસના પ્રવેશ માટે પણ અનુરૂપ છે. 'વિલંબ શાને?' કહેવામાં સીતાની પતિ પ્રત્યે ઋજુતાભરી અનુકૂળતા. પોતાને મળતા સમયમાં કોઈ ભાગ ન પડાવે એવી વૃત્તિનો અભાવ. 'બિરાજો' કહ્યા પછી એ બેસે છે તે દરમ્યાન પણ કુશળપ્રશ્નોની ઝડી ચાલુ છે. સીતા નણંદ-નણદોઈનું નામ આવતાં લાડથી નર્મભર્યો પ્રશ્ન પૂછવાની તક લઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विश्वंभरा भगवती भवतीमसूत
राजा प्रजापतिसमो जनकः पिता ते ।
तेषां वधूस्त्वमसि नन्दिनि पार्थिवानां
येषां कुलेषु सविता च गुरुर्वयं च ॥ ९ ॥

तत्किमन्यदाशास्महे ? केवलं वीरप्रसवा भूयाः ।

रामः — अनुगृहीताः स्मः ।

लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते ।
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति ॥ १० ॥

अष्टावक्रः — इदं च भगवत्याऽरुन्धत्या देवीभिः शान्तया च भूयो भूयः संदिष्टम् यः कश्चिद्गर्भदोहदो भवत्यस्याः सोऽवश्यमचिरान्मानयितव्य इति ।

रामः — क्रियते यद्येषा कथयति ।

अष्टावक्रः — ननान्दुः पत्न्या च देव्याः संदिष्टमृष्यशृंगेण — 'वत्से, कठोरगर्भेति नानीतासि । वत्सोऽपि रामभद्रस्त्वद्विनोदार्थमेव स्थापितः तत्पुत्रपूर्णोत्सङ्गामायुष्मतीं द्रक्ष्यामः' इति ।

रामः — (सहर्षलज्जास्मितम्) तथास्तु । भगवता वसिष्ठेन न किंचिदादिष्टोऽस्मि ?

अष्टावक्रः — श्रूयताम् ।

લે છે. ૯ સીતા એટલે ચાસ. યજ્ઞભૂમિ ખેડતાં બ્રહ્મા જેવા જનકરાજાને એ મળી હતી. વીરજનની–સપ્રાસ છે એટલે એક બાળક કે બે તે અસ્ફુટ રહે છે. પુરુષ–બાળક અવતરશે એવું આશીર્વાદથી સૂચવાય છે. ૧૦ ગર્ભદોહદ–સગર્ભા સ્ત્રીઓને થતી ઇચ્છાઓ, ભાવા. 'જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વિશ્વંભરા ભગવતી પૃથિવીથી જન્મી,
ને તાત તે તુજ પ્રજાપતિશા વિદેહી.
તે પાર્થિવો તણી વધૂ બની, નન્દિની, તું,
જેના કુળે ગુરુપદે રવિ ને અમે ય. ૯

તો બીજું શું ઇચ્છીએ? માત્ર — તું વીરજનની થા'.

રામ — અમારી ઉપર અનુગ્રહ થયો.

સામાન્ય સાધુઓની તો વાણી અર્થ પૂંઠે ફરે,
આદ્યર્ષિઓની વાણીને કિંતુ અર્થ અનુસરે. ૧૦

અષ્ટાવક્ર — અને ભગવતી અરુન્ધતી, રાજમાતાઓ અને શાન્તાએ વળી વળીને આ સંદેશો કહાવ્યો છે કે 'એને જે કોઈ ગર્ભદોહદ થાય તેને અવશ્ય વિનાવિલંબે માન આપવું.'

રામ — જો એ કાંઈ કહે છે તો તે કરીએ છીએ.

અષ્ટાવક્ર — અને નણદોઈ ઋષ્યશૃંગે કહાવ્યું છે કે–'વત્સે, તને પૂરા દહાડા જાય છે એટલે તેડી નથી. વત્સ રામભદ્રને પણ તારા વિનોદને માટે જ ત્યાં રાખેલ છે. તો અમે તને આયુષ્મતીને પુત્રથી ખોળો ભરેલો હોય એવી જોઈએ.'

રામ — (હર્ષ અને લજ્જાના સ્મિત સાથે) તેમ હો! ભગવાન વસિષ્ઠે મને કાંઈ આદેશ આપ્યો નથી?

અષ્ટાવક્ર — સાંભળીએ:

કાંઈ કહે તો . . .'–યદ્યેષા પાઠ લીધો છે, યદેષા નહિ. સીતા કાંઈ પોતા માટે માગણી કરે એવી છે જ નહિ, એ 'જો'થી સૂચવાય છે અને એથી અંકને અંતે સીતા કાંઈ નહિ તો મહેણું ટાળવા પણ એકાદ માગણી કરવા પ્રેરાય છે. . . . રામ 'આદેશ' કહે છે, 'સંદેશ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जामातृयज्ञेन वयं निरुद्धा-
स्त्वं बाल एवासि नवं च राज्यम् ।
युक्तः प्रजानामनुरञ्जने स्या-
स्तस्माद्यशो यत्परमं धनं वः ॥ ११ ॥

रामः — यथा समादिशति भगवान्मैत्रावरुणिः ।

स्नेहं दयां च सौख्यं च यदि वा जानकीमपि ।
आराधनाय लोकस्य मुञ्चतो नास्ति मे व्यथा ॥ १२ ॥

सीता — अदो एव्व राहवधुरंधरो अज्जउत्तो । [अत एव राघवधुरंधर आर्यपुत्रः ।]

रामः — कः कोऽत्र भोः ? विश्राम्यतां भगवानष्टावक्रः ।

अष्टावक्रः — (उत्थाय परिक्रम्य च) अये, कुमारलक्ष्मणः प्राप्तः ।

[इति निष्क्रान्तः ।]

[प्रविश्य]

लक्ष्मणः — जयति जयत्यार्यः ! आर्य, अर्जुनेन चित्रकरेणा-स्मदुपदिष्टमार्यस्य चरितमस्यां वीथिकायामभिलिखितम् । तत्पश्यत्वार्या ।

रामः — जानासि वत्स, दुर्मनायमानां देवीं विनोदयितुम् । तत्कियन्तमवधिं यावत् ?

નહિ. નમ્રતા. ૧૧ મૈત્રાવરુણિ–મિત્ર(સૂર્ય) અને વરુણના પુત્ર વસિષ્ઠ. ૧૨ 'અથવા જાનકી દદી . . . ત્યાગતાં ન મને વ્યથા'– આ ઉદ્ગાર થોડા સમયમાં જ કસોટીએ ચઢવાનો છે. સીતા રામના ઉદાત્ત રાજધર્મ ઉપર વારી જાય છે, પણ એ જ એને વસમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જામાતૃયજ્ઞે અહીં સૌ અમે રહ્યાં,
તું છે હજી બાળક, રાજ્ય છે નવું.
રહેજે પ્રજાના અનુરંજને રત,
જે એથી કીર્તિ,–ધન મોટું તે તમ.' ૧૧

રામ — ભગવાન મૈત્રાવરુણિની જેવી આજ્ઞા.
સ્નેહ, કિંવા દયા, સૌખ્ય, અથવા જાનકી કદી,
લોકઆરાધના અર્થે ત્યાગતાં ન મને વ્યથા. ૧૨

સીતા — એથી જ તો આર્યપુત્ર રઘુકુળના ધુરંધર છે.

રામ — કોણ, કોણ છે રે અહીં? ભગવાન અષ્ટાવક્રને વિશ્રાન્તિ કરાવો તો!

અષ્ટાવક્ર — (ઊઠીને અને પરિક્રમણ કરીને) અહો! કુમાર લક્ષ્મણ આવી રહ્યા છે!

[જાય છે]

[પ્રવેશીને]

લક્ષ્મણ — જય હો, આર્યનો જય હો! આર્ય, ચિત્રકાર અર્જુને મારા કહ્યા પ્રમાણે આર્યનું ચરિત આ વીથિમાં આલેખ્યું છે. આર્યો તે નિહાળો!

રામ — વત્સ, ઊંચેજીવ થયેલી દેવીને વિનોદ કરાવતાં તને આવડે છે. તે ચિત્રકામ ક્યાં સુધી આલેખાયું છે?

નીવડવાનો છે. આ ઉદ્ગારોમાં ગ્રીક નાટ્યકવિ સોફોક્લિસના જેવી irony–કટાક્ષ કલા છે. વીથિ–ગૅલરી. ચિત્રો ભીંત ઉપર ટિંગાડેલાં હશે. રામે હમણાં જ સીતાનું મન પ્રસન્ન કરવાની લક્ષ્મણની આવડત વિશે કહ્યું હતું, ત્યાં તરત જ લક્ષ્મણે ચિત્રોની વાતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लक्ष्मणः — यावदार्याया हुताशने विशुद्धिः ।

रामः — शान्तम् ! (ससान्त्ववचनम्)

उत्पत्तिपरिपूतायाः किमस्याः पावनान्तरैः ।
तीर्थोदकं च वह्निश्च नान्यतः शुद्धिमर्हतः ॥ १३ ॥

देवि देवयजनसंभवे, प्रसीद । एष ते जीवितावधिः प्रवादः ।

क्लिष्टो जनः किल जनैरनुरञ्जनीय-
स्तन्नो यदुक्तमशुभं न हि तत्क्षमं ते ।
नैसर्गिकी सुरभिणः कुसुमस्य सिद्धा
मूर्ध्नि स्थितिर्न चरणैरवताडितानि ॥ १४ ॥

सीता — होदु अज्जउत्त, होदु । एहि । पेक्खम्ह दाव दे चरिदं ।
[भवत्वार्यपुत्र, भवतु । एहि । प्रेक्षामहे तावत्ते चरितम् ।]

[इत्युत्थाय परिक्रामति ।]

लक्ष्मणः — इदं तदालेख्यम् ।

सीता — (निर्वर्ण्य) के एदे उवरि णिरन्तरट्ठिदा उवत्थुवन्दि विअ अज्जउत्तं ? [क एते उपरि निरन्तरस्थिता उपस्तुवन्ती-वार्यपुत्रम् ?]

'અગ્નિશુદ્ધિ'ના ઉલ્લેખથી મનદુઃખ થાય એવું કર્યું ! ૧૩ દેવોની યજ્ઞભૂમિ૦ – રામના એ સંબોધનથી સીતાની પવિત્રતા સ્વયંપ્રતીત છે એમ સૂચવાય છે. ૧૪ બીજા પાઠ પ્રમાણે પ્રથમ પંક્તિ: 'શું દુઃખ–કે કુલધને જન રંજનીય'–કુલની કીર્તિ એ જ જેનું ધન છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મણ — આર્યાની અગ્નિથી શુદ્ધિ થઈ ત્યાં સુધી.

રામ — એ શું બોલ્યો? (આશ્વાસનની વાણીથી)

જન્મથી જ વિશુદ્ધાને અન્ય પાવન કો કરે?
અગ્નિ ને તીર્થજળને અન્યથી શુદ્ધિ ના ઘટે. ૧૩

દેવોની યજ્ઞભૂમિમાંથી ઉત્પન્ન થયેલી દેવી, ક્ષમા કરજે! આ પ્રવાદ તો તારા જીવતાં સુધી રહેશે!

જે કલેશ પામ્યું, અનુરંજન તેનું હોય.
ભાખ્યું અમે અશુભ, પાત્ર નથી તું એને.
મ્હેંકે ભર્યા કુસુમની સ્થિતિ મસ્તકે જ
નિર્માઈ છે સહજ, ના પગમાં છૂંદાવું. ૧૪

સીતા — હશે, આર્યપુત્ર હશે! આવો તો! તમારું ચરિત જોઈએ.

[એમ બોલીને ઊઠીને પરિક્રમણ કરે છે.]

લક્ષ્મણ — આ રહ્યું તે આલેખન.

સીતા — (નિહાળીને) ઉપર અડોઅડ રહેલ આ કોણ આર્યપુત્રનું સ્તવન કરે છે?

તેમને હાથે લોકોનું અનુરંજન થવું ઘટે. એ કર્તવ્ય કઠણ તો છે જ. એને વશ થઈ અમે (મેં) લંકામાં અગ્નિશુદ્ધિ પ્રસંગે જે કાંઈ ન કહેવા જેવું કહ્યું તેને તું પાત્ર ન તો હતી, ન છે. આ પાઠથી રામની કર્તવ્યબુદ્ધિને ઉઠાવ મળે છે, પણ વારેઘડી એ જ્યાં ને ત્યાં લાવવાની ભાગ્યે જ જરૂર હોય. બીજી પંક્તિમાં જે અશુભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लक्ष्मणः — देवि, एतानि तानि सरहस्यानि जृम्भकास्त्राणि, यानि भगवतः कृशाश्वात्कौशिकमुपसंक्रान्तानि । तेन च ताटकावधे प्रसादीकृतान्यार्यस्य ।

रामः — वन्दस्व देवि, दिव्यास्त्राणि ।

ब्रह्मादयो ब्रह्महिताय तप्त्वा
परःसहस्राः शरदस्तपांसि ।
एतान्यपश्यन्गुरवः पुराणाः
स्वान्येव तेजांसि तपोमयानि ॥ १५ ॥

सीता — णमो एदाणं । [नम एतेभ्यः ।]

रामः — सर्वथेदानीं त्वत्प्रसूतिमुपस्थास्यन्ति ।

सीता — अणुगहीदम्हि । [अनुगृहीतास्मि ।]

लक्ष्मणः — एष मिथिलावृत्तान्तः ।

सीता — अम्महे, दलन्तणवणीलुप्पलसामलसिणिद्धमसिणमंसल-देहसोहग्गेण विम्हअत्थिमिदतादद्दीसन्तसोम्मसुन्दरसिरी अणा-दरक्खुडिदसंकरसरासणो सिहण्डमुद्धमुहमण्डलो अज्जउत्तो आलिहिदो । [अम्महे ! दलन्नवनीलोत्पलश्यामलस्निग्धमसृण-मांसलदेहसौभाग्येन विस्मयस्तिमिततातदृश्यमानसौम्यसुन्दर-

---

બોલાયાનો ઉલ્લેખ છે તેને દૂર લંકામાં બોલાયેલા શબ્દો સાથે જોડવા કરતાં, હમણાં લક્ષ્મણ બોલ્યો તેની સાથે વધારે સંબંધ હોવા સંભવ છે. ઉપરાંત, આ પાઠ પ્રમાણે ૩-૪ પંક્તિમાંના કુસુમના દૃષ્ટાન્તને પહેલી પંક્તિ સાથે બહુ સંબંધ રહેતો નથી. વીરરાઘવનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મણ — દેવી, એ તો રહસ્યયુક્ત જૃમ્ભકાસ્ત્રો છે, જે ભગવાન કૃશાશ્વ પાસેથી વિશ્વામિત્ર પાસે ગયાં હતાં. તેમણે તે તાટકાવધપ્રસંગે આર્યને પ્રસાદરૂપે આપેલાં.

રામ — દેવી! દિવ્ય અસ્ત્રોને વંદન કર.

બ્રહ્માદિ તે સૌ ગુરુઓ પુરાણા,
તપો તપી બ્રહ્મહિતાર્થ, વર્ષો
સહસ્રથી યે વધુ દેખતા હવા
તપઃસ્વરૂપી નિજ તેજ જાણે. ૧૫

સીતા — વંદન એમને!

રામ — હવે તે સર્વપ્રકારે તારી સંતતિની સેવામાં રહેશે.

સીતા — મારી ઉપર અનુગ્રહ થયો.

લક્ષ્મણ — આ મિથિલાવૃત્તાન્ત.

સીતા — અહો! ફૂટતા નીલકમલ જેવી શ્યામલ, સુંવાળી, કોમળ અને માંસલ દેહકાન્તિવાળા, વિસ્મયથી નિશ્ચલ થયેલા પિતાજી જેની સૌમ્યસુંદર શોભા નિહાળી રહ્યા છે એવા,

---

પાઠ વધારે બંધબેસતો છે. લક્ષ્મણ 'ઊંચેજીવ થયેલી દેવીને વિનોદ' કરાવવાનો પ્રસ્તાવ લાવ્યો છે, ત્યાં એ સીતાના કલેશ પામેલા જીવનું અનુરંજન કરવાને બદલે અશુભ બોલી બેસે છે, સુરભિભર્યું કુસુમ લતા (પિતૃગૃહ)થી વિખૂટું રસ્તા પર પડયું છે તેને ઉઠાવીને માથે મૂકવાને બદલે પગથી છૂંદવા જેવું કરે છે. 'એણે કહ્યું અશુભ'ને બદલે 'ભાખ્યું અમે અશુભ' કહી લક્ષ્મણના દોષમાં રામ પોતાનો જ દોષ જુએ છે, શિષ્યના દોષમાં ગુરુ પોતાનો જુએ તેમ. ઉપરાંત, આ પ્રસંગમાં રામનો દોષ છે પણ ખરો, લંકામાં પોતે કઠોરવચન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीरनादरखण्डितशंकरशरासनः शिखण्डमुग्धमुखमण्डल आर्य-पुत्र आलिखितः ।]

लक्ष्मणः — आर्ये, पश्य पश्य ।

संबन्धिनो वसिष्ठादीनेष तातस्तवार्चति ।
गौतमश्च शतानन्दो जनकानां पुरोहितः ॥ १६ ॥

रामः — सुश्लिष्टमेतत् ।

जनकानां रघूणां च संबन्धः कस्य न प्रियः ।
यत्र दाता ग्रहीता च स्वयं कुशिकनन्दनः ॥ १७ ॥

सीता — एदे क्खु तक्कालकिदगोदाणमङ्गला चत्तारो भादरो विआहदिक्खिदा तुम्हे । अम्मो जाणामि, तस्सिं जेव्व पदेसे तस्सिं जेव्व काले वत्तामि । [एते खलु तत्कालकृतगोदान-मङ्गलाश्चत्वारो भ्रातरो विवाहदीक्षिता यूयम् । अहो जानामि, तस्मिन्नेव प्रदेशे तस्मिन्नेव काले वर्ते ।]

કહેલાં તેના જ આ પડઘા પડયાં કરે છે. ઉપર 'પ્રવાદ'ને ઠેકાણે 'પ્રણામ' પાઠ પણ કાંઈક વેવલાઈનો સૂચક નીવડે. કુલધનો અને જનસમુદાય વચ્ચેના કષ્ટદાયક સંબંધના ઉલ્લેખથી પણ રામના ચારિત્ર્યને હીણપ લાગે. રામ યોગ્ય વસ્તુને કષ્ટદાયક ગણે એવા નથી. છતાં 'રે! લોકને કુલધને રીઝવી જ રહેવા!' એ પાઠ અર્થસમૃદ્ધ હોઈ વિચારવા જેવો રહેશે જ. એમાં કાલિદાસના યશોધનાનાં હિ યશો ગરીયઃ (રઘુવંશ ૧૪–૩૫) નો સુંદર પડઘો પણ જોઈ શકાશે. વીરરાઘવના પાઠમાં એક જ પંક્તિમાં બે વાર 'જન' શબ્દ આવે છે એ સુભગ નથી, જો કે એ પાઠથી પંક્તિમાં જનનો અનુપ્રાસ આવે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનાદરપૂર્વક શંકરનું શરાસન તોડી નાંખનાર, શિખાને લીધે મુગ્ધ મુખમંડલવાળા, આર્યપુત્ર ચીતરેલા છે.

લક્ષ્મણ — આર્યા, જુઓ, જુઓ!

વસિષ્ઠાદિ સગાંઓને તમારા તાત અર્ચતા,
ને ગૌતમ શતાનંદ જનકોના પુરોહિત. ૧૬

રામ — બરોબર બંધબેસતું છે એ.

જનકો ને રઘુઓનો કોને સંબંધ ન પ્રિય,
જ્યાં લેનાર તથા દાતા સ્વયં કુશિકનંદન? ૧૭

સીતા — પેલા રહ્યા, હમણાં જ જેમનું ગોદાનમંગલ થયું છે તેવા, વિવાહદીક્ષા પામેલા, તમે ચારે ભાઈઓ. અહો! જાણે તે જ ઠેકાણે અને તે જ સમયે હોઉં એમ લાગે છે.

. . . સીતા બધું સાંભળ્યું ન-સાંભળ્યું કરે છે. પરિક્રમણ-આમતેમ થોડાં ડગલાં ફરવું. રહસ્યયુક્ત જૃંભકાસ્ત્રો-મંત્રથી જેને બોલાવી શકાય એવાં સામા પક્ષને નિદ્રામાં નાખી દેતાં — જડ બનાવતાં, અસ્ત્ર. તેમની સંખ્યા ૧૦૦ હતી. તે દિવ્ય અસ્ત્રો માનવી ભાષામાં બોલતાં એમ ૭મા અંકથી સમજાય છે. 'સંતતિની સેવામાં રહેશે' — આ આશીર્વાદ ૬ઠ્ઠા અને ૭મા અંકમાં ફળે છે. અહીં સંતતિ શબ્દથી બાલક કે બાલિકા અને તે એક કે બે-એ પ્રશ્નો ટાળ્યા છે. ૧૬ ગોતમ-અહલ્યાના પુત્ર શતાનંદ વિદેહ દેશના જનક રાજાઓના પુરોહિત હતા. ૧૭ કુશિકનંદન-વિશ્વામિત્ર — એમના હાથ તળે રામલક્ષ્મણ હતા એટલે કન્યાઓને સ્વીકારનાર પોતે હતા, અને જનક સાથેના એમના સંબંધથી કન્યાદાન કરનાર પણ પોતે જ હતા. . . . ક્ષત્રિય બ્રહ્મચારીઓ જે પાંચ લટો રાખતા તેને લગ્ન વખતે કાપવામાં આવતી. ગાયોનું દાન પણ એ વખતે થતું. ૧૮ (છંદ મંજુભાષિણી.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रामः —

समयः स वर्तत इवैष यत्र मां
समनन्दयत्सुमुखि गौतमार्पितः ।
अयमागृहीतकमनीयकङ्कण-
स्तव मूर्तिमानिव महोत्सवः करः ॥ १८ ॥

लक्ष्मणः — इयमार्या । इयमप्यार्या माण्डवी । इयमपि वधूः श्रुतकीर्तिः ।

सीता — वच्छ, इअं वि अवरा का ? [वत्स, इयमप्यपरा का ?]

लक्ष्मणः — (सलज्जास्मितम्, अपवार्य) अये ! ऊर्मिलां पृच्छ-त्यार्या । भवतु । अन्यतः संचारयामि । (प्रकाशम्) आर्ये, दृश्यतां द्रष्टव्यमेतत् । अयं च भगवान् भार्गवः ।

सीता — (ससंभ्रमम्) कम्पिदम्हि । [कम्पितास्मि ।]

रामः — ऋषे, नमस्ते !

लक्ष्मणः — आर्ये, पश्य । अयमसावार्येण . . . (इत्यर्धोक्ते)

रामः — (साक्षेपम्) अयि, बहुतरं द्रष्टव्यम् । अन्यतो दर्शय ।

सीता — (सस्नेहबहुमानं निर्वर्ण्य) सुठ्ठु सोहसि अज्जउत्त, एदिणा विणअमाहप्पेण । [सुष्ठु शोभस आर्यपुत्र, एतेन विनयमाहात्म्येन ।]

लक्ष्मणः — एते वयमयोध्यां प्राप्ताः ।

જવ નંદતો — જ્યારે આનંદ આપતો . . . રામ અને ભરત મોટા ભાઈ સીતા અને માણ્ડવી 'આર્યા'ઓ છે, જ્યારે નાના ભાઈ શત્રુઘ્નની પત્ની 'વધૂ' છે. સીતા ઊર્મિલા વિષે પૂછીને દિયરને ચીડવી લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ —

સુમુખી, અહો સમય તે જ હોય ના !
જવ નંદતો સુખદ ગૌતમે દીધો
તુજ તે, સુહંત કમનીય કંકણે,
કર, મૂર્તિમાન જયમ કો મહોત્સવ ! ૧૮

લક્ષ્મણ — આ આર્યા. આ વળી આર્યા માણ્ડવી. અને આ વધૂ શ્રુતકીર્તિ.

સીતા — વત્સ, પણ આ બીજી કોણ ?

લક્ષ્મણ — (લજ્જાસ્મિતપૂર્વક આડું જોઈને) અરે, આર્યા ઊર્મિલા વિષે પૂછે છે. બીજે વાળું. (મોટેથી) આર્યા, જુઓ, આ જોવા જેવું છે. આ ભગવાન ભાર્ગવ.

સીતા — (ગભરાટથી) હું તો કાંપી ઊઠી !

રામ — ઋષિ, નમસ્તે !

લક્ષ્મણ — આર્યા, જુઓ. આ એમને આર્યે . . . (એમ અરધા બોલે)

રામ — (લઈ નાખતા) અરે, ઘણુંયે જોવાનું છે ! બીજે બતાવ.

સીતા — (સ્નેહ અને બહુમાન સાથે નિહાળી) આવા વિનય-માહાત્મ્યથી સારી પેઠે શોભો છો, આર્યપુત્ર.

લક્ષ્મણ — આ આપણે અયોધ્યા પહોંચ્યાં.

મરમાળા હાસ્યનો આ પ્રસંગ એ બતાવી આપે છે કે ૧૩મા–૧૪મા શ્લોકનું વાતાવરણ કેટલું દૂર રહી ગયું. સીતા જ હસાવે છે, અને તે લક્ષ્મણને નિમિત્તે, એ દર્શાવે છે કે પેલું વાતાવરણ એને સ્પર્શ્યું જ નથી. લક્ષ્મણ ઉપર, એણે કરેલા અગ્નિશુદ્ધિના ઉલ્લેખથી, ઓછું લાવવાની તો પછી વાત જ ક્યાં ? વિનય – લક્ષ્મણ ઊર્મિલાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रामः — (सास्रम्) स्मरामि हन्त स्मरामि !

जीवत्सु तातपादेषु नूतने दारसंग्रहे ।
मातृभिश्चिन्त्यमानानां ते हि नो दिवसा गताः ॥ १९ ॥

इयमपि तदा जानकी

प्रतनुविरलैः प्रान्तोन्मीलन्मनोहरकुन्तलै-
र्दशनमुकुलैर्मुग्धालोकं शिशुर्दधती मुखम् ।
ललितललितैर्ज्योत्स्नाप्रायैरकृत्रिमविभ्रमै-
रकृत मधुरैरम्बानां मे कुतूहलमङ्गकैः ॥ २० ॥

लक्ष्मणः — एषा मन्थरा ।

रामः — (अनुत्तरमन्यतो दर्शयन्) देवि वैदेहि,

इङ्गुदीपादपः सोऽयं शृङ्गवेरपुरे पुरा ।
निषादपतिना यत्र स्निग्धेनासीत्समागमः ॥ २१ ॥

लक्ष्मणः — (विहस्य, स्वगतम्) अये मध्यमाम्बावृत्तमन्तरितमार्येण !

सीता — अम्हो, एसो जडासञ्जमणवुत्तन्तो ! [अहो, एष जटासंयमनवृत्तान्तः !]

लक्ष्मणः —

पुत्रसंक्रान्तलक्ष्मीकैर्यद्वृद्धेक्ष्वाकुभिर्धृतम् ।
धृतं बाल्ये तदार्येण पुण्यमारण्यकव्रतम् ॥ २२ ॥

વાતમાંથી બીજે વાળવા જતાં સુયોગ્ય પસંદગી વગર જ ગમે તે ચિત્ર બતાવી બેઠો, કહો કે રુદ્રરૂપ પરશુરામનું ચિત્ર ઊડીને આંખે વળગે એવું હશે એટલે એનો નિર્દેશ કર્યો. રામે તરત જ ઋષિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ — (આંસુ સાથે) સાંભરે છે! હા! મને સાંભરે છે!

પિતાજી જીવતા'તા; સૌ પરણેલા નવા નવા;
લેતી સંભાળ માતાઓ;–દિનો તે આપણા ગયા. ૧૯

ત્યારે આ જાનકી પણ

ઊડતી લમણે આછી ઝીણી લટો રમણીય ને
દશનકળીથી મીઠું સ્હોતું શિશુમુખ ધારતી,
લલિતમધુરા જ્યોત્સ્ના જેવા અકૃત્રિમ શ્રીભર્યા
નિજ અવયવે માતાઓને કુતૂહલ અર્પતી. ૨૦

લક્ષ્મણ — આ મન્થરા!

રામ — (ઉત્તર દીધા વિના બીજું બતાવતા) દેવી વૈદેહી,

તે જ આ ઇંગુદી વૃક્ષ, શૃંગવેરપુરે પુરા
સ્નેહી નિષાદપતિશું થયેલો જ્યાં સમાગમ. ૨૧

લક્ષ્મણ — (હસીને, સ્વગત) અહો, વચલી માતાનો વૃત્તાન્ત આર્ય વટાવી ગયા!

સીતા — અહો, આ જટા બાંધવાનો વૃત્તાન્ત!

લક્ષ્મણ —

પુત્રને સોંપીને લક્ષ્મી ધારતા વૃદ્ધ રાઘવો,
આર્યે તે બાલ્યમાં ધાર્યું પુણ્ય આરણ્યકવ્રત. ૨૨

વંદન કર્યું, તે નમ્રતા લક્ષ્મણના ધ્યાનમાં ન આવી. એ તો કંપી ઊઠેલી સીતાને રીઝવવા, પરશુરામને રામે હરાવ્યા, એ ચિત્ર બતાવવા ગયો. રામે તરત જ એની ઝાટકણી કાઢી. ગમે તેમ પણ પરશુરામ મોટા હતા, ઋષિ હતા. આ 'વિનય' સીતાને ગમી જાય છે. ઉપરાંત, એ રુદ્રરૂપ ઋષિના ચિત્રને છોડીને બીજાં ચિત્રો બતાવવા કરેલી આજ્ઞામાં રહેલો વિનય પણ. ૨૦ ૧૯મા શ્લોકના શોકને કરુણપોષક હરિણીછંદથી ૨૦માં પોષણ મળે છે. ૨૧ મન્થરાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — एसा पसण्णपुण्णसलिला भअवदी भाईरही । [एषा प्रसन्नपुण्यसलिला भगवती भागीरथी ।]

रामः — रघुकुलदेवते, नमस्ते !

तुरगविचयव्यग्रानुर्वीभिदः सगराध्वरे
कपिलमहसामर्षात्सुष्टान्पितुश्च पितामहान् ।
अगणिततनूतापं तत्वा तपांसि भगीरथो
भगवति तव स्पृष्टानद्भिश्चिरादुददीधरत् ॥ २३ ॥

सा त्वमम्ब, स्नुषायामरुन्धतीव सीतायां शिवानुध्यानपरा भव।

लक्ष्मणः — एष भरद्वाजावेदितश्चित्रकूटयायिनि वर्त्मनि वनस्पतिः कालिन्दीतटे वटः श्यामो नाम ।

[रामः सस्पृहमवलोकयति ।]

सीता — सुमरदि वा तं पदेसं अज्जउत्तो ? [स्मरति वा तं प्रदेशमार्यपुत्रः ?]

रामः — अयि, कथं विस्मर्यते ?

अलसलुलितमुग्धान्यध्वसंजातखेदा-
दशिथिलपरिरम्भैर्दत्तसंवाहनानि ।
परिमृदितमृणालीदुर्बलान्यङ्गकानि
त्वमुरसि मम कृत्वा यत्र निद्रामवाप्ता ॥ २४ ॥

लक्ष्मणः — एष विन्ध्याटवीमुखे विराधसंरोधः ।

વૃત્તાન્ત રામ જવા દે છે અને નિષાદોના રાજા ગૂહ સાથે મિલન થયેલું એ મિત્રકાર્ય તરફ ધ્યાન ખેંચે છે. ૨૨ સીતાની દૃષ્ટિ ભાગીરથી તરફ જાય છે એ જોતાં થોડી વાર પછી ગંગામાં નહાવા જવાનો એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — આ પ્રસન્ન અને પુણ્યજળવાળાં ભગવતી ભાગીરથી.

રામ — રઘુકુલદેવતા, નમસ્તે !

સગરનૃપના યજ્ઞે ઘોડો ધરા ખણી શોધતાં,
કપિલતપના તેજે રોષે બળ્યા પ્રપિતામહો;
ન ગણી તનના તાપો કાંઈ તપોથી ભગીરથે,
ભગવતિ, કંઈ કાળે તાર્યા ભીંજ્યા તુજ છોળથી. ૨૩

એવી તું હે મા ! અરુન્ધતીની જેમ પુત્રવધૂ સીતાના કલ્યાણની કાળજી રાખતી રહેજે !

લક્ષ્મણ — આ, ભરદ્વાજે બતાવેલો, ચિત્રકૂટ જતા માર્ગ પર કાલિન્દીતટ ઉપરનો વૃક્ષરાજ શ્યામ નામનો વડ.

[રામ સ્પૃહાથી નિહાળે છે.]

સીતા — આર્યપુત્રને તે પ્રદેશ સાંભરે છે કે ?

રામ — અરે, શી રીતે વીસરાય ?

પથ થકી અકડાયાં, થાકીને લોથપોથ,
મૃદુ, વળી દૃઢ ભેટ્યે અંગ ચંપાયલાં જે,
અતિ મસળી મૃણાલીની સમાં દૂબળાં તે
મુજ ઉર પર નાખી જ્યાં તું ઊંઘી ગયેલી. ૨૪

લક્ષ્મણ — આ, વિન્ધ્યવનમાં પ્રવેશતાં આપણને વિરાધ અટકાવે છે એ.

દોહદ થાય છે એ સમજી શકાય એવું છે. ૨૩ રામની પ્રાર્થના ફળે છે. "આ શ્લોક શોકપૂર્ણ હરિણીવૃત્તમાં છે. જાણે કે આગળથી જ ભાવી સંકટની છાપ રામના મન પર તેમને ન સમજાય એ રીતે પડી હોય એમ કવિએ દર્શાવ્યું છે. નહિ તો માત્ર વંદના માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — अलं दाव एदिणा । पेक्खामि दाव अज्जउत्तसहत्त-धरिदतालवुन्तादवत्तं अत्तणो दक्खिणारण्णपहिअत्तणं । [अलं तावदेतेन । पश्यामि तावदार्यपुत्रस्वहस्तधृततालवृन्तातपत्र-मात्मनो दक्षिणारण्यपथिकत्वम् ।]

रामः —

एतानि तानि गिरिनिर्झरिणीतटेषु
वैखानसाश्रिततरूणि तपोवनानि ।
येष्वातिथेयपरमा शमिनो भजन्ते
नीवारमुष्टिपचना गृहिणो गृहाणि ॥ २५ ॥

लक्ष्मणः — अयमविरलानोकहनिवहनिरन्तरस्निग्धनीलपरिसरा-रण्यपरिणद्धगोदावरीमुखकन्दरः संततमभिष्यन्दमानमेघमेदुरि-तनीलिमा जनस्थानमध्यगो गिरिः प्रस्रवणो नाम ।

रामः —

स्मरसि सुतनु तस्मिन्पर्वते लक्ष्मणेन
प्रतिविहितसपर्यासुस्थयोस्तान्यहानि ।
स्मरसि सरसतीरां तत्र गोदावरीं वा
स्मरसि च तदुपान्तेष्वावयोर्वर्तनानि ॥ २६ ॥

હરિણીવૃત્તની જગ્યાએ ન હતી." (ડૉ. બેલવલકર.) २४ વિરાધ – રાક્ષસ . . . પથિકદશાનું ચિત્ર સીતા પૂરી રસિકતા અને કૃતાર્થતા-પૂર્વક જુએ છે. २५ મુનિઓ શમથી (યમિનો પાઠ લેતાં સંયમથી) ગૃહસ્થજીવન જીવતા. ગૃહસ્થો હોઈ અતિથિસેવાનો ધર્મ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — રહેવા દો એને ! હું તો આર્યપુત્રે પોતાને હાથે તડકો નિવારવા માટે તાડપત્રનું છત્ર ધરી રાખેલું છે એવી દક્ષિણારણ્યની મારી પથિકદશા જોઉં છું.

રામ —

આ તે જ તીર ગિરિનિર્ઝરિણી તણા, જ્યાં
વૃક્ષો તળે મુનિનિવાસ તપોવનોમાં;
આતિથ્યસેવી જહીં મૂકી પકાવી સામો,
સેવી રહ્યા શમભર્યા ગૃહને ગૃહસ્થો. ૨૫

લક્ષ્મણ — ઘીચ ઝાડીને લઈને ખૂબ ઘાડા નીલરંગી લાગતા સીમાડાઓવાળાં અરણ્યોથી જકડાયેલી ગોદાવરીને લીધે ગાજતી કંદરાઓવાળો અને સારો વખત ઝર્યાં કરતા મેઘથી ગાઢ બનેલી નીલિમા વાળો, આ જનસ્થાનની મધ્યમાં આવેલો, ગિરિ પ્રસ્રવણ.

રામ —

સુતનુ ! દિન સ્મરે છે તે, રહ્યાં'તાં નિરાંતે,
કરી હતી જવ સેવા લક્ષ્મણે પર્વતે તે ?
સ્મરતી સરસ તીરે સ્હોતી ગોદાવરીને ?
સ્મરતી તું વળી તેની પાસ ઘૂમ્યાં કંઈ તે ? ૨૬

બજાવતા. ૨૬ જવ — જ્યારે. ૨૭ ઉભયભુજ — બંનેનો એક એક હાથ. કથા છે કે કવિ ભવભૂતિ ઉત્તરરામચરિત લખીને કવિ કાલિદાસને વંચાવવા ગયા. કાલિદાસ ચોપાટ રમતા હતા. બીજી બાજુ એ નાટક સાંભળતા ગયા. સાંભળી રહીને એમણે એક જ સુધારો સૂચવ્યો : रात्रिरेवं व्यरंसीत् (રાત્રિ એ રીત વીતી) છે તેમાંથી અનુસ્વાર દૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अपि च

किमपि किमपि मन्दं मन्दमासत्तियोगा-
दविरलितकपोलं जल्पतोरक्रमेण ।
अशिथिलपरिरम्भव्यापृतैकैकदोष्णो-
रविदितगतयामा रात्रिरेव व्यरंसीत् ॥ २७ ॥

लक्ष्मण: — एषा पञ्चवट्यां शूर्पणखा ।

सीता — हा अज्जउत्त, एत्तिअं दे दंसणं ! [हा आर्यपुत्र, एतावत्ते दर्शनम् !]

राम: — अयि विप्रयोगत्रस्ते, चित्रमेतत् ।

सीता — जहा तहा होदु । दुज्जणो असुहं उप्पादेइ । [यथा तथा भवतु । दुर्जनोऽसुखमुत्पादयति ।]

राम: — हन्त ! वर्तमान इव मे जनस्थानवृत्तान्त: प्रतिभाति ।

लक्ष्मण: —

अथेदं रक्षोभि: कनकहरिणच्छद्मविधिना
तथा वृत्तं पापैर्व्यथयति यथा क्षालितमपि ।
जनस्थाने शून्ये विकलकरणैरार्यचरितै-
रपि ग्रावा रोदित्यपि दलति वज्रस्य हृदयम् ॥ २८ ॥

કરી रात्रिरेव व्यरंसीत् ('રાત્રિ પોતે જ વીતી') એમ કરવું. કથા તો કલ્પિત જ છે. શ્રી. બેલવલકર ઈ. સ. ૧૧૯૬ની નેપાળમાંની પ્રતમાં મળેલા અનુસ્વારવાળા एवं પાઠને મૂળ ગણે છે. ચમત્કૃતિ एवमां છે. . . . 'અહીં સુધી જ૦' – વચ્ચે થોડી ક્ષણો સુખની વાતોની જાય છે ત્યાં તરત જ કવિ શોકપ્રસંગો મૂકે છે. સુખક્ષણોને લીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વળી

કંઈક કંઈક ધીરું ધીરું સામીપ્યયોગે
ક્રમ વિણ લવતાં દૈને કપોલે કપોલ,
ઉભયભુજ વીંટાયો ગાઢ આલિંગને, ત્યાં
પ્રહર ગત ન જાણ્યા, રાત્રિ પોતે જ વ્હે ગૈ. ૨૭

લક્ષ્મણ—આ પંચવટીમાં શૂર્પણખા !

સીતા—હા આર્યપુત્ર ! અહીં સુધી જ તમારું દર્શન !

રામ—અરે વિયોગથી ત્રાસેલી, આ તો ચિત્ર છે.

સીતા—ગમે તેમ હો, પણ દુર્જન અસુખ ઉપજાવે છે.

રામ—અહો ! જનસ્થાનનો વૃત્તાન્ત હમણાં બની રહ્યો હોય એવો મને ભાસે છે.

લક્ષ્મણ—

પછી આ દૈત્યોએ કનકમૃગ કેરા કપટથી
કર્યું દુષ્ટોએ જે, વ્યથિત કરતું, ધોયું તદપિ.
જનસ્થાને શન્યે વિકલ બની આર્યે કર્યું જ જે,
રુએ એથી તો પથ્થર પણ, તૂટે વજ્રહૃદય. ૨૮

ઊલટા એ વધારે ઘેરા બને છે. ભાવિ વિયોગનું અહીં બહુ સ્વાભાવિકપણે સૂચન મૂક્યું છે. ૨૮ ધોયું—સાફ કર્યું, પુરુષાર્થ વડે. આ કરુણરસપ્રધાન નાટ્યરચનાની જે અસર થાય છે તેનો ખ્યાલ આપવા માટે વિદ્વાનોએ ચોથી પંક્તિનો ઉપયોગ કર્યો છે. ભવભૂતિએ પથ્થરને પણ રડાવ્યા છે !—એ જાતનાં વાક્યોમાં. ગોવર્ધનાચાર્ય કહે છે: भवभूतेः सम्बन्धाद्भूधरभूरेव भारती भाति । एतत्कृतकारुण्ये किमन्यथा रोदिति ग्रावा ॥—ભવભૂતિના સંબંધથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — (सास्रमात्मगतम्) अम्मो, दिणअरकुलाणंदणो एव्वं मम कारणादो किलन्तो आसि। [अहो, दिनकरकुलानन्दन एवं मम कारणात्क्लान्त आसीत्।]

लक्ष्मणः — (रामं निर्वर्ण्य, साकूतम्) आर्य, किमेतत्?

अयं ते बाष्पौघस्त्रुटित इव मुक्तामणिसरो
विसर्पन्धाराभिर्लुठति धरणीं जर्जरकणः।
निरुद्धोऽप्यावेगः स्फुरदधरनासापुटतया
परेषामुन्नेयो भवति च भराध्मातहृदयः॥ २९॥

रामः — वत्स,

तत्कालप्रियजनविप्रयोगजन्मा
तीव्रोऽपि प्रतिकृतिवाञ्छया विसोढः।
दुःखाग्निर्मनसि पुनर्विपच्यमानो
हृन्मर्मव्रण इव वेदनां करोति॥ ३०॥

सीता — हद्धी हद्धी! अहं वि अदिभूमिं गदेण रणरणएण अज्ज-उत्तसुण्णं विअ अत्ताणं पेक्खामि। [हा धिक् हा धिक्! अहमप्यतिभूमिं गतेन रणरणकेनार्यपुत्रशून्यमिवात्मानं पश्यामि।]

સરસ્વતી પાર્વતી–પર્વતકન્યા હોય એમ લાગે છે! નહિ તો એના કરુણરસને લીધે પથ્થરો શી રીતે રડવા માંડે? ૨૯ ફૂમો રૂંધાયેલો છે એથી હૈયું ભરાયું છે–ફૂલ્યું છે. એને લીધે અને હોઠ અને નાકનાં નસકોરાં ફરકવાથી અંદરના લાગણીવેગની બીજાઓને ખબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — (આંસુ સાથે, મનમાં) અહો, સૂર્યવંશને આનંદ આપનાર મારે કારણે આવું કષ્ટ પામ્યા !

લક્ષ્મણ — (રામને નિહાળીને, સાભિપ્રાય) આર્ય, આ શું ?

તમારો આ અશ્રુપ્રવહ કણ થૈ ભોંય રસળે
સ્રવી ધારાઓથી, ત્રુટિત જયમ મુક્તામણિસર.
રૂંધ્યો તોયે ડૂમો, અધર વળી નાસાપુટ સ્ફુર્યે,
બીજાઓની આવે સમજમહીં, હૈયું ફૂલવતો. ૨૯

રામ — વત્સ,

તે કાળે પ્રિયજનના વિયોગનો એ
વેઠ્યો, તીવ્ર તદપિ, વૈરવાંછનાથી
દુઃખાગ્નિ; ફરી મનમાં ભભૂકતો તે
પીડે શો ય હૃદયમર્મધા સમાન ! ૩૦

સીતા — અરેરે ! હું પણ અત્યંત વધી ગયેલા ઉદ્વેગને લીધે પોતાને સ્વામીસૂની જોઉં છું.

પડી જાય છે. ૩૦ (પ્રહર્ષિણી છંદ) એ વખતે તો વેર લઈશું એ કામના હતી. હવે અત્યારે વેર લેવાનું છે નહિ – એ તો લેવાઈ ચૂક્યું – અને છતાં એ દુઃખાગ્નિ ભભૂકી ઊઠે છે; એને શી રીતે શમાવવો ? . . . મન્વન્તર = ૩૦૬,૭૨૦,૦૦૦ વરસ. ચાર યુગનો એક મહાયુગ, ૭૧ મહાયુગનો એક મન્વન્તર. પૂજ્ય તાત – જટાયુએ એકવાર દશરથનો જીવ બચાવેલો, ત્યારથી બંને પરમમિત્રો હતા, તેથી તાત. કાશ્યપ – કશ્યપ વંશમાં થયેલા. ૩૧ (પ્રહર્ષિણી છંદ) મદકલ – મદથી ગાતાં. મલ્લિકાક્ષ – નીલ પગ અને ચાંચવાળાં પંખી. મલ્લિકાક્ષ પંખી જેની ઉપર બેઠેલાં તે ધોળાં કમળ મેં આંસુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लक्ष्मणः—(स्वगतम्) भवतु । अन्यतः क्षिपामि । (चित्रं विलोक्य, प्रकाशम्) अथैतन्मन्वन्तरपुराणगृध्रराजस्य तत्रभवतस्तातजटायुषश्चरित्रविक्रमोदाहरणम् ।

सीता—हा ताद, णिव्वूढो दे अवच्चसिणेहो । [हा तात, निर्व्यूढस्तेऽपत्यस्नेहः ।]

रामः—हा तात काश्यप शकुन्तराज, क्व नु खलु पुनस्त्वादृशस्य महतस्तीर्थभूतस्य साधोः संभवः ?

लक्ष्मणः—अयमसौ जनस्थानपश्चिमतश्चित्रकुञ्जवान्नाम दनुकबन्धाधिष्ठितो दण्डकारण्यभागः । तदिदमृष्यमूकपर्वते मतङ्गस्याश्रमपदम् । इयं च श्रमणा नाम सिद्धशबरी । तदेतत्पम्पाभिधानं पद्मसरः . . .

सीता—. . . जत्थ किल अज्जउत्तेण विच्छिण्णामरिसधीरत्तणं पमुक्ककण्ठं रुण्णं आसि । [यत्र किलार्यपुत्रेण विच्छिन्नामर्षधीरत्वं प्रमुक्तकण्ठं रुदितमासीत् ।]

रामः—देवि, परं रमणीयमेतत्सरः ।

एतस्मिन्मदकलमल्लिकाक्षपक्ष-
व्याधूतस्फुरदुरुदण्डपुण्डरीकाः ।
बाष्पाम्भःपरिपतनोद्गमान्तराले
संदृष्टाः कुवलयिनो भुवो विभागाः ॥ ३१ ॥

આવે ને ખરી જાય એ દરમ્યાન જોયાં, તો કેવાં લાગતાં હતાં ? જાણે એ આખો પ્રદેશ નીલકમલથી છવાયેલો ન હોય એવું મને દેખાયું. મલ્લિકાક્ષના નીલ પગ અને ચાંચના રંગને લીધે આંસુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મણ — (સ્વગત) વારુ ! તો બીજે ધ્યાન દોરું. (ચિત્ર જોઈ, મોટેથી) પછી આ, મન્વન્તર જેટલા વૃદ્ધ ગૃધ્રરાજ પૂજ્ય તાત જટાયુના ચારિત્ર્ય અને પરાક્રમનું ચિત્ર છે.

સીતા — હા તાત, તમારો અપત્યસ્નેહ પરાકોટિએ તમે દાખવ્યો.

રામ — હા તાત, કાશ્યપ પક્ષિરાજ, ક્યાંથી હવે ફરી તમારા જેવા મહા તીર્થરૂપ સાધુનો સંભવ ?

લક્ષ્મણ — આ તે, જનસ્થાનની પશ્ચિમે ચિત્રકુંજવાન્ નામે, દણ્ડકારણ્યનો ભાગ, જ્યાં માથા વિનાના દનુ રાક્ષસનો વાસ હતો; આ તે ઋષ્યમૂક પર્વત ઉપરનું મતંગઋષિનું આશ્રમસ્થાન; અને આ શ્રમણા નામની સિદ્ધ શબરી; આ પેલું પંપા નામનું પદ્મસરોવર . . .

સીતા — . . . જ્યાં, કહે છે કે, રોષથી ધૈર્ય તૂટી જતાં, આર્યપુત્રથી મુક્તકંઠે રડી પડાયું હતું.

રામ — દેવી, બહુ રમણીય છે એ સરોવર.

એમાં મેં મદકલ-મલ્લિકાક્ષ-પાંખે
હાલેલાં, સ્ફુરત સુદંડ શ્વેત પદ્મો
જોયાં, નીલકમલના વિભાગ જેવાં,
આવી અશ્રુજળ સ્રવંત તે વચાળે. ૩૧

સારતી આંખને આવો રમણીય ભ્રમ થયો. 'લાંબા સમયથી નિર્વેદ પામેલા જીવલોકનો ઉદ્ધાર કરી' – સીતા લંકામાં છે એ શોધ હનુમાને કરી અને એ રીતે લાંબા સમયથી કંટાળેલા સંસારને રાવણના ત્રાસમાંથી બચાવવામાં — રાવણનો નાશ કરવામાં — કારણભૂત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लक्ष्मण: — अयमार्यो हनूमान् ।

सीता — एसो सो चिरणिव्विण्णजीअलोअपच्चुद्दरणगुरुओवआरी महाभाओ मारुदी । [एष स चिरनिर्विण्णजीवलोकप्रत्युद्धरणगुरूपकारी महाभागो मारुतिः ।]

राम: —

दिष्ट्या सोऽयं महाबाहुरञ्जनानन्दवर्धनः ।
यस्य वीर्येण कृतिनो वयं च भुवनानि च ॥ ३२ ॥

सीता — वच्छ, एसो सो कुसुमिदकअम्बतरुतण्डविअबरहिणो किण्णामहेओ गिरि, जत्थ अणुभावसोहग्गमेत्तपरिसेसधूसरसिरी मुच्छन्तो तुए परुण्णेण अवलम्बिदो तरुअले अज्जउत्तो आलिहिदो । [वत्स, एष स कुसुमितकदम्बतरुताण्डवितबर्हिणः किंनामधेयो गिरिः, यत्रानुभावसौभाग्यमात्रपरिशेषधूसरश्रीर्मूर्छंस्त्वया प्ररुदितेनावलम्बितस्तरुतल आर्यपुत्र आलिखितः ।]

लक्ष्मण: —

सोऽयं शैलः ककुभसुरभिर्माल्यवान्नाम यस्मिन्नीलः स्निग्धः श्रयति शिखरं नूतनस्तोयवाहः ।
आर्येणास्मिन् . . .

થયા. ૩૨ અને ભુવનો ત્રણ — ૭૫૨ જોયું એ રીતે . . . . કાન્તિ ફીકી પડી ગઈ છે, અને તે પણ રામના અતિશય પ્રભાવશાળી વ્યક્તિત્વને લીધે ટકી રહી છે. ૩૩ ક્કુભ એક વૃક્ષ. શ્રી મ. ન. દ્વિવેદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મણ — આ આર્ય હનુમાન.

સીતા — આ તે, લાંબા સમયથી નિર્વેદ પામેલા જીવલોકનો ઉદ્ધાર કરી તેની ઉપર મહાન ઉપકાર કરનાર મહાભાગ મારુતિ.

રામ —

અહો ! તે આ મહાબાહુ અંજનાનંદવર્ધન,
જેના વીર્યે ઉપકૃત હું અને ભુવનો ત્રણ. ૩૨

સીતા — વત્સ, પેલા ગિરિનું શું નામ, — જેનાં કુસુમભર્યાં કદમ્બો ઉપર મયૂરો તાંડવ કરે છે, — અને જ્યાં કેવળ પ્રભાવની અતિશયતારૂપે શેષ રહેલી મલિન કાન્તિવાળા, મૂર્છા પામતા અને રોતાં રોતાં તેં જેમને ટેકો આપ્યો છે એવા આર્યપુત્ર તરુ તળે ચીતરેલા છે ?

લક્ષ્મણ —

તે આ પેલો કકુભ-સુરભિ માલ્યવાન્ શૈલ, જેના
શૃંગે લે આશ્રય સુભગ આવી નવો નીલમેઘ.
આર્યે તેના . . .

અને બેલવલકર વત્સૈતસ્માત્ વિરમ ('ત્યાંથી બાપુ ! વિરમ') એમ રામ બોલે એ રીતનો પાઠ લે છે. પણ આર્યેણાસ્મિન્ – એટલો ટુકડો લક્ષ્મણ બોલે અને એ સુરભિવંત, નીલમેઘથી આલિંગિત, માલ્યવાન્ ગિરિ ઉપર રામે વિરહમાં કેવો વસમો સમય વિતાવ્યો હતો તેનું વર્ણન કરવાં જાય ત્યાં રામ એને વચ્ચેથી વિરમ વિરમ એમ બે વાર કહી રોકે એ વધુ સ્વાભાવિક છે. વત્સૈતસ્માત્થી બોલવું શરૂ કર્યા પછી બે વાર વિરમ કહેવામાં એનું જોર બહુ રહેતું નથી. છેલ્લી પંક્તિ : 'પાછો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रामः—

. . . विरम विरमातःपरं न क्षमोऽस्मि
प्रत्यावृत्तः पुनरिव स मे जानकीविप्रयोगः ॥ ३३ ॥

लक्ष्मणः—अतः परमार्यस्य तत्रभवतां कपिराक्षसानां चापरिसंख्यातान्युत्तरोत्तराणि कर्माश्चर्याणि। परिश्रान्ता चेयमार्या। तद्विज्ञापयामि विश्राम्यतामिति।

सीता—अज्जउत्त, एदिणा चित्तदंसणेण पच्चुप्पण्णदोहलाए मए विण्णावणिज्जं अत्थि। [आर्यपुत्र, एतेन चित्रदर्शनेन प्रत्युत्पन्नदोहदाया मम विज्ञापनीयमस्ति।]

रामः—नन्वाज्ञापय।

सीता—जाणे पुणो वि पसण्णगम्भीरासु वणराइसु विहरिअ पवित्तसोम्मसिसिरावगाहं भअवदिं भाईरहिं अवगाहिस्सं। [जाने पुनरपि प्रसन्नगम्भीरासु वनराजिषु विहृत्य पवित्रसौम्यशिशिरावगाहां भगवतीं भागीरथीं अवगाहिष्ये।]

रामः—वत्स लक्ष्मण।

लक्ष्मणः—एषोऽस्मि।

रामः—वत्स, अचिरादेव संपादनीयो दोहद इति संप्रत्येव गुरुभिः संदिष्टम्। तदस्खलितसुखसंपातं रथमुपस्थापय।

આવ્યો ફરી શું મુજને જાનકીનો વિયોગ?' હનુમાનના દર્શનથી જરીક સુખ–આનંદનો ચમકારો થયો હતો, ત્યાં વિયોગના 'સમ' ઉપર અંકનું સંગીત પાછું આવી ગયું. . . . લક્ષ્મણ રાક્ષસોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ —

. . . વિરમ, સહી એથી વધારે શકું ના.
આવ્યો મારે ફરીથી વળી શું જાનકીનો વિયોગ ? ૩૩

લક્ષ્મણ — અહીંથી આગળ આર્યનાં અને વાનરો તથા રાક્ષસોનાં અગણિત અને એક એકથી ચઢિયાતાં અદ્‌ભુત કૃત્યો (ચીતરેલાં) છે. અને આર્યા તો થાકયાં ! તો વિસામો લો એવી મારી વિનંતી છે.

સીતા — આર્યપુત્ર, આ ચિત્રદર્શનથી દોહદ ઉત્પન્ન થતાં મારે વિનંતી કરવાની છે.

રામ — ભલે, કર આજ્ઞા.

સીતા — મને થાય છે કે જાણે પ્રસન્ન અને ગંભીર વનરાઈઓમાં વિહરી, જેનાં જળઝીલણ પાવનકારી, આનંદદાયક અને શીતળ છે એવાં ભગવતી ભાગીરથીમાં સ્નાન કરું.

રામ — વત્સ લક્ષ્મણ !

લક્ષ્મણ — આ રહ્યો !

રામ — વત્સ, વિના વિલંબે દોહદ પૂરો પાડવો એવો હમણાં જ ગુરુજનોનો સંદેશો આવ્યો છે. તો રસ્તે ઊછળે નહીં એવો સુખરૂપ ગતિવાળો રથ જોડાવી લાવ.

પણ પ્રશંસા કરી શકે છે. રૌદ્રરસનાં ચિત્રો હવે આવવાનાં. કોમળ પ્રકૃતિની સીતા – ખાસ તો અત્યારની સગર્ભાવસ્થામાં – એવાં ચિત્રો ન જુએ એ ઠીક એ પણ લક્ષ્મણે જોયું હશે. પરશુરામને જોઈને સીતાને ફ્રુજરી આવી હતી, તે પછી તાટકા, ખરદૂષણ આદિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — अज्जउत्त, तुम्हेहिं पि तहिं गन्तव्वं। [आर्यपुत्र, युष्माभिरपि तत्र गन्तव्यम्।]

रामः — अयि कठिनहृदये, एतदपि वक्तव्यमेव ?

सीता — तेण हि पिअं मे पिअं मे। [तेन हि प्रियं मे प्रियं मे।]

लक्ष्मणः — यदाज्ञापयत्यार्यः। (इति निष्क्रान्तः।)

रामः — प्रिये, इतो वातायनोपकण्ठे मुहूर्तं संविष्टा भव।

सीता — एव्वं होदु। ओहीरामि क्खु परिस्समजणिदाए णिद्दाए। [एवं भवतु। अपहिये खलु परिश्रमजनितया निद्रया।]

रामः — तेन हि निरन्तरमवलम्बस्व मामनुगमनाय।

जीवयन्निव ससाध्वसश्रम-
स्वेदबिन्दुरधिकण्ठमर्प्यताम्।
बाहुरैन्दवमयूखचुम्बित-
स्यन्दिचन्द्रमणिहारविभ्रमः ॥ ३४ ॥

(तथा कारयन्, सानन्दम्) प्रिये, किमेतत् ?

विनिश्चेतुं शक्यो न सुखमिति वा दुःखमिति वा
प्रमोहो निद्रा वा किमु विषविसर्पः किमु मदः।
तव स्पर्शे स्पर्शे मम हि परिमूढेन्द्रियगणो
विकारश्चैतन्यं भ्रमयति च संमीलयति च ॥ ३५ ॥

વધનાં ચિત્રો પ્રત્યે એણે ધ્યાન ખેંચ્યું જ નથી. જોવાનું છે કે બહુ જણાઈ ન આવે એ રીતે પણ કૌશલપૂર્વક કવિએ 'આવ્યો મારે ફરીથી વળી શું જનકીનો વિયોગ?' એવા રામના ઉદ્ગાર આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — આર્યપુત્ર, તમારે પણ આવવાનું.

રામ — અરે કઠિનહૃદયે, એ પણ કહેવાનું કે?

સીતા — ત્યારે તો મને ગમ્યું, મને ગમ્યું.

લક્ષ્મણ — જેવી આર્યની આજ્ઞા.

[જાય છે.]

રામ — પ્રિયે, અહીં બારી આગળ ઘડીક આરામ કર.

સીતા — ભલે. થાકને લીધે ઊંઘે ય ઘેરાઈ ગઈ છું.

રામ — તો પછી, મને વળગીને ટેકો લઈને ચાલ.

ભીતિ થાક થકી સ્વેદબિંદુડે
સોહતો મૂક ગળે જિવાડતો
બાહુ, ઇન્દુકિરણોથી ચુંબિત
ચંદ્રકાન્તમણિ-હાર શો તવ. ૩૪

(તેમ કરાવીને, આનંદ સાથે) પ્રિયે, આ શું?

શકે થૈ ના નક્કી : સુખ કદી હશે, દુઃખ અથવા,
હશે નિદ્રા, મોહ પ્રબળ, વિષફેલાવ, મદ વા!
તવ સ્પર્શે સ્પર્શે જડ મુજ થયો ઇન્દ્રિયગણ;
વિકારે ચૈતન્ય ભ્રમિત થતું, ઉલ્લાસિત વળી. ૩૫

ચિત્રદર્શનની સમાપ્તિ કરી છે. . . . 'કર આજ્ઞા' — અત્યારની સ્થિતિમાં રામને સીતા બહુ મોંઘી લાગે જ. સીતાની 'વિનંતિ'ને પોતે 'આજ્ઞા' લેખવા તૈયાર છે. . . . 'ગુરુજનોનો સંદેશો' — બિચારાં ગુરુજનો! એમને શી ખબર કે એમના સંદેશનો ઉપયોગ છેવટે સીતાના ત્યાગમાં થશે? કઠિનહૃદયે — પોતે સાથે નહિ આવે એવું સીતાએ માન્યું માટે આ સંબોધન. છતાં પોતે સાથે આવશે જ એવું સ્પષ્ટ વચન રામના મુખમાં કવિએ મૂક્યું નથી, કેમ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — (विहस्य) थिरप्पसादा तुम्हे इदो दाणिं किं अवरं ।
[स्थिरप्रसादा यूयमित इदानीं किमपरम् ?]

रामः —

म्लानस्य जीवकुसुमस्य विकासनानि
संतर्पणानि सकलेन्द्रियमोहनानि ।
एतानि ते सुवचनानि सरोरुहाक्षि
कर्णामृतानि मनसश्च रसायनानि ॥ ३६ ॥

सीता — पिअंवद, एहि । संविसम्ह । [प्रियंवद, एहि संविशावः ।]
[इति शयनाय समन्ततो निरूपयति ।]

रामः — अयि किमन्वेष्टव्यम् ?

आ विवाहसमयाद्गृहे वने
शैशवे तदनु यौवने पुनः ।
स्वापहेतुरनुपाश्रितोऽन्यया
रामबाहुरुपधानमेष ते ॥ ३७ ॥

सीता — (निद्रां नाटयन्ती ।) अत्थि एदं, अज्जउत्त, अत्थि एदं । [अस्त्येतत्, आर्यपुत्र, अस्त्येतत् ।] (इति स्वपिति ।)

रामः — कथं प्रियवचना वक्षसि प्रसुप्तैव ? । (निर्वर्ण्य, सस्नेहम्)

આગળ જે બનવાનું છે એ જોતાં એવું વચન ખોટું પડત, રામ મિથ્યાભાષી ઠરત. રામે પરમ સ્નેહપૂર્વક ઉત્તર આપ્યો છે. પાછળથી પોતે જ કઠિનતા બતાવવાના છે, જે આવા ઉદ્ગારોથી વધુ તીવ્ર બનવાની છે. ૩૪ (છંદ રથોદ્ધતા.) ભાતિ – પરશુરામ, શૂર્પણખા આદિનાં ચિત્રો જોવાથી. ૩૬ ૩૫મા શ્લોકના ઉત્તરરૂપે સીતા પતિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — (હસતી) તમારો પ્રેમ સ્થિર છે. આથી અત્યારે બીજું શું કહેવું?

રામ —

તે મ્લાન જીવ-સુમ-ને વિકસાવનારાં,
સંતર્પકારી વળી ઇંદ્રિયમોહરૂપ,
એ સર્વ જે સુવચનો કમલાક્ષિ! તારાં,
કર્ણામૃતો, મન તણાં ય રસાયણો શાં! ૩૬

સીતા — પ્રિયંવદ, આવો આરામ કરીએ.

[સૂવા માટે ચોતરફ જુએ છે.]

રામ — અરે, શું ખોળે છે?

લગ્નના સમયથી ગૃહેવને,
શૈશવે, પછીથી યૌવને ફરી,
નીંદ અર્પત, ન અન્ય જ્યાં ઢળી,
રામબાહુ તુજ તે ઉશીકું આ. ૩૭

સીતા — (નિદ્રાનો અભિનય કરતી) એમ જ છે, આર્યપુત્ર, એમ જ છે.

[ઊંઘી જાય છે.]

રામ — શું પ્રિયંવદા મારી છાતી પર ઊંઘી પણ ગઈ! (નિહાળીને, સ્નેહપૂર્વક)

એકધારા સ્થિર દૃઢ પ્રેમનો માત્ર ઉલ્લેખ કરે છે. એને એથી વિશેષ કાંઈ કહેવાની જરૂર પણ નથી. એ શબ્દો રામને કર્ણામૃત થઈ પડે છે. સુમ–પુષ્પ. ૩૭ (છંદ રથોદ્ધતા.) ૩૮ 'ન શું એનું પ્રેયસ્?' —સીતાને લગતી આ બધી વાતો રામને મન પ્રેય–કોટિની છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इयं गेहे लक्ष्मीरियममृतवर्तिर्नयनयो-
रसावस्याः स्पर्शो वपुषि बहुलश्चन्दनरसः ।
अयं कण्ठे बाहुः शिशिरमसृणो मौक्तिकसरः
किमस्या न प्रेयो यदि परमसह्यस्तु विरहः ॥ ३८ ॥

[प्रविश्य]

प्रतीहारी — देव, उवट्ठिदो । [देव, उपस्थितः ।]

रामः — अयि, कः ?

प्रतीहारी — आसण्णपरिचारओ दुम्मुहो देवस्स । [आसन्नपरिचारको दुर्मुखो देवस्य ।]

रामः — (स्वगतम्) शुद्धान्तचारी दुर्मुखः, स मया पौरजानपदेष्वपसर्पः प्रयुक्तः । (प्रकाशम्) आगच्छतु ।

[प्रतीहारी निष्क्रान्ता ।]

[प्रविश्य]

दुर्मुखः — (स्वगतम्) हा ! कहं दाणिं देवीं अन्तरेण ईरिसं अचिन्तणिज्जं जणाववादं देवस्स कहइस्सं ? । अहवा णिओओ क्खु मह एरिसो मंदभाअस्स एसो ! [हा ! कथमिदानीं देवीमन्तरेणेदृशमचिन्तनीयं जनापवादं देवस्य कथयिष्यामि ? अथवा नियोगः खलु ममेदृशो मन्दभागस्यैषः !]

શ્રેય-કોટિની નથી. કાલિદાસ પણ રઘુવંશમાં ગીતાનો 'ઇન્દ્રિયાર્થ' શબ્દ વાપરીને કહે છે કે 'પોતાના દેહથી પ્રજાનું અનુરંજન કરવું જોઈએ – ઇન્દ્રિયાર્થથી કરવું એમાં તો પ્રશ્ન જ શો ?' પત્ની પ્રત્યેની પતિની દૃષ્ટિમાં (કે પતિ પ્રત્યેની પત્નીની દૃષ્ટિમાં) એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહે આ લક્ષ્મી, ને અમૃતસળી છે એ નયનની,
શરીરે સ્પર્શી શા રસભર, શકે ચંદન રસ !
ગળે બાહુ આ તે શિશિરમૃદુ મુક્તાસર સમો !
ન શું એનું પ્રેયસ્? અસહ પણ તે માત્ર વિરહ. ૩૮

[પ્રવેશીને]

પ્રતીહારી — આવી પહોંચ્યો છે, દેવ !

રામ — અરે, કોણ ?

પ્રતીહારી — દેવનો સદા સમીપ રહેનારો પરિચારક દુર્મુખ.

રામ — (સ્વગત) અંતઃપુરમાં મૂકેલા દુર્મુખને મેં નગરજનો અને જનપદનિવાસીઓમાં ગુપ્તચર તરીકે પ્રયોજ્યો હતો. (મોટેથી) આવવા દો.

[પ્રતીહારી જાય છે.]

[પ્રવેશીને]

દુર્મુખ — (સ્વગત) હાય ! હવે, દેવી વિષે મનમાં પણ ન આવી શકે એવું લોકોમાં ગવાતું આળ કેમ કરીને મહારાજને હું કહીશ ? અથવા ખરે જ મારે મંદભાગીએ આવાં જ કામ ઉઠાવવાનાં છે !

'ઇન્દ્રિયાર્થ' તરીકે જોવાનું પણ સમાયેલું છે જ. એ અંશ જતાં પણ પરસ્પરને માટે તેઓનું ઘણું બધું – કદાચ વધારે સમૃદ્ધ — વ્યક્તિત્વ શેષ રહે છે. એટલે પેલા અંશનો સમષ્ટિહિત અર્થે ત્યાગ કરવાનો આવે તો એ કરવા જેવો ગણાય, એવો કાલિદાસ કવિનો અભિપ્રાય લાગે છે. પ્રેયોદૃષ્ટિને લીધે જ એના પડછાયારૂપ વિરહ અસહ્ય લાગે છે. . . . રામની ઉક્તિનો છેલ્લો શબ્દ 'વિરહ' 'આવી પહોંચ્યો છે' એવા પ્રતીહારીના શબ્દો સાથે જોડાઈ જતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — (उत्स्वप्नायते) अज्जउत्त, सोम्म, कहिं सि ?
[आर्यपुत्र, सौम्य, कुत्रासि ?]

रामः — अये सैवेयं रणरणकदायिनी चित्रदर्शनाद्विरहभावना देव्याः स्वप्नोद्वेगं करोति । (सस्नेहमङ्गमस्याः परामृशन्)

अद्वैतं सुखदुःखयोरनुगुणं सर्वास्ववस्थासु य-
द्विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रसः ।
कालेनावरणात्ययात्परिणते यत्स्नेहसारे स्थितं
भद्रं तस्य सुमानुषस्य कथमप्येकं हि तत्प्राप्यते ॥ ३९ ॥

दुर्मुखः — (उपसृत्य) जेदु देवो ! [जयतु देवः !]

रामः — ब्रूहि यदुपलब्धम् ।

दुर्मुखः — उवत्थुवन्ति देवं पौरजाणवदा विसुमराविदा अम्हे महाराअदसरहस्स रामदेवेणेत्ति । [उपस्तुवन्ति देवं पौरजानपदा विस्मारिता वयं महाराजदशरथस्य रामदेवेनेति ।]

रामः — अर्थवाद एवैषः । दोषं तु मे कंचित्कथय येन स प्रतिविधीयते ।

दुर्मुखः — (सास्रम्) सुणादु महाराओ । [शृणोतु महाराजः ।]
(कर्णे — एवमेवम् ।)

પ્રેક્ષક(તેમ જ વાચક)વર્ગ આગળ એકાએક સાક્ષાત્ વિરહ મૂર્તિમાન્ થઈને પ્રવેશતો હોય એવું ચિત્ર ઉપસી આવે છે. આવી રચનાને 'પતાકાસ્થાનક' કહે છે. . . . દુર્મુખ – રામાયણમાં જાસૂસનું નામ ભદ્ર છે. કાંઈક એ પણ દોષિત હોય એવું સૂચવતા નામને ભવભૂતિએ શા માટે પસંદ કર્યું હશે એ સમજાતું નથી. રંગભૂમિ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — (ઊંઘમાં લવે છે) આર્યપુત્ર, સૌમ્ય, ક્યાં છો ?

રામ — અરે ! એ જ આ, ચિત્રદર્શનને કારણે નીપજેલી, વિક્ષોભ કરનારી, વિરહની ભાવના દેવીને સ્વપ્નામાં ઉદ્વેગ કરાવે છે. (સ્નેહથી એના શરીરે હાથ ફેરવતાં)

જે અદ્વૈત સુખે દુખે ય, સરખું સર્વે અવસ્થા મહીં,
વિસામો ઉરનો, શકે નવ હરી વૃહત્વ જેનો રસ.
ને સૌ આવરણો સર્યે કદી થતું જે સ્નેહસારે સ્થિર,–
સદ્ભાગી જનને કચમેય વિરલું કલ્યાણ તે લાધતું. ૩૯

દુર્મુખ — (પાસે જઈને) જય હો મહારાજનો !

રામ — સમાચાર મળ્યા હોય તે કહે.

દુર્મુખ — નગરના અને જનપદના લોકો મહારાજની સ્તુતિ કરે છે કે રામદેવે તો અમને મહારાજ દશરથ ભુલાવી દીધા.

રામ — એ તો માત્ર પ્રસંશા થઈ. મારો કોઈ દોષ કહે, જેથી તે નિવારી શકાય.

દુર્મુખ — (આંસુ સાથે) સાંભળો મહારાજ ! (કાનમાં —'આમ, આમ.')

આવા સમાચાર લાવનાર દૂત મૂર્તિમાન્ વિરહ જેવો દુર્દર્શન હોય એવો ખ્યાલ હશે ? જાસૂસીનું કામ કરનાર સૌ કોઈ 'દુર્મુખ' જ લેખાય. એવું સૂચન ઘટાવી શકાય. દૂત અંતઃપુરમાં કામ કરતો એથી અત્યારે પણ ઠેઠ પાસે આવી વાત કરી શકે. રામનું રાજકાજ આવી ક્ષણોએ પણ ચાલતું જ હોય – એ પણ પ્રતીત થાય છે. જનપદ – નગરો સિવાયનો ગામડાં વગેરેનો પ્રદેશ. ૩૯ પ્રેયોદૃષ્ટિ કાંઈક વટાવીને દામ્પત્યનું કરેલું દર્શન. વિરુદ્ધાવો શ્લોક ૩૮. સ્ત્રી-પુરુષ સંબંધના આ ઉદાત્ત દર્શન આગળ જ રામને સીતાનો ત્યાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रामः — अहह, तीव्रसंवेगो वाग्वज्रः । (इति मूर्च्छति ।)

दुर्मुखः — आस्ससदु देवो । [आश्वसितु देवः ।]

रामः — (आश्वस्य)

हा हा धिक्परगृहवासदूषणं य-
द्वैदेह्याः प्रशमितमद्भुतैरुपायैः ।
एतत्तत्पुनरपि दैवदुर्विपाका-
दालर्कं विषमिव सर्वतः प्रसृप्तम् ॥ ४० ॥

तत्किमत्र मन्दभाग्यः करोमि ? (विमृश्य, सकरुणम्) अथवा किमन्यत् ?

सतां केनापि कार्येण लोकस्याराधनं परम् ।
यत्पूरितं हि तातेन मां च प्राणांश्च मुञ्चता ॥ ४१ ॥

संप्रत्येव च भगवता वसिष्ठेन संदिष्टम् । अपि च

यत्साक्षिभिर्दीपितं भूमिपालै-
र्लोकश्रेष्ठैः साधु शुद्धं चरित्रम् ।
मत्संबन्धात्कश्मला किंवदन्ती
स्याच्चेदस्मिन्हन्त धिङ्मामधन्यम् ॥ ४२ ॥

हा देवि देवयजनसंभवे, हा स्वजन्मानुग्रहपवित्रितवसुंधरे, हा निमिजनकनन्दिनि, हा पावकवसिष्ठारुन्धतीप्रशस्तशील-

---

કરવા માટેનું કારણ મળે છે. જો કે કિંવદન્તી સાંભળીને રામ તરત તો મૂર્છા પામે છે, તેમ છતાં એમના હૃદયમાં ઊંડો વિશ્વાસ જામેલો પડ્યો છે કે કેમે કરીને મળેલું દામ્પત્યનું ભદ્ર એમ સહેજે (સીતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ — અહહ, પ્રખર વેગવાળું વાગ્વજ્ર! (મૂર્છા પામે છે.)

દુર્મુખ — મહારાજ, શાન્ત થાઓ.

રામ — (શુદ્ધિમાં આવીને)

રે રે હા! પરગૃહવાસનું કલંક
વૈદેહીનું શમવ્યું અદ્‌ભુત પ્રકારે.
એનું એ પુનરપિ દૈવદુર્વિપાકે
મત્તશ્વાન-વિષ-શું સંચરે બધેય. ૪૦

તો હવે હું મંદભાગ્ય શું કરું? (વિચારી, કરુણ રીતે) અથવા બીજું શું?

કોઈ કાર્યે ય સન્તોનો લોકારાધન ધર્મ છે,
કર્યો જ સિદ્ધ જે તાતે હું અને પ્રાણ છોડતાં. ૪૧

વળી, હમણાં જ ભગવાન વસિષ્ઠનો સંદેશ આવ્યો છે. ઉપરાંત,

લોકશ્રેષ્ઠે સૂર્યવંશી નૃપોએ
દીપાવ્યું ચારિત્ર જે સાધુ શુદ્ધ,
તેને લાગે મેલી જો કિંવદન્તી,
મારે લીધે, ધિક્ મને! હું અધન્ય! ૪૨

ઓ દેવોની યજ્ઞ ભૂમિમાંથી ઉદ્‌ભવેલી દેવી! નિજજન્મના અનુગ્રહથી વસુંધરાને પવિત્ર કરનારી! હા નિમિજનકનંદિની!

ત્યાગ કરવો પડે તો પણ) નાશ પામવાનું નથી. ૩૯મા શ્લોકની પહેલી પંક્તિનો વીરરાઘવે સ્વીકારેલો પાઠ એ શ્રદ્ધાને વધુ ઉઠાવ આપે છે: 'જે અદ્વૈત સુખો-દુખોનું રચતું સર્વે અવસ્થા મહીં –'. પોતે જે કલ્યાણમય દામ્પત્યસ્વરૂપની વાત કરી તે સુખદુઃખને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शालिनी, हा राममयजीविते, हा महारण्यवासप्रियसखि, हा तातप्रिये, हा स्तोकवादिनि ! कथमेवंविधायास्तवायमीदृशः परिणामः ?

त्वया जगन्ति पुण्यानि त्वय्यपुण्या जनोक्तयः ।
नाथवन्तस्त्वया लोकास्त्वमनाथा विपत्स्यसे ॥ ४३ ॥

(दुर्मुखं प्रति) दुर्मुख, ब्रूहि लक्ष्मणम् — एष ते नूतनो राजा रामः समाज्ञापयति (कर्णे — एवमेवम्) ।

दुर्मुखः — हा ! कहं दाणीं अग्गिपरिसुद्धाए गब्भट्ठिदपवित्तरहुउलसन्ताणाए देवीए दुज्जणवअणादो एव्वं अज्झवसिदं देवेण ? [हा ! कथमिदानीमग्निपरिशुद्धाया गर्भस्थितपवित्ररघुकुलसंतानाया देव्या दुर्जनवचनादेवमध्यवसितं देवेन ?]

रामः — शान्तम् ! कथं दुर्जनाः पौरजानपदाः ?

इक्ष्वाकुवंशोऽभिमतः प्रजानां
जातं च दैवाद्वचनीयबीजम् ।
यच्चाद्भुतं कर्म विशुद्धिकाले
प्रत्येतु कस्तद्यदि दूरवृत्तम् ॥ ४४ ॥

એકાકાર કરી દેનારું, મિલનવિરહના ભેદ ભૂંસી નાખનારું છે. વીરરાઘવ સુમાનુષ = દામ્પત્ય એવો અર્થ આપે છે, તે પાઠ લેતાં છેલ્લી પંક્તિ: 'તે દામ્પત્યનું એક ભદ્ર જ ખરે કેમે કરી લાધતું.' ૪૦ (પ્રહર્ષિણી છંદ.) મત્ત – હડકાયું. ૪૧ મને અને પોતાના પ્રાણને છોડતાં. ૪૨ (છંદ શાલિની.) લોકમાં શ્રેષ્ઠ એવા નૃપોએ. . . . નિમિ – જનક રાજાના પૂર્વજ. . . . ૪૩ સરખાવો રઘુવંશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રે પાવક, વસિષ્ઠ, અરુંધતી આદિની પ્રશંસા પામેલા શીલથી શોભતી! હા, રામમય જેનું જીવિત છે એવી, રે! મહારણ્ય-વાસની પ્રિયસખી, રે! તાતને પ્રિય એવી, ઓછાબોલી! આવી તારા જેવીનું કેમ આવું પરિણામ?

પવિત્ર જગ તુંથી, તું પે અપુણ્ય જનોક્તિઓ,
નાથવંત તુંથી લોક, હણાઈશ અનાથ તું. ૪૩

(દુર્મુખ પ્રતિ) દુર્મુખ, લક્ષ્મણને કહે: 'આ તારો નવો રાજા રામ આજ્ઞા કરે છે કે (કાનમાં—'આમ, આમ').'

દુર્મુખ—હાય! અગ્નિથી પરિશુદ્ધ થયેલાં અને પવિત્ર રઘુકુલના સંતાનને ગર્ભમાં ધારણ કરતાં દેવી વિષે, દુર્જનના વચનને કારણે, મહારાજે આજ આવો શી રીતે વિચાર કર્યો!

રામ—એ શું બોલ્યો? નગરના અને જનપદના લોકો દુર્જન કેવા?

ઇક્ષ્વાકુનો વંશ રુચે પ્રજાને;
દૈવે કરી જાગ્યું કલંકબીજ.
વિશુદ્ધિકાલે થયું કર્મ અદ્‌ભુત,
તે કોણ માને, કદી દૂર જો બન્યું? ૪૪

૧૪-૬૪. 'નવો રાજા'—રામ પોતાની સામે જ ભારે કટાક્ષપૂર્વક બોલે છે. પોતે રાજા તરીકે આજ્ઞા કરે છે. પોતે નવા નવા રાજા થયા છે એથી કાંઈ રાજધર્મમાં પાછળ પડે એમ નથી! રાજાજ્ઞા હોઈ વાદવિવાદનો લક્ષ્મણ માટે અવકાશ ઓછો. સૌ ગુરુજનો દૂર છે. નિર્ણય પણ રામે કિંવદન્તી સાંભળીને તરત જ લીધો. રામાયણમાં બીજે દિવસે સીતાનો ત્યાગ કર્યાનું વર્ણન છે. રઘુવંશમાં પણ

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तद्गच्छ ।

दुर्मुखः—हा देवि ! (इति निष्क्रान्तः ।)

रामः—हा कष्टम् ! अतिबीभत्सकर्मा नृशंसोऽस्मि संवृत्तः ।

शैशवात्प्रभृति पोषितां प्रियां
सौहृदादपृथगाश्रयामिमाम् ।
छद्मना परिददामि मृत्यवे
सौनिको गृहशकुन्तिकामिव ॥ ४५ ॥

तत्किमस्पर्शनीयः पातकी देवीं दूषयामि ? (इति सीतायाः शिरः स्वैरमुन्नमय्य बाहुमाकर्षन्)

अपूर्वकर्मचाण्डालमयि मुग्धे विमुञ्च माम् ।
श्रितासि चन्दनभ्रान्त्या दुर्विपाकं विषद्रुमम् ॥ ४६ ॥

(उत्थाय) हन्त, संप्रति विपर्यस्तो जीवलोकः ! पर्यवसितं जीवितप्रयोजनं रामस्य ! शून्यमधुना जीर्णारण्यं जगत् ! असारः संसारः ! कष्टप्रायं शरीरम् ! अशरणोऽस्मि ! किं करोमि ? का गतिः ? अथवा

ભાઈઓને વાત કર્યા પછી ત્યાગ કર્યાનું કાલિદાસ વર્ણવે છે. દુર્મુખ 'દુર્જનવચન' કહે છે તે પરથી એક કે વધુ માણસો આળ દેતા હતા તે સ્પષ્ટ થતું નથી. રામ 'દુર્જન' શબ્દ સામે તરત જ વાંધો ઉઠાવે છે. પણ આપણને પ્રસ્તાવનામાંનો 'દુર્જન' શબ્દ મળતાં, આપણા કાન ચમકે છે. ૪૪ સીતાની અગ્નિશુદ્ધિનો અલૌકિક બનાવ તો દૂર લંકામાં બન્યો. લોકો એને ન માને તો એમાં શું આશ્ચર્ય ? લોકોનો રઘુકુલના રાજાઓ પ્રત્યે હમેશાં સદ્ભાવ જ છે. રામ બધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો, જા.

દુર્મુખ — હાય! દેવી!

[જાય છે.]

રામ — અરેરે! હું અતિ બીભત્સ કર્મ કરનાર હત્યારો બન્યો છું.

બાલ્યકાલ થકી પોષી જે પ્રિયા,
ના જીવે અળગી સૌહૃદેથી જે,
છેતરી, દઈ દઉં છું મૃત્યુને,
કો કસાઈ ગૃહપંખિણી યથા. ૪૫

તો હું અસ્પૃશ્ય પાતકી શા માટે દેવીને અભડાવું છું? (સીતાનું માથું હળવેથી ઊંચું કરી, હાથ ખેંચી લઈ)

મુગ્ધે, અપૂર્વને છોડ કર્મચાંડાલને મને,
દુર્વિપાક વિષવૃક્ષે આલંબી માની ચંદન. ૪૬

(ઊઠીને) અરેરે! હવે સંસાર પલટાઈ ગયો! રામનું જીવવાનું પ્રયોજન પરવારી ગયું! આ જગત હવે જીર્ણ અરણ્ય જેવું સૂનું થયું! સંસાર અસાર થયો! શરીર કષ્ટરૂપ બન્યું! મારું કોઈ શરણ નથી. શું કરું? શી ગતિ? અથવા

દોષ સંજ્ઞાઓને – દૈવઘટનાને આપે છે. ઇક્ષ્વાકુ – રામના એક પૂર્વ પુરુષ. ૪૫ (છંદ રથોદ્ધતા.) પ્રિયૈ: પાઠ લેતાં 'પોષી પ્રેમથી.' સૌનિકે – કસાઈને – પાઠ બરોબર નથી. પોતે પોતાને કસાઈ સાથે સરખાવે છે એ, પછીથી તરત પોતાને 'અસ્પૃશ્ય પાતકી' લેખે છે તે ઉપરથી, સ્પષ્ટ થાય છે. ૪૬ પોતે કર્મથી ચાંડાલ બન્યો છે. ચાર જાતના કર્મચાંડાલ હોય છે: ઈર્ષ્યાંખોર, ચાડીખોર, કૃતઘ્ન અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दुःखसंवेदनायैव रामे चैतन्यमाहितम् ।
मर्मोपघातिभिः प्राणैर्वज्रकीलायितं हृदि ॥ ४७ ॥

हा अम्ब अरुन्धति, भगवन्तौ वसिष्ठविश्वामित्रौ, भगवन् पावक, हा देवि भूतधात्रि, हा तात जनक, हा मातरः, हा प्रियसख महाराज सुग्रीव, सौम्य हनूमन्, महोपकारिन् लङ्काधिपते विभीषण, हा सखि त्रिजटे, मुषिताः स्थ परिभूताः स्थ रामहतकेन ! अथवा को नाम तेषामहमिदानीमाह्वाने ?

ते हि मन्ये महात्मनः कृतघ्नेन दुरात्मना ।
मया गृहीतनामानः स्पृश्यन्त इव पाप्मना ॥ ४८ ॥

योऽहम्

विस्रम्भादुरसि निपत्य लब्धनिद्रा-
मुन्मुच्य प्रियगृहिणीं गृहस्य शोभाम् ।
आतङ्कस्फुरितकठोरगर्भगुर्वीं
क्रव्याद्भ्यो बलिमिव निर्घृणः क्षिपामि ॥ ४९ ॥

(सीतायाः पादौ शिरसि कृत्वा) देवि, देवि, अयं पश्चिमस्ते रामस्य शिरसा पादपङ्कजस्पर्शः । (इति रोदिति ।)

લાંબો સમય રોષ રાખનાર. જન્મચાંડાલ તે પાંચમો. असूयकः पिशुनश्च कृतघ्नो दीर्घरोषकः । चत्वारः कर्मचाण्डाला जन्मतश्चापि पंचमः ॥ રામ પોતાને કર્મચાંડાલ તો કહે છે જ, પણ 'અપૂર્વ' કહે છે, કેમકે પેલા ચાર પ્રકાર કરતાં પોતે જુદી જાતના છે. ચાંડાલ પણ પોતાની પત્નીને – શીલવતી પત્નીને – અને તે પણ ગર્ભવતી હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખસંવેદનાર્થે શું હયું ચૈતન્ય રામમાં?
મર્મછેદી પ્રાણ હૈયે ખૂંત્યા છે વજ્રમેખશા. ૪૭

ઓ અમ્બા અરુંધતી, ભગવાન વસિષ્ઠ-વિશ્વામિત્ર, ભગવાન પાવક! ઓ દેવી ભૂતધાત્રી, ઓ તાત, ઓ જનક, ઓ માતાઓ! ઓ પ્રિયમિત્ર મહારાજ સુગ્રીવ, સૌમ્ય હનુમાન, મહા ઉપકારી લંકાધિપતિ વિભીષણ! ઓ સખી ત્રિજટા! આ દુષ્ટ રામના હાથે લૂંટાયાં છો, અપમાનિત થયાં છો. અથવા હું હવે તેમનો નામોચ્ચાર કરનાર કોણ?

મને થાય : દુરાત્મા હું કૃતઘ્ન લઉં નામ, તે
મહાત્માઓ તણાં, ત્યાં તે જાણે સ્પર્શાય પાપથી; ૪૮

— જે હું

શોભા જે પ્રિય ગૃહિણી ગૃહે, સૂતેલી
વિશ્રંભે ઉર ઢળી, — પૂર્ણ ગર્ભભાર
ત્રાસે શો સ્ફુરત, — વિછોડી ક્રૂર, તેને
રેંકું છું બલિ સમ માંસભક્ષકોને. ૪૯

(સીતાના ચરણ મસ્તકે અડાડી) દેવી, દેવી, તારા પાદ-પંકજને રામના મસ્તકનો આ છેલ્લો સ્પર્શ. (રડે છે.)

ત્યારે ત્યજી ન દે. બહુ ખરાબ ફળ આપનાર વિષવૃક્ષનો તેં ચંદન માનીને આશરો લીધો છે. સર૦ રઘુવંશ ૧૪-૪૮ : નાવુદ્ધ કલ્પદ્રુમતાં વિહાય જાતં તમાત્મન્યસિપત્રવૃક્ષમ્ ॥ ૪૭ ભૂતધાત્રી – પ્રાણીઓને ધારણ કરનાર, પોષનાર, પૃથ્વી. ત્રિજટા – અશોકવનમાં સીતાને સાન્ત્વન-રૂપ નીવડેલી રાક્ષસી. ૪૯ (છંદ પ્રહર્ષિણી.) ગજબ થયો. – વીર રસની મદદથી ગાઢ કરુણમાંથી મુક્તિ. આમ તો સહેજે રામ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[नेपथ्ये]

अब्रह्मण्यमब्रह्मण्यम् !

रामः — ज्ञायतां भोः, किमेतत् ?

[पुनर्नेपथ्ये]

ऋषीणामुग्रतपसां यमुनातीरवासिनाम् ।
लवणत्रासितः स्तोमः शरण्यं त्वामुपस्थितः ॥ ५० ॥

रामः — आः कथमद्यापि राक्षसत्रासः ? तद्यावदस्य दुरात्मनो माधुरस्य कुम्भीनसीकुमारस्योन्मूलनाय शत्रुघ्नं प्रेषयामि । (कतिचित्पदानि गत्वा पुनर्निवृत्य) हा देवि, कथमेवंगता भविष्यसि ? भगवति वसुंधरे, श्लाघ्यां दुहितरमवेक्षस्व जानकीम् ।

जनकानां रघूणां च यत्कृत्स्नं गोत्रमङ्गलम् ।
यां देवयजने पुण्ये पुण्यशीलामजीजनः ॥ ५१ ॥

[इति रुदन्निष्क्रान्तः ।]

सीता — (स्वप्नायते) हा सोम्म अज्जउत्त, कहिं सि ? [हा सौम्य आर्यपुत्र, कुत्रासि ?] (इति सहसोत्थाय ।) हद्धी हद्धी ! दुस्सिविणएण विप्पलद्धा अहं अज्जउत्तं अक्कन्दामि । [हा धिक् हा धिक् ! दुःस्वप्नेन विप्रलब्धाहं आर्यपुत्रमाक्रन्दामि ।] (विलोक्य) हद्धी हद्धी ! एआइणिं पसुत्तं

શોકસ્થિતિમાંથી નીકળી શકત નહીં. સીતાની વિદાય વખતે રામ હાજર ન હોય એ ઇષ્ટ છે. ઋષિમંડલ આવવાથી રામ વાસગૃહમાંથી ચાલ્યા જઈ શકે છે. ધર્માસન છોડીને સીતાને સાન્ત્વન આપવા –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[નેપથ્યે]

ગજબ થયો! બ્રાહ્મણ ઉપર ગજબ થયો!

રામ — અરે! તપાસ કરો તો! — શું છે આ?

[ફરી નેપથ્યમાં]

યમુનાતટનું ઉગ્ર તપસ્વી ઋષિમંડલ
લવણ-ત્રાસનું માર્યું, તું ત્રાતા પાસ છે ઊભું. ૫૦

રામ — હં! શું હજ્જ્ય તે રાક્ષસત્રાસ! તો આ દુરાત્મા, મધુરાના કુંભીનસીપુત્રને ઉખેડી નાખવા શત્રુઘ્નને મોકલું. (કેટલાંક ડગલાં ચાલીને ફરી પાછા વળીને) ઓ દેવી! આ દશામાં કેમ કરીને જીવીશ? ભગવતી વસુંધરે, પ્રશંસા યોગ્ય તારી આ દુહિતા જાનકીની સંભાળ રાખજે! —

રઘુઓ — જનકોનું જે સારું યે ગોત્રમંગલ,
પુણ્ય યજ્ઞભૂમિમાં તેં પ્રસવી પુણ્યશીલ જે. ૫૧

[જાય છે.]

સીતા — (ઊંઘમાં લવે છે) ઓ સૌમ્ય આર્યપુત્ર, ક્યાં છો? (એકદમ ઝબકી ઊઠીને) અરેરે! હાય! ખરાબ સ્વપ્નથી છેતરાઈને આર્યપુત્રને મારાથી બૂમ પડાઈ ગઈ! (નિહાળીને) અરેરે! મને સૂતેલીને એકલી છોડીને આર્યપુત્ર ગયા! હવે

સ્નેહકર્તવ્યને વશ થઈ – રામ વાસગૃહમાં આવ્યા હતા, પ્રજા પ્રત્યેના કર્તવ્યનું આવાહન થતાં તત્કાળ વાસગૃહ છોડે છે. દરમ્યાન કોઈ પણ ધર્માસન ઉપરથી જવલ્લે જ ક્યારે ય પણ અપાયો હશે એવો ન્યાયનિર્ણય એમને હાથે અપાયો છે. ૫૦ લવણ – રાક્ષસ, કુંભીનસીનો પુત્ર. . . . પૃથ્વીને કરેલી પ્રાર્થના આગળ ઉપર ફળે છે. પ્રશંસા યોગ્ય – પોતે પણ સીતાને શીલસંપન્ન માને છે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मं उज्झिअ गदो अज्जउत्तो ! किं दाणिं एदं ? होदु । से कुप्पिस्सं जइ तं पेक्खन्ती अत्तणो पहविस्सं । को एत्थ परिअणो ? [हा धिक् हा धिक् ! एकाकिनीं प्रसुप्तां मामुज्झित्वा गत आर्यपुत्रः ! किमिदानीमेतत् ? भवतु । तस्मै कोपिष्यामि यदि तं प्रेक्षमाणात्मनः प्रभविष्यामि । कोऽत्र परिजनः ?]

[प्रविश्य]

दुर्मुखः — देवि, कुमारलक्खणो विण्णवेदि — 'सज्जो रहो । तं आरुहदु देवी' त्ति । [देवि, कुमारलक्ष्मणो विज्ञापयति — 'सज्जो रथः । तदारोहतु देवी' इति ।]

सीता — इअं आरुहामि । [इयमारोहामि ।] (उत्थाय परिक्रम्य) परिफुरइ विअ मे गब्भभारो । सणिअं गच्छम्ह । [परिस्फुरतीव मे गर्भभारः । शनैर्गच्छामः ।]

दुर्मुखः — इदो इदो देवी । [इत इतो देवी ।]

सीता — णमो रहुउलदेवदाणं ! [नमो रघुकुलदेवताभ्यः !]

[इति निष्क्रान्तौ ।]

इति महाकविश्रीभवभूतिविरचित उत्तररामचरिते
चित्रदर्शनो नाम प्रथमोऽङ्कः ।

દર્શાવવા આવું વિશેષણ. ૫૧ સાકુંયે ગોત્રમંગલ – કુળનું મંગલ-સર્વસ્વ. પ્રસવી જે – જેને જન્મ આપ્યો. . . . આર્યપુત્ર ક્યાં ગયા ? – સીતાના માન્યામાં આવતું નથી કે પોતાને આમ એકલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તે શું? હશે! ખિજાઈશ એમની ઉપર — જો એમને જોતાં મારો જીવ મારે હાથ રહેશે તો. કોણ છે રે પરિજન અહીં?

[પ્રવેશીને]

દુર્મુખ — દેવી, કુમાર લક્ષ્મણ વિનવે છે કે રથ સજ્જ છે તો આપ બેસો.

સીતા — ચાલો, આ બેઠી. (ઊઠીને, પરિક્રમણ કરીને) મારો ગર્ભભાર ફરકે છે. તો ધીમે જઈએ.

દુર્મુખ — આમ, આ તરફ, દેવી!

સીતા — વંદન રઘુકુલદેવતાઓને!

[બંને જાય છે.]

ચિત્રદર્શન નામે પહેલો અંક સમાપ્ત.

સૂતી છોડીને રામ ક્યાંક ચાલ્યા જાય. પોતે ચિઢાવાનું કહે છે પણ સાથે ખબર છે કે રામને જોતાં એ વિચાર ટકવાનો નથી. જુઓ અંક ૩, અને ૭. પરિજન – નોકરચાકર. 'આ બેઠી' – રામ કદાચ રથ પાસે હશે એવો સીતાને ખ્યાલ છે. રામ સાથે આવવાના નથી એ રથ ઊપડતાં જ એને સમજાયું હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्वितीयोऽङ्कः ।

[नेपथ्ये]

स्वागतं तपोधनायाः !

[ततः प्रविशत्यध्वगवेषा तापसी ।]

तापसी — अये, वनदेवतेयं फलकुसुमगर्भेण पल्लवार्घ्येण दूरान्मामुपतिष्ठते ।

[प्रविश्य]

वनदेवता — (अर्घ्यं विकीर्य)

यथेच्छाभोग्यं वो वनमिदमयं मे सुदिवसः
सतां सद्भिः सङ्गः कथमपि हि पुण्येन भवति ।
तरुच्छाया तोयं यदपि तपसो योग्यमशनं
फलं वा मूलं वा तदपि न पराधीनमिह वः ॥ १ ॥

तापसी — किमत्रोच्यते ?

प्रियप्राया वृत्तिर्विनयमधुरो वाचि नियमः
प्रकृत्या कल्याणी मतिरनवगीतः परिचयः ।
पुरो वा पश्चाद्वा तदिदमविपर्यासितरसं
रहस्यं साधूनामनुपधि विशुद्धं विजयते ॥ २ ॥

[उपविशतः ।]

---

१ થતું કોઈ० – સ્વતંત્ર પંક્તિ તરીકે, અર્થાન્તરન્યાસ તરીકે, સુંદર છે પણ અહીં પોતે પોતાને સુજ્ઞ તરીકે લેખવાનું થાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક બીજો

[નેપથ્યમાં]

ભલે પધાર્યાં તપોધના!

[પછી વટમાર્ગના વેષમાં તાપસી પ્રવેશ કરે છે.]

તાપસી — અહો, આ તો ફળફૂલ અને પલ્લવના અર્ઘ્ય સાથે વનદેવતા મારી સામાં આવી રહ્યાં છે.

[પ્રવેશીને]

વનદેવતા — (અર્ઘ્ય અર્પીને)

યથેચ્છા માણો આ વન, દિવસ આ ધન્ય સુજનો.
થતું કોઈ પુણ્યે મિલન સુજનોથી સુજનનું.
તરુચ્છાયા, પાણી, તપઉચિત જે ભોજન વળી
ફળો કે મૂલો, ના અહીં કંઈ પરાધીન તમને. ૧

તાપસી — એમાં શું કહેવું?

પ્રવૃત્તિ સૌ મીઠી, વિનયમધુરો વાણીનિયમ,
સ્વભાવે કલ્યાણી મતિ, અણગવાયો પરિચય,
ભવિષ્યે કે ભૂતે વધઘટ રસે થાય નહિ, તે
રહસ્યે સંતોના સહજ વળી શુદ્ધે વિજય હો! ૨

[બંને બેસે છે.]

એમાં જરીક ઔચિત્યભંગ છે. એમાં શું કહેવું? — એમાં કાંઈ કહેવું પડે કે? ૨ અણગવાયો – અનિન્દિત. સંતોના શુદ્ધ સહજ રહસ્યનો વિજય હો! ૩ ઓમ્કાર – ઉદ્ગીથ, સામવેદનો એક ભાગ. પ્રાચેતસ – પ્રચેતસ્‌ના દસમા પુત્ર, વાલ્મીકિ. જંભકાસ્ત્રોના ઉલ્લેખથી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वनदेवता — कां पुनरत्रभवतीमवगच्छामि ? ।

तापसी — आत्रेय्यस्मि ।

वनदेवता — आर्ये आत्रेयि, कुतः पुनरिहागम्यते ? किंप्रयोजनो दण्डकारण्यप्रचारः ?

आत्रेयी —

अस्मिन्नगस्त्यप्रमुखाः प्रदेशे
भूयांस उद्गीथविदो वसन्ति ।
तेभ्योऽधिगन्तुं निगमान्तविद्यां
वाल्मीकिपार्श्वादिह पर्यटामि ॥ ३ ॥

वनदेवता — यदा तावदन्येऽपि मुनयस्तमेव हि पुराणब्रह्मवादिनं प्राचेतसमृषिं ब्रह्मपारायणायोपासते, तत्कोऽयमार्यायाः प्रवासः ?

आत्रेयी — तत्र महानध्ययनप्रत्यूह इत्येष दीर्घप्रवासोऽङ्गीकृतः ।

वनदेवता — कीदृशः ?

आत्रेयी — तस्य भगवतः केनापि देवताविशेषेण सर्वप्रकाराद्भुतं स्तन्यत्यागमात्रके वयसि वर्तमानं दारकद्वयमुपनीतम् । तत्खलु

બાળકો સીતાનાં છે એવું પહેલા અંકમાં રામે આપેલા આશીર્વાદના અનુસંધાનમાં સમજાય છે. ચૌલકર્મ – પહલે કે ત્રીજે વરસે વાળ ઉતરાવવાનો વિધિ. રઘુકુલના કુમારોને પાંચ લટો રાખી બાકીના વાળ ઉતારતા તે પાંચમા અંક (શ્લોક ૨) ઉપરથી સમજાય છે. ત્રણ વિદ્યાઓ – આન્વીક્ષિકી (આત્મવિદ્યા – સર્વ વિદ્યાઓનો પ્રદીપ), વાર્તા (ખેતીવાડી અંગેનું જ્ઞાન) અને દંડનીતિ (રાજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનદેવતા — ભગવતી કોણ તે મને જાણવા મળે?

તાપસી — હું આત્રેયી છું.

વનદેવતા — આર્યા આત્રેયી, અહીં ક્યાંથી આવવું થાય છે? શા ઉદ્દેશથી દંડકારણ્યમાં પગલાં કર્યાં છે?

આત્રેયી —

વસે અગસ્ત્યાદિક આ પ્રદેશે
ઓમ્કારના જાણણહાર કેક;
વેદાન્તવિદ્યા ભણવા હું તે કને
વાલ્મીકિ પાસેથી છું આવી આંહીં. ૩

વનદેવતા — જ્યારે બીજા મુનિઓ પણ વેદાન્તવિદ્યાના સાદ્યંત અભ્યાસ માટે એ જ વૃદ્ધ પ્રાચેતસ ઋષિના ચરણ સેવે છે ત્યારે પછી આર્યાનો આ પ્રવાસ શા માટે?

આત્રેયી — ત્યાં અધ્યયન અંગે મોટું વિઘ્ન હોઈ આ લાંબો પ્રવાસ સ્વીકાર્યો છે.

વનદેવતા — કેવું વિઘ્ન?

આત્રેયી — તે ભગવાન વાલ્મીકિ પાસે કોઈ એક દેવતાએ સર્વ પ્રકારે અદ્ભુત એવાં, હમણાં ધાવણ છોડ્યું હોય એટલી

વહીવટનું શાસ્ત્ર). ગર્ભાધાન પણ સોળ સંસ્કારમાંનો એક સંસ્કાર લેખાય છે. અગિયારમે વરસે ક્ષત્રિયને જનોઈ આપતા. ઋષ્યશૃંગનો યજ્ઞ પૂરો થયાની વાત થોડીવાર પછી થાય છે એટલે સીતાને તજ્યાને પૂરાં બાર વરસ થયાં છે. લવ-કુશને વેદાધ્યયનમાં બે વરસ ગયાં હશે. પ્રજ્ઞા-ગ્રહણ કરનારી બુદ્ધિ. મેધા-ધારણ કરનારી બુદ્ધિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न केवलं तस्य, अपि तु सचराचराणां भूतानामान्तराणि तत्त्वान्युपस्नेहयति ।

वनदेवता — अपि तयोर्नामसंविज्ञानमस्ति ?

आत्रेयी — तयैव किल देवतया तयोः कुशलत्वाविति नामनी प्रभावश्चाख्यातः ।

वनदेवता — कीदृशः प्रभावः ?

आत्रेयी — तयोः किल सरहस्यानि जृम्भकास्त्राण्याजन्मसिद्धानीति ।

वनदेवता — अहो नु भोश्चित्रमेतत् !

आत्रेयी — तौ च भगवता वाल्मीकिना धात्रीकर्मतः परिगृह्य पोषितौ रक्षितौ च । निर्वृत्तचौलकर्मणोस्तयोस्त्रयीवर्जमितरास्तिस्रो विद्याः सावधानेन परिनिष्ठापिताः । तदनन्तरं गर्भैकादशे वर्षे क्षात्रेण कल्पेनोपनीय गुरुणा त्रयीविद्यामध्यापितौ । न ह्येताभ्यामतिप्रदीप्तप्रज्ञामेधाभ्यामस्मदादेः सहाध्ययनयोगोऽस्ति । यतः

वितरति गुरुः प्राज्ञे विद्यां यथैव तथा जडे
न तु खलु तयोर्ज्ञाने शक्तिं करोत्यपहन्ति वा ।
भवति च पुनर्भूयान्भेदः फलं प्रति तद्यथा
प्रभवति शुचिर्विम्बोद्ग्राहे मणिर्न मृदां चयः ॥ ४ ॥

સ્મરણશક્તિ. ક્રૌંચ – કુંજ પક્ષી. સર૦ લોકગીતોની 'કુંજલડી'. ૫ નિષાદ એ એક જંગલી જાતિનું નામ છે. અહીં પારધીના અર્થમાં. લાંબા સમય સુધી તને નિરાંત ન હજો, તું ઠરી ઠામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંમરનાં જોડિયાં બાળક આણ્યાં છે. તે કેવળ તેમના જ નહીં પણ સચરાચર ભૂત માત્રનાં અંતરમાં ઉમળકો ઉપજાવે છે.

વનદેવતા — તેમનાં નામ જાણમાં છે?

આત્રેયી — કહે છે કે તે દેવતાએ જ એમનાં 'કુશ' 'લવ' એવાં નામ અને એમનો પ્રભાવ જણાવેલ છે.

વનદેવતા — કેવોક પ્રભાવ?

આત્રેયી — કહે છે કે તેમને સરહસ્ય જૃંભકાસ્ત્રો જન્મથી સિદ્ધ છે.

વનદેવતા — અહો, એ તો ખરે જ આશ્ચર્યકારક!

આત્રેયી — તે બંનેને ભગવાન વાલ્મીકિએ ધાવની જેમ રાખીને પાળ્યા ને પોષ્યા. ચૌલકર્મ આટોપ્યા પછી તે બનેમાં વેદવિદ્યા સિવાયની બીજી ત્રણ વિદ્યાઓ તેમણે કાળજીપૂર્વક ઉતારી. તે પછી ગર્ભાધાન પછી અગિયારમે વરસે, ક્ષાત્ર વિધિથી ઉપનયન સંસ્કાર આપી ભગવાને તેમને વેદવિદ્યા પણ શીખવી છે. એવા અત્યંત તેજસ્વી પ્રજ્ઞા અને મેધાવાળા એ બે જણાની સાથે અમારા સરખાંનો ભણવાનો જોગ ખાય એમ નથી. કેમકે

ચતુર જડ બંનેને વિદ્યા ગુરુ સરખી જ દે,
વળી સમજવાની શક્તિ ના કરે વધુ ઓછી વા;
ફરક ફળમાં આવે મોટો છતાં, જયમ સ્વચ્છ કો
મણિ ઝીલી શકે ને મૃત્પિંડ ગ્રહે પ્રતિબિંબ ના. ૪

બેસશો નહિ,—તને શાશ્વતપદ મળશો નહિ, કેમ કે પંખીની જોડીમાંથી કામમોહિત નરને તેં મારી નાખ્યો છે. આ શ્લોક રામાયણ(બાલકાણ્ડ અધ્યાય ૨.૧૫)માં આવે છે. રાવણે પારધીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वनदेवता — अयमसावध्ययनप्रत्यूहः ?

आत्रेयी — अपरश्च ।

वनदेवता — अथापरः कः ?

आत्रेयी — अथ स ब्रह्मर्षिरेकदा माध्यंदिनसवनाय नदीं तमसामनुप्रपन्नः । तत्र युग्मचारिणोः क्रौञ्चयोरेकं व्याधेन विध्यमानं ददर्श । आकस्मिकप्रत्यवभासां देवीं वाचमव्यतिकीर्णवर्णामानुष्टुभेन छन्दसा परिणतामभ्युदरयत् —

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
यत्क्रौञ्चमिथुनादेकमवधीः काममोहितम् ॥ ५ ॥

वनदेवता — चित्रम् ! आम्नायादन्यत्र नूतनश्छन्दसामवतारः ।

आत्रेयी — तेन हि पुनः समयेन तं भगवन्तमाविर्भूतशब्दप्रकाशमृषिमुपसंगम्य भगवान्भूतभावनः पद्मयोनिरवोचत् — 'ऋषे, प्रबुद्धोऽसि वागात्मनि ब्रह्मणि । तद्ब्रूहि रामचरितम् । अव्याहतज्योतिरार्षं ते प्रातिभं चक्षुः । आद्यः कविरसि' इत्युक्त्वान्तर्हितः । अथ स भगवान्प्राचेतसः प्रथमं मनुष्येषु शब्दब्रह्मणस्तादृशं विवर्तमितिहासं रामायणं प्रणिनाय ।

કામ કર્યું અને રામસીતાની જોડીને છૂટી પાડી એ રીતે કતક આ શ્લોકને રામાયણના બીજરૂપ ગણે છે. તીર્થ બીજો અર્થ આપે છે : હે મા-નિષાદ, મા એટલે કે લક્ષ્મી જેને અંકે બેસે છે તેવા હરિ, તમે મન્દોદરીરાવણરૂપ જોડીમાંથી એક કામ મોહિતને – રાવણને હણ્યો, તેથી તમે શાશ્વતકાળ સુધી અદ્વિતીય પ્રતિષ્ઠા - અખંડ ઐશ્વર્યનો આનંદ-લાભ – પામો. પણ તિલક કહે છે : પત્નીવિયોગનો ભૃગુએ આપેલો શાપ ચરિતાર્થ કરવા અને નારદ પાસેથી પોતાના ગુણ વાલ્મીકિએ સાંભળેલા તે પછી પોતાના ચરિત્રમાં કરુણારસ પ્રધાન હોઈ ઋષિનું કરુણચિત્તત્વ જાણવાની ઇચ્છાથી રામ પોતે જ પારધી થઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનદેવતા — આ જ અધ્યયન અંગેનું વિઘ્ન કે?

આત્રેયી — બીજું પણ છે.

વનદેવતા — બીજું વળી શું?

આત્રેયી — પછી એક દિવસે તે બ્રહ્મર્ષિ મધ્યાહ્નના કર્મ અંગે તમસા નદીએ ગયા હતા. ત્યાં સજોડે ફરતાં ક્રૌંચ પંખીમાંથી એક પારધીથી હણાતું નજરે પડ્યું, અને એકાએક આવિર્ભાવ પામતી અનુષ્ટુપ્ છંદમાં ઊતરેલી દિવ્ય વાણી એમના મુખમાંથી પ્રગટ થઈ:

મા નિષાદ! પ્રતિષ્ઠા તું પામશો કાળ શાશ્વત,
કે ક્રૌંચ યુગ્મથી એક કામમોહિત તેં હણ્યો. ૫

વનદેવતા — આશ્ચર્ય! વેદ મૂકીને બીજે ઠેકાણે આ તો છંદોનો નૂતન અવતાર!

આત્રેયી — પછી તે જ સમયે, જેનામાં શબ્દબ્રહ્મનો પ્રકાશ પ્રગટ્યો છે એવા ભગવાન વાલ્મીકિની પાસે આવીને ભૂતમાત્રના જન્મદાતા ભગવાન પદ્મયોનિ બોલ્યા: 'ઋષિ, શબ્દ સ્વરૂપ બ્રહ્મમાં તમે પ્રબુદ્ધ થયા છો. તો રામચરિત ગાઓ. તમારા પ્રતિભાચક્ષુના પ્રકાશને કશું રોકશે નહીં. તમે આદ્ય કવિ છો.' આમ બોલીને તે અંતર્ધાન થઈ ગયા. પછી તે ભગવાન પ્રાચેતસે મનુષ્યલોકમાં શબ્દબ્રહ્મના પ્રથમ વિવર્તરૂપ ઇતિહાસ–રામાયણ-ની રચના કરી.

ક્રૌંચરૂપી રાક્ષસનો વધ કરે છે અને સીતાવિયોગનો શાપ પામે છે. શ્રી રાય કહે છે: "તેં કુંજલડીને ધરભંગ કરી, તો તું પણ સદાને માટે ઘર વગરનો હજો. આજે પણ શિકારી જાતિઓ (વેદિયા)ને નિશ્ચિત રહેઠાણ હોતું નથી." [પણ રામને વનવાસમાં રસ્તે પહેલો જ જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वनदेवता — हन्त मण्डितः संसारः !

आत्रेयी — तस्मादवोचं तत्र महानध्ययनप्रत्यूह इति ।

वनदेवता — युज्यते ।

आत्रेयी — विश्रान्तास्मि भद्रे । संप्रत्यगस्त्याश्रमस्य पन्थानं ब्रूहि ।

वनदेवता — इतः पञ्चवटीमनुप्रविश्य गम्यतामनेन गोदावरी-तीरेण ।

आत्रेयी — (सास्रम्) अप्येततपोवनम् ? अप्येषा पञ्चवटी ? अपि सरिदियं गोदावरी ? अप्ययं गिरिः प्रस्रवणः ? अपि जनस्थानदेवता वासन्ती त्वम् ?

वनदेवता — तथैव तत्सर्वम् ।

મિત્ર મળે છે તે 'નિષાદપતિ' (ઉત્તરરામ ૧-૨૫) ગૂહ મોટો સ્થપતિ - ધરો બાંધવાની કળામાં નિપુણ - હતો એમ રામાયણ કહે છે: निषादजात्यो बलवान्स्थपतिश्चेति विश्रुतः ॥ (અયોધ્યા૦ ૫૦-૩૨.)] વેદમાં છંદો હતા. વેદસાહિત્યની બહાર આ નવેસરથી છંદ ઊતરી આવ્યો. પદ્મયોનિ - બ્રહ્મા. વિવર્ત - "વેદાન્તસાર નામના ગ્રંથમાં વિવર્તનું એવું લક્ષણ કહ્યું છે કે वस्तुतः स्वरूपापरित्यागेन स्वरूपान्तरेण मिथ्याप्रतीतिः । - મૂલ વસ્તુ બ્રહ્મ તે પોતાનું રૂપ તજ્યા વિના ખોટી રીતે અન્યરૂપે ભાસે તેનું નામ વિવર્તભાવ; જેમ દોરડું પોતાનું રૂપ તજ્યા વિના ખોટી જ રીતે કોઈને સર્પ જેવું ભાસે, તેમ પરમાત્માને વિષે આ વિવર્તભાવ વડે કરીને જગતની મિથ્યા પ્રતીતિ થાય છે. અહીંયાં શબ્દને બ્રહ્મ માન્યો છે, તો શબ્દ-બ્રહ્મ તે એક જ, તેનામાં વિવર્તભાવે કરીને પુરાણ, ભાગવત, કાવ્ય વગેરે ભાસ માત્ર થાય; તેવા વિવર્તભાસમાં અદ્યાપિ લગી રામાયણ એવો ભાસ થયેલો નહિ, તેથી શબ્દબ્રહ્મના પ્રથમ જ વિવર્તરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનદેવતા — અહો! સંસાર શોભાયમાન થયો.

આત્રેયી — તેથી મેં કહ્યું કે ભણવામાં ત્યાં મોટું વિઘ્ન છે.

વનદેવતા — બરોબર છે.

આત્રેયી — વિસામો ખાઇ લીધો, ભદ્રે! હવે અગસ્ત્યના આશ્રમનો મારગ બતાવો.

વનદેવતા — અહીંથી પંચવટીમાં થઈને આ ગોદાવરીને તીરે તીરે ચાલ્યાં જાઓ.

આત્રેયી — (આંસુ સાથે) શું આ તપોવન છે? આ પંચવટી કે? આ નદી શું ગોદાવરી? શું આ ગિરિ તે પ્રસ્રવણ? તમે – જનસ્થાન દેવતા વાસન્તી કે?

વનદેવતા — એ જ સૌ આ.

રામાયણ એમ લખ્યું છે." – મણિલાલ ન. દ્વિવેદી. આ ઉપરાંત ત્રીજા અંકને અંતે અને છઠ્ઠાના વિષ્કંભકમાં વિવર્ત શબ્દ યોજાયો છે. ભવભૂતિ વિવર્તવાદી હતો એમ આ ઉપરથી કેટલાકો અનુમાન કરે છે. અહો! સંસાર૦ – हन्त मण्डितः संसारः । આનો મ. ન. દ્વિવેદી જેવાએ 'વાહ! આમણે તો સંસાર જ માંડ્યો.' – અર્થ શી રીતે કર્યો હશે તે સમજાતું નથી. पण्डितः પાઠ લઈએ તો 'સુજાણ.' એક સુંદર કાવ્યનું સર્જન થતાં સંસાર શોભી ઊઠે છે એ વિચારમાં સરસતા છે. પણ મૂળ આ બંને શબ્દો કરતાં કદાચ કોઈ ત્રીજો જ પાઠ હોય. પછીથી આત્રેયી કહે છે, 'તેથી જ તો કહું છું કે ભણવામાં ત્યાં મોટું વિઘ્ન છે' – એનો પૂરો ખુલાસો એ બંનેની વાતચીતમાંથી સહેજે મળતો નથી. કાવ્યની રચના તો થઈ ગઈ, પણ પછી તેને બીજાઓ આગળ રજૂ કરવા માટે લયવાહી રૂપે કંઠે કરાવવું તે બાકી રહે જ છે. એ કામમાં આઘકવિ પડયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आत्रेयी — हा वत्से जानकि !

स एष ते वल्लभबन्धुवर्गः
प्रासङ्गिकीनां विषयः कथानाम् ।
त्वां नामशेषामपि दृश्यमानः
प्रत्यक्षदृष्टामिव नः करोति ॥ ६ ॥

वासन्ती — (सभयम्, स्वगतम्) कथं नामशेषामित्याह ? (प्रकाशम्) आर्ये, किमत्याहितं सीतादेव्याः ?

आत्रेयी — न केवलमत्याहितम्, सापवादमपि । (कर्णे — एवमेवम् ।)

वासन्ती — अहह दारुणो दैवनिर्घातः ! (इति मूर्च्छति ।)

आत्रेयी — भद्रे, समाश्वसिहि समाश्वसिहि ।

वासन्ती — हा प्रियसखि, हा महाभागे, ईदृशस्ते निर्माणभागः ! हा रामभद्र ! अथवा अलं त्वया । आर्ये आत्रेयि, अथ तस्मादरण्यात्परित्यज्य निवृत्ते लक्ष्मणे सीतायाः किं वृत्तमिति काचिदस्ति प्रवृत्तिः ?

હોય. આગળ ચોથા અંકમાં જાણવા મળે છે કે રામકથાનો એક ભાગ વાલ્મીકિએ નાટકરૂપે યોજીને ભરતમુનિને ભજવવા માટે મોકલ્યો છે. એ નાટ્યરચનામાં પણ ઋષિ રોકાયેલા હોય એટલે વિદ્યાર્થીઓને વખત ઓછો જ આપી શકે. એ જ વિઘ્ન. શરદરંજન રાય 'પ્રથમ (પહેલા) ઇતિહાસ રામાયણની રચના કરી' ને બદલે 'ઇતિહાસ રામાયણની પ્રથમ (પહેલાં) રચના કરી' એમ प्रथमम्ને અવ્યય લેવા સૂચવે છે, જેથી પછી બીજા કામમાં પડયા એવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્રેયી — હા વત્સ જાનકી !

આ તાહરો તે પ્રિયબંધુ વર્ગ,
થૈ જેની પ્રાસંગિક કૈં કથાઓ;
દૃષ્ટે પડ્યો ત્યાં, થઈ નામશેષા
તું, તોય સાક્ષાત્ અમને બતાવે. ૬

વાસન્તી — (ભય સાથે, સ્વગત) 'નામશેષા' કેમ કહી? (મોટેથી) આર્યે, સીતાદેવી ઉપર શું કાંઈ અનિષ્ટ ગુજર્યું છે?

આત્રેયી — કેવળ અનિષ્ટ ગુજર્યું છે એટલું જ નહીં, અપવાદ પણ લાગ્યો છે. (કાનમાં – 'આમ, આમ.')

વાસન્તી — હાય! શો દૈવનો દારુણ પ્રહાર!

[મૂર્છા પામે છે.]

આત્રેયી — ભદ્રે, શાન્ત થાઓ, શાન્ત થાઓ.

વાસન્તી — રે પ્રિયસખી! હે મહાભાગ્યવતી, જન્મીને તારા ભાગ્યમાં આ? રે રામભદ્ર! અથવા રહો તમે! આર્યા આત્રેયી, પછી સીતાને તજી દઈને તે અરણ્યથી લક્ષ્મણ પાછો ફર્યો ત્યાર પછી સીતાનું શું થયું તેના કાંઈ સમાચાર છે?

સૂચન મળે. એમ ન કરતાં પણ, સંદર્ભ તો સરખો જ – ઉપર જણાવ્યા પ્રમાણે – લેવાનો રહે છે. હા વત્સ૦ – આત્રેયી સીતાને 'બેટા' કહી શકે એવડી મોટી છે અને એવડી મોટી ઉંમરે બ્રહ્મ-વિદ્યાના અભ્યાસ માટે હિમાલય પાસેથી ઠેઠ ગોદાવરી સુધી પ્રવાસ કરે છે. પ્રાચીન હિંદની સ્ત્રી-કેળવણી વિષે ભવભૂતિની કલ્પના શી છે તે આ ઉપરથી જણાય છે. ૬-અને તે રાજા૦ – વનદેવતાએ પહેલાં લાડપૂર્વક રામભદ્ર કહ્યું હતું, પણ હવે માત્ર 'રાજા' કહે છે. સર૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आत्रेयी — नहि नहि ।

वासन्ती — हा कष्टम्! आर्यारुन्धतीवसिष्ठाधिष्ठितेषु रघुकदम्बकेषु जीवन्तीषु च वृद्धासु राज्ञीषु कथमिदं जातम् ?

आत्रेयी — ऋष्यशृङ्गाश्रमे गुरुजनस्तदासीत् । संप्रति परिसमाप्तं तद् द्वादशवार्षिकं सत्रम् । ऋष्यशृङ्गेण च संपूज्य विसर्जिता गुरवः । ततो भगवत्यरुन्धती नाहं वधूविरहितामयोध्यां गमिष्यामीत्याह । तदेव राममातृभिरनुमोदितम् । तदनुरोधाद्भगवतो वसिष्ठस्य परिशुद्धा वाचो वाल्मीकितपोवनं गत्वा तत्र वत्स्याम इति ।

वासन्ती — अथ स राजा किमाचारः संप्रति ?

आत्रेयी — तेन राज्ञा क्रतुरश्वमेधः प्रक्रान्तः ।

वासन्ती — हा धिक् ! परिणीतमपि ?

आत्रेयी — शान्तम् ! नहि नहि ।

वासन्ती — का तर्हि यज्ञे सहधर्मचारिणी ?

आत्रेयी — हिरण्मयी सीताप्रतिकृतिः ।

वासन्ती — हन्त भोः !

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ॥ ७ ॥

રઘુવંશ (૧૪–૬૧)માં સીતા લક્ષ્મણ સાથે રામને સંદેશ મોકલાવતાં રાજા શબ્દ વાપરે છે તે : वाच्यस्त्वया मद्वचनात्स राजा । ૭ સરખાવો કુમારસંભવ ૫–૧૯ मृदु प्रकृत्या च ससारमेव च । વાસન્તીને થાય છે કે પોતાને રામ અંગે જે વિચારો આવી ગયા તેમાં કાંઈક ઉતાવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્રેયી — ના, કાંઈ નહીં.

વાસન્તી — હાય! હાય! આર્યા અરુંધતી અને વસિષ્ઠના છત્ર નીચે રઘુકુળ છે તોયે, અને વૃદ્ધ રાજરાણીઓ બેઠી છે તે છતાં, આમ કેમ બનવા પામ્યું?

આત્રેયી — ગુરુજનો ત્યારે ઋષ્યશૃંગના આશ્રમે હતાં. હમણાં એ બાર વરસનો યજ્ઞ પૂરો થયો ને ઋષ્યશૃંગે વડીલોને સારી રીતે સન્માન કરીને વિદાય દીધી. એ વખતે ભગવતી અરુંધતીએ કહ્યું કે 'હું વહુવિહોણી અયોધ્યામાં આવવાની નથી.' રામમાતાઓએ પણ એને અનુમોદન આપ્યું. આને લીધે ભગવાન વસિષ્ઠના મુખમાંથી પાવન વાણી નીકળી કે વાલ્મીકિના તપોવનમાં જઈ ને ત્યાં નિવાસ કરીએ.

વાસન્તી — અને તે રાજા હમણાં શું કરે છે?

આત્રેયી — તે રાજાએ અશ્વમેધયજ્ઞ આદર્યો છે.

વાસન્તી — અરેરે! પરણ્યા પણ?

આત્રેયી — ના, રે! એ શું બોલ્યાં?

વાસન્તી — ત્યારે યજ્ઞમાં સહધર્મચારિણી કોણ છે?

આત્રેયી — સીતાની સુવર્ણપ્રતિમા.

વાસન્તી — એમ કે?

કઠોર જે વજ્રથી યે, પુષ્પથી પણ જે મૃદુ,
અલૌકિક મનુષ્યોનાં ચિત્તને પામી કો શકે? ૭

થઈ ગઈ. ચતુરંગ – હસ્તી, અશ્વ, રથ અને પાયદળ. જીવતી હું – લક્ષ્મણ જ છોકરા જેવો હતો. એનો છોકરો સેનાપતિ થાય એવડો મોટો થયો! પોતે એ સમય જોવા ઠીકઠીક જીવી! – એવો ભાવ. રાજાનો દોષ૦ – બ્રાહ્મણે પોતે જ એવો આરોપ મૂક્યો હતો એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आत्रेयी — विसृष्टश्च वामदेवाभिमन्त्रितो मेध्योऽश्वः । उपकल्पिताश्च यथाशास्त्रं तस्य रक्षितारः । तेषामधिष्ठाता लक्ष्मणात्मजश्चन्द्रकेतुरवाप्तदिव्यास्त्रसंप्रदायश्चतुरङ्गसाधनान्वितोऽनुप्रहितः ।

वासन्ती — (सस्नेहकौतुकास्त्रम्) कुमारलक्ष्मणस्यापि पुत्रः ! हन्त मातर्, जीवामि ।

आत्रेयी — अत्रान्तरे ब्राह्मणेन मृतं पुत्रमारोप्य राजद्वारे सोरस्ताडमब्रह्मण्यमुद्घोषितम् । ततो न राजापचारमन्तरेण प्रजास्वकालमृत्युः संचरतीत्यात्मदोषं निरूपयति करुणामये रामभद्रे सहसैवाशरीरिणी वागुदचरत् —

शम्बूको नाम वृषलः पृथिव्यां तप्यते तपः ।
शीर्षच्छेद्यः स ते राम तं हत्वा जीवय द्विजम् ॥ ८ ॥

इत्युपश्रुत्यैवाकृष्टकृपाणपाणिः पुष्पकमधिरुह्य सर्वा दिशो विदिशश्च शूद्रतापसान्वेषणाय जगत्पतिः संचारं समारब्धवान् ।

वासन्ती — शम्बूको नाम धूमपः शूद्रोऽस्मिन्नेव जनस्थाने तपश्चरति । तदपि नाम रामभद्रः पुनरिदं वनमलंकुर्यात् ।

રામાયણ (ઉત્તરકાંડ ૭૩-૧૦, ૧૬) કહે છે : रामस्य दष्कृतं किंचिन्महदस्ति न सशयः । . . . . राजदोषैर्विपद्यन्ते प्रजा ह्यविधिपालिताः । असद्वृत्ते हि नृपतौ अकाले म्रियते जनः ॥ રામ પોતે જ પોતાનો દોષ જોવા પ્રેરાયા એવા ભવભૂતિના નિરૂપણમાં વધુ ઔચિત્ય તો છે જ, પણ રામને સીતાનો પરિત્યાગ એ જ પોતાના મહાન દોષ રૂપે પ્રથમ પ્રતીત થયો હશે એ સંભાવના પણ તરત આપણા મનમાં જાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્રેયી — વામદેવે સંસ્કાર કરેલો અશ્વમેધનો ઘોડો પણ છૂટો મૂકી દીધો છે. શાસ્ત્ર પ્રમાણે તેના રક્ષકો પણ નક્કી કરવામાં આવ્યા છે. તેઓના નેતા તરીકે દિવ્યાસ્ત્રની પરંપરા પામેલા લક્ષ્મણપુત્ર ચંદ્રકેતુને ચતુરંગ સેના સાથે પાછળ મોકલવામાં આવ્યો છે.

વાસન્તી — (સ્નેહ અને કૌતુકથી—આંખમાં આંસુ લાવીને) કુમાર લક્ષ્મણને વળી દીકરો! હાશ! માડી! હું જીવતી છું!

આત્રેયી — એવામાં એક બ્રાહ્મણે રાજદ્વારમાં મરેલા પુત્રને નાખીને 'ગજબ થયો! બ્રાહ્મણ ઉપર ગજબ થયો!' એમ છાતીફાટ આરડવા માંડયું. એટલે રાજાના દોષ વગર પ્રજામાં અકાળ મૃત્યુ થાય નહીં એમ કરુણામય રામભદ્ર પોતાનો વાંક વિચારતા હતા ત્યાં એકાએક અશરીરિણી વાણી સંભળાઈ:

તપે છે તપ પૃથ્વીમાં શૂદ્ર શમ્બૂક નામનો,
શીર્ષછેદ કરી તેનો ઘટે જીવાડવો દ્વિજ. ૮

એવું સાંભળી, હાથમાં ખડ્ગ લઈ પુષ્પકમાં આરોહણ કરી બધી દિશાઓમાં અને ખૂણાઓમાં શૂદ્ર તાપસને શોધવા માટે જગત્પતિએ ઘૂમવાનું શરૂ કર્યું છે.

વાસન્તી — ધુમાડો પીતો શમ્બૂક નામનો શૂદ્ર આ જનસ્થાનમાં જ તપ કરે છે. તો શું રામભદ્ર ફરીથી પણ આ વનને શોભાવશે?

અશરીરિણી (ગેબી) વાણી એમાંથી રામને વાળે છે. રામાયણમાં નારદ શંબૂકની ખબર આપે છે, પણ રઘુવંશ (૧૪–૪૬)માં ગૂઢરૂપા સરસ્વતી દ્વારા રામ જાણે છે. ત્યાં શંબૂકને શીર્ષચ્છેદ્ય (૧૪–૫૧) પણ કહ્યો છે. ૮ શૂદ્રથી તપ ન થાય એવી માન્યતા. ફરીથી રામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आत्रेयी — भद्रे, गम्यतेऽधुना ।

वासन्ती — आर्ये आत्रेयि, एवमस्तु । कठोरीभूतश्च दिवसः ।

तथा हि —

कण्डूलद्विपगण्डपिण्डकषणोत्कम्पेन संपातिभि-
र्घर्मस्रंसितबन्धनैः स्वकुसुमैरर्चन्ति गोदावरीम् ।
छायापस्किरमाणविष्किरमुखव्याकृष्टकीटत्वचः
कूजत्क्लान्तकपोतकुक्कुटकुलाः कूले कुलायद्रुमाः ॥ ९ ॥

[इति परिक्रम्य निष्क्रान्ते ।]

इति शुद्धविष्कम्भकः ।

*

[ततः प्रविशति पुष्पकस्थः सदयोद्यतखड्गो रामभद्रः ।]

रामः —

हे हस्त दक्षिण मृतस्य शिशोर्द्विजस्य
जीवातवे विसृज शूद्रमुनौ कृपाणम् ।
रामस्य बाहुरसि निर्भरगर्भखिन्न-
सीतावियोगनपटोः करुणा कुतस्ते ॥ १० ॥

અહીં આવશે એ વિચારે વાસન્તીનું હૃદય આર્દ્ર બને છે અને એ રાજા તરીકે આવવાના છે, છતાં પોતાના 'રામભદ્ર'નો જ એ વિચાર કરે છે. ૯ હાથી ચળ આવતાં ઝાડ સાથે લમણાં ઘસે તેથી પુષ્પો પાણીમાં ખર્યાં છે. તાપને લીધે પણ દાંડલીથી છૂટાં પડીને ખર્યાં છે. જાણે વૃક્ષો ગોદાવરીની એ રીતે પૂજા કરતાં ન હોય! જેની છાયામાં પંખીઓ ચાંચ વડે થડની છાલ ટોચીને તેમાંથી કીડાઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્રેયી — ભદ્રે, જાઉં હવે.

વાસન્તી — આર્યા આત્રેયી, ભલે! દિવસ પણ ચઢ્યો છે. અને

હસ્તીઓ ચળથી કપોલ ઘસતાં કંપી ખરેલાં, વળી
તાપે દાંડલીથી ઝર્યાં સ્વકુસુમે ગોદાવરી અર્ચતાં, –
છાંયે ખેંચત કીટ ચાંચથી ખગો ટોચી થડો, — એહવાં
કાંઠે કૂજત કલાન્ત કુક્કુટકપોતે વૃક્ષ માળાભર્યાં. ૯

[પરિક્રમણ કરી બંને જાય છે.]

વિષ્કમ્ભક

*

[પછી પુષ્પકમાં બેઠેલા ઉગામેલા ખડ્ગવાળા, સદય રામભદ્ર પ્રવેશે છે.]

રામ —

હે હસ્ત દક્ષિણ, શિશુ દ્વિજનો મરેલો
જીવાડવા કર તું ધા મુનિ શૂદ્ર માથે.
જે પૂર્ણ ગર્ભિણી સખી ત્યજવે પ્રવીણ,
તે રામનો તું કર, કયાંથી તને દયા તો? ૧૦

ખેંચે છે એવાં એ કાંઠા પરનાં માળાઓથી ભરેલાં વૃક્ષો છે. પહેલા અંકમાં રામનો પ્રવેશ હતો, અહીં 'રામભદ્ર'નો છે. કવિ રામને દંડકારણ્યમાં લાવે છે રાજકાજ અંગે, પણ ત્યાં એમને અંગત વ્યક્તિ તરીકે જ એ રજૂ કરવા ઇચ્છતા લાગે છે. ૧૦ ત્યજવે – ત્યજવામાં. જમણા હાથે સીતાનું પાણિગ્રહણ કર્યું હતું તેથી તેને ખાસ ઉપાલંભ. શૂદ્રમુનિને મારવાની ફરજ માથે આવી છે, પણ એમાં પોતાનો જીવ વેદના અનુભવે છે એ પોતાની સીતાત્યાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(कथंचित्प्रहृत्य) कृतं रामसदृशं कर्म । अपि जीवेत्स ब्राह्मणपुत्रः ।

[प्रविश्य]

दिव्यपुरुषः—जयतु देवः !

दत्ताभये त्वयि यमादपि दण्डधारे
संजीवितः शिशुरसौ मम चेयमृद्धिः ।
शम्बूक एष शिरसा चरणौ नतस्ते
सत्सङ्गजानि निधनान्यपि तारयन्ति ॥ ११ ॥

रामः—द्वयमपि प्रियं नः, तदनुभूयतामुप्रस्य तपसः परिपाकः ।

यत्रानन्दाश्च मोदाश्च यत्र पुण्याश्च संपदः ।
वैराजा नाम ते लोकास्तैजसाः सन्तु ते ध्रुवाः ॥ १२ ॥

शम्बूकः—स्वामिन्, युष्मत्पादप्रसादोपाय एष महिमा । किमत्र तपसा ? अथवा महदुपकृतं तपसा ।

अन्वेष्टव्यो यदसि भुवने भूतनाथः शरण्यो
मामन्विष्यन्निह वृषलकं योजनानां शतानि ।
क्रान्त्वा प्राप्तः स इह तपसां संप्रसादोऽन्यथा चेत्
कायोध्यायाः पुनरुपगमो दण्डकायां वने वः ॥ १३ ॥

વખતની નિર્દયતાનો ઉલ્લેખ કરીને સૂચવ્યું છે. સીતાત્યાગની નિર્દયતા હજી બારે વરસે પણ ખટકયાં કરે છે—એ આ શ્લોકનો મુખ્ય ધ્વનિ છે. ૧૨ વૈરાજલોક—પંચભૂતનો નહિ પણ તેજનો બનેલો સત્યલોક-બ્રહ્મલોક. વાયુપુરાણ વર્ણવે છે: लोकाः सान्तानिका

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(કેમે કરી પ્રહાર કરીને) કર્યું રામના જેવું કામ! પેલો બ્રાહ્મણપુત્ર જીવતો થયો હશે?

[પ્રવેશીને]

દિવ્ય પુરુષ — મહારાજનો જય હો!

જ્યાં દંડધારક તમે યમથી ય રક્ષો,
એ બાળ જીવિત થયો, હું ય રિદ્ધિ પામ્યો.
શમ્બૂક આ શિર ધરે ચરણે તમારે.
સત્સંગથી નિપન્યુ મૃત્યુ ય તારનારું. ૧૧

રામ — બંને અમને ગમતી વાત થઈ. તો હવે, ઉગ્ર તપનું ફળ અનુભવ:

જ્યાં આનંદ અને મોદ, વળી જ્યાં પુણ્ય સંપદ,
લોક વૈરાજ નામે તે હો તેજસ્વી તને શિવ! ૧૨

શમ્બૂક — સ્વામી, તમારા ચરણના પ્રસાદનો જ એ મહિમા છે. એમાં તપે શું કર્યું? અથવા તો તપનો ય મોટો ઉપકાર.

શોધાતા જે શરણ સહુનું વિશ્વમાં લોકનાથ,
કાપી કોશો શત શત મને શત્રુને શોધતા, તે
આવ્યા આંહીં, લહું તપની એ તો પ્રસાદી, નહીં તો
આવો પાછા અવધપુરીથી દંડકા આપ ક્યાંથી? ૧૩

नाम यत्र तिष्ठन्ति भास्वराः। ते वैराजा इति ख्याता देवानां देवि देवताः॥ ૧૩ રામને સામાન્ય માનવી કે રાજા નહિ, પણ અવતારરૂપ, પરમાત્મારૂપ ગણવાનું ભવભૂતિનું વલણ ક્યાંક ક્યાંક દેખાય છે, તેનુ આ ઉદાહરણ છે. સર૦ કુમારસંભવ ૬-૧૭: यदध्यक्षेण जगतां वयमारोपितास्त्वया ૧૫ ખર-રાવણનો સંબંધી, દક્ષિણ હિંદમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रामः — किं नाम दण्डकेयम् ? (सर्वतोऽवलोक्य) हा ! कथम्

स्निग्धश्यामाः क्वचिदपरतो भीषणाभोगरूक्षाः
स्थाने स्थाने मुखरककुभो झांकृतैर्निर्झराणाम् ।
एते तीर्थाश्रमगिरिसरिद्वर्तकान्तारमिश्राः
संदृश्यन्ते परिचितभुवो दण्डकारण्यभागाः ॥ १४ ॥

शम्बूकः — दण्डकैवेयम् । अत्र किल पूर्वं निवसता देवेन

चतुर्दश सहस्राणि रक्षसां भीमकर्मणाम् ।
त्रयश्च दूषणखरत्रिमूर्धानो रणे हताः ॥ १५ ॥

येन सिद्धक्षेत्रे जनस्थानेऽस्मिन्मादृशामपि जानपदानामकुतोभयः संचारः संवृत्तः ।

रामः — न केवलं दण्डका, जनस्थानमपि !

शम्बूकः — बाढम् । एतानि खलु सर्वभूतलोमहर्षणान्युन्मत्तचण्डश्वापदकुलाक्रान्तविकटगिरिगह्वराणि जनस्थानपर्यन्तदीर्घारण्यानि दक्षिणां दिशमभिवर्तन्ते । तथा हि

निष्कूजस्तिमिताः क्वचित्क्वचिदपि प्रोच्चण्डसत्त्वस्वनाः
स्वेच्छासुप्तगभीरभोगभुजगश्वासप्रदीप्ताग्नयः ।
सीमानः प्रदरोदरेषु विलसत्स्वल्पाम्भसो यास्वयं
तृष्यद्भिः प्रतिसूर्यकैरजगरस्वेदद्रवः पीयते ॥ १६ ॥

એનો મુખ્ય સેનાપતિ હતો. દૂષણ અને ત્રિશીર્ષ ખરના હાથ નીચે હતા. ૧૬ આ શ્લોકમાં ભયાનક અને બીભત્સ રસની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ — શું આ દંડકા છે? (બધી તરફ અવલોકન કરીને) અહો! કેમ વળી

સ્નિગ્ધ શ્યામ ક્વચિત, પટ બિહામણા રૂક્ષ ક્યાંક,
સ્થાને સ્થાને દિશ મુખર ઝંકારથી નિર્ઝરોના.
પેલા તીર્થાશ્રમ-ગિરિ-નદી-ખીણ-કાન્તાર-વાળા
એ દેખાતા પરિચિત અહો દંડકારણ્ય ભાગો. ૧૪

શમ્બૂક — દંડકા જ છે આ. કહે છે કે પહેલાં મહારાજ અહીં વસતા હતા ત્યારે તેમના હાથે

ચૌદ સહસ્ર ને ચૌદ રાક્ષસો, વળી તે ત્રણ
ખર દૂષણ ત્રિશીર્ષ રોળાયા'તા રણાંગણે. ૧૫

— જેથી આ સિદ્ધક્ષેત્રમાં મારા જેવા જનપદવાસીઓને ક્યાંયથી પણ ભય ન રહે એ રીતે હરવાફરવાનું થયું.

રામ — આ માત્ર દંડકા જ નહીં, જનસ્થાન પણ છે!

શમ્બૂક — હા, પેલાંસ્તો સૌ પ્રાણીઓને રોમાંચ કરાવે એવાં, ઉન્મત્ત અને ભયંકર હિંસક શ્વાપદોનાં ટોળાં જેનાં વિકટ ગિરિગહ્વરોમાં ઘૂમે છે એવાં, જનસ્થાન પર્યંત ફેલાયેલાં અરણ્યો દક્ષિણ દિશામાં આવેલાં છે. વળી

જે છે કૂજનશૂન્ય નિશ્ચલ ક્યહીં, ને ક્યાંક નાદે ભરી,
સ્વેચ્છાસુપ્ત ગભીરફેણ અહિના શ્વાસે જ્વલે અગ્નિ જ્યાં,
એવી સૌ વનસીમ; — પાણી ચળકે કૈં જ્યાં બખોલો મહીં,
કાચિડા તરસ્યા દ્રવ્યો અજગર-પ્રસ્વેદ પીતા જહીં. ૧૬

છાંટ છે. ૧૮ પહેલી પંક્તિ રામાયણની નીચેની રામવનવાસ વખતની સીતાની ઉક્તિઓ ઉપરથી: सुखं वने निवत्स्यामि यथैव

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रामः —

पश्यामि च जनस्थानं भूतपूर्वखरालयम् ।
प्रत्यक्षानिव वृत्तान्तान्पूर्वाननुभवामि च ॥ १७ ॥

(सर्वतोऽवलोक्य) प्रियारामा हि सर्वथा वैदेह्यासीत् । एतानि तानि नाम कान्ताराणि । किमतः परं भयानकं स्यात् ! (सास्रम्)

त्वया सह निवत्स्यामि वनेषु मधुगन्धिषु ।
इतीहारमतंत्रासौ स्नेहस्तस्याः स तादृशः ॥ १८ ॥

न किंचिदपि कुर्वाणः सौख्यैर्दुःखान्यपोहति ।
तत्तस्य किमपि द्रव्यं यो हि यस्य प्रियो जनः ॥ १९ ॥

शम्बूकः — तदलमेभिर्दुरासदैः । अथैतानि मदकलमयूरकण्ठकोमलच्छविभिरवकीर्णानि पर्वतैरविरलनिविष्टनीलबहुलच्छायातरुषण्डमण्डितान्यसंभ्रान्तविविधमृगयूथानि पश्यतु महानुभावः प्रशान्तगम्भीराणि मध्यमारण्यानि ।

इह समदशकुन्ताक्रान्तवानीरमुक्त-
प्रसवसुरभिशीतस्वच्छतोया वहन्ति ।
फलभरपरिणामश्यामजम्बूनिकुञ्ज-
स्खलनमुखरभूरिस्रोतसो निर्झरिण्यः ॥ २० ॥

भवने पितुः । . . . सह रंस्ये त्वया वीर वनेषु मधुगन्धिषु ॥ (અયોધ્યાકાંડ ૨૭-૧૨, ૧૩.) મધુગંધિ—પુષ્પોના મધની સુવાસથી મહેકતાં. ૧૯ સીતાને માટે રામ કાંઈ ન કરી શકે તો પણ સીતા સુખ જ માને. દ્રવ્ય—વસ્તુ. આ શ્લોકો રામ સ્વગત અથવા ધીરેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ —

દેખું વળી જનસ્થાન, ખરનું ઘર જે હતું;
પૂર્વવૃત્તાન્ત સૌ જાણે પ્રત્યક્ષ જ અનુભવું. ૧૭

(બધી બાજુ અવલોકન કરી) હા, ખરે જ વૈદેહીને વનો ગમતાં. તે જ આ અરણ્યો! આથી વળી ભયાનક શું હોય? (આંસુ સાથે)

વસીશ હું તારી સાથે મધુગન્ધિ વનો મહીં,–
એમ આનંદતી! એનો હતો સ્નેહ જ એહવો. ૧૮

ન કાંઈ કરતું તોયે સૌખ્યથી દુખ વારતું,
તે તેનું કૈંક છે દ્રવ્ય, જેનું જે પ્રિય હો જન. ૧૯

શમ્બૂક — રહેવા દો એ દુર્ગમ વનોને! અને આ મદથી ગાતા મયૂરના કંઠ જેવી કોમળ શોભાવાળા પર્વતોથી છવાયેલાં, ગાઢાં જામેલાં નીલ બહોળી છાયાવાળાં તરુઓના સમૂહથી અલંકૃત, ભડકયા વગર ફરતાં વિવિધ પશુઓનાં ટોળાંવાળાં, પ્રશાંત અને ગંભીર એવાં મધ્યમારણ્યોને મહાનુભાવ જુઓ!

અહીં મદિલ વિહંગોથી નમી નેતરોનાં
ફૂલથી સુરભિવંતી, શીત ને સ્વચ્છ વ્હેતી,
પરિણત ફળઝૂકી શ્યામ જાંબુની કુંજે
સ્ખલતી મુખર મોટા સ્રોતથી નિર્ઝરીઓ. ૨૦

બોલ્યા હોય અને એટલો સમય જરી શ્વાસ ખાઈને શમ્બૂક પાછો વનવર્ણન માટે તૈયાર થઈ ગયો હોય. તે તે સ્થાનના ભોમિયાઓ જે ઉત્સાહથી સ્થળવર્ણન કરે છે તે શમ્બૂકમાં ઊભરાય છે. પોતે જનપદવાસી શૂદ્ર હતો પણ સંસ્કારિતા 'દિવ્ય પુરુષ'ને શોભે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अपि च

दधति कुहरभाजामत्र भल्लूकयूना-
मनुरसितगुरूणि स्त्यानमम्बूकतानि ।
शिशिरकटुकषायः स्त्यायते सल्लकीना-
मिभदलितविकीर्णग्रन्थिनिष्यन्दगन्धः ॥ २१ ॥

रामः—(सबाष्पस्तम्भम्) भद्र, शिवास्ते पन्थानः । देवयानं प्रतिपद्यस्व पुण्येभ्यो लोकेभ्यः !

शम्बूकः— यावत्पुराणब्रह्मर्षिमगस्त्यमभिवाद्य शाश्वतं पदमनुप्रविशामि ।

[इति निष्क्रान्तः ।]

रामः—

एतत्पुनर्वनमहो कथमद्य दृष्टं
यस्मिन्नभूम चिरमेव पुरा वसन्तः ।
आरण्यकाश्च गृहिणश्च रताः स्वधर्मे
सांसारिकेषु च सुखेषु वयं रसज्ञाः ॥ २२ ॥

एते त एव गिरयो विरुवन्मयूरा-
स्तान्येव मत्तहरिणानि वनस्थलानि ।
आमञ्जुवञ्जुललतानि च तान्यमूनि
नीरन्ध्रनीपनिचुलानि सरित्तटानि ॥ २३ ॥

એવી છે એની પણ પરીક્ષ રીતે એ ખાતરી કરાવી રહે છે. ૨૦ નમી – નમેલી. ૨૧ આ શ્લોક માલતીમાધવમાં પણ છે. (અંક ૯–૬.) સલ્લકી – એને ગજભક્ષ્યા પણ કહે છે. તેનાં પાંદડાં હાથીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વળી

તરુણ કુહરવાસી રીંછડાના બરાડા
પ્રતિરવથી વધીને આંહીં વિસ્તાર પામે.
શિશિર કટુ કસાણો વિસ્તરે સલ્લકીનો
ગજદલિત વિંધ્યાર્ઇ ગાંઠનો સ્રાવગંધ. ૨૧

રામ—(આંસુ રોકીને) ભદ્ર, તારો માર્ગ કલ્યાણમય હજો! પુણ્યલોકમાં પહોંચવા માટે તું દેવયાન-માર્ગને પામ.

શમ્બૂક—જરી પ્રાચીન બ્રહ્મર્ષિ અગસ્ત્યને અભિવાદન કરી લઉં પછી શાશ્વત પદમાં પ્રવેશ કરું.

[જાય છે.]

રામ—

આ તે ફરી વન દીઠું અહ આજ ક્યાંથી!
પૂર્વે જહીં સમય ખૂબ રહ્યા, બનીને
આરણ્યકો વળી સ્વધર્મ-મચ્યા ગૃહસ્થો,
સંસારનાં સુખ વિષે ય થઈ રસજ્ઞ. ૨૨
તે એ જ સૌ ગિરિવરો, જહીં મોર ગ્હેકે;
આ એ જ મત્ત હરિણોની વનસ્થલીઓ.
જ્યાં મંજુ વંજુલ લતા, સરિતાતટો એ,
ગાઢાં કદમ્બનિચુલદ્રુમથી લચેલા. ૨૩

ગમે છે. સર૦ અંક ૩ શ્લોક ૬. દેવયાનમાર્ગને પામ—(૧) ઉપનિષદોમાં પિતૃયાનથી જુદો એવો બ્રહ્મલોકમાં જવાનો દેવયાન માર્ગ કહ્યો છે તેને પામ એવો અર્થ થઈ શકે અથવા માત્ર (૨) દેવયાન એટલે કે વિમાનને રસ્તે તું પુણ્યલોકમાં પહોંચ એટલો અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मेघमालेव यश्चायमारादिव विभाव्यते ।
गिरिः प्रस्रवणः सोऽयं यत्र गोदावरी नदी ॥ २४ ॥

अस्यैवासीन्महति शिखरे गृध्रराजस्य वास-
स्तस्याधस्ताद्वयमपि रतास्तेषु पर्णोटजेषु ।
गोदावर्याः पयसि विततश्यामलानोकहश्री-
रन्तःकूजन्मुखरशकुनो यत्र रम्यो वनान्तः ॥ २५ ॥

अत्रैव सा पञ्चवटी यत्र चिरनिवासेन विविधविस्रम्भातिप्रस-ङ्गमाक्षिणः प्रदेशाः प्रियायाः प्रियसखी च वासन्ती नाम वनदेवता । तत् किमिदमापतितमद्य रामस्य ! संप्रति हि

चिराद्वेगारम्भी प्रसृत इव तीव्रो विषरसः
कुतश्चित्संवेगात्प्रचल इव शल्यस्य शकलः ।
व्रणो रूढग्रन्थिः स्फुटित इव हृन्मर्मणि पुन-
र्घनीभूतः शोको विकलयति मां नूतन इव ॥ २६ ॥

तथापि तान्पूर्वसुहृदो भूमिभागान्पश्यामि । (निरूप्य) अहो, अनवस्थितो भूतसंनिवेशः !

पुरा यत्र स्रोतः पुलिनमधुना तत्र सरितां
विपर्यासं यातो घनविरलभावः क्षितिरुहाम् ।
बहोर्दृष्टं कालादपरमिव मन्ये वनमिदं
निवेशः शैलानां तदिदमिति बुद्धिं द्रढयति ॥ २७ ॥

પણ લઈ શકાય. રામ શમ્બૂકના લાંબા વર્ણનપ્રલાપમાંથી જાણે છુટકારો મેળવતા ન હોય. એ જતાં તરત જ તે પોતાના હૃદયની લાગણીઓના વેગમાં તણાય છે. પણ શમ્બૂકને અગસ્ત્ય ઋષિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પેલો મેઘમાલાશો ભાસે જાણે સમીપમાં,
ગિરિ એ તો પ્રસ્રવણ, ને આ ગોદાવરી નદી. ૨૪

એને ઊંચે શિખર વસતા વાસ ત્યાં ગૃધ્રરાજ,
નીચે પર્ણો તણી કુટિરમાં ત્યાં અમે યે રમેલાં;
ઝૂકી જેનાં તરુની જળગોદાવરી માંહીં શોભા,
કિલ્લોલે જ્યાં ભીતર વિહગો રમ્ય એવો વનાન્ત. ૨૫

પણે પેલી પંચવટી, જ્યાં લાંબો સમય નિવાસ કરવાને લીધે વિવિધ વિશ્રંભભર્યા વિલાસના સાક્ષી એવા પ્રદેશો છે અને જ્યાં પ્રિયાની પ્રિયસખી વાસન્તી નામે વનદેવતા છે. રામને માથે આજે આ શું આવી પડ્યું! અત્યારે

ઊઠી લાંબે ગાળે રસ પ્રસરતો તીવ્ર વિષનો!
કહીંથી ઓચિંતો હલી બસ ઊઠ્યો કંટકટુક!
શકે ગંઠાયેલો વ્રણ હૃદયમર્મે ફૂટી ઊઠ્યો!
પુરાણો તે જાણે નવતર સમો શોક પજવે! ૨૬

તેમ છતાં પૂર્વના સુહૃદ એ ભૂમિભાગોનું હું અવલોકન કરીશ. (નિહાળીને) અહો, પદાર્થોની રચના ઊલટપાલટ થઈ ગઈ છે!

નદીને જ્યાં પ્હેલાં વહન હતું, ત્યાં વેળુ હમણાં;
ગઈ ગાઢાં આછાં તરુની રચના છેક પલટી!
ઘણા કાળે દીઠું, બીજું જ વન આ ભાસતું મને;
છતાં તે આ — એવી મતિ દૃઢ કરે શૈલરચના. ૨૭

મળવાનું સૂઝે છે, અને તેણે એમનો ઉલ્લેખ કરીને સંભારી આપ્યા છતાં રામને વહેલામાં વહેલી ક્ષણે ઋષિને વંદન કરવા જવાનું સૂઝતું નથી એ જરી ઉચિત લાગતું નથી. એટલા એ પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हन्त हन्त ! परिहरन्तमपि मामितः पञ्चवटीस्नेहो बलादाकर्षतीव । (सकरुणम्)

यस्यां ते दिवसास्तया सह मया नीता पुनः स्वे गृहे
यत्संबन्धिकथाभिरेव सततं दीर्घाभिरास्थीयत ।
एकः संप्रति नाशितप्रियतमस्तामद्य रामः कथं
पापः पञ्चवटीं विलोकयतु वा गच्छत्वसंभाव्य वा ॥ २८ ॥

[प्रविश्य]

शम्बूकः — जयतु देवः । देव, भगवानगस्त्यो मत्तः श्रुतभवत्संनिधानस्त्वामाह — " परिकल्पितावरणमङ्गला प्रतीक्षते वत्सला लोपामुद्रा, सर्वे च महर्षयः । तदेहि । संभावयास्मान् । अथ प्रजविना पुष्पकेण स्वदेशमुपगम्याश्वमेधाय सज्जो भव " इति ।

रामः — यथाज्ञापयति भगवान् ।

शम्बूकः — इतस्तर्हि देवः प्रवर्तयतु पुष्पकम् ।

रामः — (पुष्पकं प्रवर्तयन्) भगवति पञ्चवटि, गुरुजनादेशोपरोधात्क्षणं क्षम्यतामतिक्रमो रामस्य ।

લાગણીઓમાં તણાય છે. હૃદયોર્મિનો વેગ જ તો અલબત્ત કવિને નિરૂપવો છે. ૨૫ છેલ્લી બે પંક્તિઓ ભવભૂતિ જેવા પ્રકૃતિવર્ણનમાં સિદ્ધહસ્ત કવિમાં પણ પોતાના સૌન્દર્યથી જુદી તરી આવે એવી છે. ૨૬ ટુક – ટુકડો. ૨૭ છતાં પર્વતોની રચના પહેલાં હતી તેવી ને તેવી હોઈ તે જ આ વન છે એવી સમજને દૃઢાવે (દૃઢ કરે) છે. ૨૮ રામને મન સીતાનો નાશ જ થયો છે. વેગવંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરે! અરે! છોડીને જવા કરું છું તો યે પંચવટીનો સ્નેહ જાણે મને અહીંથી બળપૂર્વક પોતા પ્રત્યે ખેંચે છે. (કરુણ રીતે)

ગાળ્યા એ દિવસો પ્રિયા સહ વસી જ્યાં મેં, પછીથી ગૃહે
લાંબી જેહની ચાલુ વાત કરતાં રહેતાં અમે, ત્યાં હવે
પાપી રામ કચમે, વિનાશ કરીને વ્હાલી તણો, એકલો
આજે પંચવટી વિલોકી ય શકે, કે જાય પૂજ્યા વિના? ૨૮

[પ્રવેશીને]

શમ્બૂક — મહારાજનો જય હો! દેવ, ભગવાન્ અગસ્ત્યે આપ આટલામાં જ છો એમ મારી પાસેથી જાણીને કહ્યું છે: "સ્વાગતમંગલની સામગ્રી સજીને વત્સલ લોપામુદ્રા અને સર્વે મહર્ષિઓ તમારી પ્રતીક્ષા કરે છે. તો આવો. અમને સન્માનો. પછી વેગવંત પુષ્પકથી સ્વદેશ જઈ પહોંચી અશ્વમેધ માટે સજ્જ થજો!"

રામ — જેવી ભગવાનની આજ્ઞા.

શમ્બૂક — ત્યારે મહારાજ, આ તરફ પુષ્પક વાળો!

રામ — (પુષ્પક ચલાવતા) ભગવતી પંચવટી, ગુરુજનના આદેશને વશ થઈ રામ તરછોડીને જાય છે એ દોષ ઘડીક ક્ષમા કરજો.

પુષ્પકથી૦ – રામ પોતાની મેળે આવ્યા નથી તે કદાચ રાજકાજમાં – ખાસ કરીને અશ્વમેધ યજ્ઞમાં – વિક્ષેપ ન પડે તે માટે તરત જ પાછા અયોધ્યા ફરવાનો એમનો વિચાર હશે – એમ અગસ્ત્ય ઋષિએ ઉદારતાથી માન્યું અને હવે પોતાની પાસે (બલકે રામને મળવા ઝટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शम्बूकः — देव, पश्य पश्य !

गुञ्जत्कुञ्जकुटीरकौशिकघटाघुत्कारवत्कीचक-
स्तम्बाडम्बरमूकमौकुलिकुलः क्रौञ्चावतोऽयं गिरिः ।
एतस्मिन्प्रचलाकिनां प्रचलतामुद्वेजिताः कूजितै-
रुद्वेल्लन्ति पुराणरोहिणतरुस्कन्धेषु कुम्भीनसाः ॥ २९ ॥

अपि च

एते ते कुहरेषु गद्गदनदद्गोदावरीवारयो
मेघालम्बितमौलिनीलशिखराः क्षोणीभृतो दाक्षिणाः ।
अन्योन्यप्रतिघातसंकुलचलत्कल्लोलकोलाहलै-
रुत्तालास्त इमे गभीरपयसः पुण्याः सरित्संगमाः ॥ ३० ॥

[इति निष्क्रान्तौ ।]

इति महाकविश्रीभवभूतिविरचित उत्तररामचरिते
पञ्चवटीप्रवेशो नाम द्वितीयोऽङ्कः ।

ચાલીને દૂર જઈ ન શકે એવાં ઋષિપત્ની અને સૌ મહર્ષિઓ પાસે) આવવા રામને બોલાવે છે, ત્યારે પણ તેઓ સૂચવે છે કે એમાં જરીક સમય જશે, પણ પુષ્પક જેવું વિમાન છે એટલે ઝડપથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શમ્બૂક — દેવ, જુઓ, જુઓ !

ઝુંડો ગુંજત વાંસનાં ધ્રુવડના માળાથી ઘૂઘૂ થતાં
દેતાં જ્યાં કરી મૂક કાકકુલને, આ તે જ ક્રૌંચાવત
અદ્રિ; જ્યાં ઘૂમતા મયૂરગણની કેકાથી ઉદ્વિગ્ન થૈ
સર્પો જીર્ણ થડોથી ચંદન તણા ફૂજંત ઝૂલી રહ્યા. ૨૯

અને વળી,

પેલા તે કુહરો ગજાવી વહતી ગોદાવરીથી સુહ્યા,
આલંબે ઘન નીલ શૃંગશિરને એવા, નગો દક્ષિણ;
અન્યોન્યે અથડાઈ સંકુલ વહે કલ્લોલકોલાહલે,
વેગીલા વળી પુણ્ય વારિગહરા તે આ સરિત્સંગમો. ૩૦

[બંને જાય છે.]

પંચવટીપ્રવેશ નામે બીજો અંક સમાપ્ત.

તેઓ પાછા અયોધ્યા પહોંચી શકશે. ૨૯ શબ્દચિત્રકાવ્ય. ૩૦ મૂળમાં गद्गदनद्द् ગોદાવરીના વર્ણનમાં જ પાણીના વેગભર વહનનો ઘોષ પ્રતીત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तृतीयोऽङ्कः ।

[ततः प्रविशति नदीद्वयम् ।]

एका — सखि मुरले, किमसि संभ्रान्तेव ?

मुरला — सखि तमसे, प्रेषितास्मि भगवतोऽगस्त्यस्य पत्न्या लोपामुद्रया सरिद्वरां गोदावरीमभिधातुम् — "जानास्येव यथा वधूपरित्यागात्प्रभृति —

अनिर्भिन्नो गभीरत्वादन्तर्गूढघनव्यथः ।
पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः ॥ १ ॥

तेन च तथाविधेष्टजनकष्टविनिपातजन्मना प्रकर्षगतेन दीर्घशोकसंतानेन संप्रति नितरां परिक्षीणो रामभद्रः । तमवलोक्य कम्पितमिव सबन्धनं मे हृदयम् । अधुना च प्रतिनिवर्तमानेन रामभद्रेण नियतमेव पञ्चवटीवने वधूसहनिवासविस्रम्भसाक्षिणः प्रदेशा द्रष्टव्याः । तत्र च निसर्गधीरस्याप्येवंविधायामवस्थायामतिगम्भीराभोगशोकक्षोभसंवेगात्पदेपदे महाप्रमादानि शोकस्थानानि शङ्कनीयानि रामभद्रस्य ।

---

१ પુટપાક – સામસામાં બે કોડિયાં મૂકી તેના સંપુટમાં કોઈ વસ્તુને રાખી અગ્નિમાં પકાવે તે. પ્રમાદ – બેધ્યાનપણું, અહીં ભય, લેખમ, એ અર્થ છે. ૨ શીતળ વાયુલહરી વિરહીઓને સભાન દશામા દુઃસહ હોય છે, પણ મૂર્છિતદશામાં તો તે સંજીવનીરૂપ નીવડે છે, માટે નિઃશંકપણે વાયુ પ્રેરજો. (વીરરાઘવ.) ૩ આવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક ત્રીજો

[પછી બે નદીઓ પ્રવેશ કરે છે.]

એક — સખી મુરલા, ગાભરી જેવી કેમ લાગે છે?

મુરલા — સખી તમસા, ભગવાન અગસ્ત્યનાં પત્ની લોપામુદ્રાએ મને સરિતાઓમાં શ્રેષ્ઠ એવી ગોદાવરીને કહેવા મોકલી છે કે: "તમે જાણો જ છો કે વધૂનો પરિત્યાગ કર્યો ત્યારથી

ઊંડાણુ કારણે જે ના ફૂટ્યો, ગૂઢ વ્યથાભર્યો,
પુટપાક સમો હૈયે રામનો કરુણારસ. ૧

અને તેથી, એવા ઇષ્ટજન ઉપર કષ્ટ આવી પડવાથી થયેલા, લાંબા, ધારાવાહી, ખૂબ જ વધી ગયેલા શોકને લીધે રામભદ્ર અત્યારે છેક સુકાઈ ગયા છે. એમને જોઈને મારું હૈયું મૂળમાંથી જાણે કે હચમચી ઊઠ્યું. હમણાં વળી, પોતે અહીં પાછા ફર્યા છે ત્યારે, પંચવટીવનમાંના જે પ્રદેશો વધૂના સહવાસસમયના વિશ્રંભના સાક્ષી છે તેમને અવશ્ય એ નિહાળવાના. અને તે સ્થળોએ, પોતે સ્વભાવથી ધીર છે તોપણ, આવી અવસ્થામાં બધી તરફથી ઘેરી રહેલા અને અતિ ગંભીર શોકક્ષોભના પ્રબળ વેગને લીધે ડગલે

જણ – પૃથ્વી, ગંગા, વાલ્મીકિ જેવાં. સરયૂના મુખેથી – સરયૂકાંઠે અયોધ્યા આવેલી હોઈ રામ શંબૂકને શોધવા નીકળ્યા છે તે વાત ગંગાની શાખા સરયૂ પાસેથી ગંગાને મળી. શંબૂક જનસ્થાનમાં હોઈ રામ ત્યાં જશે એ નદીઓને તેઓ દેવતા હોઈ સમજાયું. ગંગા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तद्भगवति गोदावरि, त्वया तत्रभवत्या सावधानया भवितव्यम् ।

वीचीवातैः शीकरक्षोदशीतै-
राकर्षद्भिः पद्मकिञ्जल्कगन्धान् ।
मोहे मोहं रामभद्रस्य जीवं
स्वैरं स्वैरं प्रेरितैस्तर्पयेति" ॥ २ ॥

तमसा — उचितमेव दाक्षिण्यं स्नेहस्य । संजीवनोपायस्तु मूलत एव रामभद्रस्य संनिहितः ।

मुरला — कथमिव ?

तमसा — श्रूयताम् । पुरा किल वाल्मीकितपोवनोपकण्ठात्परित्यज्य निवृत्ते लक्ष्मणे सीतादेवी प्राप्तप्रसववेदनमात्मानमतिदुःखसंवेगाद् गङ्गाप्रवाहे निक्षिप्तवती । तदैव तत्र दारकद्वयं प्रसूता । भगवतीभ्यां पृथ्वीभागीरथीभ्यामप्युभाभ्यामभ्युपपन्ना रसातलं च नीता । स्तन्यत्यागात्परेण च दारकद्वयं तस्य प्राचेतसस्य महर्षेर्गङ्गादेव्या समर्पितं स्वयम् ।

સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ ત્રણેમાં વહેતી ત્રિપથગા છે એટલે રસાતળમાથી સીતાને લઈને (પૃથ્વી પરની પોતાની શાખા તમસા સાથે, ગોદાવરીમાં પંચવટી પાસે તે નીકળી. મંગલગ્રંથિ – બાળકના દરેક જન્મદિવસે એક સૂત્ર ઉપર ગાંઠ વાળવામાં આવતી, જે ઉપરથી વરસગાંઠ શબ્દ થયો છે. સર૦ સાલગિરહ (गिरह = ગાંઠ). સીતાનો પરિત્યાગ કર્યો તે જ દિવસે બાળકો જન્મ્યા હતા, આજે બારમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને પગલે ભારે પ્રમાદભરેલા અને શોક ઉપજાવે એવા પ્રસંગોની શંકા રહે છે. તો ભગવતી ગોદાવરી, તે અંગે તમારે સાવધાન રહેવાનું છે.

શીળો, વ્હેતો ફર્ફરો સીકરોની
મ્હેકે પદ્મોનાં વહી કેસરો, તે
ધીરો ધીરો પ્રેરીને વીચિવાયુ,
મૂર્છાટાણે રામનો જીવ ઠારો." ૨

તમસા — કાળજીભરી સંભાળ સ્નેહને ઉચિત જ છે. પણ રામભદ્રને જિવાડવાનો જે ઘરમૂળનો ઉપાય તે જ આજે આપણી પાસે છે.

મુરલા — કેવી રીતે વારુ ?

તમસા — સાંભળ : પૂર્વે, કહે છે કે, વાલ્મીકિતપોવનની પડખે લક્ષ્મણ ત્યાગ કરીને ચાલ્યા ગયા પછી, પ્રસવવેદના શરૂ થતાં દુઃખના અતિશય વેગને લીધે સીતાદેવીએ ગંગાના પ્રવાહમાં પડતું મેલ્યું. તેની સાથે જ ત્યાં એને જોડકાં બાળકનો પ્રસવ થયો. ભગવતી વસુંધરા અને ભગવતી ભાગીરથી એની વહારે આવ્યાં અને એને રસાતલમાં લઈ ગયાં. વળી, ધાવણ છોડાવ્યા પછી બંને બાળકોને ગંગાદેવી પોતે મહર્ષિ પ્રાચેતસને સોંપી આવ્યાં.

વરસગાંઠ છે એટલે સીતાત્યાગને બરોબર બાર વરસ થયાં, રામ અને સીતા આજ બરોબર બાર વરસે મળશે. બાળકોને બાર વરસ થયાના આનંદમાં સીતા પોતાને હાથે ચૂંટેલાં પુષ્પોથી સૂર્યને પૂજે એ ઉચિત છે. મર્યો - સીતાને રામ નહિ જોઈ શકે. રામની અહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मुरला — (सविस्मयम्)

ईदृशानां विपाकोऽपि जायते परमाद्भुतः ।
यत्रोपकरणीभावमायात्येवंविधो जनः ॥ ३ ॥

तमसा — इदानीं तु शम्बूकवृत्तान्तेनानेन संभावितजनस्थानागमनं रामभद्रं सरयूमुखादुपश्रुत्य भगवती भागीरथी यदेव भगवत्या लोपामुद्रया स्नेहादाशङ्कितं तदेवाभिशङ्क्य सीतासमेता केनचिदिव गृहाचारव्यपदेशेन गोदावरीं विलोकयितुमागता ।

मुरला — सुविचिन्तितं भगवत्या भागीरथ्या । राजधानीस्थितस्यास्य खलु तैस्तैर्जगतामाभ्युदयिकैः कार्यैर्व्यापृतस्य रामभद्रस्य नियताश्चित्तविक्षेपाः । अव्यग्रस्य पुनरस्य शोकमात्रद्वितीयस्य पञ्चवटीप्रवेशो महाननर्थ इति । तत्कथमिदानीं सीतादेव्या रामभद्र आश्वासनीयः स्यात् ?

કવિએ મર્ત્યમાં ગણના કરાવી છે. સર૦ ૨–૧૩. ૪ (છંદ મંજુભાષિણી) ફીકા અને દૂબળા કપોલ હોવા છતાં – અથવા હોવાથી જ – સુંદર. ૫ મુરલા નદીદેવતા હોઈ સીતાને જોઈ શકે છે. મર્ત્યો અને વનદેવતાઓ નહિ જોઈ શકે એમ ભાગીરથીએ કહ્યું છે. શરદઋતુની ગરમી કેતકી(કેવડા)ના ગર્ભભાગમાં રહેલી છેક અંદરની પાંદડીને જેમ સૂકવી નાખે તેમ સીતાના હૃદયકુસુમને દારુણ દીર્ઘશોક સૂકવી રહ્યો છે. શ્લોક ૧માં રામની જે દશા હતી તેને મળતી જ સીતાની હૃદયદશા અહીં વર્ણવી છે.

હવે પછી તમસા અને સીતાની વચ્ચે વાર્તાલાપ ચાલે છે તે દરમ્યાન પહેલાં રામનું આત્મસંભાષણ અને પછી રામ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુરલા — (વિસ્મય સાથે)

એવાંઓની વિપત્તિયે નીવડે પરમાદ્ભુત,
જ્યાં આવાં જણ તો જાતે બનતાં ઉપકારક. ૩

તમસા — વળી હમણાં આ શમ્બૂકના વૃત્તાન્તને લીધે રામભદ્રને જનસ્થાનમાં આવવાનો સંભવ છે એમ સરયૂના મુખેથી સાંભળવા પામતાં ભગવતી ભાગીરથી, પૂજ્ય લોપામુદ્રાને સ્નેહથી જેની આશંકા થઈ તે જ આશંકાથી, કોઈક ગૃહાચારનું બહાનું કાઢી, સીતાસમેત ગોદાવરીને મળવા આવ્યાં છે.

મુરલા — ભગવતી ભાગીરથીએ ઠીક વિચાર કર્યો. રાજધાનીમાં વસતા હોય ત્યારે તો રામભદ્ર જગતના અભ્યુદયનાં તે તે કાર્યોમાં રોકાયેલા હોઈ તેમના ચિત્તને ભુલાવામાં નાખવાનું નિયમિત થયા કરતું, પણ હાથ પર કાંઈ જ કામકાજ વગર શોકને જ એક સાથી તરીકે રાખીને એમનું પંચવટીમાં પ્રવેશવું એ તો મહાન અનર્થકારી નીવડે. તો હવે, સીતાદેવી તરફથી કઈ રીતે રામભદ્ર આશ્વાસન પામશે?

વાસન્તી વચ્ચે વાર્તાલાપ ચાલે છે. રામ-વાસન્તીનો વાર્તાલાપ તમસા-સીતાને સંભળાય છે, જ્યારે તમસા-સીતાનો વાર્તાલાપ રામ-વાસન્તીને સંભળાતો નથી. અલબત્ત, બંને સંવાદો ભેગા વણાઈને નાટકનો કાર્યપ્રવાહ આગળ વધે છે. પણ રામ અને વાસન્તી વચ્ચેની વાતચીત સીતા અને તમસા હાજર નથી એમ માનીને જ ચાલે છે, અને એ રીતે એ કેટલી સ્વાભાવિક અને ઔચિત્યવાળી છે એ જોઈ શકાય તે માટે એને મોટાં બીબાંમાં અને તમસા-સીતાની વાતચીતને નાનાં બીબાંમાં અહીં છાપી છે. આ અંકમાં ખાસ કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तमसा — उक्तमत्र भगवत्या भागीरथीदेव्या – "वत्से देवयजन-संभवे सीते, अद्य खल्वायुष्मतोः कुशलवयोर्द्वादशस्य जन्म-संवत्सरस्य संख्यामङ्गलग्रन्थिरभिवर्तते । तदात्मनः पुराणश्वशुरमेतावतो मानवस्य राजर्षिवंशस्य प्रसवितारं सवितारमपहतपाप्मानं देवं स्वहस्तावचितैः पुष्पैरुपतिष्ठस्व । न च त्वामवनिपृष्ठवर्तिनीमस्मत्प्रभावाद्वनदेवता अपि द्रक्ष्यन्ति किं पुनर्मर्त्याः ?" इति । अहमप्याज्ञापिता – "तमसे, त्वयि प्रकृष्टप्रेमैव वधूर्वत्सा जानकी । अतस्त्वमेवास्याः प्रत्यन्तरीभव" इति । साहमधुना यथादिष्टमनुतिष्ठामि ।

मुरला — अहमप्यमुं वृत्तान्तं भगवत्यै लोपामुद्रायै निवेदयामि । रामभद्रोऽप्यागत एवेति तर्कयामि ।

तमसा — तदियं गोदावरीह्रदान्निष्क्रम्य

परिपाण्डुदुर्बलकपोलसुन्दरं
दधती विलोलकबरीकमाननम् ।
करुणस्य मूर्तिरथवा शरीरिणी
विरहव्यथेव वनमेति जानकी ॥ ४ ॥

વિલાપો અને મૂર્છાઓ વધુ પડતાં લેખવામાં આવે છે, પણ તે કેવી ઊર્મિ–આવેગની ક્ષણોએ આવે છે એ જોયા પછી કદાચ એમાં ઔચિત્યનો અભાવ એટલો બધો નહિ લાગે. ગોદાવરીને ગંગાએ મોકલાવેલા સંદેશા દ્વારા રામનો જીવ વારંવાર ભયમાં મુકાશે એમ વિષ્કંભકમાં કહી તે મૂર્છાઓ આદિ માટે ભૂમિકા તો તૈયાર કરવામાં આવેલી છે જ. . . . વચ્ચે વચ્ચે તમસા-સીતાની વાતચીત ચાલે છે તેથી વાસંતી-રામની વાતચીતમાં વિક્ષેપ આવતો નથી, કેમ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમસા — એ વિષે ભગવતી ભાગીરથીએ કહ્યું છે: "દેવોની યજ્ઞભૂમિમાંથી ઉત્પન્ન થયેલી, દીકરી સીતા, આજ તો ચિરંજીવી કુશલવના જન્મ્યાને બાર વરસ થયાની મંગલ-ગ્રંથિનો દિવસ છે. તો આવડા, મનુના નામથી પ્રસિદ્ધ એવા, રાજર્ષિવંશને જન્માવનાર, પાપને દૂર કરનાર, તારા પુરાતન શ્વશુર સવિતાદેવનું પોતાના હાથે ચૂંટેલાં પુષ્પો વડે પૂજન કર. તને ભૂતલ ઉપર ફરતાં મારા પ્રભાવથી વનદેવતા પણ દેખી નહીં શકે, તો મર્ત્યોની તો વાત જ શી?" મને પણ આજ્ઞા કરી કે "તમસા, તારી ઉપર, વહુબેટા-જાનકી-ને બહુ પ્રેમ છે. તો તું એની સાથે રહે." હવે હું આજ્ઞા પ્રમાણે કામે લાગું.

મુરલા — હું પણ આ વૃત્તાન્ત ભગવતી લોપામુદ્રાને નિવેદન કરું. મને લાગે છે કે રામભદ્ર પણ આવી પહોંચ્યા જ છે.

તમસા — ને ગોદાવરીના ઘરામાંથી બહાર નીકળીને આ

કૃશ પાણ્ડુ ગાલ તણી કાન્તિથી ભર્યું
મુખ, ડોલતી લટથી સ્હોતું, ધારતી,
અહ! મૂર્તિ તે કરુણની શરીરિણી,
વિરહવ્યથાશી વન આવી જાનકી. ૪

તેઓ કાં તો એક સ્થળથી બીજે સ્થળે ખસતાં હોય છે, કાં તો ઊર્મિની પરાકાષ્ઠા અનુભવતાં સૂનમૂન ઊભાં હોય છે. ચારેની વાત-ચીતનાં વાક્યો એકમેકમાં ગૂંથાય છે તે પણ રામ કે સીતા નિઃશ્વાસથી દુઃખાવેગથી કે રુદનથી થોડી ક્ષણો થંભી જતાં હોય એવા પ્રસંગે. . . . તમસા નદીદેવતા હોઈ એને પણ વનદેવતા કે રામ જોઈ શક્તાં નથી. સીતા અને તમસા કોઈને દેખાય નહિ એને માટે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मुरला — इयं हि सा

किसलयमिव मुग्धं बन्धनाद्विप्रकृष्टं
हृदयकुसुमशोषी दारुणो दीर्घशोकः ।
ग्लपयति परिपाण्डु क्षाममस्याः शरीरं
शरदिज इव घर्मः केतकीगर्भपत्रम् ॥ ५ ॥

[इति परिक्रम्य निष्क्रान्ते ।]

इति शुद्धविष्कम्भकः ।

*

[नेपथ्ये]

प्रमादः प्रमादः ।

[ततः प्रविशति पुष्पावचयव्यग्रा सकरुणौत्सुक्यमाकर्णयन्ती सीता ।]

सीता — अम्महे, जाणामि पिअसही मे वासन्दी वाहरदि त्ति । [अम्महे, जानामि प्रियसखी मे वासन्ती व्याहरतीति ।]

[पुनर्नेपथ्ये]

सीतादेव्या स्वकरकलितैः सल्लकीपल्लवाग्रै-
रग्रे लोलः करिकलभको यः पुरा वर्धितोऽभूत् ।

सीता — किं तस्स ? [किं तस्य ?]

કવિએ આપણને તૈયાર કર્યા છે, પણ તેમનો અવાજ – તેઓ નજીકમાં જ હોય છતાં – સંભળાય નહિ એને માટે કાંઈ કહ્યું નથી. પણ રંગભૂમિ ઉપર રામ પાસે જ રહેલી સીતાને જોઈ ન શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુરલા — એ જ છે આ,

કુંપળ મૃદુલ જાણે દાંડલીથી ચૂંટેલી !
હૃદયકુસુમ શોષે ક્રૂર તે દીર્ઘશોક
તન કૃશ પરિપાણ્ડુ સૂકવી; પત્ર જેવું
શરદગરમી શોષે ભીતરે કેતકીના. ૫

[પરિક્રમણ કરી બંને જાય છે.]

વિષ્કમ્ભક

*

[નેપથ્યમાં]

ભારે થઈ, ભારે થઈ !

[પછી ફૂલ વીણવામાં ગૂંથાયેલી અને કરુણ રીતે તેમ જ ઉત્સુકતાથી સાંભળતી સીતા પ્રવેશે છે.]

સીતા — અરે ! મારી પ્રિયસખી વાસન્તી બોલતી હોય એમ લાગે છે.

[ફરી નેપથ્યમાં]

સીતાએ દૈ નિજકર-ચૂંટયાં સલ્લકીપત્ર કૂણાં
સામો ઊભો ગર્જાશશુ પુરા ઘેલુડો જે ઉછેર્યો, . . .

સીતા — તેનું શું ?

એટલું આપણે એક વાર સ્વીકારી શકીએ, તો તે સીતાનું બોલવું સાંભળી શકતા નથી એમ સ્વીકારતાં પણ પછી બહુ મુશ્કેલી ન પડે.

૬ ઘેલુડો — લોલઃ એટલે થનથન થતો, લાલચુ. સર૦ વર્ણે લોલઃ (ઉત્તર મેઘદૂત શ્લોક ૪૦). આર્યપુત્ર — જૂના સંસ્કારોથી એવું સંબોધન થઈ ગયું. મૂર્છા૦ — 'આર્યપુત્ર' જેવું પ્રેમસંબોધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[पुनर्नेपथ्ये]

वध्वा सार्धं पयसि विहरन्सोऽयमन्येन दर्पा-
दुद्दामेन द्विरदपतिना संनिपत्याभियुक्तः ॥ ६ ॥

सीता — (ससंभ्रमं कतिचित्पदानि दधती) अज्जउत्त, परित्ताहि परित्ताहि मह तं पुत्तअं। [आर्यपुत्र, परित्रायस्व परित्रायस्व मम तं पुत्रकम् ।] (स्मृतिमभिनीय सवैक्लव्यम्) हद्धी हद्धी ! ताइं एव्व चिरपरिचिदाइं अक्खराइं पंचवडीदंसणेण मं मंदभाइणिं अणुबन्धन्ति। हा अज्जउत्त ! [हा धिक् हा धिक् ! तान्येव चिरपरिचितान्यक्षराणि पञ्चवटीदर्शनेन मां मन्दभागिनीमनुबध्नन्ति । हा आर्यपुत्र !] (इति मूर्च्छति ।)

[प्रविश्य]

तमसा — वत्से समाश्वसिहि समाश्वसिहि ।

[नेपथ्ये]

विमानराज, अत्रैव स्थीयताम् ।

सीता — (समाश्वस्य, ससाध्वसोल्लासम्) अम्महे, जलभरभरिदमेइमन्थरत्थणिदगम्भीरमंसलो कुदो णु भारदीणिग्घोसो भरिज्जमाणकण्णविवरं मं वि मन्दभाइणिं झत्ति उस्सावेदि। [अम्महे, जलभरभरितमेघमन्थरस्तनितगम्भीरमांसलः कुतो नु भारतीनिर्घोषो म्रियमाणकर्णविवरां मामपि मन्दभागिनीं झटित्युच्छ्वासयति !]

થઈ જતાં જૂના સ્નેહસંસ્કારો જાગ્રત થયા અને અત્યારની વિષમ દશામાં એ સંબોધન માટે અવકાશ જ રહ્યો નથી એ મનમાં આવતાં મૂર્છા આવી. આ સામાન્ય મૂર્છા—મૂઝારો છે, પ્રાણઘાતક નીવડે એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ફરી નેપથ્યમાં]

પત્ની સંગે જળ વિહરતાં, દર્પથી તેની સામે
આવી, યુદ્ધે મદભર ચઢયો અન્ય છે હસ્તિરાજ. ૬

સીતા — (ગભરાટથી કેટલાંક ડગલાં ભરતી) આર્યપુત્ર, રક્ષણ કરો, મારા બાળુડાનું રક્ષણ કરો! (સંભારતી હોય એવો અભિનય કરી, ખેદથી) અરેરે! હાય! પંચવટીદર્શનને લીધે મને મંદભાગિનીને તે જ ચિરપરિચિત શબ્દો સૂઝે છે. હા આર્યપુત્ર!

[મૂર્છા પામે છે.]

[પ્રવેશીને]

તમસા — વત્સે, શાન્ત થા! શાન્ત થા!

[નેપથ્યમાં]

વિમાનરાજ, અહીંયાં જ થોભો.

સીતા — (શુદ્ધિમાં આવીને, ક્ષોભ અને ઉલ્લાસથી) અહો! ક્યાંથી આ જળભારથી ભરેલા મેઘની ધીરી ગર્જના જેવો ગંભીર અને ભર્યોભર્યો શબ્દોચ્ચારનો ધ્વનિ, જે કાને પડતાંની સાથે મારા મંદભાગિનીનાય જીવમાં જીવ આવે છે!

મૂર્છા નથી. જેમ બીજા અંકના વિષ્કંભકમાં વાસન્તીને આવેલી મૂર્છા પણ મૂઝારાના રૂપની હતી. શોક જેનો સ્થાયી ભાવ છે તેવા કરુણ રસના આલેખનમાં આવી મૂઝારાથી માંડીને પ્રાણઘાતક નીવડે એવી ચોટ સુધીના જુદાજુદા મૂર્છાપ્રકારો યોગ્ય પ્રસંગોએ આવે એ સ્વાભાવિક છે. વિમાનરાજ૦ — પુષ્પક વિમાનને ઉદ્દેશીને રામ બોલે છે. જીવમાં જીવ૦ — સીતા રામનો અવાજ કાને પડતાંની સાથે શુદ્ધિમાં આવે છે. અંકના અંત સુધીમાં સીતાને ખરેખર પુનર્જીવન મળવાનું છે એનું જાણે આ ઘટનામાં સૂચન ન હોય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तमसा — (सस्मितास्रम्) अयि वत्से,

अपरिस्फुटनिक्वाणे कुतस्त्येऽपि त्वमीदृशी ।
स्तनयित्नोर्मयूरीव चकितात्कण्ठितं स्थिता ॥ ७ ॥

सीता — भअवदि, किं भणासि अपरिप्फुडेत्ति ? सरसञ्जोएण पच्चभिआणामि णं अज्जउत्तेण एव्व एदं वाहरिदम् । [भगवति, किं भणस्यपरिस्फुटेति ? स्वरसंयोगेन प्रत्यभिजानामि नन्वार्यपुत्रेणैवतद्व्याहृतम् ।]

तमसा — श्रूयते तपस्यतः किल शूद्रस्य दण्डधारणार्थमैक्ष्वाको राजा जनस्थानमागत इति ।

सीता — दिट्ठिआ अपरिहीणराअधम्मो क्खु सो राआ ! [दिष्ट्या अपरिहीनराजधर्मः खलु स राजा !]

[नेपथ्ये]

यत्र द्रुमा अपि मृगा अपि बन्धवो मे
यानि प्रियासहचरश्चिरमध्यवात्सम् ।
एतानि तानि बहुकन्दरनिर्झराणि
गोदावरीपरिसरस्य गिरेस्तटानि ॥ ८ ॥

सीता — (दृष्ट्वा) हा कहं पहादचन्दमण्डलावण्डुग्परिक्खामदुब्बलेण आआरेण अअं णिअसोम्मगम्भीराणुभावमेत्तपच्चभिजेज्जो अज्जउत्तो

---

૭ શુદ્ધિમાં હોય તો પણ તું ઓળખી ન શકે એવો અસ્પષ્ટ એ અવાજ હતો, અને તું તો, બેશુદ્ધ દશામાં જ ઓળખી ગઈ! બોલાશ — ઘાંટો. ઇક્ષ્વાકુવંશના રાજા૦–રામ રાજા, અને તે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમસા — (સ્મિત અને આંસુ સાથે) અરે વત્સે,

નથી સ્પષ્ટ સમુચ્ચાર, ક્યાંકથી આવતો છતાં,
મેઘનાદે મયૂરીશી ચોંકી ઉત્કંઠ હું ઊભી. ૭

સીતા — ભગવતી, સ્પષ્ટ નથી એમ કેમ કહો છો? બોલાશ ઉપરથી જ હું તો ઓળખી ગઈ કે આર્યપુત્ર જ એ બોલ્યા.

તમસા — સાંભળ્યું છે કે તે ઇક્ષ્વાકુવંશના રાજા કોઈ એક તપ કરતા શૂદ્રને શિક્ષા કરવા જનસ્થાનમાં આવ્યા છે.

સીતા — હાશ! ત્યારે તે રાજા રાજધર્મમાં તો પાછા પડ્યા નથી!

[નેપથ્યમાં]

જ્યાં તે દ્રુમો વળી મૃગો પણ બંધુ મારાં,
ને જ્યાં વસ્યો ચિર પ્રિયાસહચારમાં હું,
જ્યાં ગજતા કંઈક કંદરનિર્ઝરો, તે
ગોદાવરી નિકટ આ તટ પર્વતોના. ૮

સીતા — (જોઈને) હા! કેમ વળી? દૂબળી, લેવાઈ ગયેલી અને પ્રભાતના ચંદ્રમંડલ જેવી ફીકી આકૃતિવાળા, પોતાના સૌમ્ય

ઇક્ષ્વાકુવંશના, હોઈ તેમને રાજધર્મને વશ વર્તી શૂદ્રને શિક્ષા કરવી પડી. તમસા વહાલસોયો 'રામભદ્ર' શબ્દ વાપરતી નથી. સીતાથી હમણાં રામની અહીં સંભાવના પણ ન હતી ત્યારે 'આર્ય-પુત્ર' બોલાઈ ગયું હતું, પણ હવે એ સ્વસ્થપણે — ખાસ કરીને તમસાની (અને રાજાની) હાજરીમાં સંયમપૂર્વક — 'રાજા'થી જ રામનો ઉલ્લેખ કરે છે. દુનિયાની દૃષ્ટિએ રામની અને પોતાની વચ્ચે હવે રાજાપ્રજાનો જ સંબંધ છે. રાજાનો ધર્મ પણ રાજા રામ બરોબર પાળતા ન રહે તો સીતાને એ ન જ ગમે. ૮ મૃગો — હરણાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एव्व ! भअवदि तमसे, धारेहि मं। [हा कथं प्रभातचन्द्रमण्डला-पाण्डुरपरिक्षामदुर्बलेनाकारेणायं निजसौम्यगम्भीरानुभवमात्रप्रत्यभिज्ञेय आर्यपुत्र एव ! भगवति तमसे, धारय माम्।] (इति तमसामाश्लिष्य मूर्च्छति।)

तमसा — (धारयन्ती) वत्से, समाश्वसिहि समाश्वसिहि।

[नेपथ्ये]

अनेन पञ्चवटीदर्शनेन

अन्तर्लीनस्य दुःखाग्नेरद्योद्दामं ज्वलिष्यतः।
उत्पीड इव धूमस्य मोहः प्रागावृणोति माम्॥ ९॥

हा प्रिये जानकि !

तमसा — (स्वगतम्) इदं तावदाशङ्कितं गुरुजनेन।

सीता — (समाश्वस्य) हा, कहं एदं ! [हा कथमेतत् !)

[पुनर्नेपथ्ये]

हा देवि दण्डकारण्यवासप्रियसखि विदेहराजपुत्रि ! (इति मूर्च्छति।)

सीता — हद्धी हद्धी ! मं मन्दभाइणिं वाहरिअ आमीलन्तणेत्तणीलुप्पलो मुच्छिदो एव्व। हा, कहं धरणीवट्ठे णिरुद्धणिस्सासणीसहं

પશુ માત્ર. ૯ સીતા બેશુદ્ધ બની છે એ દરમ્યાન આ શ્લોક બોલાયો છે એ ઉચિત છે. રામના હૃદયની પૂરી સ્થિતિનું દર્શન સીતાને એકીસાથે નહિ પણ ઉત્તરોત્તર ક્રમેક્રમે થવાનું છે. રામના 'હા ! પ્રિયે જાનકી !' શબ્દોથી સીતા શુદ્ધિમાં આવી હશે કેમકે તે પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગંભીર પ્રભાવ માત્રથી જ ઓળખી શકાય એવા, આ આર્યપુત્ર જ છે! ભગવતી તમસા, મને ઝાલો તો!

[તમસાને વળગીને મૂર્છા પામે છે.]

તમસા—(ઝાલતી) વત્સે, શાન્ત થા, શાન્ત થા!

[નેપથ્યમાં]

પંચવટીનાં આ દર્શનથી
દુઃખાગ્નિ જે પડ્યો હૈયે જ્વલશે આજ જોરથી
તે પહેલાં, ધૂમ્રગોટાશો મોહ લે આવરી મને. ૯

હા! પ્રિયે જાનકી!

તમસા—(સ્વગત) આની જ તો ગુરુજનોને આશંકા હતી.

સીતા—(શુદ્ધિમાં આવીને) હા! આ વળી કેવું?

[ફરી નેપથ્યમાં]

હા! દેવી, દંડકારણ્યનિવાસ સમયની પ્રિયસખી, વિદેહ-રાજપુત્રી!

[મૂર્છા પામે છે.]

સીતા—હાય! હાય! મને મંદભાગિનીને બોલાવતાં જ નેત્રનાં નીલ-કમલને બીડી દેતા તે મૂર્છા પામ્યા! અરે! શું શ્વાસ થંભી ગયો

તમસાને સ્વગત બોલવું પડે છે, અને સીતા પણ રામના સંબોધન માટે આશ્ચર્ય વ્યક્ત કરે છે. પોતાનો ત્યાગ થયો અને એ વાતને બાર વરસ પણ થઈ ગયાં છતાં હજીયે પોતે 'પ્રિય જાનકી' છે એનું આશ્ચર્ય. ૧૦ પ્રિયજનનો કરસ્પર્શ થતાં જીવમાં જીવ આવે એ માન્યતા પહેલા, ત્રીજા, છઠ્ઠા અને સાતમા અંકની ઉક્તિઓમાં અભિપ્રેત છે. છેલ્લા ચરણનાં પાઠાન્તરો: તત્રૈષો નિયતો મરઃ—ભાર છે તેહ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विपल्हत्थो ! भअवदि तमसे, परित्ताहि परित्ताहि । जीवावेहि अज्ज-उत्तं । [हा धिक् हा धिक् ! मां मन्दभागिनीं व्याहृत्य मीलन्-नेत्रनीलोत्पलो मूर्च्छित एव । हा, कथं धरणीपृष्ठे निरुद्धनिःश्वास-निःसहं विपर्यस्तः ! भगवति तमसे, परित्रायस्व परित्रायस्व । जीव-यार्यपुत्रम् ।] (इति पादयोः पतति ।)

तमसा —

त्वमेव ननु कल्याणि संजीवय जगत्पतिम् ।
प्रियस्पर्शो हि पाणिस्ते तत्रैव निरतो जनः ॥ १० ॥

सीता — जं होदु तं होदु । जइ भअवदी आणवेदि । [यद्भवतु तद्भवतु । यथा भगवत्याज्ञापयति ।] (इति ससंभ्रमं निष्क्रान्ता ।)

[ततः प्रविशति भूमौ निपतितः सास्रया सीतया स्पृश्यमानः साह्लादोच्छ्वासो रामः ।]

सीता — (किंचित्सहर्षम्) जाणे पुणो वि पच्चाअदं विअ जीविदं तेल्लोअस्स । [जाने पुनरपि प्रत्यागतमिव जीवितं त्रैलोक्यस्य ।]

रामः — हन्त भोः, किमेतत् !

प्रश्चोतनं नु हरिचन्दनपल्लवानां
निष्पीडितेन्दुकरकन्दलजो नु सेकः ।
आतप्तजीवितपुनःपरितर्पणोऽयं
संजीवनौषधिरसो नु हृदि प्रसक्तः ॥ ११ ॥

પરે; तत्रैव नियता भव — થા તું નિયત એ વિષે; तत्रैव नियतो भवः — ત્યાં જ કલ્યાણ એમનું. જગનો નાથ०—તારો જ નાથ છે માટે તને હું કહેતી નથી, તો તો તું તારી ને એમની વચ્ચેના સંબંધનો વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય એવા અશક્ત થઈને ધરણી પર ઢળી પડયા? ભગવતી તમસા, રક્ષણ કરો, રક્ષણ કરો! આર્યપુત્રને જિવાડો. (પગમાં પડે છે.)

તમસા —

તું જ કલ્યાણિ, જગનો નાથ જિવાડ! તાહરો
કર છે પ્રિયસ્પર્શાળો, એમાં છે રત એ જન. ૧૦

સીતા — જે થવાનું હોય તે થાઓ! જેવી ભગવતીની આજ્ઞા.

[ગભરાટ સાથે જાય છે.]

[પછી ભૂમિ ઉપર પડેલા, આંસુ સારતી સીતાથી સ્પર્શાતા, આહ્લાદપૂર્વક પુનઃ ચેતનમાં આવતા રામનો પ્રવેશ.]

સીતા — (જરા હર્ષથી) ત્રિલોક(નાથ)નું જીવન જાણે ફરી વાર પાછું આવ્યું એમ લાગે છે.

રામ — અહોહો! આ શું?

શું આ નિતાર હરિચંદનપલ્લવોનો?
સીંચ્યા શું ઇન્દુકરઅંકુરને નિચોવી?
આ દગ્ધ જીવન વળી પરિતર્પવાને
સંજીવનૌષધિરસે મુજ હૈયું સીંચ્યું? ૧૧

કરવા કદાચ રોકાય, — એ જગતના નાથ છે માટે હું કહું છું. એ જીવશે તો તારી જ ઉપર નહીં, પણ જગત ઉપર ઉપકાર થશે. પરાર્થે પ્રેરાઈને જાણે સીતા તરત તમસાના આદેશને વશ થાય છે. ત્રિલોક-નાથ-નું જીવન૦— કેમકે રામને આધારે જગતનાં લોક જીવતાં. 'रामो रामो राम इति प्रजानामभवन्कथाः। राममूतं जगद्भूद्रामे राज्यं प्रशासति। ભૂમિ ઉપર પડેલા . . . સીતાથી સ્પર્શાતા . . . . રામનો પ્રવેશ: બે માણસો મોટો ચોકાળ લઈને ચાલતા ચાલતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्पर्शः पुरा परिचितो नियतं स एष
संजीवनश्च मनसः परिमोहनश्च ।
संतापजां सपदि यः परिहृत्य मूर्च्छा-
मानन्दनेन जडतां पुनरातनोति ॥ १२ ॥

सीता — (ससाध्वसकरुणमपसृत्य) एत्तिअं एव्व दाणिं मे बहुदरं । [एतावदेवेदानीं मे बहुतरम् ।]

रामः — (उपविश्य) न खलु वत्सलया देव्याऽभ्युपपन्नोऽस्मि !

सीता — हद्धी हद्धी ! । कि त्ति अज्जउत्तो मं मग्गिस्सदि ? [हा धिक् हा धिक् ! किमित्यार्यपुत्रो मां मार्गिष्यति ?]

रामः — भवतु, पश्यामि ।

सीता — भअवदि तमसे, ओसरम्ह दाव । मं पेक्खिअ अणब्भणुण्णा-देण सण्णिधाणेण अहिअं मम राआ कुप्पिस्सदि । [भगवति तमसे, अपसरावस्तावत् । मां प्रेक्ष्यानभ्यनुज्ञातेन संनिधानेनाधिकं मम राजा कोपिष्यति ।]

तमसा — अयि वत्से, भागीरथीप्रसादाद्वनदेवतानामप्यदृश्यासि संवृत्ता ।

सीता — आम्, अत्थि एदं । [आम्, अस्ति एतत् ।]

राम — प्रिये जानकि !

રંગભૂમિની મધ્યમાં આવે. ચોફાળની પાછળ પેલાં પાત્રો આપણને ન દેખાય એ રીતે આવ્યાં હોય. યોગ્ય અભિનય સાથે તે પાત્રો તૈયાર રહે એટલે ચોફાળ ખસેડી લઈને પેલા બે માણસો ચાલ્યા જાય — આવી રીતે સીતા અને રામના આ પ્રવેશની યોજના હશે. **૧૨** સર૦ ૧–૩૫,૩–૩૯. પહેલાં મૂર્છા હતી, ચેતન હરાઈ ગયું હતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પૂર્વનો પરિચિત પ્રિયસ્પર્શ એ જ,
સંજીવનીસમ, વળી મન-મોહકારી,
સંતાપની હરી લઈ ક્ષણમાંહી મૂર્છા,
આનંદ અર્પી ફરી જે જડતા પ્રસારે. ૧૨

સીતા — (ક્ષોભથી કરુણ રીતે પાછી હટીને) આટલું જ અત્યારે મારે ઘણું છે.

રામ — (બેઠા થઈને) ખરે જ વત્સલા સીતાદેવીએ તો મારી ઉપર અનુગ્રહ કર્યો નહિ હોય!

સીતા — અરેરે! આર્યપુત્ર મને શું કરવા શોધશે?

રામ — ભલે, જોઉં.

સીતા — ભગવતી તમસા, આપણે જરી પાછાં સરકીએ. મને દેખીને, અનુજ્ઞા વગર પાસે આવવાને કારણે રાજા મારી ઉપર અધિક કોપશે.

તમસા — અરે વત્સે! ભાગીરથીની કૃપાથી વનદેવતાઓ પણ તને દેખી શકે એમ નથી.

સીતા — સાચે એવું જ છે.

રામ — પ્રિયે જાનકી!

તે સંતાપને લીધે. હવે આનંદ એટલો બધો વધી ગયો છે કે એથી ચેતન હરાતું હોય, નવી જડતા પ્રસરતી હોય, ફરીથી મૂર્છા આવતી હોય એવો અનુભવ થાય છે. શોકનો અતિરેક જડતામાં લઈ જાય છે તેમ હર્ષનો અતિરેક પણ. આ શ્લોકને અંતે આનંદની અધિકતાથી ફેલાતી નવી મૂર્છાની વાત છે તે ઉપરથી મૂર્છા એટલે જ્વલેણ ચોટ એવો જ અર્થ હમેશાં કરવાનો નથી એવી ઉપર નોંધેલી વાતને ટેકો મળે છે. આટલું જ૦ — રામને સ્પર્શવા મળ્યું તે નહિ, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — (समन्युगद्गदम्) अज्जउत्त, असरिसं क्खु एदं इमस्स वुत्तन्तस्स । [आर्यपुत्र, असदृशं खल्वेतदस्य वृत्तान्तस्य ।] (सास्रम्) अहवा भअवदि, किं त्ति वज्जमई जम्मन्तरेसु वि पुणो असम्भाविददुल्लहदंसणस्स मं एव्व मंदभइणिं उद्दिसिअ वच्छलस्स एव्वंवादिणो अज्जउत्तस्स उवरि णिरणुक्कोसा भविस्सं ? अहं एदस्स हिअअं जाणामि, मह एसो त्ति । [अथवा भगवति, किमिति वज्रमयी जन्मान्तरेष्वपि पुनरसंभावितदुर्लभदर्शनस्य मामेव मन्दभागिनीमुद्दिश्य वत्सलस्यैवंवादिन आर्यपुत्रस्योपरि निरनुक्रोशा भविष्यामि ? अहमेतस्य हृदयं जानामि, ममैष इति ।]

राम — (सर्वतोऽवलोक्य सनिर्वेदम्) हा ! न किंचिदत्र ।

सीता — भअवदि तमसे, तहा णिक्कारणपरिच्चाइणो वि एदस्स एव्वंविधेण दंसणेण कीलिसी मे हिअआवस्था ! [भगवति तमसे, तथा निष्कारणपरित्यागिनोऽप्येतस्यैवंविधेन दर्शनेन कीदृशी मे हृदयावस्था !]

तमसा — जानामि वत्से, जानामि ।

तटस्थं नैराश्यादपि च कलुषं विप्रियवशा-
द्वियोगे दीर्घेऽस्मिञ्झटितिघटनोत्तम्भितमिव ।
प्रसन्नं सौजन्याद्दयितकरुणैर्गाढकरुणं
द्रवीभूतं प्रेम्णा तव हृदयमस्मिन्क्षण इव ॥ १३ ॥

રામ શુદ્ધિમાં આવ્યા એ. શોધશે — मग्गिस्सदि. બીજા પાઠ : मन्तिस्सति — માનશે. આર્યપુત્ર આમ મને જોશે તો મારે વિષે શું માનશે ? णिन्दिस्सदि — નિંદશે. અનુજ્ઞા વગર૦ — રામને શુદ્ધિમાં લાવતી વખતે સાહસવૃત્તિ હતી, આડું અવળું જોવા રોકાવું પોસાય એમ ન હતું. હવે આ વિચારો આવે છે. 'પ્રિયે જાનકી !' — રામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — (રોષથી ગદ્‌ગદ કંઠે) આર્યપુત્ર, જે બન્યું છે તેને આ વચન બંધબેસતું નથી. (આંસુ સાથે) અથવા તો, ભગવતી, શા માટે હું વજ્રમયી બનીને, મને મંદભાગિનીને ઉદ્દેશીને આ પ્રમાણે બોલતા, જન્માન્તરોમાં પણ જેનું દર્શન દુર્લભ છે એવા વત્સલ આર્યપુત્ર ઉપર નિર્દય થાઉં છું? હું એમનું હૃદય જાણું છું, મારું એ.

રામ — (બધે નિહાળીને નિર્વેદથી) હા! અહીં કંઈયે નથી.

સીતા — ભગવતી, કાંઈ કારણ વગર એમણે મારો પરિત્યાગ કર્યો છે તો પણ એમનું આ રીતનું દર્શન થતાં મારા હૃદયની કેવી દશા થઈ છે!

તમસા — જાણું છું, વત્સે, જાણું છું.

ઉદાસી નૈરાશ્યે, કલુષિત બન્યું અપ્રિય થયે,
વિયોગે આ દીર્ઘે મિલન સહસાથી જડસમું,
સુહાગે જે રીઝ્યું, પ્રિયવિલપને ગાઢ કરુણ,
દ્રવી ઊઠ્યું પ્રેમે, તવ હૃદય શું આ ક્ષણ વિષે! ૧૩

સીતાને શોધતાં સંબોધે છે. 'હા! પ્રિયે જાનકી!' પાઠ લેતાં શોધમાં સફળતા ન મળતાં શોકનો ઉદ્‌ગાર કાઢે છે એમ લેવું પડે. સીધું સંબોધન હોય એમ, પાછળનો સીતાનો પ્રતિશબ્દ જોતાં (०मन्दभाग्याम् उद्दिश्य०) વધુ ઉચિત લાગે છે. મારા હૃદયની કેવી દશા થઈ છે — પાઠાંતર પ્રમાણે 'હૃદયની હવે શી અવસ્થા થઈ છે તે મને સમજાતું નથી.' (कीदृश इव मे हृदयानुबन्ध इति न जानामि।) આ પાઠ લઈને તે પછીની તમસાની ઉક્તિનો અર્થ 'પણ મને સમજાય છે', એવો આપવામાં આવે છે. (–મણિલાલ દ્વિવેદી, શરદરંજન રાય અને ડૉ. બેલવલકર.) સીતા કહે કે મને સમજાતું નથી, એટલે તમસા કહે કે તને નહિ પણ મને સમજાય છે અને પછી શ્લોકમાં સમજૂતી રજૂ કરે એમાં કાંઈક કૃત્રિમતા લાગે છે. સીતા મૂંઝવણ જ વ્યક્ત કરે છે

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

राम — देवि,

प्रसाद इव मूर्तस्ते स्पर्शः स्नेहार्दशीतलः ।
अद्याप्यानन्दयति मां त्वं पुनः क्वासि नन्दिनि ॥ १४ ॥

सीता — एदे क्खु ते अगाधमाणसदंसिदसिणेहसंभारा आणन्दणिस्सन्दिणो सुहामआ अज्जउत्तस्स उल्लावा जाणं पच्चएण णिक्कारणपरिच्चाअसल्लिदो वि बहुमदो मह जम्मलाहो । [एते खलु तेऽगाधमानसदर्शितस्नेहसंभारा आनन्दनिष्यन्दिनः सुधामया आर्यपुत्रस्योल्लापा येषां प्रत्ययेन निष्कारणपरित्यागशल्यितोऽपि बहुमतो मम जन्मलाभः ।]

रामः — अथवा कुतः प्रियतमा ? नूनं संकल्पाभ्यासपाटवोपादान एष भ्रमो रामभद्रस्य ।

[नेपथ्ये]

प्रमादः प्रमादः ।

सीतादेव्याः स्वकरकलितैः सल्लकीपल्लवाग्रै-
रग्रे लोलः करिकलभको यः पुरा वर्धितोऽभूत् ।

रामः — (सकरुणौत्सुक्यम्) किं तस्य ?

[पुनर्नेपथ्ये]

वध्वा सार्धं पयसि विहरन् सोऽयमन्येन दर्पा-
दुद्दामेन द्विरदपतिना संनिपत्याभियुक्तः ॥

કે મારા હૃદયની શાય દશા થઈ છે ! તમસા અનુમતિપૂર્વક એટલું જ કહે છે કે બહેન, મને ક્યાં ખબર નથી ? હું ને આવી આવી એની દશા છે. તમસાએ વર્ણવેલી હૃદયાવસ્થાઓ તટસ્થતા, કલુષતા, જડતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ — દેવી,

મૂર્ત પ્રસાદશો તારો સ્પર્શ સ્નેહાર્દ્રશીતલ,
આપે આનંદ અદ્યાપિ, પણ છે ક્યાં તું, નંદિની! ૧૪

સીતા — ખરે જ આર્યપુત્રના આ આનંદ-ઝરતા ઉદ્ગારો સુધામય અને અગાધ સ્નેહસંભાર દર્શાવનારા છે, જેની પ્રતીતિથી નિષ્કારણ પરિત્યાગનું શલ્ય લાગવા છતાં મને મારું જન્મ્યું સાર્થક લાગે છે.

રામ — અથવા પ્રિયતમા ક્યાંથી હોય? એ તો નિરંતર ચિંતવન કરવાથી ઊપજેલો રામભદ્રનો ભ્રમ જ!

[નેપથ્યમાં]

ભારે થઈ! ભારે થઈ!

સીતાએ દૈ નિજકર-ચૂંટ્યાં સલ્લકીપત્ર કૂણાં
સામે ઊભો ગજશિશુ પુરા ઘેલુડો જે ઉછેર્યો,...

રામ — (કરુણ રીતે ઉત્સુકતાથી) તેનું શું?

[ફરી નેપથ્યમાં]

પત્ની સંગે જળ વિહરતાં, દર્પથી તેની સામે
આવી, યુદ્ધે મદભર ચઢ્યો અન્ય છે હસ્તિરાજ.

પ્રસન્નતા, ગાઢકરુણતા, દ્રવીભૂતતા,– સીતાનાં પાછલાં જુદાં જુદાં વચનો અને વર્તન ઉપરથી સ્પષ્ટપણે સ્ફુટ થયેલી છે, દા. ત. સીતાની છેલ્લી ઉક્તિની પહેલાંની ઉક્તિના પ્રથમ વાક્યમાં કલુષતા છે, તો તે પછીનાં વાક્યોમાં દ્રવીભૂતતા છે. ૧૪ – સીતાના હૃદયમાંથી પરિત્યાગનું શલ્ય સમૂળું નીકળી જાય એવું તો અત્યાર સુધીના એકાકી રામના ઊર્મિપ્રલાપો ઉપરથી હજી બની શક્યું નથી, પણ સીતાને પોતાના જીવનની સાર્થકતા જરૂર સમજાઈ છે. પેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — को दाणिं अभिउज्जिस्सदि ? [क इदानीमभियोक्ष्यते ?]

रामः — क्वासौ दुरात्मा यः प्रियायाः पुत्रकं वधूद्वितीयमभिभवति ? (इत्युत्तिष्ठति ।)

[प्रविश्य]

वासन्ती — (संभ्रान्ता) कथं देवो रघुनन्दनः ?

सीता — कहं पिअसही मे वासन्दी ? [कथं प्रियसखी मे वासन्ती ?]

वासन्ती — जयतु देवः !

रामः — (निरूप्य) कथं देव्याः प्रियसखी वासन्ती ?

वासन्ती — देव, त्वर्यतां त्वर्यताम् । इतो जटायुशिखरस्य दक्षिणेन सीतातीर्थेन गोदावरीमवतीर्य संभावयतु देव्याः पुत्रकं देवः ।

सीता — हा ताद जडाओ, सुण्णं तुए विणा इदं जणट्ठाणं ! [हा तात जटायो, शून्यं त्वया विनेदं जनस्थानम् !]

रामः — अहह, हृदयमर्मच्छिदः खल्वमी कथोद्घाताः !

वासन्ती — इत इतो देवः ।

सीता — भअवदि, सच्चं एव्व वणदेवदा वि मं ण पेक्खन्दि ? [भगवति, सत्यमेव वनदेवता अपि मां न पश्यन्ति ?]

પરિત્યાગશલ્ય દૂર થવાનો પ્રસંગ હવે પછીના દૃશ્ય – રામવાસન્તી-મિલનમાં આવશે. તેને માટેની યોગ્ય ભૂમિકા તૈયાર થઈ ગઈ છે. યુદ્ધની વાત આવતાં ગાઢકરુણ વાતાવરણમાંથી થોડોક છુટકારો અનુભવાય છે અને જરીક શ્વાસ ખાવાની તક મળે છે. રામની ઊર્મિ ઉપર વાસન્તીની હાજરીથી થોડું નિયમન પણ આપોઆપ મુકાવાનું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — હવે કોણ એની વહારે ધાશે ?

રામ — બેલડીએ વિહરતા પ્રિયાના પુત્રક ઉપર આક્રમણ કરનાર ક્યાં છે એ દુરાત્મા ? (ઊભા થાય છે.)

[પ્રવેશીને]

વાસન્તી — (ગભરાટમાં) દેવ રઘુનંદન ક્યાંથી ?

સીતા — અરે ! કોણ — મારી પ્રિયસખી વાસન્તી ?

વાસન્તી — દેવનો જય હો !

રામ — (નિહાળીને) દેવીની પ્રિયસખી વાસન્તી કે ?

વાસન્તી — દેવ, ત્વરા કરો, ત્વરા કરો ! અહીં જટાયુ શિખરની દક્ષિણે સીતાતીર્થ આગળ ગોદાવરી ઊતરીને દેવીના પુત્રકની સંભાળ લો.

સીતા — હા, તાત જટાયુ ! તમો વિના જનસ્થાન સૂનું છે.

રામ — અહહ ! પૂર્વ પ્રસંગોના આ ઉલ્લેખો ખરે જ હૃદયમર્મ-ને છેદી નાખનારા છે.

વાસન્તી — આમ, આમ દેવ !

સીતા — ભગવતી, સાચે જ વનદેવતાઓ પણ મને નહીં દેખતી હોય ?

જો કે એ જ વાસન્તી એ ઊર્મિઓને સંકોરવામાં નિમિત્ત પણ બનવાની. રામ આટલામાં છે. લાવ, જો ! મારા શબ્દો એમને કાને પડે છે ? — એવી આશાએ વહાર માગતી વનદેવતા વાસન્તી નદી-તટની કુંજના એક છેડા પર બોલતી સંભળાઈ હતી, ત્યાંથી આ છેડે બોલતી સંભળાઈ અને નજીક આવી પહોંચી ત્યાં સુધીમાં રામ-સીતા વચ્ચેનું ઘણું અંતર તો કપાઈ ગયું છે અને સીતાની 'હૃદયાવસ્થા'નો પરિચય પણ કરાવાઈ ચૂકયો છે. વાસન્તી 'સીતાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तमसा — अयि वत्से, सर्वदेवताभ्यः प्रकृष्टतममैश्वर्यं मन्दाकिनीदेव्याः। तत्किमित्याशङ्कसे ?

सीता — तदो अणुसरम्ह । [ततोऽनुसरावः।]

[इति परिक्रामतः ।]

रामः — भगवति गोदावरि, नमस्ते ।

वासन्ती — (निरूप्य) देव, मोदस्व विजयिना वधूद्वितीयेन देव्याः पुत्रकेण !

रामः — विजयतामायुष्मान् !

सीता — अम्महे, ईदिसो मे पुत्तओ संवुत्तो ! [अम्महे, ईदृशो मे पुत्रकः संवृत्तः !]

रामः — हा देवि, दिष्ट्या वर्धसे ।

येनोद्गच्छद्विसकिसलयस्निग्धदन्ताङ्कुरेण
व्याकृष्टस्ते सुतनु लवलीपल्लवः कर्णमूलात् ।
सोऽयं पुत्रस्तव मदमुचां वारणानां विजेता
यत्कल्याणं वयसि तरुणे भाजनं तस्य जातः ॥ १५ ॥

सीता — अविउत्तो दाणिं दीहाऊ इमाए सोम्हदंसणाए होदु । [अवियुक्त इदानीं दीर्घायुरनया सौम्यदर्शनया भवतु ।]

દ્વે નિજકર-ચૂંટયાં '–વગેરે જે પંક્તિઓ બોલે છે તેના સમ ઉપર ફરી આ અંકનું સંગીત આવતાં ચૌદ વરસ પૂર્વેના પંચવટીજીવનના એકેએક તાર ઝણઝણી ઊઠે છે, અને સીતાના દત્તક પશુશિશુ માટે આટલી સંભાળ લેતી વનદેવતા અંતે પોતાની સખીના જોડકા બાળકો પણ પિતાથી સંભાવિત થાય તે પ્રત્યે અજાણપણે પણ જરૂર કાળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમસા — અરે વત્સે, સૌ દેવતાઓ કરતાં દેવી મંદાકિનીનું ઐશ્વર્ય મોટું છે. તો એવી શંકા શાને કરે છે?

સીતા — તો તો ચાલો પાછળ પાછળ જઈએ.

[બંને પરિક્રમણ કરે છે.]

રામ — ભગવતી ગોદાવરી, નમસ્તે!

વાસન્તી — (નિહાળીને) દેવ, વધૂ સાથે વિહરતા દેવીના વિજયી પુત્રકને મળી આનંદભાગી થાઓ!

રામ — આયુષ્યમાન, તારો વિજય હો!

સીતા — ઓહો! મારો બાળુડો આવડો મોટો થઈ ગયો!

રામ — દેવી! તું સદ્‌ભાગી છે:

લીસી, પદ્મે મૃદુલ ફૂટતા તંતુશી, દંતુડીથી
ખેંચી લેતો લવલીદલ જે કર્ણમૂલેથી તારા,
તે આ તારો સુત મદિલ સૌ વારણોનો વિજેતા
જે કલ્યાણ પ્રથમ વયમાં, છે થયો પાત્ર તેને. ૧૫

સીતા — આ દીર્ઘાયુને હવે આ સૌમ્યદર્શનાથી કદી વિયોગ ન પડશો!

આપી રહેશે એવી સંભાવના પણ સહજ જાગે છે. સીતાતીર્થ-સીતાના પંચવટીનિવાસ પછી ગોદાવરીના એક આરાનું પડેલું નામ. વાસન્તીના ઉદ્‌ગારો રામની સીતાવિષયક સ્મૃતિને સંકોરનારા નીવડે એવા છે. સીતા પાછળ જવા પોતે થઈને પ્રસ્તાવ મૂકે છે એ એનું સ્ત્રીસહજ — પત્નીસહજ વર્તન હોવા ઉપરાંત રામ પ્રત્યેનો એનો રોષ કેટલો બધો ઓસર્યો છે તેનું પણ નિદર્શક છે. **૧૫** લવલી—એક જાતની વેલ. આ શ્લોક પરોક્ષ (એટલે કે હૃદયપ્રત્યક્ષ) સીતાને ઉદ્દેશીને રામ બોલે છે. વિયોગ ન પડશો — સીતા પોતાના અનુભવોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

राम — सखि वासन्ति, पश्य पश्य । कान्तानुवृत्तिचातुर्यमपि शिक्षितं वत्सेन ।

लीलोत्खातमृणालकाण्डकवलच्छेदेषु संपादिताः
पुष्यत्पुष्करवासितस्य पयसो गण्डूषसंक्रान्तयः ।
सेकः शीकरिणा करेण विहितः कामं विरामे पुन-
र्यत्स्नेहादनरालनालनलिनीपत्रातपत्रं धृतम् ॥ १६ ॥

सीता — भअवदि तमसे, अअं दाव ईरिसो जादो । दे उण ण आणामि कुसलवा एत्तिएण कालेण कीरिसा संवुत्तेत्ति । [भगवति तमसे, अयं तावदीदृशो जातः । तौ पुनर्न जानामि कुशलवावेतावता कालेन कीदृशौ संवृत्ताविति ।]

तमसा — यादृशोऽयं तादृशौ तावपि ।

सीता — ईरिसी अहं मंदभाइणी जाए ण केवलं णिरन्तरो अज्जउत्तविरहो पुत्तविरहो वि ! [ईदृश्यहं मन्दभागिनी यस्या न केवलं निरन्तर आर्यपुत्रविरहः पुत्रविरहोऽपि !]

तमसा — भवितव्यतेयमीदृशी ।

सीता — कि वा मए पसूदाए जेण तारिसं पि मह पुत्तआणं ईसिविरलधवलदसणुज्जलकवोलं अणुबद्धमुद्धकाअलीविहसिदं णिबद्धकाअसिहण्डअं अमलमुहपुंडरीअजुअलं ण परिचुम्बिअं अज्जउत्तेण ? [किं वा मया प्रसूतया येन तादृशोरपि मम पुत्रकयोरीषद्विरल-

---

બીજાને પુનરાવૃત્તિ ન થાય એમ ઇચ્છે એ કુદરતી છે. ૧૬ છલ્લી પંક્તિમાં यत् ને બદલે न પાઠ પણ લેવાય છે. (' . . . સ્નેહે ન છત્રી ધરી.') ડૉ. એલવલકર જૂની પ્રતોમાં આ પાઠ છે એમ કહે છે અને કાવ્યદૃષ્ટિએ પણ એ ઠીક ગણે છે. શ્લોક પહેલાંની ઉક્તિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ — સખી વાસન્તી, જો જો! કાન્તાનું મન સંપાદન કરવાની કળા પણ વત્સે શીખી લીધી છે:

ખાતી પંકજદાંડલા, રમતમાં ખેંચેલ તેની વચે
ફૂલ્યાં પદ્મથી મ્હેકતું જળ, ભરી મોઢે, પિવાડચે ગયો.
કીધા પાણી ઉડાડતી સૂંઢ વડે અંધોળ, અંતે પછી
સીધી કો નલિની તણા દલ તણી સ્નેહેથી છત્રી ધરી. ૧૬

સીતા — ભગવતી તમસા, આ જો આવડો થયો, તો મને થાય છે કે પેલા કુશલવ તો આટલા સમયમાં કેવડા યે થયા હશે!

તમસા — જેવો આ છે તેવા એ બંને પણ થયા હશે.

સીતા — હું એવી મંદભાગિની છું, કે મારે કેવળ આર્યપુત્રનો જ નિરંતર વિરહ નથી, પુત્રોનો પણ વિયોગ છે.

તમસા — વિધિનું એવું નિર્માણ!

સીતા — મને પ્રસવ થયો તો ય શું, જો એવા તે મારા બે પુત્રોના જરી આછા અને ધોળા દાંતથી ઉજ્જ્વળ કપોલવાળા,

---

પણ તેઓ ०चातुर्यमपि शिक्षितम्ને બદલે કેટલીક પ્રતોમાંનું ०चातुर्यमप्यर्धं शिक्षितं લેવાના પક્ષના છે. આ શ્લોક માલતીમાધવ(૯–૩૪)માં પણ આવે છે. ત્યાં '०चातुर्यमप्यस्ति भवतः। किं तु। (सापवादम्)' એમ કહીને પછી શ્લોક આપ્યો છે અને તેમાં न પાઠ છે. તરુણ ગજકુમારની થોડીક ઊણપ શોધી તેને લાડથી ચીડવવામાં જરૂર કાવ્ય છે. પણ ઉત્તરરામચરિતમાં ગજકુમારની કૃતાર્થતા અભિનંદવાનો જ ઉપક્રમ જણાય છે, એટલે કવિએ માલતીમાધવનું જ ભાવનાચિત્ર જેમનું તેમ મૂક્યું હોય તે કરતાં જરીક ફેરવીને નવું મૂક્યું હોય એ વધુ બંધબેસતું છે. किं तु, सापवादम् એ શબ્દો પણ અહીં યોજાયા નથી એ સૂચક છે. ડો. રામકૃષ્ણ ગો. ભાંડારકર यत् પાઠના પક્ષના છે. માલતીમાધવના વિવરણમાં કહે છે: "આ શ્લોક ઉત્તરરામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धवलदशनोज्ज्वलकपोलमनुबद्धमुग्धकाकलीविहसितं निबद्धकाकशिखण्ड-कममलमुखपुण्डरीकयुगलं न परिचुम्बितमार्यपुत्रेण ?]

तमसा — अस्तु देवताप्रसादात् ।

सीता — भअवदि तमसे, एदिणा अवच्चसंसुमरणेण उस्ससिदप-ण्हुदत्थणी ताणं च पिदुणो संणिहाणेण खणमेत्तं संसारिणीम्हि संवुत्ता । [भगवति तमसे, एतेनापत्यसंस्मरणेनोच्छ्वसितप्रस्नुतस्तनी तयोश्च पितुः संनिधानेन क्षणमात्रं संसारिण्यस्मि संवृत्ता ।]

तमसा — किमत्रोच्यते ? प्रसवः खलु प्रकर्षपर्यन्तः स्नेहस्य । परं चैतदन्योन्यसंश्लेषणं पित्रोः ।

अन्तःकरणतत्त्वस्य दम्पत्योः स्नेहसंश्रयात् ।
आनन्दग्रन्थिरेकोऽयमपत्यमिति बध्यते ॥ १७ ॥

वासन्ती — इतोऽपि देवः पश्यतु ।

अनुदिवसमवर्धयत्प्रिया ते
यमचिरनिर्गतमुग्धलोलबर्हम् ।
मणिमुकुट इवोच्छिखः कदम्बे
नदति स एष वधूसखः शिखण्डी ॥ १८ ॥

ચરિતના ત્રીજા અંકમાં આવે છે. પણ ત્યાં એની પહેલાંના ઉદ્ગારો માત્ર कान्तानुवृत्तिचातुर्यमनुशिक्षितं वत्सेन એટલા જ છે, અને અભિનયનિર્દેશ सापवादम् ત્યાં છે જ નહીં. એથી છેલ્લી પંક્તિમાં ननेને બદલે ત્યાં આપણને यत् મળે છે; અને તે ઉચિત છે, કેમકે ત્યાં બોલનારનો ઉદ્દેશ, અહીં છે તેમ, ગજકુમારના દાક્ષિણ્યમાં દોષ જોવાનો નથી. " કુશલવ—જન્મ્યા પછી ગંગાએ વાલ્મીકિને સોંપેલા છે, સીતા કદી મળી જ નથી. આર્યપુત્રે ચૂમ્યું નથી – પત્ની આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુર મોહક અસ્ફુટ હાસ્યધ્વનિ કરતા, કાને કપાળે લટોવાળા, મુખકમલ યુગલને આર્યપુત્રે ચૂમ્યું નથી ?

તમસા — દેવતાઓના પ્રસાદથી એમ થાઓ !

સીતા — ભગવતી તમસા, બંને બાળકો સાંભરી આવવાને લીધે મારી છાતી ઊભરાઈને પાનો ચઢી આવતાં તેમ જ એમના પિતા સમીપમાં છે એથી ઘડીભર હું સંસારિણી બની ગઈ છું !

તમસા — એમાં શું કહેવું ? ખરે જ બાળક એ સ્નેહના પ્રકર્ષની પરાકાષ્ઠા છે; માવતરને અન્યોન્ય જોડનારું સૌથી મોટું કંઈ હોય તો તે એ છે.

ઠરતાં સ્નેહ, બંધાતી દંપતી ઉરતત્ત્વની
એક આનંદની ગ્રંથિ, એ જ તો છે અપત્ય આ. ૧૭

વાસન્તી — દેવ આ તરફ પણ જુઓ:

દિન દિન કરી જે પ્રિયે ઉછેર્યો,
નવતર પિચ્છ ઝુલાવતો જ, તે આ
મણિમુકુટ સમો કદમ્બશૃંગે
સખી સહ મોર, શિખા પ્રસારી, ટ્હોકે. ૧૮

રીતે કૃતાર્થતાનો ભાવ અનુભવે છે. સર૦ ટાગોરની ચિત્રાંગદા અર્જુન પ્રતિ. તમસા 'દેવતાઓના પ્રસાદથી તેમ થાઓ' કહે છે તેમાં સાતમા અંકનો — નાટકના સુખાન્તનો અણસારો. સંસારિણી — નહિ તો બાર વરસથી પોતે તાપસી જેવી જ છે. દત્તકપુત્ર(ગજકુમાર) ઉપરથી સીતાનું હૃદય સહજ રીતે કુશલવ તરફ વળે છે. તમસા દેવતાને શોભે એવા તાટસ્થ્યથી માત્ર સામાન્ય સત્ય ઉચ્ચારે છે. (જેમાં દામ્પત્યના આ કવિને વાત્સલ્ય એ જ દામ્પત્યનું સારસર્વસ્વ છે એ સુંદર રીતે — પોતાના એક ઉત્તમ શ્લોકમાં — કહેવાની તક મળી જાય છે). વાસન્તી તરત જ બીજા દત્તક પુત્રની વાત ઉખેળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — (सकौतुकस्नेहास्रम्) एसो सो । [एष सः ।]

रामः — मोदस्व वत्स, मोदस्व !

सीता — एव्वं होदु ! [एवं भवतु !]

रामः —

भ्रमिषु कृतपुटान्तर्मण्डलावृत्तिचक्षुः-
प्रचलितचटुलभ्रूताण्डवैर्मण्डयन्त्या ।
करकिसलयतालैर्मुग्धया नर्त्यमानं
सुतमिव मनसा त्वां वत्सलेन स्मरामि ॥ १९ ॥

हन्त, तिर्यञ्चोऽपि परिचयमनुरुन्धन्ते !
कतिपयकुसुमोद्गमः कदम्बः
प्रियतमया परिवर्धितो य आसीत् ।

सीता — (निरूप्य, सास्रम्) सुट्ठु पच्चहिजाणिदं अज्जउत्तेण ।
[सुष्ठु प्रत्यभिज्ञातमार्यपुत्रेण ।]

रामः —

स्मरति गिरिमयूर एष देव्याः
स्वजन इवात्र यतः प्रमोदमेति ॥ २० ॥

वासन्ती — अत्र तावदासनपरिग्रहं करोतु देवः ।

[राम उपविशति ।]

જોવાનું છે કે વાસન્તી જેમની વાત કરે છે તે ગજશિશુ અને મયૂર પ્રિયાના સાથમાં છે. રામ–સીતાની વર્તમાન સ્થિતિથી એ વિરોધ રચે છે. १८ (છંદ પુષ્પિતાગ્રા.) પ્રિયે – પ્રિયા સીતાએ. ચિત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — (કૌતુક અને સ્નેહનાં આંસુ સાથે) આ જ એ.

રામ — આનંદ કર, વત્સ, આનંદ કર !

સીતા — એમ થાઓ !

રામ —

ભ્રમણ તુજ મહીં ત્યાં ઘૂમતાં ગોળ પક્ષ્મે
પ્રિયદગ ચતુર ભ્રૂનર્તને સોહી રૂહેતાં.
કૂંપળ સમ કરે દૈ તાલ મુગ્ધા નચાવે;
સ્મરું છું સુત સમાણો ચિત્તવાત્સલ્યથી હું. ૧૯

અહો, પ્રાણીઓ પણ પરિચયને વશ વર્તે છે!

કંઈક કુસુમવંત આ કદંબ
પ્રિય સખીએ મુજ જે હતો ઉછેર્યો,...

સીતા — (આંસુ સાથે) આર્યપુત્રે બરોબર ઓળખી કાઢ્યો !

રામ —

સ્મરી સ્વજન સમો પ્રિયા તણો, તે
પર ગિરિમોર પ્રમોદ પામતો શો! ૨૦

વાસન્તી — તો અહીં દેવ આસન સ્વીકારો!

[રામ બેસે છે.]

મનોહર છે. આરંભની પંક્તિઓનું પાઠાંતર : અતરુણમદતાણ્ડવોત્સવાન્તે-ષ્વયમ્ (અતિ મદભર તાંડવોત્સવાન્તે). વીરરાઘવના પાઠમાં સીતા સાથેના સંબંધનું સૂચન છે એ વધુ લાભ છે. રામ ગજકુમારની દામ્પત્યલીલા જોતા ઊભા હતા દરમ્યાન સીતાતમસાની વાતચીત ચાલી. હવે વાસન્તી બીજા દત્તક પુત્ર મયૂરની દામ્પત્યલીલા પ્રત્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नीरन्ध्रबालकदलीवनमध्यवर्ति
कान्तासखस्य शयनीयशिलातलं ते ।
अत्र स्थिता तृणमदाद्बहुशो यदेभ्यः
सीता ततो हरिणकैर्न विमुच्यते स्म ॥ २१ ॥

रामः — इदं तावदशक्यमेव द्रष्टुम् । (इत्यन्यतो रुदन्नुपविशति ।)

सीता — सहि वासन्दि, किं तुए किदं अज्जउत्तस्स मह अ एदं दंसअन्तीए ? हद्धी हद्धी ! सो एव्व अज्जउत्तो । तं एव्व पंचवडीवणं । सा एव्व पिअसही वासन्दी । दे एव्व विविहविस्सम्भसक्खिणो-गोदावरीकाणणुद्देसा । दे एव्व जादणिव्विसेसा मिअपक्खि-पाअवा । मह उण मन्दभाइणीए दीसन्तं वि सव्वं एव्व एदं णत्थि ! ईरिसो जीवलोअस्स परिणामो संवुत्तो ! [सखि वासन्ति, किं त्वया कृतमार्यपुत्रस्य मम चैतद्दर्शयन्त्या ? हा धिक् हा धिक् ! स एवार्यपुत्रः । तदेव पञ्चवटीवनम् । सैव प्रियसखी वासन्ती । त एव विविधविस्रम्भसाक्षिणो गोदावरीकाननोद्देशाः । त एव जात-निर्विशेषा मृगपक्षिपादपाः । मम पुनर्मन्दभाग्याया दृश्यमान-मपि सर्वमेवैतन्नास्ति ! ईदृशो जीवलोकस्य परिणामः संवृत्तः !]

वासन्ती — सखि सीते, कथं न पश्यसि रामभद्रस्यावस्थाम् ?

नवकुवलयस्निग्धैरङ्गैर्ददन्नयनोत्सवं
सततमपि नः स्वेच्छादृश्यो नवो नव एव यः ।
विकलकरणः पाण्डुच्छायः शुचा परिदुर्बलः
कथमपि स इत्युन्नेतव्यस्तथापि दृशां प्रियः ॥ २२ ॥

ધ્યાન ખેંચે છે. ૨૦ (છંદ પુષ્પિતાગ્રા.) કદમ્બ પણ સીતાનો ઉછેરેલો છે અને ખાસ્સો મોટો થયો છે. આ રીતે વાસન્તી આખી પંચવટીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસન્તી —

આ એ જ ગાઢ કદલીવનમાં તમારી,
કાન્તા જહીં સુહૃદ, એહ શિલા-પથારી;
સીતા તૃણો અહીંથી નીરતી કૈંક વાર,
તેથી નથી છૂટતી તે હરિણોથી કેમે. ૨૧

રામ — એની તરફ જોવું એ તો અશક્ય જ છે. (રડતા, બીજે જઈને બેસે છે.)

સીતા — સખી વાસન્તી, આર્યપુત્રને અને મને એ બતાવીને તેં આ શું કર્યું? અરેરે, હાય! એના એ જ આ આર્યપુત્ર! એનું એ જ આ પંચવટીવન! એની એ જ પ્રિયસખી વાસન્તી! એના એ જ આ વિવિધ વિશ્રંભના સાક્ષી એવા ગોદાવરી પરના વનપ્રદેશો! એનાં એ જ આ પેટનાં જણ્યાં જેવાં મૃગો, પંખીઓ અને વૃક્ષો! પણ મારે મંદભાગિનીને માટે એ બધુ દેખાતું છતાં એમાંનું કાંઈયે નથી. અવતાર લીધાનું આવું પરિણામ આવ્યું છે!

વાસન્તી — સખી સીતા, રામભદ્રની અવસ્થા તું કેમ નથી જોતી?

નવકમળશાં સ્નિગ્ધાંગે જે દઈ નયનોત્સવ,
સતત સહુને સ્વેચ્છા-જોયા નવા જ નવા દીસ્યા,
વિકલ કરણો, ફીકી કાન્તિ, દુખે વળી દૂબળા;
કચમય સમજાયે કે એ છે; છતાં દગ ઠારતા. ૨૨

સીતામય કરી મૂકે છે અને પેલાં બે યુગ્મોના વર્ણનથી રામની વિરહદશાને પણ ઉઠાવ આપે છે. આસન સ્વીકારો - ગજકુમારને બચાવવાના ઉપક્રમ પછી એને અને પછી મયૂરને જોવામાં થોડોક સમય ગયો, બેસવાનું કહેવાનો હવે અવસર મળે છે. ૨૧ બેસવા માટે શિલા પણ વાસન્તીએ સીતા અને રામની પહેલાંની જે સૂવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — पेक्खामि सहि, पेक्खामि । [पश्यामि सखि, पश्यामि ।]

तमसा — पश्यन्ती प्रियं भूयाः ।

सीता — हा देव्व, एसो मए विणा अहं वि एदेण विणेत्ति केण संभाविदं आसि ! ता मुहुत्तमेत्त जम्मन्तरादो विअ लद्धदंसणं बाह-सलिलन्तरेसु पेक्खामि दाव वच्छलं अज्जउत्तं । [हा दैव, एष मया विना अहमप्येतेन विनेति केन संभावितमासीत् ! तन्मुहूर्तमात्रं जन्मान्तरादिव लब्धदर्शन बाष्पसलिलान्तरेषु पश्यामि तावद्वत्सलमार्य-पुत्रम् ।] (इति पश्यन्ती स्थिता ।)

तमसा — (परिष्वज्य सास्रम्)

विलुलितमतिपूरैर्बाष्पमानन्दशोक-
प्रभवमवसृजन्ती तृष्णयोत्तानदीर्घा ।
स्नपयति हृदयेशं स्नेहनिष्यन्दिनी ते
धवलमधुरमुग्धा दुग्धकुल्येव दृष्टिः ॥ २३ ॥

બેસવાની શિલા હતી તે જ બતાવી ! વાસન્તી સીતાને ઉદ્દેશીને બોલે છે તે જાણે વિરહથી દુબળા થયેલા રામની એવી દશા માટે સીતા જવાબદાર હોય નહિ ! – એમ લાગે છે, પણ એવું નથી. વાસન્તી સીતાપરિત્યાગનો પ્રશ્ન મધુર રીતે છેડીને તે અંગે રામનું વલણ જાણવાનો ઉપક્રમ રચી રહે છે. ૨૨ રામની સામે નજર માંડવાની હવે જ, એ બેઠા ત્યારે, વાસન્તીને તક મળી. વિકલ કરણો – ઇન્દ્રિયો ક્ષીણ-શિથિલ છે. કેમે કરીને જ સમજાય કે આ રામ છે. તોય આખોને તે ગમે છે જ. ડૉ. બેલવલકર અને શરદરંજન રાય છેલ્લી પંક્તિ આ રીતે મૂકે છે : 'દુઃખથી દુબળા થયા છે – અને જો કે આંખને આહ્લાદ આપી રહે છે – તેમ છતાં તે જ આ એમ ઓળખી કાઢવા મુશ્કેલ છે.' શ્રી રાય કહે છે કે શ્લોકનો આશય રામની દયામય સ્થિતિ દર્શાવવાનો છે, પ્રિયદર્શિતા બતાવવાનો નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — દેખું છું, સખી, દેખું છું.

તમસા — પ્રિયને દેખતી જ રહો !

સીતા — હાય રે દૈવ ! એ મારા વિનાના, હું વળી એમના વિનાની, — એવું કોઈએ પણ કલ્પ્યું હશે ? તો હૂર્ત મુમાટે પણ, અશ્રુજળની વચ્ચે વચ્ચે, જન્માન્તરમાંથી જાણે જેનું દર્શન પામી છું એવા વત્સલ આર્યપુત્રને જોઈ લઉં. (જોતી ઊભી રહે છે.)

તમસા — (ભેટીને, અશ્રુ સાથે)

રસળતી બહુ પૂરે શોક આનંદ અશ્રુ
વહવી, વિપુલ તૃષ્ણાદીર્ઘ, કેવી ન્હવાડે
તવ હૃદય-પતિને સ્નેહનિષ્યંદિની તે
ધવલ મધુર મુગ્ધા દુગ્ધધારાશી દૃષ્ટિ ! ૨૩

તેથી આ રીતે અર્થ ઘટાવવો ઇષ્ટ છે. પણ તમસાની ઉક્તિ ઉપરથી લાગે છે કે તેણે શ્લોકના છેલ્લા ભાગની રામની પ્રિયદર્શિતાને જ વધુ મહત્ત્વ આપ્યું છે. સીતા પ્રિયનું દર્શન કરતી રહે એવા એ આશીર્વાદ આપે છે. સીતા પણ તરત રામનું દર્શન કરવા જ પ્રેરાય છે. (શ્રી રાયના પાઠ પ્રમાણે 'સતૃષ્ણ' જોઈ રહે છે, સકરુણ નહિ.) વાસન્તી રામની વિષમ દશા વર્ણવતાં અંતે 'આવા ન ઓળખાય એવા થઈ ગયા છે છતાં ય પ્રિયદર્શન તો એવા ને એવા જ છે' એમ કહે એમાં કશું અસ્વાભાવિક નથી. રામ મળ્યા એથી પોતાને આનંદ થયો છે (આંખ ઠરી છે) એમ વાસન્તી અંતે કહે એમાં જ ઔચિત્ય છે. પાઠાન્તર પ્રમાણે પ્રથમ બે પંક્તિ 'નવ કમળશાં સ્નિગ્ધાંગોથી તને નયનોત્સવ, સતત પણ જે સ્વેચ્છા-જોયા નવો જ નવો દિયે;' પણ તે(તને)ને બદલે નઃ (આપણને – સૌને) પાઠ વધુ પસંદ કરવા જેવો છે. અંતમાં પણ દૃશાં – દૃષ્ટિઓ - એમ બહુવચન જ છે. રામ પોતાની સહચરી સીતાને તો નયનોત્સવ ઉપરાંત પણ ઘણું આપી રહે, દૂરનાં વાસન્તી જેવાંને પણ નયનોત્સવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वासन्ती —

ददतु तरवः पुष्पैरर्घ्यं फलैश्च मधुश्च्युतः
स्फुटितकमलामोदप्रायाः प्रवान्तु वनानिलाः ।
कलमविरलं रज्यत्कण्ठाः क्वणन्तु शकुन्तयः
पुनरिदमयं देवो रामः स्वयं वनमागतः ॥ २४ ॥

रामः — एहि सखि वासन्ति, नन्वितः स्थीयताम् ।

वासन्ती — (उपविश्य सास्रम्) महाराज, अपि कुशलं कुमारलक्ष्मणस्य ?

रामः — (अश्रुतिमभिनीय)

करकमलविर्तीर्णैरम्बुनीवारशष्पै-
स्तरुशकुनिकुरङ्गान्मैथिली यानपुष्यत् ।
भवति मम विकारस्तेषु दृष्टेषु कोऽपि
द्रव इव हृदयस्य प्रस्तरोद्भेदयोग्यः ॥ २५ ॥

वासन्ती — महाराज, ननु पृच्छामि अपि कुशलं कुमारलक्ष्मणस्येति ।

તો આપતા એમ કહેવાનો આશય છે. વાસન્તી જેવી વનદેવતાને રામ સ્વેચ્છાએ દેખાય એ પણ સમજી શકાય એવું છે. ઉપરાંત, જ્યારે તું જુએ ત્યારે તને નવો ને નવો નયનોત્સવ આપતા એમ કહેવા કરતાં જ્યારે ઇચ્છા આવે ત્યારે આપણે સૌ એમને જોઈ શકતાં એટલું જ નહિ, પણ જ્યારે જોઈએ ત્યારે એ નવા ને નવા જ લાગતા – એમ કહેવામાં વધુ સારસ્ય છે. પાણ્ડુઃ સોડ્યં લેતાં, 'ફીકા તે આ'. જન્માન્તરમાંથી – કેમ કે રસાતલમાં તેમ જ આજે અહીં પતિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસન્તી —

કુસુમફલના અર્ઘ્યો અર્પો મધુસ્રવતાં દ્રુમો,
સ્ફુટ કમલની મ્હેકે લ્હેકચા વહો વનવાયુઓ.
કલરવ-મચ્યા રીઝચા કંઠે વિહંગ કૂજી રહો,
ફરીથી અહીં આ આવ્યા રામ સ્વયં વન આપણે. ૨૪

રામ — આવ, સખી વાસન્તી, અહીં જ બેસ.

વાસન્તી — (બેસતી, આંસુ સાથે) મહારાજ, કુમાર લક્ષ્મણ કુશળ છે ને?

રામ — (ન સાંભળ્યું હોય એવો અભિનય કરી)

કરકમલથી અર્પી નીર-સામો-તૃણો, જે
તરુ-વિહગ-કુરંગો મૈથિલીએ ઉછેર્યાં,
નિરખી નિરખી સૌ તે પામું હું કો વિકાર,
હૃદયદ્રવ સમો, — જે તોડી દે પથ્થરો ય. ૨૫

વાસન્તી — મહારાજ! એમ પૂછું છું કે કુમાર લક્ષ્મણ કુશળ છે ને?

દર્શનનો લહાવો મળશે એવી સીતાને કલ્પના પણ ન હતી. ૨૩ જાણે સીતાની દૃષ્ટિ રામના દુર્બળ દેહને તાજગી આપી પલટાવી દેવા મથી રહી ન હોય. શોક – વિરહદશાનો તેમ જ હમણાં થોડી વાર પછી છૂટા પડવું પડશે તેનો. આનંદ – પ્રિયદર્શનનો. ૨૪ રામ બેઠા, વાસન્તીએ એમને જરીક ધારીને જોયા, તે પછી હવે એ એમનું રીતસર સ્વાગત કરે છે. તાપસી આત્રેયીની સામે અર્ઘ્ય લઈને દોડેલી વાસન્તી ગજકુમારના યુદ્ધપ્રસંગને લીધે વ્યાકુળતા અનુભવતાં, સ્વાગતમાં આટલી વાર થઈ. સ્વયં – પોતે થઈને આવ્યા છે. પહેલાં તો પિતાનું વચન પાળવા અંગે નીકળેલા ત્યારે અહીં આવીને વસેલા, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

राम: —(आत्मगतम्) अये, महाराजेति निष्प्रणयमामन्त्रण-पदम् । सौमित्रिमात्रके बाष्पस्खलिताक्षर: कुशलप्रश्न: । तथा मन्ये विदितसीतावृत्तान्तेयमिति । (प्रकाशम्) आम्, कुशलं कुमारलक्ष्मणस्य ।

वासन्ती —(रुदती) अयि देव किमिति दारुण: खल्वसि ?

सीता — सहि वासन्दि, किं तुमं एव्वंवादिणी होसि ? पिआरुहो क्खु सव्वस्स अज्जउत्तो विसेसदो मह पिअसहीए । [सखि वासन्ति, किं त्वमेवंवादिनी भवसि ? प्रियार्ह: खलु सर्वस्यार्यपुत्रो विशेषतो मम प्रियसख्या: ।]

वासन्ती —

त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयं
त्वं कौमुदी नयनयोरमृतं त्वमङ्गे ।
इत्यादिभि: प्रियशतैरनुरुध्य मुग्धां
तामेव शान्तमथवा किमिहोत्तरेण ॥ २६ ॥

[इति मुह्यति ।]

આજે તો તમારી પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને સ્વેચ્છાથી અહીં તમારી વચ્ચે આવીને બેઠા છે. વન આપણે – આપણા વને. સ્વાગતવિધિ પછી રામના કહેવાથી હવે વાસન્તી બેસે છે અને પછી તરત કુશલ-પ્રશ્ન પૂછે છે. પણ અયોધ્યામાં ગુજરેલું અકુશલ એની જાણમાં છે (આત્રેયી દ્વારા), એટલે પૂર્વનાં પંચવટીનિવાસી સીતા અને લક્ષ્મણમાંથી માત્ર લક્ષ્મણ વિષે જ પૂછે છે – અથવા તો સીતા વિષે કાંઈ ન પૂછીને જ પૂછે છે. ૨૫ રામ તરુઓ અને પક્ષીઓના સ્વાગતનો સ્વીકાર કરવા જતાં તે બધાંને સીતાએ ઉછેરેલાં એ વિચારમાં તણાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ — (આત્મગત) અરે 'મહારાજ!' એવું સ્નેહવિહોણું સંબોધન! અને આંસુથી થથરતા સ્વરવાળો માત્ર સૌમિત્રી અંગે જ કુશલ પ્રશ્ન! તેથી લાગે છે કે, સીતાનો વૃત્તાંત એણે જાણ્યો છે. (મોટેથી) અરે હા, કુમાર કુશળ છે.

વાસન્તી — (રડતી) અરે દેવ, ખરે જ આવા ક્રૂર કેમ છો?

સીતા — સખી વાસન્તી, કેમ તું આવું બોલે છે? આર્યપુત્ર સૌની જ તરફથી પ્રિય વસ્તુને પાત્ર છે, વિશેષ કરીને મારી પ્રિયસખી પાસેથી.

વાસન્તી —

તું મારું જીવિત, વળી હૃદય દ્વિતીય,
તું કૌમુદી નયન કેરી, સુધા તું અંગે.
એવાં શત પ્રિયથી રીઝવી જેહ મુગ્ધા,
તેને જ — શાન્ત રહું વા, વધુ બોલીને શું? ૨૬

[મૂર્છા પામે છે.]

છે. હૃદય એવું ગળી ગયું છે કે આડા પથ્થરને પણ તોડીને માર્ગ કરી લે એવો એનો વેગ છે. 'જે પથ્થરોના ગળ્યા શો' – એમ પણ લઈ શકાય. પથ્થરને ગાળે એવો વિકાર હૃદય(પથ્થર)ને પણ ગાળી રહ્યો છે. નીરથી તરુને, સામાથી વિહગોને અને તૃણોથી કુરંગોને સીતાએ ઉછેરેલાં. વાસન્તી કેડો મૂકતી નથી, કરડાકાથી ફરી પણ 'મહારાજ'ને પૂછે છે. રામ હા કહીને વાત ખાઈ જાય છે, સીતાના ત્યાગ વિષે ઈશારો સરખો કરતા નથી. (તે એટલા સુધી કે આત્મગત બોલે છે તેમાં વાસન્તી 'સીતાવૃત્તાન્ત' જાણતી લાગે છે એમ કહે છે, સીતા'ત્યાગ' વિષે જાણે છે એમ બોલતાં એમનો જીવ ચાલતો નથી.) સીતા વિષે રામે મૌન સેવ્યું તેથી વાસન્તી એમને ક્રૂર કહે છે, પણ પછી તરત જ સીતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तमसा — स्थाने वाक्यनिवृत्तिर्मोहश्च ।

रामः — सखि, समाश्वसिहि समाश्वसिहि ।

वासन्ती — (समाश्वस्य) तत्किमिदमकार्यमनुष्ठितं देवेन ?

सीता — सहि वासन्दि, विरम विरम । [सखि वासन्ति, विरम विरम ।]

रामः — लोको न मृष्यतीति ।

वासन्ती — कस्य हेतोः ?

रामः — स एव जानाति किमपि ।

वासन्ती —

अयि कठोर यशः किल ते प्रियं
किमयशो ननु घोरमतः परम् ।
किमभवद्विपिने हरिणीदृशः
कथय नाथ कथं बत मन्यसे ॥ २७ ॥

ત્યાગમાં રહેલી ક્રૂરતાને અનુલક્ષીને બોલે છે – જો કે વાક્ય પૂરું કરી શકતી નથી. ૨૬ શત પ્રિયથી – સેંકડો પ્રિય વચનોથી. વધુ બોલીને શું – 'વધુથી અહીં શું ?' સીતાના ત્યાગ અંગે સીતા બોલત તે કરતાં વાસન્તી બોલે એમાં વધુ ઔચિત્ય છે, ઉપરાંત જે તીવ્રતા વાસન્તી લાવી શકે તે અન્યથા અશક્ય હતી. આથી તમસા વાસન્તીની તારીફ કરે છે. જોવાનું એ છે કે સીતા–જેને વાસન્તીની વકીલાત સૌથી વધુ ગમવી જોઈએ – તેનાથી જ વાસન્તીના શબ્દો સહન થતા નથી. એનું ચાલ્યું હોત તો જઈને વાસન્તીના મોં આડો હાથ ધરત. આ આખા પ્રસંગની યોજના અત્યંત માર્મિક છે. મણિલાલ ન. દ્વિવેદી, નિર્ણયસાગર, કાણે અને શરદરંજન રાયની આવૃત્તિમાં આ પ્રસંગનાં વાક્યો જુદી રીતે ગોઠવાયાં છે. અહીં સ્વીકારેલી ડો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમસા — બોલતાં અટકી ગઈ અને મૂર્છા પામી, બંને યોગ્ય છે.

રામ — શાન્ત થા, સખી, શાન્ત થા.

વાસન્તી — (શુદ્ધિમાં આવી) ત્યારે, દેવે આ ન કરવા જેવું કેમ કર્યું ?

સીતા — સખી વાસન્તી, રહેવા દે, રહેવા દે.

રામ — લોક સાંખે નહીં માટે.

વાસન્તી — શાને વારુ ?

રામ — શાને એ તો એ જ જાણે.

વાસન્તી —

અયિ કઠોર, તને યશ કે પ્રિય ?
અયશ ઘોર બીજો વળી આથી શો ?
વન મહીં થયું શું મૃગલોચના
તણું, કહો, કશું દેવનું માનવું ? ૨૭

બેલવલકર અને શ્રી કાળેની રચના વધુ ઉપકારક છે. ન કરવા જેવું — વાસન્તીથી હજી નામ પાડી શકાતું નથી. એ જ જાણે — માં મે જ કાકુથી બોલવાનું છે એમ સૂચવવામાં આવે છે, જેથી લોકો ઉપર રામ કટાક્ષ કરે છે એવો અર્થ આવે. પછી તરત 'બહુ વખતે (અથવા ઉચિત) ઉપાલંભ દેવાયો !' એ વાક્ય લેવામાં આવે છે. પણ આ વાક્ય ૨૭મા શ્લોક પછી રામને એ શ્લોકમાં ઉપાલંભ દેવાયો—રામનો કાન આમળનાર કોઈ ન હતું, એક આ વાસન્તી મળી — એ જોઈ તમસા ઉચ્ચારે છે. અને ત્યાં જ એનું ઔચિત્ય છે. રામ 'એ જ જાણે' બોલે છે તે સામાન્યપણે, કાકુ વગર જ બોલે છે. પોતે જાણતા નથી એટલું જ એમને કહેવું છે. લોક ઉપર સસ્તો કટાક્ષ કરે એટલા એ અનુદાર કે અનુદાત્ત નથી. એમના વાક્યમાં નર્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तमसा — चिरादुपालम्भः ।

सीता — सहि वासन्दि, तुमं एव्व दारुणा कठोरा अ, जा एव्वं अज्जउत्तं पलित्तं पदीवेसि । [सखि वासन्ति, त्वमेव दारुणा कठोरा च, यैवं आर्यपुत्रं प्रदीप्तं प्रदीपयसि ।]

तमसा — प्रणय एवं व्याहरति शोकश्च ।

रामः — सखि, किमत्र मन्तव्यम् ?

त्रस्तैकहायनकुरङ्गविलोलदृष्टे-
स्तस्याः परिस्फुरितगर्भभरालसायाः ।
ज्योत्स्नामयीव मृदुबालमृणालकल्पा
क्रव्याद्भिरङ्गलतिका नियतं विलुप्ता ॥ २८ ॥

सीता — अज्जउत्त, धरामि एसा धरामि । [आर्यपुत्र, धराम्येषा धरामि ।]

रामः — हा प्रिये जानकि, क्वासि ?

सीता — हद्धी हद्धी! अज्जउत्तो वि पमुक्ककण्ठं परुण्णो । [हा धिक् हा धिक्! आर्यपुत्रोऽपि प्रमुक्तकण्ठ प्ररुदितो ।]

तमसा — वत्से, सांप्रतिकमेवैतत् । कर्तव्यानि खलु दुःखितैर्दुःख-निर्वापणानि । यतः

पूरोत्पीडे तटाकस्य परीवाहः प्रतिक्रिया ।
शोकक्षोभे च हृदयं प्रलापैरेव धार्यते ॥ २९ ॥

વસ્તુસ્થિતિનું ઉચ્ચારણ માત્ર છે. સાતમા અંકમાં પણ 'લોક સાંભળે' એમ કહે છે તેમાં પણ એ જ છે. કોઈ કટાક્ષ નથી. રામ જો એવા કટાક્ષ કરે તો સામે લોકનો મૂગો જવાબ છે જ કે ભાઈ, અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમસા — બહુ વખતે ઉપાલંભ દેવાયો!

સીતા — સખી વાસન્તી, હું જ ક્રૂર અને કઠોર છે, જે આમ બળી રહેલા આર્યપુત્રને બાળે છે.

તમસા — સ્નેહ આ બોલાવે છે, અને શોક પણ.

રામ — સખી, એમાં શું માનવાનું વળી?—

ત્રાસેલ વર્ષભરના મૃગલાશી લોલ
દૃષ્ટિ, અને ફરકતો વળી ગર્ભભાર;
જ્યોત્સ્નામયી મૃદુલ બાળમૃણાલશી તે
લોપાઈ હિંસ્ર પશુથી તનુવેલ નિશ્ચે. ૨૮

સીતા — જીવું છું, આર્યપુત્ર, આ જીવું.

રામ — હા પ્રિયે જાનકી, ક્યાં છે?

સીતા — હાય! આર્યપુત્ર પણ મુક્ત કંઠે રડી પડ્યા!

તમસા — વત્સે, એ યોગ્ય જ છે. દુખિયાંએ દુઃખ હળવાં કરવાં રહે છે જ. કેમકે

ભરાવો પૂરનો થાતાં, પરીવાહ ઉપાય છે
તળાવોને; શોક ક્ષોભે હૈયું રોયે ટકી રહે. ૨૯

તને આમ કર એમ કહેવા જ ક્યાં આવ્યા હતા! ૨૭ તમને યશ પ્રિય છે કે? એમ કે? અહીં કે કાકુથી બોલવાનો છે. તમને યશ પ્રિય છે ખરું ને? પણ એવું દેખાતું નથી, તમે તો ઘોર અયશ મળે એવું જ કર્યું છે. ૨૮ સર૦ ૧-૪૯ અને ૪-૨૩. વાસન્તીએ કુશલપ્રશ્ન પૂછતાં સીતાની વાત પૂછી ન હતી, પણ હવે તેને રામ પાસેથી જે કાંઈ સમાચાર મળી શકે એમ હતા તે મળે છે: સીતા હિંસ્ર પશુઓ વડે લુપ્ત થઈ હશે. (હણાઈ હશે એમ કહેતાં રામનો જીવ ચાલતો નથી. અને એમ કહેવું એ યથાર્થ પણ ન હોત.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विशेषतो रामभद्रस्य बहुतरप्रकारकष्टो जीवलोकः ।

इदं विश्वं पाल्यं विधिवदभियुक्तेन मनसा
प्रियाशोको जीवं कुसुममिव घर्मो ग्लपयति ।
स्वयं कृत्वा त्यागं विलपनविनोदोऽप्यसुलभ-
स्तदद्याप्युच्छ्वासो भवति ननु लाभो हि रुदितम् ॥ ३० ॥

रामः — कष्टं भोः, कष्टम् !

दलति हृदयं गाढोद्वेगं द्विधा तु न भिद्यते
वहति विकलः कायो मोहं न मुञ्चति चेतनाम् ।
ज्वलयति तनूमन्तर्दाहः करोति न भस्मसा-
त्प्रहरति विधिर्मर्मच्छेदी न कृन्तति जीवितम् ॥ ३१ ॥

सीता — एव्वं एदं । [एवमेतत् ।]

रामः — हे भगवन्तः पौरजानपदाः,

न किल भवतां देव्याः स्थानं गृहेऽभिमतं तत-
स्तृणमिव वने शून्ये त्यक्ता न चाप्यनुशोचिता ।
चिरपरिचितास्ते ते भावाः परिद्रवयन्ति मा-
मिदमशरणैरद्याप्येवं प्रसीदत रुद्यते ॥ ३२ ॥

વાત ખુલ્લી થતાં – અને તેની ચોટ લાગતાં – રામ મોકળા મનથી હવે રડી પડે છે. વાસન્તી વધુ પીછો પકડવો છોડી દે છે ૨૯ તમસાની ઉક્તિઓ દ્વારા જાણે કવિ જ રામના રુદનનો ખુલાસો આપે છે. પરીવાહ – 'ઊભરાવું.' ઝરનાળાથી અથવા પાળ તોડીને પાણી જવા દેવું તે. હૈયું રોયે૦ અને ૩૦ ની છેલ્લી પંક્તિ : સર૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ કરીને રામભદ્રને આ ભવ વિવિધ પ્રકારનાં કષ્ટવાળો છે.

મનોયોગે રક્ષા કરવી જગની શાસ્ત્રવિધિથી;
પ્રિયાશોકે પ્રાણો, કુસુમ ગરમીથી જ્યમ, વ્હીલે;
સ્વયં ત્યાગી તેથી વિલપનવિનોદે ન સુલભ;
હજી યે જીવે છે, રુદન મહીં એ લાભ નહિ શું? ૩૦

રામ — ઓ! આ તે કેવું દુઃખ!

હૃદય તૂટતું ગાઢોદ્વેગે, દ્વિધા થતું ભિન્ન ના;
જડ થઈ જતી કાયા મોહે, લજે નહિ ચેતના.
તનુ જલવતા અંતર્દાહો, કરે પણ ભસ્મ ના;
બહુ વિધિ કરે મર્માઘાતો, ન જીવત કાપતો. ૩૧

સીતા — એમ જ છે.

રામ — હે સન્માન્ય પુરજનો અને જનપદવાસીઓ!

ન ગમ્યું તમને રહેવું દેવી તણું મુજ ઘેર, તો
તૃણ સમ તજી શૂન્યારણ્યે, કર્યોય ન શોક તે.
પરિચિત પદાર્થો આ જૂના પિગાળી રહે મને,
અવશ થઈ રોવાઈ જાતું, ક્ષમા કરજો તમે! ૩૨

ટેનિસનનું She must weep or she will die ('ઘટે રોવું અરે તેણે, નહિ તો તે જશે મરી'). વ્હીલે – વિલાઈ જાય. વિલપન-વિનોદે – રોવાથી થતો આરામ પણ. રામ રડે તેમાં તારે દુઃખી ન થવું ઘટે એમ તમસાનું કહેવું છે. ૩૧– સીતા 'એમ જ છે' કહે છે, ત્યારે રામની વાતમાં અનુમતિ આપવા ઉપરાંત પોતાના એવા જ અનુભવનો પણ સૂર પુરાવે છે. સર૦ ૧–૪૭. ૩૨ તમસાએ રામના રોવાને વિલપનવિનોદ કહ્યો હતો અને સીતાને પોતે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तमसा — अतिगम्भीरमवगूरणं शोकसागरस्य ।

वासन्ती — देव, अतिक्रान्ते धैर्यमवलम्ब्यताम् ।

रामः — सखि किमुच्यते धैर्यमिति !

देव्या शून्यस्य जगतो द्वादशः परिवत्सरः ।
प्रणष्टमिव नामापि न च रामो न जीवति ॥ ३३ ॥

सीता — मोहिदम्हि एदेहि अज्जउत्तवअणेहिं । [मोहितास्म्येतैरार्यपुत्र-वचनैः ।]

तमसा — एवमेव वत्से,

नैताः प्रियतमा वाचः स्नेहार्द्राः शोकदारुणाः ।
एतास्ता मधुनो धाराश्च्योतन्ति सविषास्त्वयि ॥ ३४ ॥

रामः — अयि वासन्ति, मया खलु

यथा तिरश्चीनमलातशल्यं
प्रत्युप्तमन्तः सविषश्च दंशः ।
तथैव तीव्रो हृदि शोकशङ्कु-
र्मर्माणि कृन्तन्नपि किं न सोढः ॥ ३५ ॥

सीता—एव्वं म्हि मंदभाइणी अहं जा पुणोवि आआसआरिणी अज्जउत्तस्स । [एवमस्मि मन्दभागिन्यहं या पुनरप्यायासकारिणी आर्यपुत्रस्य ।]

ત્યજી હોઈ તેમને એ સુલભ ન હતો. અહીં પંચવટીમાં રામથી રહી જવાયું એમાં જાણે કે પુરવાસીઓ અને જનપદનિવાસીઓનો પોતે દ્રોહ કર્યો હોય એમ રામ માને છે તેથી પોતાનું આ વર્તન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમસા — શોકસાગરનો આ અતિ ગંભીર ઘુમરાટ છે.

વાસન્તી — જે વાત વીતી ગઈ તેને વિષે દેવ હવે ધૈર્ય રાખો.

રામ — સખી, 'ધૈર્ય' એમ કહે છે?

દેવીસુતા જગતનું વર્ષ છે આજ દ્વાદશ;
નાશપામ્યા સમું નામે, ને ન રામ ન જીવતો. ૩૩

સીતા — આર્યપુત્રનાં આ વચનો મને મોહમાં નાખે છે.

તમસા — એમ જ, વત્સે,

નથી તે પ્રિય ઉદ્ગારો સ્નેહાર્દ્ર શોકદારુણ,
એ છે સવિષ ધારાઓ મધુની સ્રવતી ઉંપે. ૩૪

રામ — અરે વાસન્તી, ખરે જ મેં

વાંકો ધગંતો જ્યમ લોહ ખીલો
ખૂંતેલ હો ભીતર, ઝેરી દંશ વા;
તેવો જ હૈયે અહ, શોક-શંકુ
તીણો ન મર્મો વીંધતો સહ્યો કે? ૩૫

સીતા — આવી મંદભાગ્યની હું છું કે ફરી પણ આર્યપુત્રને દુઃખ દેનારી નીવડી.

ઉદારદૃષ્ટિએ – સહાનુભૂતિપૂર્વક જોવા તેમને વિનવે છે. પોતે કોઈ પણ રીતે તેમનો વાક જુએ છે એવું તેઓ પોતાના રુદનમાંથી ન ધરાવે એવી વિનંતિ કરે છે. प्रसीदत – 'પ્રસન્ન રહો તમે!' 'થશો અપ્રસન્ન ના!' – આ વચનમાં લોકો પ્રત્યે કટાક્ષ લેશ પણ અભિપ્રેત નથી. લોકોને 'ક્ષમાદૃષ્ટે જોજો' એટલું જ કહેવાનો આશય છે. 'આ વચનમાં જેવો પોતાના અભિપ્રાય પ્રમાણે રામે ધર્મ તોડયો છે તેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रामः — एवमतिनिष्कम्पस्तम्भितान्तःकरणस्यापि मम संस्तुत-तत्तत्प्रियवस्तुदर्शनादद्यायमावेगः । तथाहि

लोलोल्लोलक्षुभितकरणोज्जृम्भणस्तम्भनार्थं
यो यो यत्नः कथमपि मयाधीयते तं तमन्तः ।
भित्त्वा भित्त्वा प्रसरति बलात्क्रोऽपि चेतोविकार-
स्तोयस्येवाप्रतिहतरयः सैकतं सेतुमोघः ॥ ३६ ॥

सीता — अज्जउत्तस्स एदिणा दुव्वारदारुणारम्भेण दुःखसंखोहेण पप्फुरिद-णिअदुक्खं विअ वेवदि मे हिअअम् । [आर्यपुत्रस्यैतेन दुर्वार-दारुणारम्भेण दुःखसंक्षोभेण प्रस्फुरितनिजदुःखमिव वेपते मे हृदयम् ।]

वासन्ती — (स्वगतम्) कष्टमभ्यापन्नो देवः ! तदाक्षिपामि तावत् । (प्रकाशम्) चिरपरिचितानिदानीं जनस्थान-भागानवलोकनेन मानयतु देवः ।

रामः — एवमस्तु । (इत्युत्थाय परिक्रामति ।)

सीता — संदीवणाइं एव्व दुक्खस्स पिअसही विणोदणोवाओ त्ति मण्णेदि । [संदीपनान्येव दुःखस्य प्रियसखी विनोदनोपाय इति मन्यते ।]

તે જ વખતે પાળ્યો પણ છે.' (નરસિંહરાવ : મનોમુકુર, ૧–૩૯) ત્રીજી પંક્તિને અંતે परिभ्रमयन्ति માં ('ભમાવી રહે મને') પાઠ પણ છે. વાસન્તીને હવે સાન્ત્વન આપવું પડે છે. ૩૩ અને રામ જીવતો નથી (મરી ગયો છે) એમ નથી. ૩૫ શંકુ – અણીદાર ખીલો. સીતા 'ફરી પણ' કહે છે. પોતાનું હરણ થયું ત્યારે પહેલી વાર દુઃખ દેનારી નીવડી હતી. એ વખતે પંચવટીમાં રામ રોયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ — આમ, અત્યંત નિશ્ચલ રહે એ રીતે અંતઃકરણને થંભાવી રાખું છું, તો પણ મને આજે તે તે પરિચિત પ્રિય વસ્તુઓના દર્શનથી આવો આવેગ પ્રગટી આવે છે. વળી,

લોલોર્મિશા ક્ષુભિત ઉરનો ઊભરો રૂંધવાને
જે જે કેમે કરી કંઈ કરું યત્ન, પ્રત્યેક તે તે
છેદી ભેદી બળથી પ્રસરે કોઈ ચેતોવિકાર;
જેવો વેગપ્રબળ, સિકતાસેતુને, કો જલૌઘ. ૩૬

સીતા — આર્યપુત્રના આ ન વારી શકાય એવા અને દારુણ થતા જતા દુઃખના સંક્ષોભથી મારું હૃદય, જાણે પોતાનું દુઃખ ઊપડી આવ્યું હોય એમ, ફફડી ઊઠ્યું છે.

વાસન્તી — (સ્વગત) દેવ કષ્ટમાં આવી પડ્યા છે. તો જરી બીજી વાતે ચઢાવું. (મોટેથી) દેવ, હવે ચિરપરિચિત જનસ્થાનભાગોને અવલોકનથી સન્માનો.

રામ — ભલે. (ઊઠીને પરિક્રમણ કરે છે.)

સીતા — દુઃખને પ્રજ્વળાવનારાં છે તેને પ્રિયસખી વિનોદના ઉપાયરૂપ માને છે!

હતા તેની આગળ અત્યારનું એમનું રુદન ન જેવું જ છે એ સ્પષ્ટ છે. ખરી વાત એ છે કે શોકનો સંક્ષોભ અંદર જ ઘૂમરાયાં કરે છે, પ્રગટ થઈ શકતો નથી. પોતે રાજા છે, સંયમગુણ પણ વધુ કેળવાયો હશે, સામે વાસન્તી છે અને ઘટના પણ રડચે પાર ન આવે એવી છે. ૩૬ લોલોર્મિ – ચંચળ, ક્ષુભિત મોજાં. જેમ કોઈ પ્રબળ વેગવાળો જળનો રાશિ રેતીના પુલને તોડી ફોડી દે તેમ. વાસન્તી કુશલપ્રશ્ન પૂછી, સીતાના સમાચાર જાણી, રામને દુખાવસારો કરાવવા હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वासन्ती — (सकरुणम्) देव देव,

अस्मिन्नेव लतागृहे त्वमभवस्तन्मार्गदत्तेक्षणः
सा हंतैः कृतकौतुका चिरमभूद्गोदावरीसैकते ।
आयान्त्या परिदुर्मनायितमिव त्वां वीक्ष्य बद्धस्तया
कातर्यादरविन्दकुड्मलनिभो मुग्धः प्रणामाञ्जलिः ॥ ३७ ॥

सीता — दारुणासि वासन्दि, दारुणासि, जा एदेहिं हिअअमम्मगूढ-सल्लसंघट्टेहिं पुणोपुणावि मं मन्दभाइणिं अज्जउत्तं सुमरावेसि ! [दारुणासि वासन्ति, दारुणासि, या एतैर्हृदयमर्मगूढशल्यसंघट्टैः पुनः पुनरपि मां मन्दभागिनीमार्यपुत्रं स्मारयसि !]

रामः — आर्ये चण्डि जानकि, इतस्ततो दृश्यस इव न चानुकम्पसे ।

हा हा देवि स्फुटति हृदयं ध्वंसते देहबन्धः
शून्यं मन्ये जगदविरलज्वालमन्तर्ज्वलामि ।
सीदन्नन्धे तमसि विधुरो मज्जतीवान्तरात्मा
विष्वङ्मोहः स्थगयति कथं मन्दभाग्यः करोमि ॥ ३८ ॥

[इति मूर्च्छति ।]

सीता — हद्धी हद्धी ! पुणोवि पमूढो अज्जउत्तो ! [हा धिक् हा धिक् ! पुनरपि प्रमूढ आर्यपुत्रः !]

જનસ્થાનના બીજા ભાગો જોવા વિનવે છે, પણ એમ કરીને ઊલટું, સીતા કહે છે તેમ, બળતામા ઘી હોમે છે. ૩૭ લતાગૃહ બતાવવા રામને વાસન્તી રોકે છે. ચિત્ર અત્યંત સુંદર છે. જેમ જેમ સીતા પ્રત્યેની સહાનુભૂતિથી પ્રેરાઈને વાસન્તી રામના હૃદયમર્મને સ્પર્શે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસન્તી — (કરુણ રીતે) દેવ, દેવ,

દૃષ્ટિ આ જ લતાગૃહે રહી તમે માંડેલી એને પથે,
એ હંસો તણું જોતી કૌતુક રહી ગોદાવરી-રેતમાં;
જોઈને તમને ઊંચે મન થયા જેવા, રચી આવતાં
એણે બીકથી કંપી પદ્મકળીશી મુગ્ધ પ્રણામાંજલિ. ૩૭

સીતા — ક્રૂર છે, વાસંતી, તું ક્રૂર છે, — જે હૃદયમર્મમાં ખૂંતી રહેલા શલ્યને હલાવી હલાવીને ફરી ફરી આ મંદભાગિનીનું આર્યપુત્રને સ્મરણ કરાવે છે.

રામ — અરે, ચંડી જાનકી! અહીં તહીં દેખાય છે જાણે!

— અને દયા કરતી નથી.

રે રે દેવી, હૃદય તૂટતું ને ફીટે દેહબંધ,
સૂનું માનું જગત, સતત પ્રજ્વળું અંતરે હું!
અંધાન્ધારે વિધુર ડૂબતો ખિન્ન શું અંતરાત્મા!
મૂર્છા ફેલે ચહુદિશ, કરું શું અરે મંદભાગ્ય? ૩૮

[મૂર્છા પામે છે.]

સીતા — અરેરે, હાય! ફરીથી આર્યપુત્ર મૂર્છા પામ્યા.

તેમ તેમ રામને માટે સીતાની સહાનુભૂતિ વધતી જાય છે. રામને સીતા જાણે કે ચારે કોર દેખાય છે એટલે એ તેને બોલાવે છે, દયા કરીને દેખાતી નથી તેથી તેને ચંડી કહે છે. ૩૮ – સકળ સંસારના મંગળ આધાર – સીતાને મન રામ જગતના આધારરૂપ છે. ઉપરાંત, પોતાને કારણે આખા સંસારને ધોખો પહોંચે એવું થાય એ સીતાને ખાસ ખટકે છે. તો મોઈ હું – એથી મારું વધુ દુર્ભાગ્ય શું હોઈ શકે? વાસન્તી તો પોતે જેને જીવતી માનતી નથી તે સીતાને હતાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वासन्ती — देव, समाश्वसिहि समाश्वसिहि ।

सीता — अज्जउत्त, मं मन्दभाइणिं उद्दिसिअ सअलजीवलोअमंगलाधारस्स दे वारंवारं संसइदजीविअदारुणो दशापरिणामो त्ति हा हदम्हि ! [आर्यपुत्र, मां मन्दभागिनीमुद्दिश्य सकलजीवलोकमंगलाधारस्य ते वारंवारं संशयितजीवितदारुणो दशापरिणाम इति हा हतास्मि !]

[इति मूर्च्छति ।]

तमसा — वत्से, समाश्वसिहि समाश्वसिहि । पुनस्त्वत्पाणिस्पर्श एव संजीवनोपायो रामभद्रस्य ।

वासन्ती — कथमद्यापि नोच्छ्वसिति ! हा प्रियसखि सीते, क्वासि ? संभावयात्मनो जीवितेश्वरम् !

[सीता ससंभ्रममुपसृत्य हृदि ललाटे च स्पृशति ।]

वासन्ती — दिष्ट्या प्रत्यापन्नचेतनो रामभद्रः !

रामः —

आलिम्पन्नमृतमयैरिव प्रलेपै-
रन्तर्वा बहिरपि वा शरीरधातून् ।
संस्पर्शः पुनरपि जीवयन्नकस्मा-
दानन्दादपरमिवादधाति मोहम् ॥ ३९ ॥

(सानन्दनिमीलिताक्ष एव) सखि वासन्ति, दिष्ट्या वर्धसे !

થઈને બોલાવે છે, પણ એથી રામ પાસે જવાનો સીતાનો ક્ષોભ કંઈક ઓછો થાય છે. વાસન્તી હવે 'રામભદ્ર' થી રામનો ઉલ્લેખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસન્તી — દેવ, શાંત થાઓ, શાંત થાઓ.

સીતા — હા આર્યપુત્ર! સકળ સંસારના મંગળ આધારરૂપ તમે, તેમનું જીવન વારંવાર સંશયમાં આવી પડે એવી દારુણ દશા આ મંદભાગિનીને લીધે થાય છે તો મોઈ હું!

[મૂર્છા પામે છે.]

તમસા — વત્સે, શાંત થા, શાંત થા. ફરી તારા કરનો સ્પર્શ જ રામભદ્રને જીવતા કરવાનો ઉપાય છે.

વાસન્તી — કેમ હજીય ભાનમાં આવતા નથી? રે! પ્રિયસખી, સીતા, ક્યાં છે? તારા જીવનસ્વામીની સંભાળ લે.

[સીતા ગભરાટથી પાસે સરીને હૃદયને અને લલાટને સ્પર્શે છે.]

વાસન્તી — હાશ, રામભદ્રને પાછું ચેતન આવ્યું!

રામ —

લીંપી દે અમૃતમય પ્રલેપથી શું
માંહી બ્હાર થકી શરીર ધાતુઓને?
તે સંસ્પર્શ ફરી જિવાડતો, કહીંથી
આનંદેથી અવર અર્પતો શી મૂર્છા! ૩૯

(આનંદથી આંખ મીંચેલી રાખીને જ) સખી વાસન્તી, તું ભાગ્યશાળી છે!

કરે છે અને ૩૯ (છંદ પ્રહર્ષિણી) પછી અત્યાર સુધી દેવ-મહારાજ સંબોધન કરતી હતી તેમ કરે છે ને તરત જ પોતાની ભૂલ સુધારી લઈ વહાલસોયા 'રામભદ્ર' શબ્દથી સંબોધે છે. પહેલાં પૂછે છે, દેવ, શી રીતે?—કહો તો! ઉત્તરમાં રામ જાનકી પાછી મળ્યાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वासन्ती — देव, कथमिव ?

रामः — सखि, किमन्यत् ? पुनरपि प्राप्ता जानकी ।

वासन्ती — अयि देव रामभद्र, क्व सा ?

रामः — (स्पर्शसुखमभिनीय) पश्य नन्वियं पुरत एव ।

वासन्ती — अयि देव रामभद्र, किमिति मर्मच्छेददारुणैरति-
प्रलापैः प्रियसखीदुःखदग्धामपि पुनर्मन्दभागिनीं दहसि माम् ?

सीता — ओसरिदुं इच्छमि । एसो उण चिरप्पणअसंभारसोम्मसीअलेण अज्जउत्तप्फंसेण दीहदारुणं वि झत्ति सन्दावं उल्लाहअंतेण वज्जलेहोवणद्धो विअ सिज्जतणीसहविवल्हत्थो वेअणसीलो अवसो विअ मे अग्गहत्थो । [अपसर्तुमिच्छामि । एष पुनः चिरप्रणयसंभार-सौम्यशीतलेन आर्यपुत्रस्पर्शेन दीर्घदारुणमपि झटिति संतापं उल्लाघयता वज्रलेपोपनद्ध इव स्विद्यन्निःसहविपर्यस्तो वेपनशीलोऽवशो इव मेऽग्रहस्तः ।]

रामः — सखि, कुतः प्रलापाः ?

गृहीतो यः पूर्वं परिणयविधौ कंकणधरः
चिरं स्वेच्छास्पर्शैरमृतशिशिरैर्यः परिचितः ।

सीता — अज्जउत्त, सो एव्व दाणिं सि तुमं । [आर्यपुत्र, स एवेदानीमसि त्वम् ।]

કહે છે એટલે રામના સીતાવિષયક ભાવ વિષે એને શંકા રહેવા પામતી નથી. સીતા સામે જ છે એમ જ્યારે રામ કહે છે ત્યારે એને વાસન્તી પ્રલાપ જ માને છે. વિરહની દસમાંથી છેલ્લી ત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસન્તી — દેવ, શી રીતે?

રામ — સખી, બીજું શું? જાનકી પાછી મળી.

વાસન્તી — અરે દેવ – રામભદ્ર, ક્યાં છે એ?

રામ — (સ્પર્શસુખનો અભિનય કરી) જોને, આ સામે જ રહી.

વાસન્તી — અરે દેવ રામભદ્ર, મર્મને છેદે એવા દારુણ પ્રલાપો વડે પ્રિયસખીના દુઃખથી બળેલી આ મંદભાગિનીને ફરી, વળી શું કરવા આમ બાળો છો?

સીતા — ખસી જવા ઇચ્છું છું. પણ મારા દીર્ઘ અને દારુણ સંતાપને તરત જ હટાવી દેતા, અને લાંબા કાળના સ્નેહસંભારને લીધે સૌમ્ય ને શીતળ આર્યપુત્રના સ્પર્શથી, વજ્રલેપ વડે જકડાયો હોય એવો આ મારા હાથનો અગ્રભાગ પરસેવે રેબઝેબ, અશક્ત અને અવશ ધ્રજી રહ્યો છે.

રામ — સખી, પ્રલાપો કેવા?

ગ્રહાયો જે પૂર્વે લગન–વિધિમાં કંકણધર,
ચિર સ્વેચ્છાસ્પર્શે અમૃતશિશિરે જે પરિચિત,

સીતા — આર્યપુત્ર, અત્યારેય એવા જ છો તમે.

અવસ્થાઓ ઉન્માદ, જડતા અને મરણ છે. ૪૦ પૂર્વાર્ધ રામે તો સીતાના કર માટે યોજ્યો છે પણ રામને જ તે લાગુ પડી જતો હોઈ સીતા એ રીતે ઘટાવે છે. સુંદર પલટો છે. કંકણધર–કાંડે બાંધેલા મંગળસૂત્રવાળો. ઉત્તરાર્ધની પ્રથમ પંક્તિમાં ચમત્કૃતિ છે. ઉન્માદ જ — સર૦ गृहीतः पन्था उन्मत्तानाम्। (શાકુંતલ અંક ૬.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रामः —

स एवायं तस्यास्तदितरकरौपम्यसुभगो
मया लब्धः पाणिर्ललितलवलीकन्दलनिभः ॥ ४० ॥

[इति गृह्णाति ।]

सीता — हद्धी हद्धी ! अज्जउत्तप्फंसमोहिदाए पमादो मे संवुत्तो !
[हा धिक् हा धिक् ! आर्यपुत्रस्पर्शमोहितायाः प्रमादो मे संवृत्तः !]

रामः — वासन्ति, आनन्दनिमीलितेन्द्रियः साध्वसेन परवानस्मि । तत्त्वमपि धारयैनाम् ।

वासन्ती — कष्टमुन्माद एव ।

[सीता ससंभ्रमं हस्तमाक्षिप्यापसर्पति ।]

रामः — हा धिक् प्रमादः !

करपल्लवः स तस्याः सहसैव जडो जडात्परिभ्रष्टः ।
परिकम्पिनः प्रकम्पी करान्मम स्विद्यतः स्विद्यन् ॥ ४१ ॥

सीता — हद्धी हद्धी ! अज्जवि अणवत्थिदत्थिमिदमूढघुण्णन्तणअणो ण पज्जवत्थावेदि अत्तणाअं । [हा धिक् हा धिक् ! अद्याप्यनवस्थितस्तिमितमूढघूर्णन्नयनो न पर्यवस्थापयत्यात्मानम् ।]

---

૪૧ (છંદ આર્યા) બંનેના કર, સ્પર્શને લીધે, જડતા, કમ્પ અને સ્વેદ એ સાત્ત્વિક ભાવો અનુભવી રહ્યા હતા. સીતાની ઉક્તિનો પાઠ – અર્થ પણ – શ્રી શરદરંજન રાયનો સ્વારસ્યવાળો હોઈ તે સ્વીકાર્યો છે. ૪૨ પૂર્ણોપમા. સીતાને કદમ્બયષ્ટિ સાથે સરખાવી છે. નવમેઘની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ —

ઘટે જેને તેથી ઇતર કરની માત્ર ઉપમા,
મને લાધ્યો પાણિ લલિત લવલી અંકુર-સમો. ૪૦

[ઝાલે છે.]

સીતા — અરેરે, હાય! આર્યપુત્રના સ્પર્શથી મોહિત થઈને મારાથી પ્રમાદ થઈ ગયો.

રામ — સખી વાસન્તી, આનંદને લીધે મારી ઇંદ્રિયો ઢળી ગઈ છે અને ક્ષોભને લીધે હું પરવશ છું. તો તુંય એને પકડી રાખ.

વાસન્તી — હાય રે, ઉન્માદ જ!

[સીતા ઉતાવળે હાથ ખસેડી સરકી જાય છે.]

રામ — અરેરે! કેવી અસાવધતા!

કરપલ્લવ તે એનો પ્રકંપતો, જડ, ભીંજેલ સ્વેદથકી,
સહસા સરકી ગયો મુજ ધ્રૂજત જડ સ્વેદભર કરથી. ૪૧

સીતા — હાય, હાય! હજીયે એમની આંખો ઘડીમાં અસ્થિર તો ઘડીમાં થંભી ગયેલી, ઘડીમાં જડ તો ઘડીમાં ચકળવકળ છે અને પોતે સ્વસ્થ થઈ શકતા નથી.

વર્ષાને સ્વેદ સાથે, કળીના ખીલવાને રોમાંચ સાથે અને વાયુના હાલવાને પ્રકંપ સાથે સરખાવેલ છે. કદંબની કળી ખીલે ત્યારે એના તંતુઓ ઊભા થઈ ગયેલા વાળ જેવા લાગે એવા હોય છે. આ પરિત્યાગ૦ — આ રીતે તારો ત્યાગ થયેલો, ને તોયે ઉપરથી આવી તારી આસક્તિ છે! આ તો ઊલટી જ વાત — પરિત્યાગ તો તમે મારો કર્યો છે. હું તમારો પરિત્યાગ કરું એ વાત જ ક્યાં છે? વંચના-ભ્રમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तमसा — (सस्नेहकौतुकस्मितं निर्वर्ण्य)

सस्वेदरोमाञ्चितकम्पिताङ्गी
जाता प्रियस्पर्शसुखेन बाला।
मरुन्नवाम्भःपरिधूतसिक्ता
कदम्बयष्टिः स्फुटकोरकेव ॥ ४२ ॥

सीता — (स्वगतम्) अम्महे अवसेन एदेण अत्ताणएण लज्जाविदम्हि भअवदीए तमसाए। किं त्ति किल एसा मण्णिस्सदि एसो दे परिच्चाओ एसो अहिसंगो त्ति। [अम्महे, अवशेनैतेनात्मना लज्जापितास्मि भगवत्या तमसया। किमिति किलैषा मंस्यत एष ते परित्याग एषोऽभिषङ्ग इति।]

रामः — (सर्वतोऽवलोक्य) हा, कथं नास्त्येव! नन्वकरुणे वैदेहि!

सीता — सच्चं अकरुणम्हि जा एव्वंविहं तुमं पेक्खन्दी जीवेमि एव्व! [सत्यमकरुणास्मि यैवंविधं त्वां पश्यन्ती जीवाम्येव!]

रामः — क्वासि देवि? प्रसीद प्रसीद। न मामेवंविधं परित्यक्तुमर्हसि!

सीता — अयि अज्जउत्त, विवरीदं विअ एदं। [अयि आर्यपुत्र, विपरीतमिवैतत्।]

રામની ઉક્તિ 'ચોખ્ખું છે કે૦'–સર૦ स्वप्नो नु माया नु मतिभ्रमो नु। (શાકુંતલ ૬-૧૦.) ૪૩. વાસન્તી વીરરસના આલંબનથી રામને કરુણમાંથી બહાર લાવે છે, પહેલા અંકને અંતે જેમ લવણની વાતનો ઉપયોગ કર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમસા — (સ્નેહ અને કૌતુકના સ્મિતથી નિહાળીને)

સસ્વેદ – રોમાંચિત – કંપિતાંગી
થઈ પ્રિય-સ્પર્શ-સુખેથી બાલા,
નવાઽમ્બુદે સીંચી કળી-પ્રફુલ્લ,
વાયુથી હાલેલી કદમ્બડાળશી. ૪૨

સીતા — (સ્વગત) અરે, આત્માની આ અવશતાથી ભગવતી તમસા આગળ મારે લજવાવું પડ્યું. એ શું ધારશે? — આ તારો પરિત્યાગ અને આ તારી આસક્તિ!

રામ — (બધી બાજુ જોઈને) હા! શું નથી જ? એ અકરુણ વૈદેહી!

સીતા — સાચે અકરુણ છું કે તમને આવા જોતી છતાં ધરાર જીવું છું.

રામ — ક્યાં છે, દેવી? પ્રસન્ન થા, કૃપા કર! આ દશામાં મારો પરિત્યાગ કરવો તને ઘટતો નથી.

સીતા — અરે આર્યપુત્ર, આ તો ઊલટી જ વાત થાય છે!

વામાં આવ્યો હતો. શાકુંતલના છઠ્ઠા અંકમાં પણ વિદૂષકના 'બચાવો! બચાવો!' એ પોકારથી રાજા કરુણમાંથી બહાર નીકળી શકે છે. ઊડતો રાવણ નવમેઘ સમો શ્યામ હતો અને એણે ઊંચકેલી તેજથી ઝળાંઝળાં થતી સીતા મેઘમાં સ્ફુરતી વીજળી જેવી ભાસતી હતી. સીતાને અત્રિઋષિનાં પત્ની અનસૂયાએ હમેશ જેની અસર રહે એવો શરીરલેપ (અંગરાગ) આપ્યો હતો, જેથી એ તેજથી ઝળાંઝળાં થતી. स्फुरत्प्रभामंडलमानसूयं सा बिभ्रती शाश्वतमंगरागम्। (રઘુવંશ-૧૪–૧૪.) ક્રોધનો વિષય૦ — તમે ક્યાં એકે દુષ્ટ રાક્ષસને જીવતો રહેવા દીધો છે? તમારા ક્રોધને પાત્ર થયેલો રાવણ હજીયે બેઠો છે ખરો કે? બાવરી બની ગઈ છું૦ – નહિ તો આમ 'રક્ષા કરો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वासन्ती — देव, प्रसीद प्रसीद। स्वेनैव लोकोत्तरेण धैर्येण संस्तम्भयातिभूमिगतविप्रलम्भमात्मानम्। कुतोऽत्र मे प्रियसखी?

रामः — व्यक्तं नास्त्येव। कथमन्यथा वासन्त्यपि तां न पश्येत्? अपि खलु स्वप्न एष स्यात्। न चास्मि सुप्तः। कुतो रामस्य निद्रा? सर्वथापि स एवैष भगवाननेकवार-परिकल्पनानिर्मितो विप्रलम्भः पुनः पुनरनुबध्नाति माम्।

सीता — मए एव्व दारुणाए विप्पलद्धो अज्जउत्तो! [मयैव दारुणया विप्रलब्ध आर्यपुत्रः!]

वासन्ती — देव, पश्य पश्य।

पौलस्त्यस्य जटायुषा विघटितः कार्ष्णायसोऽयं रथ-
स्ते चैते पुरतः पिशाचवदनाः कङ्कालशेषाः खराः।
खड्गच्छिन्नजटायुपक्षतिरितः सीतां ज्वलन्तीं वह-
न्नन्तर्व्यापृतविद्युदम्बुद इव द्यामभ्युदस्थादरिः॥ ४३॥

सीता — (सभयम्) अज्जउत्त, तादो वावादीअदि। अहं वि अव-हरिज्जामि। ता परित्ताहि परित्ताहि। [आर्यपुत्र, तातो व्यापाद्यते। अहमप्यपह्रिये। तस्मात्परित्रायस्व परित्रायस्व।]

रामः — (सवेगमुत्थाय) आः पाप तातप्राणसीतापहारिन् लङ्कापते, क्व यास्यसि?

એમ બૂમ પાડું ખરી? અત્યારે જે આ૦—આજે પંચવટીમાં પોતે પ્રલાપો કર્યા તે યોગ્ય છે, તેને માટે કારણ છે. સીતાહરણ વખતે પંચવટીમાં પ્રલાપો કરેલા તે ન કર્યા હોત તો યે ચાલત, કેમકે સીતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસન્તી — દેવ, પ્રસન્ન થાઓ! કૃપા કરો! તમારી આત્મવંચના સીમા વટાવી ગઈ છે. પોતાની જાતને તમારા પોતાના જ લોકોત્તર ધૈર્ય વડે ટકાવી રાખો. મારી પ્રિયસખી તે અહીં ક્યાંથી હોય?

રામ — ચોખ્ખું છે કે એ નથી જ. નહીં તો વાસન્તી પણ એને કેમ ન દેખે? ખરે શું આ સ્વપ્ન હશે? હું સૂતો તો છું નહીં. રામને નિદ્રા ક્યાંથી? સર્વથા તે જ મહાવંચના અનેકવારની કલ્પનાથી નિર્માણ પામતી, ફરીફરી મને વળગે છે.

સીતા — મેં જ નિર્દય થઈ આર્યપુત્રને વંચનામાં નાખ્યા.

વાસન્તી — દેવ, જુઓ, જુઓ!

લોઢાનો રથ આ દશાનનતણો તૂટ્યો જટાયુ વડે,
ને પેલાં ખર સૌ પિશાચમુખનાં કંકાલ સામે પડ્યાં;
ખડ્ગે છેદી જટાયુપાંખ, અહીંથી સીતા જ્વલંતી વહી
ઊડ્ય: તે રિપુ, માંહીં વિદ્યુત રફુરે એવા, નભે મેઘશો. ૪૩

સીતા — (ભયથી) આર્યપુત્ર, તાતને મારી નાખે છે! ને મને ઉપાડી જાય છે! રક્ષા કરો, રક્ષા કરો!

રામ — (ઝડપથી ઊઠીને) ઓ પાપી લંકાપતિ, તાતના પ્રાણને અને સીતાને હરી જનાર, જાય છે ક્યાં?

પાછી મેળવી શકાય એવી આશા એ વખતે હતી, અત્યારે લેશ પણ નથી. તેથી અત્યારે પ્રલાપો થાય એ યોગ્ય છે. 'નિરવધિ' શબ્દ સાંભળીને સીતાની પતિમિલનની રહીસહી આશા પણ ઉચ્છેદાઈ જાય છે. વીરરસમાંથી ફરી કરુણમાં સંક્રમણ. આગલો વિરહ૦ — રાવણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वासन्ती — अयि देव राक्षसकुलप्रलयधूमकेतो, किमद्यापि ते मन्युविषयः ?

सीता — अम्महे, उब्भत्तम्हि ! [अम्महे, उद्भ्रान्तास्मि !]

रामः — अन्वर्थ एवायमधुना प्रलापो वर्तते ।

उपायानां भावादविरतविनोदव्यतिकरै-
र्विमर्दैर्वीराणां जनितजगदत्यद्भुतरसः ।
वियोगो मुग्धाक्ष्याः स खलु रिपुघातावधिरभू-
त्कथंतूष्णीं सह्यो निरवधिरयं त्वप्रतिविधः ॥ ४४ ॥

सीता — णिरवधि त्ति हा हदम्हि ! [निरवधिरिति हा हतास्मि !]

रामः — हा कष्टम् !

व्यर्थं यत्र कपीन्द्रसख्यमपि मे वीर्यं हरीणां वृथा
प्रज्ञा जाम्बवतो न यत्र न गतिः पुत्रस्य वायोरपि ।
मार्गं यत्र न विश्वकर्मतनयः कर्तुं नलोऽपि क्षमः
सौमित्रेरपि पत्रिणामविषये तत्र प्रिये क्वासि मे ॥ ४५ ॥

सीता — बहुमाणिदम्हि पुव्वविरहं । [बहुमानितास्मि पूर्वविरहम् ।]

रामः — सखि वासन्ति, दुःखायैव सुहृदामिदानीं रामदर्शनम् ! कियच्चिरं त्वां रोदयिष्यामि ? तदनुजानीहि मां गमनाय । . . .

હરી ગયેલો તે વિરહ વખતે તો રાવણનો નાશ થાય એટલે વિરહનો અવધિ-અંત-આવે એવી હરપળે આશા હતી. અને એમાં કેવા કેવા મહાજનોએ મને બચાવવા ભાગ લીધેલો ? માટે એ વિરહની વહાઈ મનમાં વસે છે. 'અનુજ્ઞા આપ'–પછી રામનું બોલવું ચાલુ જ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસન્તી—અરે દેવ, રાક્ષસકુળના પ્રલયધૂમકેતુ, હજીયે તમારા ક્રોધનો વિષય છે ખરો કે?

સીતા—અહો! બાવરી બની ગઈ છું.

રામ—અત્યારે જે આ પ્રલાપ થાય છે તે યથાર્થ જ છે.

ઉપાયો સૂઝ્યા કૈં, અવિરત વિનોદોય ઊમટ્યા,
વિમર્દે વીરોના જગમહીં ઝગ્યો અદ્‌ભુતરસ;
વિયોગે મુગ્ધાના હતી અવધિ ત્યારે રિપુવધે.
મૂંગા રહેવો શે આ નિરવધિ પ્રતીકારરહિત? ૪૪

સીતા—'નિરવધિ' કહ્યો એટલે તો હું મરી જ!

રામ—અરે દુર્ભાગ્ય!

જ્યાં છે વ્યર્થ જ વીર્ય સૌ કપિનું ને સુગ્રીવની મિત્રતા,
પ્રજ્ઞા ફોગટ જાંબવાન તણી જ્યાં ના મારુતીની ગતિ,
ને ના જ્યાં નલ વિશ્વકર્મસુત તે નિર્મી શકે માર્ગ કો,
પહોંચે લક્ષ્મણનાં શરો નહિ, કયે એવે સ્થળે છો પ્રિયે? ૪૫

સીતા—આગલો વિરહ વધુ સારો એમ મારા મનમાં વસે છે.

રામ—સખી વાસન્તી, રામનું દર્શન સુહૃદોને હવે દુઃખ જ નિપજાવનારું છે. ક્યાં સુધી તને હું રડાવ્યે જઈશ? તો મને જવાની અનુજ્ઞા આપ. . . .

તે 'જરી રીઝવું' આગળ ચાર કટકે પૂરું થાય છે. વાસન્તી અનુમતિનું વચન પણ એ વાક્ય પૂરું થયા પછી જ બોલી શકે છે. પંચવટી છોડતાં–સીતાનાં સ્મરણો છોડતાં–પગ જલદી ઊપડતો નથી, રજા લેતાં જીભ પણ જલદી ઊપડતી નથી એથી કટકે કટકે રામ વાક્ય પૂરું કરે છે, દરમ્યાન વચ્ચે વચ્ચે સીતાના ઉદ્‌ગારો યથાપ્રસંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — (सोद्वेगमोहं तमसामाश्लिष्य) हा भअवदि तमसे, गच्छदि दाणिं अज्जउत्तो । किं करिस्सं ? [हा भगवति तमसे, गच्छती-दानीमार्यपुत्रः । किं करोमि ?] (इति मूर्च्छति ।)

तमसा — वत्से जानकि, समाश्वसिहि समाश्वसिहि । नन्वावामप्यायुष्मतोः कुशलवयोर्वर्धनमङ्गलानि संपादयितुं भागीरथीपदान्तिकमेव गच्छावः ।

सीता — भअवदि, पसीद । खणमेत्तं वि दाव दुल्लहदंसणं जणं पेक्खामि । [भगवति प्रसीद । क्षणमात्रमपि तावद् दुर्लभदर्शनं जनं पश्यामि ।]

रामः — . . . अस्ति चेदानीमश्वमेधसहधर्मचारिणी मे . . .

सीता — (सोत्कम्पम्) अज्जउत्त, का ? [आर्यपुत्र, का ?]

रामः — . . . हिरण्मयी सीताप्रतिकृतिः . . .

सीता — (सोच्छ्वासास्रम्) अज्जउत्तो दाणिं सि तुमं । अम्महे, उक्खाइदं दाणिं मे परिच्चाअलज्जासल्लं अज्जउत्तेण ! [आर्यपुत्र इदानीमसि त्वम् । अम्महे, उत्खातमिदानीं मे परित्यागलज्जाशल्य-मार्यपुत्रेण !]

रामः — . . . तत्रापि तावद्बाष्पदिग्धं चक्षुर्विनोदयामि ।

सीता — धण्णा क्खु सा जा एव्वं अज्जउत्तेण बहुमण्णीअदि ! जा अ अज्जउत्तं विणोदयन्दी आसाणिबंधणं जादा जीअलोअस्स । [धन्या खलु सा यैवमार्यपुत्रेण बहुमन्यते, या चार्यपुत्रं विनोदयन्त्या-शानिबन्धनं जाता जीवलोकस्य ।]

નીકળી પડે છે. હમણાં તો–હમણાં યજ્ઞ ચાલે છે એટલી વાર, યજ્ઞ પૂરો થતાં તે પણ નહીં રહે. સીતા કહે છે કે હવે તમે સાચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — (ઉદ્વેગ અને મોહથી તમસાને વળગીને) ભગવતી તમસા, આર્યપુત્ર ચાલ્યા આ! શું કરું? (મૂર્છા પામે છે.)

તમસા — બેટા જાનકી, શાંત થા, શાંત થા. આપણે પણ ત્યારે કુશલવની વરસગાંઠની મંગલપૂજા અર્થે ભાગીરથીનાં જ ચરણે સમીપ જઈએ.

સીતા — ભગવતી, કૃપા કરો. ક્ષણમાત્ર પણ જરી દુર્લભજનનાં દર્શન કરી લઉં.

રામ — . . . વળી હમણાં તો છે મારે અશ્વમેધયજ્ઞની સહધર્મચારિણી, . . .

સીતા — (થથરાટપૂર્વક) આર્યપુત્ર, કોણ?

રામ — . . . સીતાની સુવર્ણમયી પ્રતિમા, . . .

સીતા — (જીવ હેઠો બેસતાં, આંસુ સાથે) હવે તમે આર્યપુત્ર, ખરા! અહો! આર્યપુત્રે હવે મારું પરિત્યાગની લજ્જાનું શલ્ય ઉખાડી નાંખ્યું.

રામ — . . . તેને જોઈને તો મારી આંસુથી ખરડાયેલી આંખોને જરી રીઝવું.

સીતા — સાચે જ તે ધન્ય છે, જેનું આર્યપુત્ર આવું બહુમાન કરે છે, અને આર્યપુત્રને રીઝવીને જે સંસારની આશાનો આધાર બની છે.

આર્યપુત્ર–પતિ. પરિત્યાગને થોડી વાર પહેલાં નિષ્કારણ પરિત્યાગ કહ્યો હતો, પણ હવે એ સકારણ હતો કે નિષ્કારણ તેનો પ્રશ્ન રહ્યો નથી. પરિત્યાગનું જે અપમાન હતું, કલંક હતું. તે હવે નીકળી ગયું એ બસ છે. ખાસ કરીને બે સ્ત્રીઓ–અને તે પણ દેવતાઓ સમક્ષ–સીતાનું એ અપમાન ધોવાય છે એથી એ કૃતાર્થતા અનુભવી રહે એ સહજ છે. તમસા જરી હસે છે એથી આ કરુણના વાદળછાયા વાતાવરણમાં જાણે પ્રકાશનું કિરણ ચમકી ઊઠે છે. પ્રતિકૂળ–કેમ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तमसा — (सस्मितस्नेहास्रं परिष्वज्य) अयि वत्से, एवमात्मा स्तूयते।

सीता — (सलज्जमधोमुखी स्वगतम्) परिहसिदम्हि भअवदीए। [परिहसितास्मि भगवत्या।]

वासन्ती — महानयं व्यतिकरोऽस्माकं प्रसादः। गमनं प्रति पुनर्यथा कार्यहानिर्न भवति तथास्ताम्।

सीता — पडिऊला दाणिं मे वासन्दी संवुत्ता। [प्रतिकूलेदानीं मे वासन्ती संवृत्ता।]

तमसा — वत्से, एहि गच्छावः।

सीता — (सकष्टम्) एव्वं करेम्ह। [एवं करिष्यावः।]

तमसा — कथं वा गम्यते! यस्यास्तव

प्रत्युप्तस्येव दयिते तृष्णादीर्घस्य चक्षुषः।
मर्मच्छेदपरैर्यत्नैराकर्षो न समाप्यते ॥ ४६ ॥

सीता — णमो अपुव्वपुण्णजणिददंसणाणं अज्जउत्तचलणकमलाणं! [नमोऽपूर्वपुण्यजनितदर्शनाभ्यामार्यपुत्रचरणकमलाभ्याम्!] (इति मूर्च्छति।)

तमसा — वत्से, समाश्वसिहि, समाश्वसिहि।

सीता — (आश्वस्य) किअच्चिरं वा मेहंतरेण पुण्णचन्दस्स दंसणं? [कियच्चिरं वा मेघान्तरेण पूर्णचन्द्रस्य दर्शनम्?]

રામને જવા દે છે, રોકતી નથી. વાસન્તી રાજકાજમાં વિઘ્નરૂપ થવા માગતી નથી, એને લોકસંગ્રહદૃષ્ટિએ રામને અનુમતિ આપવી પડે છે. ૪૬. વાદળાં–વિરહદશાના વાદળ. દૃષ્ટાન્ત એના સૌન્દર્યને કારણે આશ્વાસક છે. રચના–સંવિધાન. શ્રી રાય 'પરિવર્તન' અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમસા — (સ્મિતપૂર્વક અને સ્નેહનાં આંસુ સાથે ભેટીને) અરે વત્સા, એમ તો પોતાની જાતની જ સ્તુતિ થાય છે.

સીતા — (લાજથી નીચું મુખ રાખી, સ્વગત) ભગવતીનો ઉપહાસ હું પામી!

વાસન્તી — આ મિલનથી મારી ઉપર મહાન અનુગ્રહ થયો છે. જવા અંગે તો જેમ કામકાજને હાનિ ન થાય એમ કરવું ઘટે.

સીતા — વાસન્તી અત્યારે મને પ્રતિકૂળ થઈ બેઠી.

તમસા — વત્સા, ચાલ, જઈએ.

સીતા — (દુઃખથી) એમ કરીએ.

તમસા — અથવા કેમ જવાય તારાથી, જેનાં

પ્રાણનાથે જડાયાં શાં તૃષ્ણાદીર્ઘ દૃગો તણું,
મર્મછેદી પ્રયત્નોથી વાળી લેવું પતે નહીં! ૪૬

સીતા — અપૂર્વ પુણ્યથી જેનાં દર્શન થયાં એવાં આર્યપુત્રનાં ચરણકમલને વંદન.

[મૂર્છા પામે છે.]

તમસા — વત્સા, શાંત થા, શાંત થા!

સીતા — (શુદ્ધિમાં આવી) અથવા વાદળાંના અંતરાલમાંથી પૂર્ણ ચંદ્રનું દર્શન તે કેટલી વાર સુધી હોય?

કરે છે. ૪૭ કરુણ જ એકમાત્ર રસ છે, તે આ અંકમાં હતો. બીજા રસોનો આ અંકમાં ભાસ થયો હોય તો તે કરુણના વિવર્તો રૂપે જ હતા. જુદાંજુદા નિમિત્તોથી એ ઊપસી આવ્યા હતા. સંભોગ, શૃંગાર, વીર, ઈષત્ હાસ્ય વગેરે રસો વિવર્તો રૂપે ભાસમાન થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तमसा—अहो संविधानकम् !

एको रसः करुण एव निमित्तभेदा-
द्भिन्नः पृथक्पृथगिवाश्रयते विवर्तान् ।
आवर्तबुद्बुदतरंगमयान्विकारा-
नम्भो यथा सलिलमेव तु तत्समग्रम् ॥ ४७ ॥

रामः—अयि विमानराज, इत इतः ।

[सर्वे उत्तिष्ठन्ति ।]

तमसा—(सीतां प्रति)

वासन्ती—(रामं प्रति)

अवनिरमरसिन्धुः सार्धमस्मद्विधाभिः
स च कुलपतिराद्यश्छन्दसां यः प्रयोक्ता ।
स च मुनिरनुयातारुन्धतीको वसिष्ठ-
स्त्वयि वितरतु भद्रं भूयसे मङ्गलाय ॥ ४८ ॥

[इति निष्क्रान्ताः सर्वे ।]

इति महाकविश्रीभवभूतिविरचित उत्तररामचरिते
छाया नाम तृतीयोऽङ्कः ।

ગયા, પણ એ બધા પાછળ મૂળ તો કરુણ જ હતો. રસાનુભૂતિ થતાં ચિત્તદ્રવનો અનુભવ થાય છે એમ માનનારાઓ-ભવભૂતિ જેવા—કરુણને જ મૂળ રસ માને છે. ચેતોવિસ્તાર અનુભવાય છે એમ માનનારાઓ—જગન્નાથ પંડિત જેવા-અદ્ભુતને મૂળ રસ માને છે. ૪૮ કુલપતિ—દસ હજાર વિદ્યાર્થીઓને પાળે પોષે ને ભણાવે એવા ગુરુ, વાલ્મીકિ જેવા. બંને પાત્રો એક જ શ્લોક બોલે એવા પ્રસંગો આગળ પાંચમા અંકમાં પણ આવશે (શ્લોક ૧૬, ૧૮, ૧૯). આવી રચનામાં કાંઈક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમસા — અહો કેવી રચના છે!

છે એક માત્ર રસ તો કરુણ, પ્રભેદો
કૈં કૈં નિમિત્ત થકી પામી લહે વિવર્તો.
તે જેમ વારિ ધુમરી-વિચિ-બુદ્બુદોના
પામે વિકાર, પણ પાણી જ તે સમગ્ર. ૪૭

રામ — અરે વિમાનરાજ, આમ, આમ!

[બધાં ઊઠે છે.]

તમસા — (સીતા પ્રત્યે)

વાસન્તી — (રામ પ્રત્યે)

અવનિ, અમરગંગા, દેવતા યે અમોશી,
કુલપતિ વળી છંદો આદ્ય જે યોજનાર,
મુનિ પણ નિજપત્ની સાથમાં તે વસિષ્ઠ,
કુશલ તું પર વર્ષો સૌ મહામંગલાર્થે. ૪૮

[બધાં જાય છે.]

છાયા નામે ત્રીજો અંક સમાપ્ત.

કૃત્રિમતા લાગે પણ કરકસર જરૂર છે, ઔચિત્ય પણ લાવી શકાય. વાસન્તી, છૂટાં પડતી વખતે, રામ છેવટે સીતાને મળે અને બધી રીતે તેમનું મંગલ સધાય એ માટે, આશીર્વચન બોલે એ યોગ્ય જ છે. તમસા ફૂલ વીણવા આવેલી સીતાના સાથમાં આવી છે, આશીર્વાદ દેનાર ભાગીરથી બેઠાં છે. તેમ છતાં સીતાને રામથી છૂટાં પડવું પડે છે એ વખતે-રામથી ઊતરડીને સીતાને પોતે લઈ જાય છે તેવે વખતે-અંતે બંને મળશે, મંગલ જ સધાશે એવું આશીર્વચન બોલે તો તેમાં ઔચિત્ય છે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चतुर्थोऽङ्कः ।

[ततः प्रविशतस्तापसौ ।]

एकः — सौधातके, दृश्यतामद्य भूयिष्ठसन्निधापितातिथिजनस्य समधिकारम्भरमणीयता भगवतो वाल्मीकेराश्रमपदस्य । तथाहि

नीवारौदनमण्डमुष्णमधुरं सद्यःप्रसूतप्रिया-
पीतादभ्यधिकं तपोवनमृगः पर्याप्तमाचामति ।
गन्धेन स्फुरता मनागनुसृतो भक्तस्य सर्पिष्मतः
कर्कन्धूफलमिश्रशाकपचनामोदः परिस्तीर्यते ॥ १ ॥

सौधातकिः — साअदं अणेअपिआराणं जिण्णकुच्छाणं अणज्झा-अकारणाणं तपोधणाणं । [स्वागतमनेकप्रकाराणां जीर्ण-कूर्चानामनध्यायकारणानां तपोधनानाम् ।]

प्रथमः — (विहस्य) अपूर्वः कोऽपि ते बहुमानहेतुर्गुरुषु सौधातके ।

सौधातकिः — भो भाण्डाअण, किंणामहेओ दाणिं एसो महत्तस्स ठविरसत्थस्स धुरंधरो अज्ज अदिही आअदो ? [भो भाण्डायन, किंनामधेय इदानीमेष महतः स्थविरसार्थस्य धुरंधरोऽद्यातिथिरागतः ?]

---

१. મૃગલીને પ્રસૂતિ થઈ છે એટલે પહેલાં સામાની રાબડી એણે પીધી અને પછી વધી તે મૃગલો પીએ છે. આશ્રમના સંસ્કારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક ચોથો

[પછી બે તાપસો પ્રવેશે છે.]

એક — સૌધાતકિ, આજે ઘણાં બધાં અતિથિજનો આવવાથી ભારે તૈયારીઓમાં પડેલા ભગવાન વાલ્મીકિના આશ્રમસ્થાનની રમણીયતા જો.

જે આજે જ પ્રસૂત થૈ પ્રિયતમા તેનાથી પીતાં વધી,
ઊની, મિષ્ટ, ધરાઈને મૃગ પીએ સામા તણી રાબડી.
ઘીવાળા વળી ભાતનો સ્ફુરી રહ્યો જેની પૂંઠે ગંધ, તે
કર્કન્ધૂફળ-મિશ્ર શાક ઉકળ્યાની વાસ ફેલી રહી. ૧

સૌધાતકિ — ભલે પધાર્યા એ છુટ્ટી પડાવનારા, ધોળી દાઢીવાળા વિવિધ તપોધનો!

પહેલો — (હસીને) સૌધાતકિ, ગુરુજનો માટેના બહુમાનનું તારું કારણ તો કોઈ અપૂર્વ જ છે!

સૌધાતકિ — અરે ઓ ભાંડાયન, ઘરડાંઓના મોટા સાથની આગળ ધુરંધર અતિથિ આજે આવ્યો છે એનું નામ શું?

વાતાવરણનો ખ્યાલ આ મૃગલાના વર્તનથી જ તરત આવી જાય છે, માનવધર્મ બલકે હૃદયધર્મ પશુસૃષ્ટિમાં પણ પળાતો જોવા મળે છે. કર્કન્ધૂ–બોર. સૌધાતકિના જવાબમાં માત્ર છુટ્ટી પડવાનો આનંદ છે. એ નાનો અને રમતિયાળ વિદ્યાર્થી લાગે છે. પેલો ઠરેલ અને સંસ્કારી લાગે છે, જો કે એને ભોજનમાં રસ પૂરતો છે. સૌધાતકિ એવો તોફાની છે કે ભોજન કરતાં પણ છુટ્ટી–રમવાની તક–મળી એમાં એને વધારે રસ છે. હજી કાચો વિદ્યાર્થી છે. પ્રાકૃતમાં બોલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भाण्डायनः — धिक्प्रहसनम् ! नन्वयमृष्यशृङ्गाश्रमादरुन्धतीं पुरस्कृतान्महाराजदशरथस्य दारानधिष्ठाय भगवान्वसिष्ठः प्राप्तः । तत्किमेवं प्रलपसि ?

सौधातकिः — हुं वसिट्ठो ! [हुं वसिष्ठः !]

भाण्डायनः — अथ किम् ?

सौधातकिः — मए उण जाणिदं को वि वग्घो वा विओ वा एसो त्ति । [मया पुनर्ज्ञातं कोऽपि व्याघ्रो वा वृको वैष इति ।]

भाण्डायनः — आः, किमुक्तं भवति ?

सौधातकिः — जेण परावडिदेण एव्व सा वराइआ कल्लाणिआ मडमडाइआ । [येन परापतितेनैव सा वराकिका कल्याणिका मडमडायिता ।]

भाण्डायनः — समांसो मधुपर्क इत्याम्नायं बहुमन्यमानाः श्रोत्रियायाभ्यागताय वत्सतरीं महोक्षं वा महाजं वा निर्वपन्ति गृहमेधिनः । तं हि धर्मं धर्मसूत्रकाराः समामनन्ति ।

सौधातकिः — भो, णिगिहीदोसि । [भोः, निगृहीतोऽसि ।]

भाण्डायनः — कथमिव ?

છે, સંસ્કૃતમાં બોલી શકતો નથી. પેલો ન્યાય (લૉજિક)નો રસિયો વિદ્યાર્થી (સ્કૉલર) લાગે છે, તરત જ સૌધાતકિના જવાબમાંથી 'કારણ' એણે પકડયું. વસિષ્ઠને સૌધાતકિ હસે છે એટલે ભાંડાયન એને પ્રલાપ કહે છે. મડમડાયિતા – 'મડ' એવો અવાજ એના મોઢામાંથી નીકળી પડે એમ એને મારી નાખી – એટલે કે ખાઈ ગયો. વેદ જાણનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાંડાયન — ધિક્ છે તારા હસવાને! એ તો ઋષ્યશૃંગના આશ્રમથી, અરુન્ધતીને આગળ કરીને ચાલતી મહારાજ દશરથની પત્નીઓને લઈને, ભગવાન વસિષ્ઠ પધાર્યા છે. તો આમ શું પ્રલાપ કરે છે?

સૌધાતકિ — હં! વસિષ્ઠ?

ભાંડાયન — હા.

સૌધાતકિ — પણ મેં તો જાણ્યું કે એ તો કોઈ વાઘ છે કે વરુ છે!

ભાંડાયન — છટ્! શું બોલી રહ્યો છે?

સૌધાતકિ — કેમકે આવતાંની સાથે જ એ બાપડી કલ્યાણી વાછડીને મડમડાવી ગયો!

ભાંડાયન — 'મધુપર્ક માંસ સહિતનો હોય' — એવા વેદ વચનનું બહુમાન કરનારા ધર્મસૂત્રકારો કહે છે કે ગૃહસ્થો વેદ જાણનાર બ્રાહ્મણ અતિથિને વાછડી, મોટો બળદ કે મોટો બકરો સમર્પે છે.

સૌધાતકિ — રહે જો! પકડાયો છે!

ભાંડાયન — શી રીતે?

બ્રાહ્મણ શ્રોત્રિય. જન્મથી બ્રાહ્મણ, સંસ્કારથી દ્વિજ, વિદ્યાથી વિપ્ર અને ત્રણેથી શ્રોત્રિય. जन्मना ब्राह्मणः प्रोक्तः संस्कारैर्द्विज उच्यते । विद्यया याति विप्रत्वं त्रिभिः श्रोत्रिय इष्यते ॥ ભાંડાયનને માત્ર એટલું જ કહેવાની જરૂર હતી કે જનક રાજર્ષિ હતા પણ શ્રોત્રિય ન હતા તેથી ધર્મસૂત્રકારોની આજ્ઞા એમને અંગે પાળવાનો પ્રસંગ જ નથી. પણ એ સૌધાતકિને દાવ આપે છે. કેમ કે સૌધાતકિએ મોટે ઉપાડે णिगिहिदो (निगृहीतः) ન્યાયશાસ્ત્રમાં નિગ્રહસ્થાન કહે છે તેમાં તું સપડાયો છે એમ કહ્યું છે. સૌધાતકિ ભાંડાયનને પકડવા દલીલ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सौधातकिः — जेण आअदेसु वसिट्ठमिस्सेसु वच्छदरी विससिदा । अज्ज एव्व पच्चाआअदस्स राएसिणो जणअस्स भअवदा वम्मीइणा धहिमहूहिं एव्व णिव्वत्तिदो महुवक्को । वच्छदरी उण विसज्जिदा । [येनागतेषु वसिष्ठमिश्रेषु वत्सतरी विशसिता । अद्यैव पश्चादागतस्य राजर्षेर्जनकस्य भगवता वाल्मीकिना दधिमधुभ्यामेव निर्वर्तितो मधुपर्कः । वत्सतरी पुनर्विसर्जिता ।]

भाण्डायनः — अनिवृत्तमांसानामेवं कल्पमृषयो मन्यन्ते । निवृत्तमांसस्तु तत्रभवाञ्जनकः ।

सौधातकिः — किंणिमित्तं ? [किंनिमित्तम् ?]

भाण्डायनः — स तदैव देव्याः सीतायास्तादृशं दैवदुर्विपाकमुपश्रुत्य वैखानसः संवृत्तः । तथास्य कतिपये संवत्सराश्चन्द्रद्वीपतपोवने तपस्तप्यमानस्य ।

सौधातकिः — तदो किंति आअदो ? [ततः किमित्यागतः ?]

भाण्डायनः — चिरंतनप्रियसुहृदं भगवन्तं प्राचेतसं द्रष्टुम् ।

सौधातकिः — अवि अज्ज संबंधिणीहिं समं संवुत्तं दंसणं से ण वेत्ति ? [अप्यद्य संबन्धिनीभिः समं संवृत्तं दर्शनमस्य न वेति ?]

भाण्डायनः — संप्रत्येव भगवता वसिष्ठेन देव्याः कौसल्यायाः सकाशं भगवत्यरुन्धती प्रहिता, यत्स्वयमुपेत्य स्नेहादयं द्रष्टव्य इति ।

બરોબર ગોઠવે છે. પણ જનકે માંસ ખાવાનું છોડેલું છે એ નવા સમાચારથી વાત જુદો જ વળાંક લે છે. સીતાદેવીનું ભાગ્ય૦–રામાયણના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌધાતકિ — કેમ જે, વસિષ્ઠમહાશય પધાર્યા કે વાછડી મારી નાખવામાં આવી; પણ આજે જ પાછળથી આવેલા રાજર્ષિ જનકને ભગવાન વાલ્મીકિએ દહીંમધ વડે જ મધુપર્ક અર્પ્યો, ને વાછડી જતી કરી.

ભાંડાયન — જેમણે માંસ છોડયું નથી તેવાઓ માટે ઋષિઓ એવો વિધિ માન્ય રાખે છે. પણ પૂજ્ય જનકે માંસનો ત્યાગ કરેલ છે.

સૌધાતકિ — શા નિમિત્તે?

ભાંડાયન — સીતાદેવીનું ભાગ્ય એવું ખરાબ નીવડયાનું સાંભળીને તરત જ તેઓ વાનપ્રસ્થ થઈ ગયા. ચંદ્રદ્વીપના તપોવનમાં તપ તપતાં આજ એમને કેટલાંક વરસ થઈ ગયાં.

સૌધાતકિ — તો પછી, કેમ આવ્યા છે?

ભાંડાયન — પોતાના જૂના પ્રિય સુહૃદ ભગવાન વાલ્મીકિને મળવા.

સૌધાતકિ — આજે એમનો એમની સંબંધિનીઓ (વેવાણો) સાથે મેળાપ થઈ ગયો કે નહીં?

ભાંડાયન — હમણાં જ ભગવાન વસિષ્ઠે દેવી કૌસલ્યાની પાસે ભગવતી અરુન્ધતીને મોકલ્યાં છે ને કહાવ્યું છે: 'જાતે જઈને સ્નેહપૂર્વક એમને મળવું જોઈએ.'

રચયિતા વાલ્મીકિના વિદ્યાર્થીઓને સીતાની કથા સુવિદિત હોય જ. વાલ્મીકિને મળવા૦ – ઋષિએ બોલાવ્યા હશે? આ વિષ્કમ્ભક ટૂંકો પણ કલાપૂર્ણ છે, અર્થસાધક છે. ત્રીજા અંકના ગાઢકરુણ વાતાવરણ-માંથી ખુલ્લા હસમુખા વાતાવરણમાં એ આપણને લાવીને મૂકે છે. આવા છુટકારાની જરૂર કવિની ઊંડી કલાસૂઝે પરખી લીધી અને સામાન્ય રીતે ભવભૂતિ હાસ્યપરાઙ્મુખકવિ લેખાતો છતાં એક ઉત્તમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सौधातकिः—जह एदे ट्ठविरा परप्परं मिलिदा, तह अम्हे वि वडुहिं सह मिलिअ अणज्झाअमहुस्सवं खेल्लंतो मणेम्ह।

[यथैते स्थविराः परस्परं मिलिताः, तथावामपि बटुभिः सह मिलित्वानध्यायमहोत्सवं खेलन्तौ मानयावः।]

[इति परिक्रामतः।]

भाण्डायनः—तदयं ब्रह्मवादी पुराणराजर्षिर्जनकः प्राचेतसवसिष्ठावुपास्य संप्रत्याश्रमबहिर्वृक्षमूलमधितिष्ठति। य एषः

हृदि नित्यानुषक्तेन सीताशोकेन तप्यते।
अन्तःप्रसृमदहनो जरन्निव वनस्पतिः॥ २॥

[इति निष्क्रान्तौ।]

इति मिश्रविष्कम्भकः।

*

[ततः प्रविशति जनकः।]

जनकः—

अपत्ये यत्तादृग्दुरितमभवत्तेन महता
विषक्तस्तीव्रेण व्रणितहृदयेन व्यथयता।
पटुर्धारावाही नव इव चिरेणापि हि न मे
निकृन्तन्मर्माणि क्रकच इव मन्युर्विरमति॥ ३॥

હાસ્યપૂર્ણ કલાન્વિત વિષ્કંભક આપણને મળ્યો. મૅકબેથમાં રાજા ડંકનની હત્યા પછી પોર્ટરનું દૃશ્ય મૂકવામાં શેક્સ્પિયરે જે ઝીણી કલાદૃષ્ટિ દાખવી છે તે અહીં જોવા મળે છે. જર્મન કવિ શીલરે પોતાના મૅકબેથમાં પોર્ટરનું એ દૃશ્ય રસવિક્ષેપ - રસહાનિ - થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌધાતકિ — જેમ એ સૌ ઘરડાંઓનો પરસ્પર મેળાપ થયો છે તેમ આપણે બંને પણ બટુકો સાથે મળીને રમત કરતા છુટ્ટીનો મહોત્સવ માણીએ.

[બંને પરિક્રમણ કરે છે.]

ભાંડાયન — જો આ બ્રહ્મવાદી વૃદ્ધ રાજર્ષિ જનક વાલ્મીકિ અને વસિષ્ઠને વંદીને, હવે આશ્રમ બહાર વૃક્ષની છાયામાં બેઠા છે. એ, જે

હૃદયે નિત્ય લાગેલા સીતાશોક થકી તપે,
મહીંથી દાહ પ્રસર્યે જેમ વૃદ્ધ વનસ્પતિ. ૨

[બંને જાય છે.]

વિષ્કમ્ભક

*

[પછી જનક પ્રવેશે છે.]

જનક —

જડાયો જે પુત્રી ઉપર ગુજરેલા અહ મહા,
વ્યથા દેતા, તીવ્ર, વ્રણ ભીતર દેતા દુરિતથી,
નવો લાંબા કાળે, પટુ, વહત ધારાથી, મુજનો
ન એ મર્મચ્છેદી કરવત સમો રોષ શમતો. ૩

છે એમ માનીને ગાળી નાખેલું. પણ એ રીતે રસહાનિ થતી નથી એમ ભવભૂતિ તેમ જ શેક્સ્પિયરના એકસરખા પ્રાતિભ દર્શનથી પ્રતીત થાય છે. વીજળીના ચમકારાથી રાત્રિના અન્ધકારની ભીષણતા તૂટતી નથી, ઊલટી વધુ તીવ્ર બને છે.

૩. પરાક – બાર દિવસનો ઉપવાસ. સાન્તપન – ગાયનાં દૂધ, દહીં, ઘી, ગોમૂત્ર અને કુશોદક ઉપર રહેવાનું વ્રત. અસૂર્ય – અસુર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कष्टम्! एवं नाम जरया दुःखेन च दुरासदेन भूयः पराक-सांतपनप्रभृतिभिस्तपोभिरात्तरसधातुरनवष्टम्भो नाद्यापि मम दग्धदेहः पतति। अन्धतामिस्रा ह्यसूर्या नाम ते लोका-स्तेभ्यः प्रतिविधीयन्ते य आत्मघातिन इत्येवमृषयो मन्यन्ते। अनेकसंवत्सरातिक्रमेऽपि प्रतिक्षणपरिभावनास्पष्टनिर्भासः प्रत्यग्र इव न मे दारुणो दुःखसंवेगः प्रशाम्यति। अयि मातः देवयजनसंभवे सीते, ईदृशस्ते निर्माणभागः परिणतः, येन लज्जया स्वच्छन्दमप्याक्रन्दितुं न शक्यते! हा पुत्रि,

अनियतरुदितस्मितं विराज-
त्कतिपयकोमलदन्तकुड्मलाग्रम्।
वदनकमलकं शिशोः स्मरामि
स्खलदसमञ्जसमञ्जु जल्पितं ते॥ ४॥

भगवति वसुंधरे, सत्यमतिदृढासि!

त्वं वह्निर्मुनयो वसिष्ठगृहिणी गङ्गा च यस्या विदु-
र्माहात्म्यं यदि वा रघोः कुलगुरुर्देवः स्वयं भास्करः।
विद्यां वागिव यामसूत भवती तद्वत्तु या दैवतं
तस्यास्त्वद्दुहितुस्तथाविशसनं किं दारुणे मृष्यथाः॥ ५॥

नाम ते लोका अन्धेन तमसावृताः। तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः॥ એ ઈશાવાસ્યોપનિષદ્‌ની છાયા. અસૂર્ય એ લોકનું નામ છે. અન્ધતામિસ્ર કહ્યા પછી અ-સૂર્ય કહેવાની જરૂર ન હોઈ અસુર્યાઃ પાઠ સૂચવાયો છે. અસુર્ય એટલે અસુરોના, 'ઍસિરિયન' એવું અર્થઘટન પણ સૂચવાયેલું છે. અહીં જનકનાં અને આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ દુર્ભાગ્ય! જરાથી, દુઃસહ દુઃખથી અને વળી પરાક —સાન્તપન આદિ તપોથી જેના રસો અને ધાતુઓ શોષાઈ ગયાં છે એવો આ મારો આધાર વિનાનો દગ્ધદેહ હજુય પડતો નથી! ઋષિઓ ભાખે છે કે જે આત્મઘાતી છે તેમને અંધ અંધકારવાળા અસૂર્ય નામના લોકમાં વાસ મળે છે. અનેક વર્ષ વહી ગયાં છતાં, પ્રતિક્ષણે ચિંતવન કરવાથી જેનું સતત સ્પષ્ટ દર્શન થયાં કરે છે એવો, નવો જ હોય એવો દારુણ, મારા દુઃખનો સંવેગ શમતો નથી. ઓ દેવોની યજ્ઞભૂમિમાંથી ઉત્પન્ન થયેલી દીકરી સીતા, તારા છઠ્ઠીના લેખ આવા નીવડ્યા કે લજ્જાને કારણે ઇચ્છા પ્રમાણે રડી પણ શકાતું નથી! રે, રે, પુત્રી!

નિયમવિણ હસે રડે, સુહે ત્યાં
દશનકળી તણી કોમળી અણીઓ;
વદનકમલ તે સ્મરું શિશુનું,
મધુર લવે વિણુમેળ કાલું જેહ. ૪

ભગવતી વસુન્ધરા, સાચે જ અતિ કઠણ છે તું!

તું, વહ્નિ, મુનિઓ, વસિષ્ઠગૃહિણી, માહાત્મ્ય એનું લહો,
ને ગંગા, રઘુના વળી કુલગુરુ દેવ સ્વયં ભાસ્કર.
વિદ્યા વાણીથી, તેમ તુંથી પ્રસવી, જે તે સમી દેવતા,
તે તારી દુહિતાની એવી કચમ તેં હિંસા સહી, નિર્દયે? ૫

અરુન્ધતીનાં વચનો વૈદિક છટાથી યોજાયાં છે, તે બંને બ્રહ્મિષ્ઠ હોઈને. ૪. (છંદ પુષ્પિતાગ્રા.) સર૦ आलक्ष्यदन्तमुकुलाननिमित्तह सैरव्यक्तवर्णरमणीयवचः प्रवृत्तीन् । શાકુંતલ ૭–૧૭. મન્જુને બદલે મુગ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[नेपथ्ये]

इत इतो भगवतीमहादेव्यौ ।

जनकः—(दृष्ट्वा) अये, गृष्टिनोपदिश्यमानमार्गा भगवत्यरुन्धती ! (उत्थाय) कां पुनर्महादेवीत्याह ? (निरूप्य) हा हा, कथमयं महाराजस्य दशरथस्य धर्मदाराः प्रियसखी मे कौसल्या ! क एतत् प्रत्येति सैवेयमिति ?

आसीदियं दशरथस्य गृहे यथा श्रीः
श्रीरेव वा किमुपमानपदेन सैषा ।
कष्टं बतान्यदिव दैववशेन जाता
दुःखात्मकं किमपि भूतमहो विपाकः ॥ ६ ॥

अयमपरः पापो दशाविपर्यासः ।

य एव मे जनः पूर्वमासीन्मूर्तो महोत्सवः ।
क्षते क्षारमिवासह्यं जातं तस्यैव दर्शनम् ॥ ७ ॥

[ततः प्रविशत्यरुन्धती कौसल्या कञ्चुकी च ।]

अरुन्धती—ननु ब्रवीमि द्रष्टव्यः स्वयमुपेत्यैव वैदेह इत्येष वः कुलगुरोरादेशः । अत एव चाहं प्रेषिता । तत्कोऽयं पदे पदे महाननध्यवसायः ?

कञ्चुकी—देवि, संस्तभ्यात्मानमनुरुध्यस्व भगवतो वसिष्ठस्यादेशमिति विज्ञापयामि ।

પાઠ પણ છે. ૫ વાણીથી વિદ્યા જન્મી, તેમ તારાથી સીતા જન્મી. સીતા, જે વિદ્યાજેવી દેવતા છે. અરુન્ધતીને દૂરથી જોતાં જ તેમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[નેપથ્યમાં]

આમ ભગવતી! મહાદેવી આમ!

જનક — (જોઈને) અહો! ગૃષ્ટિ જેને માર્ગ દાખવે છે એવાં ભગવતી અરુન્ધતી! (ઊઠીને) પણ મહાદેવી કોને કહ્યાં? (ધારીને જોઈ) અરેરે, શું આ મહારાજ દશરથનાં ધર્મપત્ની, મારાં પ્રિય સખી કૌસલ્યા! તે જ આ એમ કોણ માને?

લક્ષ્મી સમી રઘુતણા કુળમાં હતી આ.
લક્ષ્મી જ એ હતી, પછી ઉપમાન શાને?
તે, હાય! પ્રાણી કંઈ બીજું જ દૈવયોગે
દુઃખસ્વરૂપ બની! શો પરિવર્ત તે આ! ૬

આ બીજો દારુણ દશાપલટો!

જે જનો જ મને પૂર્વે હતાં મૂર્ત મહોત્સવ,
અસહ્ય, ધામાં મીઠાશું, થયું તેનું જ દર્શન. ૭

[પછી અરુન્ધતી, કૌસલ્યા અને કંચુકી પ્રવેશે છે.]

અરુન્ધતી — કહું છું કે જાતે જઈને વિદેહરાજવીને મળવું એવો તમારા કુલગુરુનો આદેશ છે. એટલે જ મને મોકલી છે. તો ડગલે ને પગલે આટલાં બધાં અચકાઓ છો શાને?

કંચુકી — દેવી, હૈયે ધારણ રાખીને ભગવાન વસિષ્ઠની આજ્ઞાનું પાલન કરો એમ વિનવું છું.

માનમાં જનક ઊભા થઈ જાય છે. ૬ દુઃખસ્વરૂપ પ્રાણી બની છે. ૭. મિથિલાપતિને મળવાનું એથી બધાં દુઃખ૦– સર૦ स्वजनस्य हि दुःखमग्रतो

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कौसल्या — ईरिसे काले मिहिलाहिवो मए दिट्ठव्वो त्ति समं एव्व सव्वदुक्खाइं समुब्भवन्ति । ता ण सक्कुणोमि उव्वट्टमाणमूलबन्धणं हिअअं पज्जवत्थावेदुं । [ईदृशे काले मिथिलाधिपो मया द्रष्टव्य इति सममेव सर्वदुःखानि समुद्भवन्ति । तस्मान्न शक्नोम्युद्वर्तमानमूलबन्धनं हृदयं पर्यवस्थापयितुम् ।]

अरुन्धती — अत्र कः संदेहः ?

संतानवाहीन्यपि मानुषाणां
दुःखानि सद्बन्धुवियोगजानि ।
दृष्टे जने प्रेयसि दुःसहानि
स्रोतःसहस्रैरिव संप्लवन्ते ॥ ८ ॥

कौसल्या — कहं णु क्खु वच्छाए वहूए एव्वंगदे तस्स राएसिणो मुहं दंसम्ह ? [कथं नु खलु वत्साया वध्वा एवंगते तस्य राजर्षेर्मुखं दर्शयामः ?]

अरुन्धती —

एष वः श्लाघ्यसंबन्धी जनकानां कुलोद्वहः ।
याज्ञवल्क्यो मुनिर्यस्मै ब्रह्मपारायणं जगौ ॥ ९ ॥

कौसल्या — एसो सो महाराअस्स हिअअणिव्विसेसो वच्छाए मे वहूए पिदा विदेहराओ सीरद्धओ । हद्धी हद्धी ! सुमरिदम्हि अणिव्वेदरमणीए दिअसे ! हा देव्व, सव्वं एव्व तं णत्थि ! [एष स महाराजस्य हृदयनिर्विशेषो वत्साया मे वध्वाः पिता विदेहराजः सीरध्वजः । हा धिक् हा धिक् ! स्मारितास्मि अनिर्वेदरमणीयान्दिवसान् ! हा देव, सर्वमेव तन्नास्ति !]

विवृतद्वारमिवोपजायते कुमा२० ४-२६. ९ ब्रह्मपारायणं स्युं - ब्रह्म विषेनो

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૌસલ્યા — આવે સમયે મિથિલાપતિને મળવાનું – એથી બધાં દુ ખ એકી સાથે જ ઊભરાય છે અને એને લીધે મૂળમાંથી ઊખડી પડતા મારા હૃદયને હું ઠેકાણે રાખી શકતી નથી.

અરુન્ધતી — એમાં શો સંદેહ?

સદ્બન્ધુઓના વિરહે જનોનાં
ધારાપ્રવાહે વહતાં દુખો, છતાં
વેઠાય ના તે પ્રિય જોઈને જન,
રેલી રહે સ્રોત સહસ્રથી શકે. ૮

કૌસલ્યા — વત્સા જાનકીવધૂનું આવું થયા પછી તે રાજર્ષિને શું મેં બતાવીશું?

અરુધન્તી —

આ તમારા સગા રૂડા, જનકોના ધુરંધર,
જેની પાસે યાજ્ઞવલ્ક્યે બ્રહ્મપારાયણ કર્યું. ૯

કૌસલ્યા — આ રહ્યા મહારાજ(દશરથ)ના હૃદયનો આનંદ, વત્સા જાનકીવધૂના પિતા, સીરધ્વજ વિદેહરાજ. હાય રે! નિર્વેદ વિનાના તે રમણીય દિવસો મને સાંભરી આવે છે! હા દૈવ! બધું તે હતું-ન-હતું થયું છે!

ઉપદેશ કર્યો. બૃહદારણ્યક ૪–૨–૧ ઉપરથી. 'યાજ્ઞવલ્ક્યે હતો દીધો બ્રહ્મોપદેશ જેહને.' સીરધ્વજ – જેના ધ્વજ ઉપર હળનું પ્રતીક હતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जनकः—(उपसृत्य) भगवत्यरुन्धति, वैदेहः सीरध्वजोऽभिवादयते ।

यया पूतंमन्यो निधिरपि पवित्रस्य महसः
पतिस्ते पूर्वेषामपि खलु गुरूणां गुरुतमः ।
त्रिलोकीमाङ्गल्यामवनितललीनेन शिरसा
जगद्वन्द्यां देवीमुषसमिव वन्दे भगवतीम् ॥ १० ॥

अरुन्धती—परं ते ज्योतिः प्रकाश्यताम् । स त्वां पुनातु देवः परोरजसां य एष तपति ।

जनकः—आर्य गृष्टे, अप्यनामयमस्याः प्रजापालकस्य मातुः ?

कञ्चुकी—(स्वगतम्) निरवशेषमतिनिष्ठुरमुपालब्धाः स्मः । (प्रकाशम्) राजर्षे, अनेनैव मन्युना चिरपरित्यक्तरामभद्रमुखचन्द्रदर्शनां नार्हसि दुःखयितुमतिदुःखितां देवीम् । रामभद्रस्यापि दैवदुर्योगः कोऽपि, यत्किल समन्ततः प्रवृत्तबीभत्सकिंवदन्तीकाः पौराः । न चाग्निशुद्धिमल्पकाः प्रतियन्तीति दारुणमनुष्ठितं देवेन ।

जनकः—(सरोषम्) आः, कोऽयमग्निर्नामास्मत्प्रसूतिपरिशोधने ? कष्टम्, एवंवादिना जनेन रामभद्रपरिभूता अपि वयं पुनः परिभूयामहे !

તેવા વિદેહના રાજા જનક. ૧૦ પૂર્વ ગુરુઓથી અધિક ગૌરવવાળો અને જે પોતે જ પવિત્ર તેજનો ભંડાર છે એવો તારો સ્વામી વસિષ્ઠ તારે લીધે પોતાને પૂત–પવિત્ર થયેલો માને છે. ત્રિલોકી-માંગલ્યા અરુન્ધતીની ઉષા જોડે અને તેજોનિધિ વસિષ્ઠની સૂર્ય સાથે સરખામણીનું સૂચન છે તે એવા વૈદિક વર્ણનને આધારે: સૂર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનક — (પાસે આવીને) ભગવતી અરુધન્તી, સીરધ્વજ વૈદેહ અભિવાદન કરે છે:

થયો પૂત સ્વામી તવ — નિધિ પવિત્ર ઘુતિ તણો
સ્વયં — માને તુંથી, અધિક ગરવો પૂર્વગુરુથી.
લળું મૂકી માથું અવનિતલ, ત્રૈલોક્યકુશલા,
જગદ્વંદ્યા દેવી, ભગવતી ઉષાશી, નમું તને! ૧૦

અરુધન્તી — તમને અક્ષર જ્યોતિનો પ્રકાશ હો! આ પેલો જે તપે છે તે અંધકાર પારનો દેવ સૂર્ય તમને પાવન કરો!

જનક — આર્ય ગૃષ્ટિ, પ્રજાપાલકનાં આ માતા કુશળ છે ને?

કંચુકી — (સ્વગત) કાંઈ બાકી ન રહે એમ અતિ નિષ્ઠુર રીતે મહેણું માર્યું! (મોટેથી) રાજર્ષિ, એ જ રોષથી લાંબા સમયથી રામભદ્રના મુખચંદ્રનું દર્શન જેણે તજ્યું છે એવાં અતિદુઃખિત આ રાજરાણીને દુઃખી કરવાં એ તમને ન ઘટે. રામભદ્રનો પણ દૈવનો કોઈ વળી દુર્યોગ, કે આમ નગરજનો ચોમેરથી ભૂંડી કિંવદન્તી ફેલાવી રહ્યા છે. તે પામરો અગ્નિશુદ્ધિનો વિશ્વાસ કરતા નથી એટલે મહારાજને એ દારુણ કાર્ય કરવું પડ્યું!

જનક — (રોષ સહિત) આઃ, અમારી સંતતિને શુદ્ધ કરનાર અગ્નિ વળી કાણ છે? હાય રે! એવું બોલનારાથી તો રામભદ્રથી તિરસ્કારાયેલા અમે ફરી તિરસ્કાર પામીએ છીએ.

देवीमुषसं रोचमानां मर्यो न योषामभ्येति पश्चात् । ऋग्वेद १, ११५, २. અરુન્ધતીના આશીર્વાદનાં વચનોમાં મુણ્ડકોપનિષદ્‌નાં વચનોનું અનુરણન છે. परा चैवापरा च । तदक्षरं . . . . विरजं ब्रह्म । ज्योतिषां ज्योतिः વગેરે. પ્રજાપાલક – ભારે કટાક્ષભર્યો પ્રયોગ. રામે પ્રજાની અભિમુખ રહેવાનો એકમાત્ર ધર્મ પાળતાં સીતાને છોડી હતી ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अरुन्धती — (निःश्वस्य) एवमेतत् । अग्निरग्निरिति वत्सां प्रति परिलघून्यक्षराणि । सीतेत्येव पर्याप्तम् । हा वत्से !

शिशुर्वा शिष्या वा यदसि मम तत्तिष्ठतु तथा
विशुद्धेरुत्कर्षस्त्वयि तु मम भक्तिं द्रढयति ।
शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वन्द्यासि जगतां
गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ॥११॥

कौसल्या — अम्मो, उम्मीलन्ति विअ वेअणाओ ! [अम्मो, उन्मीलन्तीव वेदनाः !] (इति मूर्च्छति ।)

जनकः — हा कष्टम्, किमेतत् !

अरुन्धती — राजर्षे, किमन्यत् ?

स राजा तत्सौख्यं स च शिशुजनस्ते च दिवसाः
स्मृतावाविर्भूतं त्वयि सुहृदि दृष्टे तदखिलम् ।
विपाके घोरेऽस्मिन्ननु खलु विमूढा तव सखी
पुरंध्रीणां चित्तं कुसुमसुकुमारं हि भवति ॥ १२ ॥

जनकः — हन्त, हन्त, सर्वथा नृशंसोऽस्मि, यश्चिरस्य दृष्टान्प्रियसुहृदः प्रियदारान्न स्निग्धं पश्यामि ।

स संबन्धी श्लाघ्यः प्रियसुहृदसौ तच्च हृदयं
स चानन्दः साक्षादपि च निखिलं जीवितफलम् ।
शरीरं जीवो वा यदधिकमतोऽन्यत्प्रियतरं
महाराजः श्रीमान्किमपि मम नासीद्दशरथः ॥ १३ ॥

કંચુકીના શબ્દો પરથી સીતા વિષેની કિંવદન્તી નગરજનોમાં ચારે કોર ફેલાયેલી એમ સ્પષ્ટ થાય છે. એવું બોલનારાથી – આ કંચુકી જેવાથી. સીતાના સંબંધમાં અગ્નિનું નામ લેવું એ સીતાને હલકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરુધન્તી — (નિઃશ્વાસ મૂકી) એમ જ છે. 'અગ્નિ'-'અગ્નિ' એ તો વત્સાને ઉતારી પાડનાર શબ્દ છે. 'સીતા'—એ જ પૂરતું છે. હા વત્સે!

ભલે હો શિષ્યા, હો શિશુ કદીક, તે તેમ જ રહો!
વિશુદ્ધિ-ઉત્કર્ષે તું મહીં મુજ ભક્તિ દૃઢ થતી.
શિશુત્વે સ્ત્રૈણે વા રમતી, પણ છો વંદ્ય જગની,
ગુણો પૂજાસ્થાને ગુણી મહીં, નહીં લિંગ, વય વા. ૧૧

કૌસલ્યા — અહો, વેદનાઓ જાણે કે ઊભરાય છે! (મૂર્છા પામે છે.)

જનક — અરેરે! આ શું?

અરુધન્તી — રાજર્ષિ, બીજું શું?

સુખો તે, તે રાજા, શિશુકજન તે, તે દિન, સખા
તમોને દેખીને સ્મરણ મહીં એ સર્વ પ્રગટ્યું.
જુઓ મૂર્છા પામી તમ સખી. દશા ઘોર લહી આ,
કુલસ્ત્રીનું સાચે કુસુમસરખું કોમલ ઉર. ૧૨

જનક — અરે! અરે! પૂરો ઘાતકી થઈ બેઠો છું, લાંબે સમયે મળેલી પ્રિયસુહૃદની પત્નીને સ્નેહપૂર્વક મળતો પણ નથી.

સગા એ તો રૂડા, પ્રિય સુહૃદ એ, એ જ હૃદય,
મુદા સાક્ષાત્ પોતે અખિલ વળી જે જીવિતફલ.
શરીર પ્રાણો વા ઉભય થકી વા જે પ્રિયતર,
મહારાજ શ્રીમાન્ મુજ શું ન હતા તે દશરથ? ૧૩

પાડવા જેવું છે. 'સીતા' એ જ પૂરતું છે — 'ભવભૂતિની નાટક-મંડળી ઉત્તર હિંદુસ્તાનની હોય અને અરુન્ધતીની ભૂમિકા લેનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कष्टमियमेव सा कौसल्या !

यदस्याः पत्युर्वा रहसि परमं दूषितमभू-
दभूवं दम्पत्योः पृथगहमुपालम्भविषयः ।
प्रसादे कोपे वा तदनु मदधीनो विधिरभू-
दलं वा तत्स्मृत्वा दहति यदवस्कन्द्य हृदयम् ॥ १४ ॥

अरुन्धती — हा कष्टम् ! अतिचिरनिरुद्धनिःश्वासनिष्पन्दं हृदयमस्याः ।

जनकः — हा प्रियसखि ! (इति कमण्डलूदकेन सिञ्चति ।)

कञ्चुकी —

सुहृदिव प्रकटय्य सुखप्रदः
प्रथममेकरसामनुकूलताम् ।
पुनरकाण्डविवर्तनदारुणः
विधिरहो विशिनष्टि मनोरुजम् ॥ १५ ॥

कौसल्या — (संज्ञां लब्ध्वा) हा वच्छे जाणइ, कहिं सि ? सुमरामि दे णवविवाहलच्छीपरिग्गहेक्कमण्डनं पप्फुरन्त-सुद्धविहसिदं मुद्धमुहपुण्डरीअं । आप्फुरन्तचन्दचन्दिआ-सुन्दरेहिं अङ्गेहिं पुणो वि मे जादे उज्जोएहि उच्छङ्गम् । सव्वदा महाराओ भणादि — एसा रहुउलमहत्तराणं वहू, अम्हाणं दु जणअसम्बन्धेण दुहिदेव्व । [हा वत्से जानकि,

---

નટ શ-ષ-સનો ભેદ કરે નહીં તો 'सीता' એ શબ્દનો 'शीता' ઉચ્ચાર થાય.' (ડૉ. બેલવલકર.) ૧૧ કુમારસંભવમાં અરૂન્ધતીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાય રે! આ જ તે કૌસલ્યા!

થતો એકાન્તે જો કંઈક નિજ વા દોષ પતિનો,
કરે ઓળંભો એ જણ પૃથક આવી મુજ કને.
મનાવું રીસાવું — મુજ વશ ઉપાયો સહુય તે.
ઘટે ના સંભાર્યું! ધસીધસી પ્રજાળે હૃદય જે. ૧૪

અરુંધન્તી — હાય હાય! બહુ લાંબો વખત શ્વાસ રૂંધાઈને એનું હૃદય થડકતું બંધ થયું છે!

જનક — હા પ્રિયસખી! (કમંડલુમાંથી પાણી છાંટે છે.)

કંચુકી —

પ્રથમ તો પ્રગટાવી, સુહૃત્ સમો
સુખદ, એકરસા અનુકૂળતા,
પલટીને સહસા પછી નિષ્ઠુર
વિધિ વધારી રહે ઉરવેદના. ૧૫

કૌસલ્યા — (ભાનમાં આવીને) હા વત્સે જાનકી, ક્યાં છે? નવવિવાહની લક્ષ્મીમાત્રના આભૂષણથી સ્હોતું, શુદ્ધ હાસ્યથી ખીલી રહેલું તારું મુગ્ધ મુખકમલ મને સાંભરે છે. આવ દીકરી, પૂર્ણપણે ચમકતા ચંદ્રની ચંદ્રિકા જેવાં સુંદર અંગો વડે ફરી મારો ખોળો ઉજાળ. હમેશાં મહારાજ

વિષે આવા ભાવાર્થનું વચન છે: स्त्रीपुमानित्यनास्थैषा वृत्तं हि महितं सताम्॥ ६-१२ **૧૨** સર૦ आशाबन्धः कुसुमसदृशं प्रायशो ह्यङ्गनानाम् सद्यः-पाति प्रणयिहृदयं० પૂર્વમેઘ, ૧૦. સખા તમોને–તમને સખાને, મિત્રને **૧૩** જીવનનું ફળ શું? કોઈ કહેશે શરીર, કોઈ કહેશે પ્રાણ, કોઈ એ બંનેથી પણ કોઈક અધિક તત્ત્વને (બ્રહ્મજ્ઞાનને) જીવિતફળ કહેશે -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कुत्रासि ? स्मरामि ते नवविवाहलक्ष्मीपरिग्रहैकमण्डनं प्रस्फुरच्छुद्धविहसितं मुग्धमुखपुण्डरीकम् । आस्फुरच्चन्द्रचन्द्रिकासुन्दरैरङ्गैः पुनरपि मे जाते उद्योतयोत्सङ्गम् । सर्वदा महाराजो भणति — एषा रघुकुलमहत्तराणां वधूरस्माकं तु जनकसम्बन्धेन दुहितैव ।]

कञ्चुकी — यथाह देवी ।

पञ्चप्रसूतेरपि तस्य राज्ञः
प्रियो विशेषेण सुबाहुशत्रुः ।
वधूचतुष्केऽपि यथा हि शान्ता
प्रिया तनूजास्य तथैव सीता ॥ १६ ॥

जनकः — हा प्रियसख महाराज दशरथ, एवमसि सर्वप्रकारहृदयंगमः ! कथं विस्मर्यसे ?

कन्यायाः किल पूजयन्ति पितरो जामातुराप्तं जनं
संबन्धे विपरीतमेव तदभूदाराधनं ते मयि ।
त्वं कालेन तथाविधोऽस्यपहृतः संबन्धबीजं च त-
द्घोरेऽस्मिन्मम जीवलोकनरके पापस्य धिग्जीवितम् ॥१७॥

कौसल्या — जादे जाणइ, किं करेमि ? दिढवज्जलेवपडिबद्धणिच्चलं हदजीविदं मं मंदभाइणीं ण पडिच्चअदि ! [जाते जानकि, किं करोमि ? दृढवज्रलेपप्रतिबद्धनिश्चलं हतजीवितं मां मन्दभागिनीं न परित्यजति !]

એ ત્રણે દૃષ્ટિનો ત્રીજી પંક્તિમાં ઉલ્લેખ. ૧૪ ઓળંભો કરે–બીજાં વિષેની ફરિયાદ કોઈક ત્રીજા (મારી) આગળ કરે. મનાવાના ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેતા : રઘુકુલના મહાપૂર્વજોની એ વહુ છે, પણ આપણી તો જનક સાથેના સંબંધને લઈને દીકરી જ છે.

કંચુકી — દેવી કહે છે એમ જ છે.

નૃપાળને સંતતિ પાંચમાં પ્રિય
સુબાહુ-શત્રુ સહુથી વિશેષ.
ચારે વધૂમાં હતી વ્હાલી સીતા,
હતી જ શાન્તા દુહિતા સમાણી. ૧૬

જનક — હા, પ્રિય મિત્ર મહારાજ દશરથ! આમ તમે સર્વ પ્રકારે હૃદયંગમ છો. કેમ કરી વીસર્યા જાઓ?

પૂજે માવતરો બધે દીકરીનાં, જામાતૃ-સંબંધીને;
તે તો ઊલટું આપણા વિષયમાં, આરાધિયો હું તમે.
એવા કાળ થકી હરાઈયે ગયા! સંબંધ-બીજે ગયું!
જીવ્યું ધિક્ મુજ જીવલોકનરકે ઘોરે અરે પાપીનું. ૧૭

કૌસલ્યા — બેટા જાનકી. હું શું કરું? દૃઢ વૃજલેપથી જડાઈને નિશ્ચલ થયેલો આ પાપી જીવ મને મંદભાગિનીને છોડીને જતો નથી.

રિસાવાના ઉપાયો મારે અધીન રહેતા. ૧૬ સુબાહુશત્રુ–રામ. તાટકાના વધ પ્રસંગે સુબાહુને રામે મારેલો તે પરાક્રમ દશરથના આયુષ્યકાળનું હોઈ એવો ઉલ્લેખ. ૧૭ વેવાઈઓના સંબંધનું સુંદર ચિત્ર. જમાઈના પિતા હોવા છતાં તમે મારું સાચવતા. સંબંધબીજે૦–સંબંધનું મૂળ બીજ, સીતા, તેનો પણ લોપ થયો. પરિણામ કલ્યાણમય૦–પહેલા અંકની પ્રસ્તાવનામાં નટે નાટકના સુખાન્તની આશા આપી હતી. ત્રીજા અંકમાં કરુણતાની અવધિ હતી ત્યાં તમસાએ એવું સૂચન કર્યું હતું. અહીં વાતાવરણ ફરી ગંભીર બન્યું છે ત્યાં અરુન્ધતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अरुन्धती — आश्वसिहि राजपुत्रि, बाष्पविश्रामोऽप्यन्तरेषु कर्तव्य एव । अन्यच्च किं न स्मरसि यदवोचदृष्यशृङ्गाश्रमे युष्माकं कुलगुरुर्भवितव्यं तथेत्युपजातमेव, किं तु कल्याणोदर्कं भविष्यतीति ?

कौसल्या — कुदो अदिक्कन्दमणोरहाए मह एदं ? [कुतोऽतिक्रान्तमनोरथाया ममैतत् ?]

अरुन्धती — तत्किं मन्यसे राजपुत्रि, मृषोद्यं तदिति ? न हीदं सुक्षत्रियेऽन्यथा मन्तव्यम् । भवितव्यमेव तेन ।

आविर्भूतज्योतिषां ब्राह्मणानां
ये व्याहारास्तेषु मा संशयोऽभूत् ।
भद्रा ह्येषां वाचि लक्ष्मीर्निषक्ता
नैते वाचं विप्लुतार्थां वदन्ति ॥ १८ ॥

[नेपथ्ये कलकलः । सर्वे आकर्णयन्ति ।]

जनकः — अये, अद्य खलु शिष्टानध्ययन इत्यस्खलितं खेलतां बटूनामयं कलकलः !

कौसल्या — सुलहसोक्खं दाणिं बालत्तणं होदि । [सुलभसौख्यमिदानीं बालत्वं भवति ।] (निरूप्य) अम्हे ! एदाणं मज्झे को एसो रामभद्दस्स कौमारलच्छीपरिसोहिदेहिं सावट्टम्भमुद्दललिदेहिं अंगेहिं दारओ अम्हाणं पि लोअणं

વસિષ્ઠ જેવા ઋષિની આશાભરી વાણી સંભળાવે છે. ૧૮ જેમને બ્રહ્મજ્યોતિનો સાક્ષાત્કાર થયો છે. સર૦ भद्रैषां लक्ष्मीर्निहिताधिवाचि । ઋગ્વેદ ૧૦,૭૧,૨. જોવાનું છે કે વસિષ્ઠકથિત 'કલ્યાણમય પરિણામ'-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરુન્ધતી — રાજપુત્રી, શાન્ત થાઓ. અશ્રુવિશ્રામ પણ આંતરે આંતરે કરવો ઘટે જ. વળી, ઋષ્યશૃંગના આશ્રમમાં તમારા કુલગુરુએ 'થવાનું હતું તે થયું, પણ એનું પરિણામ કલ્યાણમય આવશે' એવું કહેલું તે સાંભરતું નથી શું?

કૌસલ્યા — અસંભવિત અભિલાષ રાખનારીને મને એ ક્યાંથી?

અરુન્ધતી — તો શું, રાજપુત્રી, તેને અસત્ય ભાષણ માનો છો? હે સુક્ષત્રિયે, એ અન્યથા માનવાનું નથી. એમ થયે જ છૂટકો છે.

આવિર્ભૂતજ્યોતિ તે બ્રાહ્મણોના
ઉદ્ગારો જે, તે મહીં હો ન શંકા.
રહેતી ભદ્રા તેમની વાણીમાં શ્રી,
ના તે વાચા બોલનારા નિરર્થ. ૧૮

[નેપથ્યમાં કલબલ. સૌ સાંભળે છે.]

જનક — અરે, શિષ્ટજનોના માનમાં આજે અનધ્યાય છે એટલે મુક્તપણે ખેલતા બટુઓની આ કલબલ છે.

કૌસલ્યા — બાળપણમાં સૌ સુખ સુલભ હોય છે. (ધારીને જોઈ) અહો, એમની વચ્ચે પેલો કોણ છે, જે રામચંદ્રના

ની વાત ચાલે છે ત્યાં જ એ પરિણામના પહેલા અંકુરરૂપે લવ આદિ બાળકોની કલબલ સંભળાય છે. પ્રસંગસંકલના અત્યંત કલાપૂર્ણ છે. વૃદ્ધોનો શોક ઊંડો ઘેરો બન્યો હતો ત્યાં મુક્ત મને ખેલતા બાળકોના ઉલ્લાસભર્યા વાતાવરણનો ઉઘાડ થાય છે એમાં પણ ઘણું ઔચિત્ય છે. ત્રીજા અંક પછી સૌધાતકિ-ભાંડાયનના વિષ્કંભકે કરુણ વાતાવરણમાં વિનોદનો પ્રકાશ ફેલાવી તેને સહ્ય બનાવ્યું, ત્યાં જનક-કૌસલ્યા-અરુન્ધતીના શોકથી ફરી તે ગંભીર બન્યું, તે હવે બાળકોના સોલ્લાસ ક્રીડનથી હળવું બની રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीअलावेदि ?] [अम्महे ! एतेषां मध्ये क एष राम-
भद्रस्य कौमारलक्ष्मीपरिशोभितैः सावष्टम्भमुग्धललितैरङ्गैर्दार-
कोऽस्माकमपि लोचनं शीतलयति ?]

अरुन्धती — (अपवार्य, सहर्षोत्कण्ठम्) इदं नाम भागीरथी-
निवेदितं रहस्यं कर्णामृतम् । न त्वेवं विद्मः कतरोऽय-
मायुष्मतोः कुशलवयोरिति । (प्रकाशम्)

कुवलयदलस्निग्धश्यामः शिखण्डकमण्डनो
बटुपरिषदं पुण्यश्रीकः श्रियैव सभाजयन् ।
पुनरपि शिशुर्भूत्वा वत्सः स मे रघुनन्दनो
झटिति कुरुते दृष्टः कोऽयं दृशोरमृताञ्जनम् ॥ १९ ॥

कञ्चुकी — नूनं क्षत्रियब्रह्मचारी दारकोऽयमिति मन्ये ।

जनकः — एवमेतत् । अस्य हि

चूडाचुम्बितकङ्कपत्रमभितस्तूणीद्वयं पृष्ठतो
भस्मस्तोकपवित्रलाञ्छनमुरो धत्ते त्वचं रौरवीम् ।
मौर्व्या मेखलया नियन्त्रितमधो वासश्च माञ्जिष्ठकं
पाणौ कार्मुकमक्षसूत्रवलयं दण्डोऽपरः पैप्पलः ॥ २० ॥

દરમ્યાન એક અગત્યની વસ્તુ સધાઈ. ત્રીજા અંકમાં વાસન્તી-તમસા જેવી દેવતાઓની સાક્ષીએ સીતાના હૃદયે રામના હૃદય સાથે પૂર્ણ-પણે મેળ અનુભવ્યો. પરિત્યાગપ્રકરણમાં સીતા પ્રત્યે રામને કોઈ જાતનો અભાવ છે-પ્રેમની ઊણપ છે-એવું નથી એ સ્પષ્ટ થયું. તે પછી વડીલોનો એ પ્રકરણ અંગે શો ખ્યાલ છે તે જાણવાનું રહે છે તે આ અંકમાં ઉત્તરોત્તર સમજાયું છે. અરુન્ધતી જેવાં બ્રહ્મનિષ્ઠ તપસ્વિની સીતાવિહોણી અયોધ્યામાં પગ મૂકવા તૈયાર નથી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી કૌમારકાન્તિથી શોભતાં, ચપળ, સુંદર અને સુકુમાર અંગો વડે આપણી ય આંખને હારે છે?

અરુન્ધતી — (આડું જોઈને, હર્ષ અને ઉત્કંઠા સહિત) ભાગીરથીએ નિવેદિત કરેલું કર્ણામૃતસમું રહસ્ય તે આ જ ત્યારે! પણ તે એ આયુષ્માન કુશલવમાંથી આ કયો તે હું જાણતી નથી (મોટેથી)

કમલદલસુંવાળો નીલો, શિખંડથી મંડિત,
બટુગણ, શુચિ શ્રીવાળો, શ્રી વડે જ સુહાવતો.
શિશુ ફરી થયો જાણે મારો મીઠો રઘુનંદન!
ત્વરિત દૃગને દેતો કો આ દીઠે અમૃતાંજન? ૧૯

કંચુકી — મને તો લાગે છે કે આ બાલક ક્ષત્રિય બ્રહ્મચારી છે.

જનક — એમ જ છે. એને

પીઠે ચોટલી પૂંખિયાં શર તણાં એ બાજુ ભાથે ચૂમે,
પ્હેર્યું છે મૃગચર્મ ભસ્મ શુભથી અંકાઈ છાતી પરે,
બાંધ્યું મૌવીની મેખલાથી કટિએ મંજીઠિયા વસ્ત્રને,
હાથે છે ધનુ, માળ અન્ય મહીં ને છે દંડ અશ્વત્થનો. ૨૦

સીતાને જગદ્વંદ્યા કહે છે. જનક અને કૌસલ્યા સીતાના પાવિત્ર્યની સહેજ પણ શંકા કરવી તો દૂર રહી તેના દુઃખે દુઃખી છે. આ રીતે રામ-સીતાના પુનર્મિલનની તૈયારી થતી આવે છે. રહ્યા લવ-કુશ. એમની ઓળખ-એમનું અભિજ્ઞાન-એની દિશા આ ખેલતા બાળકોનું દૃશ્ય સ્વાભાવિકપણે ઉઘાડી આપે છે. ભવભૂતિની કટાક્ષકલાનો એક વધુ અણસારો અહીં પણ મળે છે એ નોંધપાત્ર છે: આનંદથી રમતાં બાળકોની કલબલ અત્યારે સંભળાય છે, પણ જોતજોતામાં તેમાંથી યુદ્ધસંઘર્ષનો તણખો ઝરવાનો છે. લવ અને કુશને નાટકની વસ્તુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भगवत्यरुन्धति, किमुत्प्रेक्षसे कुतस्त्योऽयमिति ?

अरुन्धती — अद्यैव वयमागताः ।

जनकः — आर्य गृष्टे, अतीव मे कौतुकं वर्तते । तद्भगवन्तं वाल्मीकिमेव गत्वा पृच्छ । इमं च दारकं ब्रूहि — वत्स, केऽप्येते प्रवयसस्त्वां दिदृक्षव इति ।

कञ्चुकी — यदाज्ञापयति देवः । (इति निष्क्रान्तः ।)

कौसल्या — किं मण्णेध ? एव्वं भणिदो आअमिस्सदि त्ति । [किं मन्यध्वे ? एवं भणित आगमिष्यतीति ।]

अरुन्धती — भिद्यते वा सद्वृत्तमीदृशस्य निर्माणस्य ?

कौसल्या — (निरूप्य) कहं सविणअणिसमिदगिट्ठिवअणो विसज्जिदइसिदारओ इतोहिमुहं पसरिदो एव्व स वच्छो ! [कथं सविनयनिशामितगृष्टिवचनो विसर्जितर्षिदारक इतोऽभिमुखं प्रसृत एव स वत्सः !]

जनकः — (चिरं निर्वर्ण्य) भोः, किमप्येतत् ?

महिम्नामेतस्मिन्विनयशिशुतामौग्ध्यमसृणो
विदग्धैर्निर्ग्राह्यो न पुनरविदग्धैरतिशयः ।
मनो मे संमोहस्थिरमपि हरत्येष बलवा-
नयोधातुं यद्वत्परिलघुरयस्क्रान्तशकलः ॥ २१ ॥

સંકલનામાં તે તે યોગ્ય ક્ષણે દાખલ કરવાની કવિની ઔચિત્યબુદ્ધિ પ્રશંસાપાત્ર છે. १६ શિખંડ–વાળનાં જુલ્ફાં. શુચિ કાન્તિવાળો તે પોતાની કાન્તિ વડે બટુગણને શોભાવે છે. દીઠેથી તરત દૃષ્ટિને અમૃતાંજનનો અનુભવ કરાવે છે. २० પીઠ ઉપર ભાથું છે તેમાંનાં બાણનાં પૂંખિયાંને બંને તરફથી ચોટલી ચૂમે છે. (રઘુકુલકુમારો પાંચ લટો રાખતા.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવતી અરુન્ધતી, શું ધારો છો? આ કચાંનો હશે?

અરુન્ધતી — આજે જ આવ્યાં અમે.

જનક — આર્ય ગૃષ્ટિ, મને બહુ જ કૌતુક થાય છે. તો ભગવાન વાલ્મીકિને જ જઈને પૂછો. અને આ બાળકને પણ કહો કે પેલાં કોઈક વૃદ્ધો તને મળવા ઇચ્છે છે.

કંચુકી — જેવી દેવની આજ્ઞા. (જાય છે.)

કૌસલ્યા — એમ કહ્યે એ આવશે એમ માનો છો?

અરુન્ધતી — આવી આકૃતિથી સદ્વર્તન નિરાળું હોય કે?

કૌસલ્યા — (ધારીને જોઈ) કેવો વિનયપૂર્વક ગૃષ્ટિનું વચન સાંભળીને, ઋષિપુત્રોને વિસર્જન કરી, આ તરફ એ વત્સ આવ્યો જ ને!

જનક — (લાંબી વાર ધારી ધારીને જોઈ) અહો, આ શું વળી?

સ્ફુરંતો એનામાં વિનય-શિશુતા-મૌગ્ધ્યથી ફૂંણો
— વિદગ્ધો પામે, ના ઇતર,–મહિમાનો અતિશય.
હરે મારું ચિત્ત–સ્થિર વિકૃતિથી તોય–, બલવાન્
યથા ખેંચે લોઢું લઘુક કણ કો ચુંબક તણો. ૨૧

અંકાઈ-અંકાયેલી. આજે જ આવ્યાં અમે–એમ કહી અરુન્ધતી જનકના સવાલને ઉડાવે છે એવું લાગે છે. પણ હજી પોતાને પાકી પ્રતીતિ થઈ નથી ત્યાં એ ઘટસ્ફોટ ન કરે એ સમજી શકાય એવું છે. થોડી વાર પછી વાલ્મીકિ પણ રાહ જોવાનું જ કહે છે. આવી આકૃતિથી સદ્વર્તન૦ – સર૦ न तादृशा आकृतिविशेषा गुणविरोधिनो भवन्ति । શાકુંતલ ૪. ૨૧ વિનય, બાળભાવ અને મુગ્ધતા એ ત્રણના મિશ્રણથી ફૂંણો એવો મહિમાનો અતિશય – લોકોત્તર પ્રતાપ એનામાં છે, જેને વિદગ્ધો – જાણકારો જ સમજી શકે, બીજાઓ નહિ. મારું ચિત્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[प्रविश्य]

लवः — अज्ञातनामक्रमाभिजनान् पूज्यानपि स्वतः कथमभिवादयिष्ये ? (विचिन्त्य) अयं पुनरविरुद्धः वृद्धेभ्यः श्रूयते । (सविनयमुपसृत्य) एष वो लवस्य शिरसा प्रणामपर्यायः ।

अरुन्धतीजनकौ — कल्याणिन्, आयुष्मान्भूयाः !

कौसल्या — जाद, चिरं जीव ! [जात, चिरं जीव !]

अरुन्धती — एहि वत्स । (लवमुत्सङ्गे गृहीत्वा, आत्मगतम्) दिष्ट्या न केवलमुत्सङ्गश्चिरान्मनोरथोऽपि मे पूरितः ।

कौसल्या — जाद, इदो वि दाव एहि । [जात, इतोऽपि तावदेहि ।] (उत्सङ्गे गृहीत्वा) अम्महे ! ण केवलं दरविप्पइकन्दोट्टसामलुज्जलेण देहबन्धेण कवलिदारविन्दकेसरकसाअकण्ठकलहंसघोसघग्घरणिणाददीहरेण अ सरेण रामभद्दं अणुसरेदि । णं कठोरकमलगब्भपम्मलसरीरप्फंसो वि तारिसो एव्व । जाद, पेक्खामि दे मुहपुंडरीअं [अम्महे ! न केवलं दरविस्पष्टकुवलयश्यामलोज्ज्वलेन देहबन्धेन कवलितारविन्दकेसरकषायकण्ठकलहंसघोषघर्घरनिनाददीर्घेण च स्वरेण रामभद्रमनुसरति । ननु कठोरकमलगर्भपक्ष्मलशरीरस्पर्शोऽपि तादृश एव । जात, पश्यामि ते मुखपुण्डरीकम् ।] (चिबुकमुन्नमय्य निरूप्य सबाष्पाकूतम्) राएसि, किं ण पेक्खसि — णिउणं णिरूवज्जंतो वच्छाए मे वहूए मुहचन्देण

આવા વિકારો સામે સ્થિર રહી શકે એવું છે તો પણ તેને એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પ્રવેશીને]

લવ — જેમનાં નામ, ક્રમ અને કુળ મને અજાણ્યાં છે એવા આમને, તેઓ પૂજ્ય છે છતાં, પોતાની મેળે હું શી રીતે અભિવાદન કરીશ? (વિચારીને) પણ આ પ્રકાર કોઈ રીતે વિરોધી નથી એમ વૃદ્ધો પાસેથી સાંભળ્યું છે. (વિનયપૂર્વક પાસે આવીને) આ લવ માથું નમાવીને આપ સૌને પ્રણામ-પરંપરા અર્પે છે.

અરુન્ધતી અને જનક — કલ્યાણિન્! આયુષ્માન્ થા!

કૌસલ્યા — દીકરા, ઘણું જીવો!

અરુન્ધતી — આવ, વત્સ! (લવને ખોળામાં બેસાડી, આત્મગત) સદ્‌ભાગ્યે કેવળ ખોળો જ નહીં, ઘણે વખતે મારો મનોરથ પણ પૂરણ થયો.

કૌસલ્યા — બેટા, આમ પણ જરી આવ તો! (ખોળામાં લઈ) અહો! જરીક ઊઘડેલા નીલકમલ જેવા શ્યામ ઉજ્જ્વલ દેહબંધ વડે, અને પદ્મકેસર ખાઈને જેનો કંઠ મધુર ઊઘડ્યો છે એવા કલહંસના નાદ સમા દીર્ઘ ગાજતા સ્વરથી પણ એ રામભદ્રને મળતો આવે છે. વળી પ્રફુલ્લ કમળના ગર્ભભાગ જેવો એના શરીરનો સ્પર્શ પણ તેવો જ કોમળ છે. બેટા, જરી જોઉં તો તારું મુખકમલ! (હડપચી ઊંચી કરી, ધારીને જોઈ, આંસુ સાથે, ગૂઢાર્થ-પૂર્વક) રાજર્ષિ, શું જોતા નથી — ધ્યાનથી બરોબર જોઈ એ

ખેંચે છે. લવ બધાને એકસામટા પ્રણામ કરીને માર્ગ કાઢે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संवेददि एव्व ? [राजर्षे, किं न पश्यसि — निपुणं निरूप्यमाणो वत्साया मे वध्वा मुखचन्द्रेण संवदत्येव ?]

जनकः — पश्यामि सखि, पश्यामि ।

कौसल्या — अम्महे, उम्मत्तीभूदं विअ मे हिअअं किं पि एदोमुहं विप्पलवदि ! [अम्महे, उन्मत्तीभूतमिव मे हृदयं किमपीतोमुखं विप्रलपति !]

जनकः —

वत्सायाश्च रघूद्वहस्य च शिशावस्मिन्नभिव्यज्यते
संपूर्णप्रतिबिम्बितेव निखिला सैवाकृतिः सा द्युतिः ।
सा वाणी विनयः स एव सहजः पुण्यानुभावोऽप्यसौ
हा हा दैव किमुत्पथैर्मम मनः पारिप्लवं धावति ॥ २२ ॥

कौसल्या — जाद, अत्थि दे मादा ? सुमरसि वा तादम् ? [जात, अस्ति ते माता ? स्मरसि वा तातम् ?]

लवः — नहि ।

कौसल्या — तदो कस्स तुमं ? [ततः कस्य त्वम् ?]

लवः — भगवतो वाल्मीकेः ।

कौसल्या — अयि जाद, कहिदव्वं कहेहि । [अयि जात, कथयितव्यं कथय ।]

लवः — एतावदेव जानामि ।

---

२२ वत्सा–दीकरी, सीता. કહેવા સરખું કહે – કેમકે વાલ્મીકિ ઋષિ તો નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. ઓળખ-અભિજ્ઞાન-નો પ્રયત્ન ચાલી રહ્યો છે ત્યાં તેમાં મદદરૂપ થનાર તત્ત્વ-ચંદ્રકેતુનું આગમન – ઉમેરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો આનું મોં વત્સ જાનકી વધૂના મુખચંદ્રને ખરે જ મળતું આવે છે?

જનક — જોઉં છું, સખી, જોઉં છું.

કૌસલ્યા — અહો! ઉન્મત્ત થઈ ગયું હોય એમ મારું હૃદય જેમ તેમ લવારા કરે છે!

જનક —

વત્સાની વળી રામનીય સઘળી આ બાળમાં સૂચિત
સંપૂર્ણ પ્રતિબિંબ જેવી થતી હા! તે આકૃતિ, તે દ્યુતિ;
તે વાણી, વિનયે ય તે, સહજ ને પુણ્યપ્રભાવે ય એ.
રે હા! દૈવ! ધસંતું માર્ગ અવળે કાં ચિત્ત આ ચંચલ? ૨૨

કૌસલ્યા — બેટા, તારે માતા છે? અથવા તને તારા પિતા સાંભરે છે?

લવ — ના.

કૌસલ્યા — ત્યારે તું છે કોનો?

લવ — ભગવાન વાલ્મીકિનો

કૌસલ્યા — બેટા, કહેવા સરખું કહે.

લવ — એટલું જ જાણું છું.

'વત્સે કથામાં પ્રવીણતા દાખવી!' એમ અરુન્ધતી મરકાઈને કહે છે. લવ કાંઈક બટકબોલો અને જરીક ચાવળો લાગે છે. એથી તો એની પાસેથી બધી વીગતો કઢાવવી સુકર છે. લવ અને કુશનાં પાત્રો તરત જુદાં પડી આવે છે. કુશ છઠ્ઠા અંકમાં માંડ ગણતર ઉક્તિઓ બોલે છે. એના મૌનમાં ગંભીરતા છે અને ધાંધલ વગરનું સ્થિર ક્ષાત્રતેજ છે. લવ હજી તરત છંછેડાઈ ઊઠે એવો ઉછાંછળો છે. ચોથો અંક પૂરો થાય ત્યાં સુધીમાં યુદ્ધમાં ઊતરતાં એને મુશ્કેલી પડતી નથી. ચંદ્રકેતુ લક્ષ્મણનો પુત્ર છે એમ જણ્યા પછી એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[नेपथ्ये]

भो भोः सैनिकाः, एष खलु कुमारश्चन्द्रकेतुराज्ञापयति न केनचिदाश्रमाभ्यर्णभूमय आक्रमितव्या इति !

अरुन्धतीजनकौ — अये, मेध्याश्वरक्षाप्रसङ्गादुपागतो वत्सश्चन्द्रकेतुर्द्रष्टव्य इत्यहो सुदिवसः !

कौसल्या — वच्छलक्खणस्स पुत्तओ आणवेदि त्ति अमियबिंदुसुन्दराइं अक्खराइं सुणीअन्दि । [वत्सलक्ष्मणस्य पुत्रक आज्ञापयतीत्यमृतबिन्दुसुन्दराण्यक्षराणि श्रूयन्ते ।]

लवः — आर्य, क एष चन्द्रकेतुर्नाम ?

जनकः — जानासि रामलक्ष्मणौ दाशरथी ?

लवः — एतावेव रामायणकथापुरुषौ ।

जनकः — अथ किम् !

लवः — तत्कथं न जानामि ?

जनकः — तस्य लक्ष्मणस्यायमात्मजश्चन्द्रकेतुः ।

लवः — ऊर्मिलायाः पुत्रस्तर्हि मैथिलस्य राजर्षेर्दौहित्रः !

अरुन्धती — (विहस्य) आविष्कृतं कथाप्रावीण्यं वत्सेन !

जनकः — (विचिन्त्य) यदि त्वमीदृशः कथायामभिज्ञस्तद् ब्रूहि तावत्पृच्छामस्तेषां दशरथस्य पुत्राणां कियन्ति किंनामधेयान्यपत्यानि केषु दारेषु प्रसूतानि ।

વિષે લવ પૂછે છે અને પાછો રામલક્ષ્મણને 'તો પછી હું કેમ ન ઓળખું ?' એમ કહે છે તેમાં કવિની અસંગતિ નથી, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[નેપથ્યે]

રે ઓ સૈનિકો, કુમાર ચન્દ્રકેતુ આજ્ઞા કરે છે કે કોઈએ આશ્રમ પડખેની ભૂમિ પર આક્રમણ કરવું નહીં.

અરુન્ધતી અને જનક — અરે, યજ્ઞના ઘોડાની રક્ષાને કારણે આવી પહોંચેલા વત્સ ચંદ્રકેતુને મળાશે!—કેવો સુદિવસ!

કૌસલ્યા — વત્સ લક્ષ્મણનો પુત્ર આજ્ઞા કરે છે — એ સુંદર શબ્દો તો કાનમાં અમૃતબિંદુ જેવા પડે છે.

લવ — આર્ય, કોણ છે એ ચંદ્રકેતુ?

જનક — દશરથના પુત્ર રામલક્ષ્મણને ઓળખે છે?

લવ — તે બે જ તો રામાયણકથાના નાયકો છે.

જનક — એ જ.

લવ — તો પછી હું કેમ ન ઓળખું?

જનક — એ લક્ષ્મણનો પુત્ર આ ચંદ્રકેતુ.

લવ — ત્યારે તો ઊર્મિલાનો પુત્ર અને મિથિલાધિપતિ રાજર્ષિનો દૌહિત્ર!

અરુન્ધતી — (હસીને) વત્સે કથામાં પ્રવીણતા દાખવી!

જનક — જો તું કથાનો આવો જાણકાર છે તો બોલ જો જરી! અમે પૂછીએ છીએ કે દશરથના દીકરાઓનાં કેટલાં અને શા શા નામનાં સંતાનો છે અને કઈ કઈ પત્નીઓથી જન્મેલાં છે.

આવા ચતુર (સ્માર્ટ) બાળકો પોતે જ કેવા બનતા હોય છે તેનું આ એક હૃદ્ય દૃષ્ટાન્ત છે. પોતાના હાથે લખેલો — આમ તો કવિ બીજાને લખાવે, પણ આ ભાગ ગુપ્ત રાખવાનો હોઈ પોતે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लवः — नायं कथाविभागोऽस्माभिरन्येन वा श्रुतपूर्वः ।

जनकः — किं न प्रणीतः कविना ?

लवः — प्रणीतो न प्रकाशितः । तस्यैव कोऽप्येकदेशः सन्दर्भान्तरेण रसवानभिनेयार्थः कृतः । तं च स्वहस्तलिखितं मुनिर्भगवान्व्यसृजद्भगवतो भरतस्य तौर्यत्रिकसूत्रकारस्य ।

जनकः — किमर्थम् ?

लवः — स किल भगवान्भरतस्तमप्सरोभिः प्रयोजयिष्यतीति ।

जनकः — सर्वमिदमस्माकमाकूतकरम् ।

लवः — महती पुनस्तस्मिन्भगवतो वाल्मीकेरास्था ! यतः केषांचिदन्तेवासिनां हस्तेन तत्पुस्तकं भरताश्रमं प्रति प्रेषितम् । तेषामनुयात्रिकश्चापपाणिः प्रमादापनोदनार्थमस्मद्भ्राता प्रेषितः ।

कौसल्या — जाद, भादा वि दे अत्थि ? [जात, भ्रातापि तेऽस्ति ?]

लवः — अस्त्यार्यः कुशो नाम ।

कौसल्या — जेट्ठो त्ति भणिदं होदि । [ज्येष्ठ इति भणितं भवति ।]

लवः — एवमेतत् । प्रसवक्रमेण स किल ज्यायान् ।

जनकः — किं यमजावायुष्मन्तौ ?

लवः — अथ किम् ।

લખ્યો. તે ભાગ 'અન્તેવાસીઓ' સાથે મોકલ્યો. એક અન્તેવાસી સાથે મોકલે તો કદાચ તેની ગુપ્તતા ન જળવાય. કુશને સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવ — કથાનો આ ભાગ ન તો મારાથી, ન કોઈ અન્યથી, અગાઉ સાંભળવામાં આવ્યો છે.

જનક — શું કવિએ રચ્યો નથી?

લવ — રચ્યો છે, પ્રગટ કર્યો નથી. તેનો જ કોઈ એક રસભર્યો અંશ ભજવી શકાય એવા અન્ય પ્રબંધરૂપે યોજ્યો છે અને તેને પોતાને હાથે લખીને મુનિ ભગવાને નાટ્યસૂત્રકાર ભરતને મોકલ્યો છે.

જનક — શા માટે?

લવ — કહે છે કે તે ભગવાન ભરત એને અપ્સરાઓ પાસે ભજવાવે એટલા માટે.

જનક — આ બધું અમને કૌતૂહલ ઉપજાવનારું છે.

લવ — વળી તેની ઉપર ભગવાન વાલ્મીકિને બહુ મોટી આસ્થા છે. કેટલાક અંતેવાસીઓને હાથે તે પુસ્તક ભરતાશ્રમે મોકલવામાં આવ્યું છે. તેમના વોળાવા તરીકે વિઘ્ન નિવારવા માટે હાથમાં ધનુષ્યવાળા મારા ભાઈને મોકલેલા છે.

કૌસલ્યા — બેટા, તે તારે ભાઈ પણ છે કે?

લવ — છે. આર્ય કુશ નામે.

કૌસલ્યા — મોટો ભાઈ છે એમ ને?

લવ — હા. કહે છે કે, પ્રસવક્રમ પ્રમાણે તે મોટાભાઈ છે.

જનક — તમે બે આયુષ્માન જોડિયા ભાઈ છો?

લવ — હા.

મોકલ્યો તે એટલા માટે કે એ લેખ શિષ્યો પાસેથી ચૂંટવાઈને બીજાઓના હાથમાં પડે ને તેની ગુપ્તતા તૂટે એવો પ્રસંગ જ ન આવે. તૌર્યત્રિક તૂર્ય (એટલે ઢોલ) સાથે ચાલતી ત્રણ વસ્તુઓ નૃત્ય, ગીત અને વાદ્ય એટલે કે નાટ્ય. ભરતનું અત્યારે નાટ્યશાસ્ત્ર મળે છે તે

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जनकः — वत्स, कथय कथाप्रबन्धस्य कीदृशः पर्यन्तः ।

लवः — अलीकपौरापवादोद्विग्नेन राज्ञा निर्वासितां देवीं देवयजनसंभवां सीतामासन्नप्रसववेदनामेकाकिनीमरण्ये परित्यज्य लक्ष्मणः प्रतिनिवृत्त इति ।

कौसल्या — हा वच्छे मुद्धचन्दमुहि, को दाणिं दे सरीरकुसुमस्स झत्ति देव्वदुव्विलासपरिणामो एक्काइणीए निवडिदो ? [हा वत्से मुग्धचन्द्रमुखि, क इदानीं ते शरीरकुसुमस्य झटिति दैवदुर्विलासपरिणाम एकाकिन्या निपतितः ?]

जनकः — हा वत्से,

नूनं त्वया परिभवं च वनं च घोरं
तां च व्यथां प्रसवकालकृतामवाप्य ।
क्रव्याद्गणेषु परितः परिवारयत्सु
संत्रस्तया शरणमित्यसकृत्स्मृतोऽस्मि ॥ २३ ॥

लवः — (अरुन्धतीं प्रति) आर्ये, कावेतौ ?

अरुन्धती — इयं कौसल्या । अयं जनकः ।

[लवः सबहुमानखेदकौतुकं पश्यति ।]

जनकः — अहो दुर्मर्यादता पौराणाम् ! अहो रामस्य राज्ञः क्षिप्रकारिता !

एतद्वैशसघोरवज्रपतनं शश्वन्ममोत्पश्यतः
क्रोधस्य ज्वलितुं धगित्यवसरश्चापेन शापेन वा ।

મુખ્યત્વે શ્લોકબદ્ધ છે. ભવભૂતિના ખ્યાલમાં ભરતનાં નાટ્યવિષયક સૂત્રો હોય એમ લાગે છે. આસ્થા-કાળજી, હોંસ. તારે ભાઈ પણ છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનક — કહે, કથાની રચના ક્યાં સુધી થઈ છે.

લવ — પુરજનોની ખોટી નિંદાથી ઉદ્વેગ પામેલા રાજાએ દેશપાર કરેલી, દેવોની યજ્ઞભૂમિમાંથી ઉદ્ભવેલી, અને જેની પ્રસવવેદના પાસે આવી લાગી છે એવી સીતાદેવીને અરણ્યમાં એકલી છોડી દઈને લક્ષ્મણ પાછા વળ્યા, — ત્યાં સુધી.

કૌસલ્યા — હા, મુગ્ધ ચંદ્રમુખી વત્સા! પછી તારી એકલીના શરીરકુસુમનું એકાએક દૈવની દુષ્ટ લીલાને કારણે શું થયું હશે?

જનક — હા વત્સે!

તેં ત્રાસી ઊડી, અપમાન, અરણ્ય ઘોર,
ને તે વ્યથા પ્રસવકાલ સમેની પામી,
ને માંસભક્ષક પશુથી વીંટાઈ, 'રક્ષો'
—બોલી સ્મર્યો બહુ હશે મુજને નિશંક. ૨૩

લવ — (અરુન્ધતીને) આર્યે, આ બંને કોણ છે?

અરુન્ધતી — આ કૌસલ્યા, આ જનક.

[લવ બહુમાન, ખેદ અને કૌતુકથી જુએ છે.]

જનક — અહો પુરવાસીઓનું અમર્યાદપણું! અહો એ રાજા રામનું ઉતાવળાપણું!

તે હિંસા થઈ ઘોર વજ્ર પડતાં, નિત્યે લહું; વેળ આ,
આવી ધગધગ ક્રોધને પ્રજળવા ચાપેથી શાપેથી વા.

—કૌસલ્યાને કાંઈક આશા બંધાઈ હતી તે તૂટી પડી. એ પુત્રની માતા તે સીતા નહિ, કોઈક બીજી હશે. પણ જોડિયા ભાઈ હોવાનું જાણવા મળતાં ફરી સીતાનો ખ્યાલ પાકો થયો હશે. કથાની રચના—ભવભૂતિના ખ્યાલ પ્રમાણે વાલ્મીકિએ ઉત્તરકાંડ—ઓછામાં ઓછો સીતાત્યાગ સુધી—રચેલો. ૨૩ વર્ણને બદલે નવું પાડ પ્રમાણે 'અપમાન નવીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कौसल्या — (सभयकम्पम्) भअवदि, परित्ताहि, परित्ताहि । पसादेहि कुविदं राएसिं । [भगवति, परित्राहि, परित्राहि । प्रसादय कुपितं राजर्षिम् ।]

अरुन्धती —

एतद्धि परिभूतानां प्रायश्चित्तं मनस्विनाम् ।
राजन्नपत्यं रामस्ते पाल्याश्च कृपणा प्रजाः ॥ २४ ॥

जनकः —

शान्तं वा रघुनन्दने तदुभयं यत्पुत्रभाण्डं हि मे
भूयिष्ठद्विजबालवृद्धविकलस्त्रैणश्च पौरो जनः ॥ २५ ॥

[प्रविश्य]

संभ्रान्ता बटवः — कुमार कुमार, अश्वोऽश्व इति कोऽपि भूतविशेषो जनपदेषु श्रूयते, सोऽयमधुनास्माभिः प्रत्यक्षीकृतः ।

लवः — अश्वोऽश्व इति नाम पशुसमाम्नाये सांग्रामिके च पठ्यते । तद्भूत कीदृशः ।

बटवः — श्रूयताम् —

पश्चात्पुच्छं वहति विपुलं तच्च धूनोत्यजस्रं
दीर्घग्रीवः स भवति खुरास्तस्य चत्वार एव ।
शष्पाण्यत्ति प्रकिरति शकृत्पिण्डकानाम्रमात्रा-
न्किं व्याख्यातैर्व्रजति स पुनर्दूरमेह्येहि यामः ॥ २६ ॥

[उपसृत्याजिने हस्तयोश्चाकर्षन्ति ।]

घोर'. નવું જ અપમાન કેમકે આવું અપમાન પહેલાં કોઈએ કર્યું ન હતું. २५ (पूर्वार्ध) નિત્યે લહું – સદા વારંવાર જોઉં, અનુભવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૌસલ્યા — (ભયની ધ્રુજારી સાથે) ભગવતી, રક્ષા કરો, રક્ષા કરો. રોષે ભરાયેલા રાજર્ષિને પ્રસન્ન કરો!

અરુન્ધતી —

પ્રાયશ્ચિત્ત કરે એવું વિમાનિત મનસ્વીઓ.
રાજન્! રામ તમ છોરુ, રક્ષી રાંક પ્રજા ઘટે. ૨૪

જનક —

કે એકે રઘુનંદને નવ હજો!—જે પુત્ર-મૂડી મુજ.
ને પૌરો બહુશઃ દ્વિજો જરઠ ને સ્ત્રીબાલપંગુ સમા. ૨૫

[પ્રવેશીને]

હાંફળાફાંફળા બટુઓ — કુમાર, કુમાર! 'અશ્વ' 'અશ્વ' એવું કોઈક વિશિષ્ટ પ્રાણી જનપદોમાં કહેવાય છે, તે આ હમણાં અમે પ્રત્યક્ષ જોયું.

લવ — 'અશ્વ' 'અશ્વ' એવું પશુઓના તેમ જ સંગ્રામની વસ્તુઓના નામસંગ્રહમાં વાંચવામાં આવે છે. તે કહો તો, કેવોક છે?

બટુઓ — સાંભળ:

પૂંઠે ધારે વિપુલ પૂછડું, ને હલાવ્યા કરે તે,
લાંબી ગ્રીવા થકી સુહત, ને છે ખરી ચાર પૂરી,
જીવે ખાઈ તૃણ, વળી કરે લાદ કેરી-શી ગોળ;
વણું કાં? ઓ, ચલ તું, જઈ એ, દૂર ચાલ્યો જશે એ. ૨૬

[પાસે આવીને મૃગચર્મ અને હાથ ઝાલીને ખેંચે છે.]

ક્રું. ૨૪ કેટલાક આ શ્લોકની પ્રથમ પંક્તિ લવના મુખમાં મૂકે છે. લવ બટકબોલો છે, પણ એનામાં સહજ વિનય અને સંમાનબુદ્ધિ છે એ જોતાં ભાગ્યે જ એ મોટાંઓની આવી વાતમાં વચ્ચે પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लवः — (सकौतुकोपरोधविनयम्) आर्याः पश्यत ! एभिर्नीतोऽस्मि । (इति त्वरितं परिक्रामति ।)

अरुन्धतीजनकौ — पूरयतु कौतुकं वत्सः ।

कौसल्या — भअवदि, जाणामि तं अणवेक्खंती वंचिदा विअ । ता इदो अण्णदो भविअ पेक्खम्ह दाव पलाअंतं दीहाउं । [भगवति, जानामि तमनवेक्षमाणा वञ्चितेव । तस्मादितोऽन्यतो भूत्वा प्रेक्षामहे तावत्पलायमानं दीर्घायुषम् ।]

अरुन्धती — अतिजवेन दूरमतिक्रान्तः स चपलः कथं दृश्यते ?

[प्रविश्य]

कञ्चुकी — भगवान्वाल्मीकिराह ज्ञातव्यमेतदवसरे भवद्भिरिति ।

जनकः — अतिगम्भीरमेतत्किमपि ! भगवत्यरुन्धति, सखि कौसल्ये, आर्य गृष्टे, स्वयमेव गत्वा भगवन्तं प्राचेतसं पश्यामः ।

[इति निष्क्रान्तो वृद्धवर्गः ।]

[प्रविश्य]

बटवः — पश्यतु कुमारस्तदाश्चर्यम् ।

लवः — दृष्टमवगतं च, नूनमाश्वमेधिकोऽयमश्वः !

बटवः — कथं ज्ञायते ?

लवः — ननु मूर्खाः, पठितमेव हि युष्माभिरपि तत्काण्डम् । किं न पश्यथ, 'प्रत्येकं शतसंख्याः कवचिनो दण्डिनो

વિમાનિત૦– અપમાન પામેલા મહાજનો. રક્ષી ઘટે –ની રક્ષા કરવી જોઈએ. ૨૫ (ઉત્તરાર્ધ) જે પુત્ર-મૂડી મુજ – જે મારી પુત્રરૂપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવ — (કૌતુક, અવશતા અને વિનયથી) આર્યજનો, જુઓને, આ લોકો મને ઘસડી જાય છે.

[ત્વરાથી પરિક્રમણ કરે છે.]

અરુન્ધતી અને જનક — વત્સ, તારું કૌતુક શમાવ.

કૌશલ્યા — ભગવતી, એને ન જોઈ શકતાં મને થાય છે કે મારું કાંઈ હરાઈ ગયું. માટે અહીંથી બીજે ઠેકાણે જઈને એ દીર્ઘાયુને દોડી જતો જોઈએ.

અરુન્ધતી — છેટે નીકળી ગયેલો એ ચપળ બાળક કેમ કરી દેખાશે?

[પ્રવેશીને]

કંચુકી — ભગવાન વાલ્મીકિ કહે છે કે અવસર ઉપર આપ સૌ એ જાણશો.

જનક — તે કાંઈક બહુ ગંભીર વાત હશે. ભગવતી અરુન્ધતી, સખી કૌસલ્યા, આર્ય ગૃષ્ટિ, આપણે જાતે જ જઈને ભગવાન પ્રાચેતસને મળીએ.

[વૃદ્ધ વર્ગ જાય છે.]

[પ્રવેશીને]

બટુઓ — કુમાર આ આશ્ચર્ય જુઓ!

લવ — જોયું અને જાણ્યું ય તે! અશ્વમેધનો ઘોડો આ તો લાગે છે.

બટુઓ — શી રીતે જાણ્યું?

લવ — કેમ, મૂર્ખાઓ, તમે પણ પેલા કાણ્ડમાં ભણ્યા તો છો! કેમ, જોતા નથી કે 'એને કવચ પહેરેલા, દંડ ધારણ કરનારા અને ભાથાંવાળા સો સો રક્ષકો હોય છે?' આ

સકળ મૂકી છે. અને નગરજનો એટલે તો ઘણેભાગે બ્રાહ્મણો, વૃદ્ધો, સ્ત્રીઓ, પાંગળાંઓ અને બાળકો જ. એમની ઉપર વિનાશ ઉતારવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

निषङ्गिणश्च रक्षितारः'? तत्प्रायमेव बलमिदं दृश्यते । यदीह न प्रत्ययस्तद्गत्वा पृच्छत ।

बटवः — भो भोः, किंप्रयोजनोऽयमश्वः परिवृतः पर्यटति ?

लवः — (सस्पृहमात्मगतम्) अश्वमेध इति नाम विश्वजयिनां क्षत्रियाणामूर्जस्वलः सर्वक्षत्रपरिभावी महानुत्कर्षनिकषः ।

[नेपथ्ये]

योऽयमश्वः पताकेयमथवा वीरघोषणा ।
सप्तलोकैकवीरस्य दशकण्ठकुलद्विषः ॥ २७ ॥

लवः — (सव्यथमिति) अहो संदीपनान्यक्षराणि !

बटवः — किमुच्यते ? प्राज्ञः खलु कुमारः ।

लवः — भो भोः, तत्किमक्षत्रिया पृथिवी यदेवमुद्घोष्यते ?

[नेपथ्ये]

रे रे, महाराजं प्रति कुतः क्षत्रियाः ?

लवः — विग्जाल्मान् !

यदि ते सन्ति सन्त्वेव केयमद्य त्रिभीषिका ।
किमुक्तैरेभिरधुना तां पताकां हरामि वः ॥ २८ ॥

भो बटवः, परिवृत्य लोष्टैरभिघ्नन्तो नयतैनमश्वम् । एष रोहितानां मध्ये वराकश्चरतु ।

શું ? જનક અન્યની સાથે બાળકો ઉપર પણ કૂંણપ દાખવે છે ત્યાં એકાએક બાળકોનું ટોળું ધસી આવે છે એ સંધિ આહ્લાદક છે. અહીં અભિજ્ઞાન અંગેનો તંતુ આગળ ચાલે છે. સીતા માટેની કૌસલ્યાની અત્યંત સચિંતતા, જનકનો રામ પ્રત્યેનો કોમળભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૈન્ય એટલું જ જણાય છે. જો મારી વાતમાં વિશ્વાસ ન બેસતો હોય તો જઈને પૂછો.

બટુઓ — અરે ઓ! આ ઘોડો ચારેગમ રક્ષકોથી વીંટળાઈને શા સારુ રખડે છે?

લવ — (સ્પૃહાથી, આત્મગત) અહો! અશ્વમેધ એટલે વિશ્વ-વિજયી ક્ષત્રિયોની, સર્વ ક્ષત્રિયોનું પાણી ઉતારી દેતી, એમના ઉત્કર્ષની મોટી જ્વલંત કસોટી છે.

[નેપથ્યમાં]

જે આ અશ્વ, પતાકા તે અથવા વીરઘોષણા
સપ્તલોકે એકવીર દશકંઠ-કુલારિની. ૨૭

લવ — (જાણે વ્યથાથી) અહો! સળગાવી મૂકે એવા શબ્દો છે!

બટુઓ — શું કહેવું? કુમાર બુદ્ધિમાન તો ખરો!

લવ — અરે ઓ! તે શું પૃથ્વી નક્ષત્રી થઈ ગઈ છે કે આમ બોલો છો?

[નેપથ્યમાં]

અરે, મહારાજની સામે ક્ષત્રિયો કેવાક?

લવ — ધિક્ અધમોને!

હોય જો તે, છો રહ્યા તો! શી વળી એ ડરામણી?
શબ્દો આ શીદ! હું હાવાં તમારો હરું તે ધ્વજ. ૨૯

ઓ બટુઓ, એ ઘોડાને ઘેરી વળીને ઢેકાં મારતા મારતા લઈ જાઓ. બિચારો રોહિતમૃગોની સાથે છો ચરી ખાતો.

અરુન્ધતીની સીતા માટેની સંમાનબુદ્ધિ એ બધાં વસિષ્ઠે જેને 'કલ્યાણમય પરિણામ' કહ્યું છે તે માટે જરૂરી તત્ત્વોનો પરિચય થઈ રહેતાં વૃદ્ધોને હવે વિદાય દેવામાં આવે છે. ૨૬-કેમ મૂર્ખાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[प्रविश्य]

सक्रोधदर्पः पुरुषः — धिक्चपल ! किमुक्तवानसि ? तीक्ष्णनीरसा ह्यायुधीयश्रेणयः शिशोरपि दृप्तां वाचं न सहन्ते । राजपुत्रश्चन्द्रकेतुर्दुर्दान्तः, सोऽप्यपूर्वारण्यदर्शनाक्षिप्तहृदयो न यावदायाति तावत्त्वरितमनेन तरुगहनेनापसर्पत ।

बटवः — कुमार, कृतं कृतमनेनाश्वेन । तर्जयन्ति विस्फुरितशस्त्राः कुमारमायुधीयश्रेणयः । दूरे चाश्रमपदमितः । तदेहि, हरिणप्लुतैः पलायामहे ।

लवः — (विहस्य) किं नाम विस्फुरन्ति शस्त्राणि ! (इति धनुरारोपयन्)

ज्याजिह्वया वलयितोत्कटकोटिदंष्ट्र-
मुद्गारिघोरघनघर्घरघोषमेतत् ।
ग्रासप्रसक्तहसदन्तकवक्त्रयन्त्र-
जृम्भाविडम्बि विकटोदरमस्तु चापम् ॥ २९ ॥

[इति यथोचितं परिक्रम्य निष्क्रान्ताः सर्वे ।]

इति महाकविश्रीभवभूतिविरचित उत्तररामचरिते
कौसल्याजनकयोगो नाम चतुर्थोऽङ्कः ।

લવ આમ કહે છે પણ યજ્ઞના ઘોડાની વાત એણે તો વૃદ્ધો પાસે હતો ત્યાં સાંભળેલી. લવના સ્વભાવદર્શનનો સારો નમૂનો. २७ दश-कंठकुलारिनी–રાવણના કુલના શત્રુ રામની. २८ હોય જો તે०–તે રાજા રામ એવા બધા હોય તો છો રહ્યા. सन्त्येव લેતાં 'હોય જો તે, છે જ તો તે.' જો એ એવા બધા હોય, તો તે છે. એથી શું ? પાઠાન્તરઃ यदि नो सन्ति, सन्त्येव–'જો નથી તો છે જ છે તે'. ક્ષત્રિયો નથી એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પ્રવેશીને]

ક્રોધાવિષ્ટ, દર્પભર્યો પુરુષ — છટ્ ઉત્પાતિયા! શું બોલ્યો તું? તીખા નિર્દય શસ્ત્રધારીઓની લંગારો બાળકની પણ ગર્વીલી વાણીને સહન કરતી નથી. મુશ્કેલીથી જેને દબાવી શકાય એવા રાજપુત્ર ચંદ્રકેતુના હૃદયને પૂર્વ તરફના અરણ્યને નિહાળવાનું કુતૂહલ વળગ્યું છે, તે આવી પહોંચે એ પહેલાં ઝટઝટ આ ઘાડી ઝાડી પાછળ થઈને સરકી જાઓ.

બટુઓ — કુમાર, ધર્યો રહ્યો ત્યારે એ ઘોડો! ચમકારા મારતાં શસ્ત્રોવાળી આયુધધારીઓની હારોની હારો કુમારને ડારી રહી છે. અને અહીંથી આશ્રમ તો છે દૂર. તો આવ, હરણ ફાળે અગિયારા ગણી જઈએ.

લવ — (હસીને) શું! શસ્ત્રો ચમકારા મારે છે એમ કે? (ધનુષ્ય ચઢાવીને)

વીંટી તીખા પણછ-જીભથી કોટિ-દંત,
ઉદ્ગારી રહેતું ઘનઘર્ઘર ઘોર ઘોષ,
ગ્રાસે મચ્યા હસત અંતકવક્ત્રયંત્ર–
જૃંભા સમાન વિકટોદર હો ધનુષ્ય! ૨૯

[યથાયોગ્ય રીતે આમતેમ પરિક્રમણ કરીને સૌ જાય છે.]

કૌસલ્યાજનકયોગ નામે ચોથો અંક સમાપ્ત.

કહો છો? તો હું કહું છું કે ક્ષત્રિયો છે. રોહિતમૃગ-એક જાતનો મૃગ. ૨૯ આ ધનુષ્ય કોટિ એટલે કે છેડારૂપી તીખા દાંતને પણછરૂપી જીભથી વીંટી રહેતું, વાદળના ઘર્ઘરનાદનો ઉદ્ગાર કરતું, કોળિયા ઉપર કોળિયા ભરતી વખતે હસતા અંતક(મૃત્યુ)ના મુખરૂપી યંત્રની જૃંભા જેવું-મૃત્યુમુખરૂપી યંત્ર બગાસું ખાતું હોય ને પહોળું થયું હોય એના જેવું, વિશાળ ઉદર-પોલાણવાળું-પહોળું બનો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पञ्चमोऽङ्कः ।

[नेपथ्ये]

भो भोः सैनिकाः, जातमवलम्बनमस्माकम् ।

नन्वेष त्वरितसुमन्त्रनुद्यमान-
व्यावल्गत्प्रजवितवाजिना रथेन ।
उत्खातप्रचलितकोविदारकेतुः
श्रुत्वा नः प्रधनमुपैति चन्द्रकेतुः ॥ १ ॥

[ततः प्रविशति सुमन्त्रसारथिना रथेन धनुष्पाणिः साद्भुतहर्षसंभ्रमश्चन्द्रकेतुः ।]

चन्द्रकेतुः — आर्य सुमन्त्र, पश्य पश्य !

किरति कलितकिंचित्कोपरज्यन्मुखश्री-
रविरतगुणगुञ्जत्कोटिना कार्मुकेण ।
समरशिरसि चञ्चत्पञ्चचूडश्चमूना-
मुपरि शरतुषारं कोऽप्ययं वारपोतः ॥ २ ॥

आश्चर्यमाश्चर्यम् !

मुनिजनशिशुरेकः सर्वतः सैन्यकाये
नव इव रघुवंशस्याप्रसिद्धः प्ररोहः ।
दलितकरिकपोलग्रन्थिटङ्कारघोर-
ज्वलितशरसहस्रः कौतुकं मे करोति ॥ ३ ॥

---

૧ (છંદ પ્રહર્ષિણી.) વેગભર્યા ઘોડાઓને સુમંત્ર સારથિ જલદી જલદી ચલાવે છે એટલે રસ્તે એ ઉછાળા મારે છે અને એથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક પાંચમો

[નેપથ્યે]

અરે ઓ સૈનિકો, આપણી વહાર આવી લાગી!

પ્રેરે અશ્વ જવભર્યા સુમંત્ર વેગે,
ઉછાળે તહીં ધ્વજ કોવિદાર કેરો
હાલી ઊડત, રથ એહવે ચઢી આ
આવ્યો, યુદ્ધ સુણી તમારું, ચંદ્રકેતુ. ૧

[પછી સુમંત્ર સારથિએ હાકેલા રથમાં, હાથમાં ધનુષ્યવાળો, આશ્ચર્ય, હર્ષ અને ગભરાટ ભર્યો ચંદ્રકેતુ પ્રવેશે છે.]

ચંદ્રકેતુ — આર્ય સુમંત્ર, જુઓ, જુઓ! —

રતુમડી મુખશોભા કૈંક ક્રોધે ભરાતાં,
ફરકતી તહીં ચોટી પંચ, સંગ્રામ-અગ્રે,
સતત ધનુષ કેરી કોટિએ ગુંજતી જ્યા,
દલ પર શર વર્ષા કો કરે વીરબાલ. ૨

આશ્ચર્ય! આશ્ચર્ય!

દળત કરિકપોલગ્રંથિ ટંકાર ઘોરે,
જ્વલત, શર હજારો એકલો સર્વ સૈન્યે
મુનિશિશુ વરસે, ત્યાં કૌતુકે ચિત્ત ડૂબે:
રઘુકુલ-ફણગો શું કો અજાણ્યો નવીન! ૩

એની ઉપરનો ધ્વજ હાલી ઊઠે છે. એવા રથે ચઢીને આ ચંદ્રકેતુ આવ્યો. કોવિદાર – એક જાતનું ઝાડ. ૨ રઘુકુલકુમારો પાંચ ચોટલી રાખતા. લગ્ન આમતેમ ચાલતો હોય છે તેથી ચોટીઓ ફરકે છે. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुमन्त्रः — आयुष्मन्,

अतिशयितसुरासुरप्रभावं
शिशुमवलोक्य तथैव तुल्यरूपम् ।
कुशिकसुतमखद्विषां प्रमाथे
धृतधनुषं रघुनन्दनं स्मरामि ॥ ४ ॥

चन्द्रकेतुः — मम त्वेकमुद्दिश्य भूयसामारम्भ इति हृदयमपत्रपते ।

अयं हि शिशुरेकको समरभारभूरिस्फुर-
त्कराल्करकन्दलीजटिलशस्त्रजालैर्बलैः ।
क्वणत्कनककिङ्किणीझणझणायितस्यन्दनै-
रमन्दमददुर्दिनद्विरदवारिदैरावृतः ॥ ५ ॥

सुमन्त्रः — वत्स, एभिः समस्तैरपि नालमस्य, किं पुनर्व्यस्तैः ?

चन्द्रकेतुः — आर्य, त्वर्यतां त्वर्यताम् । अनेन हि महानाश्रित-जनप्रमाथोऽस्माकमारब्धः । तथा हि —

आगर्जद्गिरिकुञ्जकुञ्जरघटानिस्तीर्णकर्णज्वरं
ज्यानिर्घोषममन्ददुन्दुभिरवैराध्मातमुज्जृम्भयन् ।
वेल्लद्भैरवरुण्डमुण्डनिकरैर्वीरो विधत्ते भुवं
तृष्यत्कालकरालवक्त्रविघसव्याकीर्यमाणामिव ॥ ६ ॥

सुमन्त्रः — (स्वगतम्) कथमीदृशेन सह वत्सस्य चन्द्रकेतोर्द्वन्द्वसंप्रहारमनुजानीमः । (विचिन्त्य) अथवा इक्ष्वाकुकुलवृद्धाः खलु वयम् । प्रत्युपस्थिते रणे च का गतिः ?

ઘોર ટંકારથી હાથીઓના ગંડસ્થળની ગાંઠોને દળી નાખતાં, સળગતાં હજારો શર મુનિબાળ વરસાવી રહ્યો છે. મૂળમાં 'વંશ' કુળ અને વાંસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુમંત્ર — આયુષ્મન્,

સુરઅસુર-પ્રભાવ ઢાંકી દેતા
લહી શિશુને, વળી તુલ્યરૂપ, યજ્ઞે
કુશિકસુત-વિરોધીઓ હણંતા
ધૃતધનુ તે રઘુનંદન સ્મરું છું. ૪

ચંદ્રકેતુ — એકલાની સામે ઘણા ઝૂઝી રહ્યા છે એથી મારા હૃદયમાં હું લજ્જા અનુભવું છું.

કરાલ કરઅંકુરે સ્ફુરત શસ્ત્રધારી દલે
વીંટાઈ, શિશુ એકલો સમરકેન્દ્રમાં શો ઊભો;
સુવર્ણ ધૂધરી રણે ઝનન સૌ રથો જ્યાં થતા,
ગજો મદ સ્રવંત દુર્દિન-ઘનો સમા જ્યાં ઝૂકયા! ૫

સુમંત્ર — વત્સ, એ સૌ સામટા એને પહોંચી વળી શકે એમ નથી, છૂટા છૂટાની તો વાત જ શી?

ચંદ્રકેતુ — આર્ય, ત્વરા કરો, ત્વરા કરો. એણે આપણા આશ્રિતજનોનો મહા સંહાર આરંભ્યો છે! વળી,

ત્રાડંતા ગિરિકુંજ કુંજરદલે કર્ણજ્વર પ્રેરતા,
ઘેરા દુંદુભિનાદ સાથ વધતા જ્યાઘોષ ફેલાવતો,
ઘાતાં ભીષણ રુંડમુંડગણથી શો વીર છાઈ દિયે
તર્પ્યાં કાલકરાલવક્ત્રથી સર્યો ગ્રાસો વડે ભૂમિને! ૬

સુમંત્ર — (સ્વગત) આની સાથે દ્વંદ્વયુદ્ધ માટે વત્સ ચંદ્રકેતુને અનુમતિ શી રીતે આપું? (વિચારીને) અથવા અમે તો ઇક્ષ્વાકુના કુળમાં ઘરડા થયા. યુદ્ધ આવી પડે ત્યારે બીજો શો માર્ગ વળી?

એ બંને અર્થમાં લઈ શકાય. ૪ (પુષ્પિતાગ્રા.) તુલ્યરૂપ – રામના જેવા રૂપવાળા. કુશિકસુત વિશ્વામિત્ર, જેમના યજ્ઞના વિરોધીઓને કુમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चन्द्रकेतुः — (साविस्मयलज्जासंभ्रमम्) हन्त धिक् ! अपावृत्तान्येव सर्वतः सैन्यानि मम ।

सुमन्त्रः — (रथवेगं निरूप्य) आयुष्मन्, एष ते वाग्विषयीभूतः स वीरः ।

चन्द्रकेतुः — (विस्मृतिमभिनीय) आर्य, किमस्य नामधेयमाख्यातमाह्वायकैः ?

सुमन्त्रः — लव इति ।

चन्द्रकेतुः —

भो भो लव महाबाहो किमेभिस्तव सैनिकैः ।
एषोऽहमेहि मामेव तेजस्तेजसि शाम्यतु ॥ ७ ॥

सुमन्त्रः — कुमार, पश्य पश्य !

विनिवर्तित एष वीरपोतः
पृतनानिर्मथनात्त्वयोपहूतः ।
स्तनयित्नुरवादिभावलीना-
मवमर्दादिव दृप्तसिंहशावः ॥ ८ ॥

[ततः प्रविशति त्वरितोद्धतपरिक्रमो लवः ।]

लवः — साधु राजपुत्र, साधु ! सत्यमैक्ष्वाकः खल्वसि । तदयं परागत एवास्मि ।

રામે હણ્યા હતા. (બાળકાંડ ૩૪.) ५ કર અંકુરે—હાથ રૂપી અંકુર-શાખાગ્ર-થી ધારણ કરેલાં સ્ફુરત—પ્રદીપ્ત શસ્ત્રોવાળાં દળોથી વીંટાઈને. હવે લવ સામે રહ્યો પણ આવી રહ્યા છે તેથી તેમની ધંટડીઓનો અવાજ. ६ ગિરિગુહામાંના હાથીઓના ટોળાને કર્ણજવર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રકેતુ — (વિસ્મય, લજ્જા અને ગભરાટ સહિત) અરે હા! બધી તરફથી મારાં સૈન્યો વિખેરાઈ ગયાં!

સુમંત્ર — (રથવેગનો અભિનય કરી) આયુષ્મન્! એ વીર આ, તારા બોલ સાંભળે એટલા અંતરે, રહ્યો.

ચંદ્રકેતુ — (વિસ્મૃતિનો અભિનય કરી) આર્ય, આપણને તેડવા આવનારાઓએ શું નામ કહ્યું હતું એનું?

સુમંત્ર — 'લવ.'

ચંદ્રકેતુ —

રે ઓ! લવ, મહાબાહુ, સૈનિકોથી તું શું લડે?
આ હું, આવ મારી સામે; તેજ તેજ વિષે શમો. ૭

સુમંત્ર — કુમાર, જો, જો!—

વળતો અહીં સૈન્યઘાત છોડી
તવ આહ્વાન સુણી કુમારવીર;
જયમ મેઘરવે, ગજાવલીને
હણતો, કેસરિબાલ ગર્વિલો કો. ૮

[પછી ત્વરિત ઉદ્ધત ચાલે લવ પ્રવેશે છે.]

લવ — ધન્ય છે, રાજપુત્ર, ધન્ય છે! તું સાચે જ ઇક્ષ્વાકુવંશનો છે. તેથી આ હું પાછો જ ફર્યો છું.

આપતા-પીડતા-અને દુંદુભિનાદ સાથે વધતા ધનુષ્ટંકારને ફેલાવતો વીર દોડતાં ધડના શિરના સમૂહ વડે ભૂમિને છાઈ દે છે. તૃપ્ત થયેલા કાળના કરાલ મોઢામાથી ભૂમિ ઉપર કોળિયા પડી જતા હોય અને એથી જાણે ભૂમિ છવાઈ ન હોય! ૭ હવે પછી આખા અંક દરમ્યાન બંને કુમારોની પરસ્પર સૌજન્યભરી વીરવૃત્તિનો જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[नेपथ्ये महान्कलकलः ।]

लवः — (सावष्टम्भं परावृत्य) आः, कथमिदानीं भग्ना अपि प्रतिनिवृत्य युद्धानुसारिणः पर्यवष्टम्भयन्ति मां चमूपतयः ! धिग्जाल्मान् !

अयं शैलाघातक्षुभितवडवावक्त्रहुतभु-
क्प्रचण्डक्रोधार्चिर्निचयकवलत्वं व्रजतु मे ।
समन्तादुत्सर्पन् घनतुमुलसेनाकलकलः
पयोराशेरोघः प्रलयपवनारफालित इव ॥ ९ ॥

[सवेगं परिक्रामति ।]

चन्द्रकेतुः — भो भोः कुमार,

अत्यद्भुतादसि गुणातिशयात्प्रियो मे
तस्मात्सखा त्वमसि यन्मम तत्तवैव ।
तत्किं निजे परिजने कदनं करोषि
नन्वेष दर्पनिकषस्तव चन्द्रकेतुः ॥ १० ॥

लवः — (सहर्षसंभ्रमं परावृत्य) अहो, महानुभावस्य प्रसन्न-कर्कशा वीरवचनप्रयुक्तिर्विकर्तनकुलकुमारस्य ! तत्किमेभिः ? एनमेव तावत्संभावयामि ।

[पुनर्नेपथ्ये कलकलः ।]

लवः — (सक्रोधनिर्वेदम्) आः, कदर्थितोऽहमेभिर्वीरसंवादविघ्न-कारिभिः पापैः । (इति तदभिमुखं परिक्रामति ।)

અનુભવ થાય છે તે હૃદ્ય છે. ૮ (औपच्छंदसिक.) સર૦ किमवेक्ष्य फलं पयोधरान्ध्वनतः प्रार्थयते मृगाधिपः । કિરાત૦ ૨-૨૧. ૯ તે સેનાનો અવાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[નેપથ્યમાં ભારે ઘોંઘાટ.]

લવ — (તોરથી પાછો ફરીને) આઃ! શું ટુકડીઓના નાયકોને ભગાડી મૂક્યા હતા છતાં હવે પાછા ફરીને તેઓ યુદ્ધ માટે મારો પીછો પકડીને મને રોકવા કરે છે? ધિક્કાર છે અધમોને!

થતો શૈલાઘાતે ક્ષુભિત વડવા વહ્નિ ત્યમ આ
તીખી ક્રોધજ્વાલા સકલ મુજ, ત્યાં ગ્રાસ બનજો
સ્ફુરંતો ચોપાસે ઘન તુમુલ સેનાકલકલ,
સમુદ્રે કલ્લોલ પ્રલયપવને પ્રેરિત યથા. ૯

[વેગથી પરિક્રમણ કરે છે.]

ચંદ્રકેતુ — અરે ઓ કુમાર,

અત્યદ્ભુતે, પ્રિય, ગુણાતિશયે તું વ્હાલો,
તેથી સખા મુજ તું; જે મુજ, તારું તે સૌ.
સંહારતો પરિજનો નિજનાં પછી કાં?
છે આ કસોટી તવ દર્પની ચંદ્રકેતુ. ૧૦

લવ — (હર્ષ અને ક્ષોભથી પાછો ફરી) અહો, મહાનુભાવ સૂર્યકુલકુમાર કેવી પ્રસન્ન કર્કશ વીરવાણી પ્રયોજે છે! તો પછી આ લોકોનું શું કામ છે? એનો જ સત્કાર કરું.

[ફરી નેપથ્યમાં ઘોંઘાટ.]

લવ — (ક્રોધ અને નિર્વેદથી) આઃ, વીરોના સંવાદમાં વિઘ્ન કરતા આ પાપીઓથી હું કાઈ ગયો!

શૈલાઘાતથી ક્ષુભિત થયેલા વડવાગ્નિ સમી મારી પ્રચંડ ક્રોધજ્વાલાઓ છે તેમાં ગ્રાસ બનજો–કોળિયાની પેઠે હડપ થઈ જજો, લોપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चन्द्रकेतुः — आर्य, द्रष्टव्यमेतत् ।

दर्पेण कौतुकवता मयि बद्धलक्ष्यः
पश्चाद्बलैरनुसृतोऽयमुदीर्णधन्वा ।
द्वेधा समुद्धतमरुत्तरलस्य धत्ते
मेघस्य माघवतचापधरस्य लक्ष्मीम् ॥ ११ ॥

सुमन्त्रः — कुमार एवैनं द्रष्टुमपि जानाति । वयं तु केवलं परवन्तो विस्मयेन ।

चन्द्रकेतुः — भो भो राजानः,

संख्यातीतैर्द्विरदतुरगस्यन्दनस्थैः पदाता-
वत्रैकस्मिन्कवचनिचितैर्मध्यचर्मोत्तरीये ।
कालज्येष्ठैरभिनववयःकाम्यकाये भवद्भि-
र्योऽयं बद्धो युधि परिकरस्तेन धिग्वा धिगस्मान् ॥ १२ ॥

लवः — (सोन्माथम्) आः, कथमनुकम्पते नाम ! (विचिन्त्य) भवतु । कालहरणप्रतिषेधाय जृम्भकास्त्रेण तावत्सैन्यानि संस्तम्भयामि । (इति ध्यानं नाटयति ।)

सुमन्त्रः — तत्किमकस्मादस्मत्सैन्यघोषः प्रशाम्यति ?

लवः — पश्याम्येनमधुना प्रगल्भम् ।

सुमन्त्रः — (ससंभ्रमम्) वत्स, मन्ये कुमारकेणानेन जृम्भकास्त्रमा-मन्त्रितमिति ।

પામજો; જેમ પ્રલયપવને ઉઠાવેલું સમુદ્રનું મોજું વડવાગ્નિમાં હડપ થઈ જાય તેમ. १० – प्रसन्नकर्कश, કેમકે છેલ્લી લીટીમાં કર્કશતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[તે લોકોની સામે પરિક્રમણ કરે છે.]

ચંદ્રકેતુ — આર્ય, જુઓ, જોવા જેવું છે:

તે દર્પકૌતુકભર્યા તણું લક્ષ્ય તો હું;
ત્યાં, સૈન્ય પૂંઠળ પડ્ય, નિજ ચાપ ખેંચે.
શોભા ધરે તરલ ઇન્દ્રધનુષ્યવંતા
બે બાજુ વાયુ થકી હીંચત મેઘની તે. ૧૧

સુમંત્ર — કુમાર જ એને નીરખી પણ જાણે છે. અમે તો કેવળ વિસ્મયથી જ પરવશ છીએ.

ચંદ્રકેતુ — અરે ઓ નૃપતિઓ,

એ એકાકી, અગણિત તમે; એહ પાળો, તમે સૌ
હાથી ઘોડા રથ પર; તમે પ્રૌઢ, એ બાળ કૂંણો;
ધારો અંગે કવચ, સુહતો મેધ્ય ચર્મોત્તરીયે;
ઝૂઝો બાંધી કટિ, ધિક તમોને! અને ધિક્ મનેયે! ૧૨

લવ — (અણગમાથી) છટ્! શું મારી પર દયા લાવે છે? (વિચારીને) ભલે. તો સમય ન બગડે તે માટે જૃંભકાસ્ત્ર વડે સૈન્યોને જરી નિશ્ચેતન કરી દઉં. (ધ્યાનનો અભિનય કરે છે.)

સુમંત્ર — ભલા, આપણા સૈન્યનો ઘોષ એકાએક શી રીતે શમી ગયો?

લવ — હવે એ પ્રગલ્ભ વીરને મળું.

સુમંત્ર — (ગભરાટથી) વત્સ, મને લાગે છે કે આ કુમારે જૃંભકાસ્ત્ર આમંત્ર્યું છે.

હતી. કાઈ ગયો – કંટાળી ગયો. ૧૧ સુંદર વર્ણન ૧૨ મેધ્ય૦ – પવિત્ર મૃગચર્મ શરીરના ઉપરના ભાગમાં છે, બાકી ઉઘાડે ડિલે છે. પ્રગલ્ભ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चन्द्रकेतुः — अत्र कः संदेहः ?

व्यतिकर इव भीमस्तामसो वैद्युतश्च
प्रणिहितमपि चक्षुर्ग्रस्तमुक्तं हिनस्ति ।
अथ लिखितमिवैतत्सैन्यमस्पन्दमास्ते
नियतममितवीर्यं जृम्भते जृम्भकास्त्रम् ॥ १३ ॥

आश्चर्यमाश्चर्यम् !

पातालोदरकुञ्जपुञ्जिततमःश्यामैर्नभो जृम्भकै-
रुत्तप्तस्फुरदारकूटकपिलज्योतिर्ज्वलद्दीप्तिभिः ।
कल्पाक्षेपकठोरभैरवमरुद्व्यस्तैरवस्तीर्यते
मीलन्मेघतडित्कडारकुहरैर्विन्ध्याद्रिकूटैरिव ॥ १४ ॥

सुमन्त्रः — कुतः पुनरस्य जृम्भकाणामागमः स्यात् ?

चन्द्रकेतुः — भगवतः प्राचेतसादिति मन्यामहे ।

सुमन्त्रः — वत्स, नैतदेवमस्त्रेषु, विशेषतो जृम्भकेषु । यतः

कृशाश्वतनया ह्येते कृशाश्वात्कौशिकं गताः ।
अथ तत्संप्रदायेन रामभद्रे स्थिता इति ॥ १५ ॥

चन्द्रकेतुः — अपरेऽपि प्रचीयमानसत्त्वप्रकाशाः स्वयं सर्वं मन्त्रदृशः पश्यन्ति ।

सुमन्त्रः — वत्स, सावधानो भव ! परागतस्ते प्रतिवीरः !

બહાદુર. ૧૩ જાણે ચિત્રમાં આળેખેલું હોય એમ સૈન્ય હાલ્યાચાલ્યા વગર ઊભું છે. ૧૪ પાતાલની ગુહારૂપી કુંજમાં ઢગલો થયેલાં તિમિરો જેવાં શ્યામ અને ગાળેલા પિત્તળની ગાળવાને લીધે ઝગારા મારતી-સ્ફુરતી – કપિલ જ્યોતિ જેવાં દીપતાં જંભકાસ્ત્રો વડે આકાશ ઢંકાયું છે; જાણે મહાન ભીષણ પ્રલયવાયુથી હડસેલાયેલાં વાદળો એકમેકથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રકેતુ — એમાં શો સંદેહ છે?

તિમિર વીજળી કેરો યોગ આ શો પ્રચંડ!
દુખતી દગ, થતી એ જોઈ ઉદ્વાડમીંચ.
વળી લિખિત શું ચિત્રે સૈન્ય નિષ્પંદ ઊભું,
ખચિત અમિત શક્તિ પ્રસ્ફુર્યું જૃંભકાસ્ત્ર. ૧૩

આશ્ચર્ય! આશ્ચર્ય!

ગાળ્યા પિત્તળની સ્ફુરંત કપિલ જ્યોતિ સમાં દીપતાં,
પાતાલોદરકુંજ પુંજિત તમો–શાં સ્યામ તે જૃંભકે
છાયું વ્યોમ; યથા મહા પ્રલયના વાયુથી પ્રેરાયલાં,
ભેટયેં વાદળ વિદ્યુતે ખીણભર્યાં વિંધ્યાદ્રિશૃંગો વડે. ૧૪

સુમંત્ર — પણ આની પાસે જૃંભકાસ્ત્ર ક્યાંથી આવે?

ચંદ્રકેતુ — ભગવાન વાલ્મીકિ પાસેથી — એમ અમારું માનવું છે.

સુમંત્ર — વત્સ, અસ્ત્રોનું એવું નથી, વિશેષે કરીને જૃંભકાસ્ત્રનું. કેમકે,

કૃશાશ્વ સંતતિ એ તો, ત્યાંથી કૌશિકને ગયાં;
પછી કૌશિક-દીધાં તે રામભદ્રે જઈ હર્યાં. ૧૫

ચંદ્રકેતુ — બીજા પૂર્ણ સત્ત્વપ્રકાશવાળા મંત્રદ્રષ્ટાઓ પણ પોતાની મેળે બધું જાણી શકે છે.

સુમંત્ર — વત્સ, સાવધાન થા. તારો પ્રતિયોદ્ધો આવી ગયો!

અથડાતાં પ્રગટતી વીજળીથી જેની ખીણો ભરાઈ ગઈ છે એવાં, વિંધ્યગિરિનાં શિખરો વડે છવાઈ ગયું નહોય! અમારું માનવું છે –એવો બહુવચનનો પ્રયોગ 'અહીં મુદ્દામ યોજેલો હોય એમ લાગે છે; અને તે ઉપરથી લવને જૃંભકાસ્ત્ર મળેલાં હતાં તો કાંઈ એથી ચંદ્રકેતુનો આત્મવિશ્વાસ તલમાર ઓછો થયો નથી એ વ્યંજિત થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कुमारौ — (अन्योन्यं प्रति) अहो, प्रियदर्शनः कुमारः !
(सस्नेहानुरागं निर्वर्ण्य)

यदृच्छासंवादः किमु किमु गुणानामतिशयः
पुराणो वा जन्मान्तरनिबिडबद्धः परिचयः ।
निजो वा संबन्धः किमु विधिवशात्कोऽप्यविदितो
ममैतस्मिन्दृष्टे हृदयमवधानं रचयति ॥ १६ ॥

सुमन्त्रः — भूयसा जीविधर्म एष यत्स्वरसमयी कस्यचित्क्वचिल्प्रीतिः, यत्र लौकिकानामुपचारस्तारामैत्रकं चक्षूराग इति । तमप्रतिसंख्येयनिबन्धनं प्रेमाणमामनन्ति ।

अहेतुः पक्षपातो यस्तस्य नास्ति प्रतिक्रिया ।
स हि स्नेहात्मकस्तन्तुरन्तर्मर्माणि सीव्यति ॥ १७ ॥

कुमारौ — (अन्योन्यमुद्दिश्य)

एतस्मिन्मसृणितराजपट्टकान्ते
मोक्तव्याः कथमिव सायकाः शरीरे ।
यत्प्राप्तौ मम परिरम्भणाभिलाषा-
दुन्मीलत्पुलकककदम्बमङ्गमास्ते ॥ १८ ॥

किं त्वाक्रान्तकठोरतेजसि गतिः का नाम शस्त्रं विना
शस्त्रेणापि हि तेन किं न विषयो जायेत यस्येदृशः ।
किं वक्ष्यत्ययमेव युद्धविमुखं मामुद्यतेऽप्यायुधे
वीराणां समयो हि दारुणरसः स्नेहक्रमं बाधते ॥ १९ ॥

छे' (डॉ. ओलवलकर). १६ जन्मान्तरनो परिचय–सर० मनो हि जन्मान्तरसंगतिज्ञम् । रघुवंश ७, १५. भावस्थिराणि जननान्तरसौहृदानि । शाकुंतल ५, २. रसमयी–लागणीभरी, आनंदपूर्ण. तारामैत्रक–बंने

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમારો — (અન્યોન્ય પ્રતિ) અહો, કુમાર પ્રિયદર્શન છે!
(સ્નેહ અને અનુરાગથી ધારીને જોઈ)

અકસ્માતે લાધ્યું મિલન, ગુણનો વા અતિશય,
પુરાણો વા જન્માન્તરથી દૃઢ બાંધ્યો પરિચય,
હશે કૈં પોતીકું સગપણ — અજાણ્યું વિધિબળે,
— નિહાળું એને ત્યાં બનતું મુજ એકાગ્ર હૃદય. ૧૬

સુમંત્ર — ઘણુંખરું જીવોનો એ ધર્મ જ છે કે કોઈકની ક્યાંક રસમયી પ્રીતિ હોય છે. એને માટે લોકોનો શબ્દ 'તારામૈત્રક', 'ચક્ષુરાગ' એવો છે. જેનું ક્યાંય મૂળ નથી એવી, એ અનિર્વચનીય વસ્તુને ઋષિઓ પ્રેમ માને છે.

અહેતુ જે પક્ષપાત, વાર્યો કેમે ન જાય તે;
સ્નેહનો તંતુ છે એ તો ભીતરે મર્મ સીવતો. ૧૭

કુમાર — (અન્યોન્યને ઉદ્દેશીને)

સુંવાળા સુલલિત રાજપટ્ટ શા આ
શી રીતે શર અહીં ફેંકવાં શરીરે?
જે આવ્યે, ઉર અભિલાષ ભેટવાની
જાગે, ને પુલકિત ગાત્ર થાય મારાં. ૧૮

એણે દાખવ્યું તેજ પૂર્ણ, ગતિ તો બીજી શી શસ્ત્રો વિના?
એ શસ્ત્રો પણ કામનાં શું, ન મળે આવું કદી લક્ષ્ય જો?
ફરે શું એ જ, રણે પરાઙ્મુખ બનું જો, શસ્ત્ર ખેંચાય ત્યાં?
વીરાચાર ખરે જ દારુણરસ, સ્નેહક્રમો રૂંધતો. ૧૯

સ્ત્રીપુરુષ વચ્ચે હૃદયમેળ થાય છે તેને વિષે કહેવાય છે કે તે તેના જન્મસમયના ગ્રહો કાં તો સરખા હોય છે કાં તો પરસ્પરને મિત્રદૃષ્ટિએ જોતા હોય છે. ચક્ષુરાગ–એકની આંખ અન્યની આંખ ઉપર ભરકી નાખે છે, જાદુ જેવી અસર કરે છે એવી પ્રણયવિષયક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुमन्त्रः — (लवं निर्वर्ण्य, सास्रमात्मगतम्) हृदय, किमन्यथा परिप्लवसे ?

मनोरथस्य यद्बीजं तद्दैवेनादितो हृतम् ।
लतायां पूर्वलूनायां प्रसवस्यागमः कुतः ॥ २० ॥

चन्द्रकेतुः — अवतराम्यार्य सुमन्त्र, स्यन्दनात् ।

सुमन्त्रः — तत् कस्य हेतोः ?

चन्द्रकेतुः — एकतस्तावदयं वीरपुरुषः पूजितो भवति । अपि च खल्वार्य, क्षत्रधर्मः समनुगतो भवति । न रथिनः पादचारमभियुञ्जन्तीति शास्त्रविदः परिभाषन्ते ।

सुमन्त्रः — (स्वगतम्) आः, कष्टां दशामनुप्रपन्नोऽस्मि !

कथं न्याय्यमनुष्ठानं मादृशः प्रतिषेधतु ।
कथं वाभ्यनुजानातु साहसैकरसां क्रियाम् ॥ २१ ॥

चन्द्रकेतुः — यदा तातमिश्रा अपि पितुः प्रियसखमर्थसंशयेष्वार्यमेव पृच्छन्ति तत्किमार्यो विमृशति ?

सुमन्त्रः — आयुष्मन्, एवं यथाधर्ममभिमन्यसे ।

एष सांग्रामिको न्याय एष धर्मः सनातनः ।
इयं हि रघुसिंहानां वीरचारित्रपद्धतिः ॥ २२ ॥

માન્યતાથી યોજાયેલો શબ્દ. ખાસ કરીને પ્રથમ દર્શનાનુરાગ માટે. જેનું ક્યાંય મૂળ નથી-નિષ્કારણ, અહેતુક. અનિર્વચનીય-સમજી ન શકાય એવી. ૧૭ અંતરના મર્મોને સીવી લે છે અને એક કરે છે. ૧૮ હવે લઢવાની પળ આવી. બંનેમાંથી પહેલું કોણ બોલે ? કવિએ બંનેના મુખમાં બંનેને લાગુ પડતા સરખા ભાવના ઉદ્ગારો મૂકીને માર્ગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુમંત્ર — (લવને ધારીને જોઈ, આંસુ સાથે, આત્મગત) હૃદય, શીદને આકું અવળું ફૂદે છે?

મનોરથોનું જે બીજ, દૈવે તે આદિથી હર્યું,
લતા છેદાઈ પૂર્વે, ત્યાં શાં હવે પુષ્પ આવવાં? ૨૦

ચંદ્રકેતુ — આર્ય સુમંત્ર, હું રથમાંથી ઊતરું છું.

સુમંત્ર — શા કારણે?

ચંદ્રકેતુ — એક તો આ વીર પુરુષનું સન્માન થશે. વળી આર્ય, ક્ષાત્રધર્મનું પણ પાલન થશે: 'રથવાળાઓ પાળા સાથે લડતા નથી' એમ શાસ્ત્રવેત્તાઓનું વચન છે.

સુમંત્ર — (સ્વગત) આઃ, હું તો સંકટમાં આવી પડ્યો!

રોકે મારા સમો શે આ ન્યાયપૂર્વકનો વિધિ?
અનુજ્ઞા કેમ વા આપે નર્યા સાહસ-કાર્યની? ૨૧

ચંદ્રકેતુ — પૂજ્ય પિતાજી પણ ધર્મસંશયને પ્રસંગે પોતાના પિતાના પ્રિયમિત્ર આપને પૂછે છે, તો પછી આર્ય શી વિમાસણમાં પડ્યા છો?

સુમંત્ર — આયુષ્મન્, એ રીતે તારું માનવું ધર્માનુસાર જ છે:

આ જ સંગ્રામનો ન્યાય, આ જ ધર્મ સનાતન,
આ જ સૌ રઘુસિંહોના વીર ચારિત્રનો ક્રમ. ૨૨

કાઢ્યો છે. આમ એક જ ઉક્તિ બે પાત્રના મુખમાં મૂકવી કાંઈક કૃત્રિમ લાગે, પણ આ અંકમાં કવિએ એની વારંવાર રચના કરી છે. ત્રીજા અંકને અંતે પણ તમસા-વાસન્તીના મુખમાં એક જ ઉદ્ગાર મૂક્યો છે. વાસ્તવિક રીતે આ કૃત્રિમ લાગે છે, પણ કવિએ સૌન્દર્ય-દૃષ્ટિએ એને કૃત્રિમ થવા દીધું નથી એમ કહેવું જોઈએ, કેમકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चन्द्रकेतुः — प्रतिरूपं वचनमार्यस्य !

इतिहासं पुराणं च धर्मप्रवचनानि च ।
भवन्त एव जानन्ति रघूणां च कुलस्थितिम् ॥ २३ ॥

सुमन्त्रः — (सस्नेहास्त्रं परिष्वज्य)

जातस्य ते पितुरपीन्द्रजितो निहन्तु-
र्वत्सस्य वत्स कति नाम दिनान्यमूनि ।
तस्याप्यपत्यमनुतिष्ठति वीरधर्मं
दिष्ट्या गतं दशरथस्य कुलं प्रतिष्ठाम् ॥ २४ ॥

चन्द्रकेतुः — (सकष्टम्)

अप्रतिष्ठे रघुज्येष्ठे का प्रतिष्ठा कुलस्य नः ।
इति दुःखेन तप्यन्ते त्रयो नः पितरोऽपरे ॥ २५ ॥

सुमन्त्रः — अहह, हृदयमर्मदारणान्येतानि चन्द्रकेतोर्वचनानि !

लवः — हन्त, मिश्रीकृतो रसक्रमो वर्तते ।

यथेन्दावानन्दं व्रजति समुपोढे कुमुदिनी
तथैवास्मिन्दृष्टिर्मम कलहकामः पुनरयम् ।
रणत्कारक्रूरक्वणितगुणगुञ्जद्गुरुधनु-
र्धृतप्रेमा बाहुर्विकचविकरालोल्बणरसः ॥ २६ ॥

સ્વાભાવિકપણે બંને પાત્રોના હૃદયમાંથી ઊઠતી હોય એવી ઉક્તિઓ જ આવા પ્રસંગોએ યોજાઈ છે. રાજપટ્ટ-એક જાતનું રત્ન-તેના જેવા શરીરે. ૧૯ શસ્ત્ર૦—જ્યારે શસ્ત્ર ઉગામાય તે વખતે. વીરાચાર-વીરોનું જીવનવ્રત દારુણ હોઈ સ્નેહની ગતિની આડે આવે છે. બંને કુમારો સમજુ અને કોમળ હૃદયના છે, પણ સામાને યુદ્ધોન્મુખ માનીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રકેતુ — આર્યે યથાર્થ વચન કહ્યું.

ઇતિહાસ, પુરાણો ને ધર્મપ્રવચનો વળી
જાણો આપ જ આખી તે રઘુઓની કુલસ્થિતિ. ૨૩

સુમંત્ર — (સ્નેહનાં આંસુ સાથે ભેટીને)

જે, વત્સ, ઇન્દ્રજિતને હણનાર, તાત
તારો, થયા દિવસ શા હજી એહ જન્મ્યે?
એનો વળી અનુસરે સુત વીરધર્મ!
-પામ્યું પિતામહતણું કુલ શી પ્રતિષ્ઠા! ૨૪

ચંદ્રકેતુ — (ખેદથી)

અપુત્રે તે રઘુશ્રેષ્ઠે પ્રતિષ્ઠા કુલની કશી?
– તવાય એ દુખે અન્ય અમારા જનકો ત્રણે. ૨૫

સુમંત્ર — અહહ! ચંદ્રકેતુનાં આ વચનો હૃદયમર્મને વીંધનારાં છે!

લવ — અહો! મારામાં રસનો ક્રમ મિશ્ર થઈ ગયો છે:

કલેન્દુ ઊગ્યેથી જ્યમ કુમુદિની મોદ ગ્રહતી,
તથા એમાં દૃષ્ટિ મુજ; કલહવાંછુ તદપિ આ
ધનુર્જ્યાટંકારે વિકટ ઝણુકારે રતિ કરે
અહો બાહુ મારો સ્ફુટ વિલસતો વીરરસમાં! ૨૬

પોતે યુદ્ધાભિમુખ બને છે. કટાક્ષ. ૨૦ બીજ–સીતા. ૨૧–પિતાજી–રામ અથવા રામ આદિ સૌ વડીલો એમના પિતા દશરથના મિત્ર સુમંત્રની સલાહ લેતા. ૨૪ પ્રતિષ્ઠા–સ્થિરતા, ગૌરવ. ૨૫ ત્રણે–રામ સિવાયના. ૨૬ આનંદનો ભાવ શરૂઆતના શબ્દોમાં છે, પાછલા ભાગમાં યુયુત્સાનો ભાવ છે. આ રીતે રસક્રમ મિશ્ર થયો છે. પ્રથમ દોઢ પંક્તિમાં પદ્યરચના કોમળવર્ણ–શ્રવણસુભગ છે, પાછળની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चन्द्रकेतुः — (अवतरणं रूपयन्) आर्य, सावित्रश्चन्द्रकेतुरभिवादयते ।

सुमन्त्रः —

अजितं पुण्यमूर्जस्वि ककुत्स्थस्येव ते महः ।
श्रेयसे शाश्वतो देवो वराहः परिकल्पताम् ॥ २७ ॥

अपि च

देवस्त्वां सविता धिनोतु समरे गोत्रस्य यस्ते पिता
त्वां मैत्रावरुणोऽभिनन्दतु गुरुर्यस्ते गुरूणामपि ।
ऐन्द्रावैष्णवमाग्निमारुतमथो सौपर्णमोजोऽस्तु ते
देयादेव च रामलक्ष्मणधनुर्ज्याघोषमन्त्रो जयम् ॥ २८ ॥

लवः — कुमार, अति हि नाम शोभसे रथस्थ एव ! कृतं कृतमत्यादरेण !

चन्द्रकेतुः — तर्हि महाभागोऽप्यन्यं रथमलंकरोतु ।

लवः — आर्य, प्रत्यारोपय रथोपरि राजपुत्रम् ।

सुमन्त्रः — त्वमप्यनुरुध्यस्व वत्सस्य चन्द्रकेतोर्वचनम् ।

लवः — को विचारः स्वेषूपकरणेषु ? किं त्वरण्यसदो वयमनभ्यस्तरथचर्याः ।

सुमन्त्रः — जानासि वत्स, दर्पसौजन्ययोर्यथोचितमाचरितुम् । यदि पुनस्त्वामीदृशमैक्ष्वाको राजा रामभद्रः पश्येत्तदा तस्य स्नेहेन हृदयमभिष्यन्दयेत ।

પંક્તિઓમાં કઠોરતાભરી છે.–પદ્યમાં વર્ણસંકલનાના ઔચિત્યનું આ શ્લોક સારું ઉદાહરણ છે. જેમાં વીરરસ સ્પષ્ટ સ્ફુરી રહ્યો છે એવો મારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રકેતુ — (ઊતરવાનો અભિનય કરતો) આર્ય, આ સૂર્યવંશી ચંદ્રકેતુ અભિવાદન કરે છે.

સુમંત્ર —

તને અજિત ઊર્જસ્વી પુણ્ય તેજ કકુત્સ્થશું
અર્પજો મંગલાર્થે તે વરાહ દેવ શાશ્વત! ૨૭

અને વળી,

યુદ્ધે દેવ હજો પ્રસન્ન સવિતા, જે ગોત્રના છે પિતા!
ને મૈત્રાવરુણે કૃપામય હજો, જે પૂર્વજોના ગુરુ!
ઇન્દ્રાગ્નિ હરિ વાયુ ને ગરુડનું હોજો તને ઓજ સૌ!
ને રહો અર્પી જ રામલક્ષ્મણ ધનુષ્ટંકારમંત્રો જય! ૨૮

લવ — કુમાર, જેમ હતો એમ જ — રથમાં બેઠેલો જ — તું ઘણો શોભે છે. તો રહેવા દે, અતિ આદર રહેવા દે!

ચંદ્રકેતુ — તો મહાભાગ, તું પણ બીજા રથને શોભાવ.

લવ — આર્ય, રાજપુત્રને રથમાં પાછો બેસાડો.

સુમંત્ર — તું પણ ચંદ્રકેતુના વચનનું માન રાખ.

લવ — પોતાનાં સાધનો અંગે વિચાર શો કરવાનો હોય? પણ અમે તો અરણ્યવાસી રહ્યા એટલે રથમાં બેસવાનો અમને અભ્યાસ નથી.

સુમંત્ર — વત્સ, ગર્વ તેમજ સૌજન્યપૂર્વક યથોચિત કેમ આચરવું તે તું જાણે છે. જો તને આવાને ઇક્ષ્વાકુવંશી રાજા રામભદ્ર જુએ તો એમનું હૃદય સ્નેહથી દ્રવી ઊઠે.

બાહુ ધનુષ્યની પણછના પ્રચંડ ઝણકારવાળા ટંકારમાં-અર્થાત્ એવા ધનુષ્યમાં પ્રીતિવાળો બનીને કલહની ઇચ્છા કરી રહ્યો છે, લડાઈ માટે સળવળી રહ્યો છે. છેલ્લી પંક્તિના विकचविकरालव्रणमुखः પાઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लवः — मन्ये सुजनः स राजर्षिः श्रूयते। (सलज्जमिव)

वयमपि न खल्वेवंप्रायाः क्रतुप्रतिघातिनः
क इह च गुणैस्तं राजानं न वा बहु मन्यते।
तदपि खलु मे स व्याहारस्तुरङ्गमरक्षिणां
विकृतिमखिलक्षत्राक्षेपप्रचन्डतया करोत् ॥ २९ ॥

चन्द्रकेतुः — (सस्मितम्) किं नु भवतस्तातप्रतापोत्कर्षेऽप्यमर्षः?

लवः — अस्त्विहामर्षो मा भूद्वा। अन्यदेतत्पृच्छामि। दान्तं हि राजानं राघवमनुशुश्रुमः। स किल नात्मना दृप्यति नाप्यस्य प्रजासु दृप्तत्वं जायते। तत्किं मनुष्यास्तस्य राक्षसीं वाचमुदीरयन्ति?

ऋषयो राक्षसीमाहुर्वाचमुन्मत्तदृप्तयोः।
सा योनिः सर्ववैराणां सा हि लोकस्य निर्ऋतिः ॥ ३० ॥

इति ह स्म तां निन्दन्ति। अथेतरामभिष्टुवन्ति।

कामं दुग्धे विप्रकर्षत्यलक्ष्मीं
कीर्तिं सूते दुष्कृतं या हिनस्ति।
तां चाप्येतां मातरं मङ्गलानां
धेनुं धीराः सूनृतां वाचमाहुः ॥ ३१ ॥

પ્રમાણે 'પ્રગટ વિકરાલ પ્રણવતો.' ૨૭ કકુત્સ્થશું—ઇન્દ્રને મદદ કરનાર રઘુકુલના એક પૂર્વજ જેવું. વરાહ૦— આનું કારણ કલ્પવામાં આવે છે કે ભવભૂતિના સમયમાં ભારતનાં ઘણાં રાજ્યોમાં વરાહની પૂજા થતી. (જેમ પાછળના વિજયનગરમાં વરાહપૂજા હતી.) આ આશીર્વાદનો લાભ લવને પણ સાથે સાથે મળી જ જાય, કેમકે તે પણ રઘુકુળનો છે. ભવભૂતિની કટાક્ષકળાનું ઉદાહરણ. ૨૮ મૈત્રાવરુણે—વસિષ્ઠ પણ. પોતાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવ — હા, તે રાજાય સુજન છે એમ સંભળાય છે. (લજ્જા સાથે જાણે)

ખચીત ન અમે કાંઈ એવા ક્રતુ-પ્રતિઘાતીઓ!
કવણ અહીં જે એ રાજાને ગુણે કરી ના નમે?
પણ તુરગરક્ષી, ક્ષત્રી સૌ તણી ય વિમાનના
કરી, અસહ બોલ્યા તે શબ્દે ગયું મન વીફરી! ૨૯

ચંદ્રકેતુ — (સ્મિતપૂર્વક) તે શું તને તાતના પ્રતાપનો ઉત્કર્ષ પણ સહન થતો નથી?

લવ — એ સહન થાય છે કે નથી થતો! પણ એક આટલું પૂછું છું કે એ રઘુરાજવી તો નિરહંકારી છે એમ સાંભળ્યું છે. કહે છે કે ન એ પોતે ગર્વ કરે છે, ન એમની પ્રજામાં ગર્વભાવ પ્રગટે છે. તો એમના માણસો આવી રાક્ષસી વાણી કેમ ઉચ્ચારે છે?

ઉન્મત્ત ગર્વીલી વાણી ઋષિઓ રાક્ષસી કહે,
મૂળ તે સર્વ વૈરોનું, અલક્ષ્મી એ જ લોકની. ૩૦

એ રીતે એની નિંદા કરી છે, જ્યારે એનાથી ઊલટા પ્રકારની વાણીને વખાણી છે:

દ્વેષે વાંછ્યું, ને અલક્ષ્મી નિવારે,
કીર્તિને દે જન્મ, દુષ્કૃત્ય કાપે,
એ આ વાણી સૂનૃતાને સુ-ધીર
કહેતા ધેનુ – સર્વ માંગલ્ય માતા. ૩૧

સાધનો–કેમકે ચંદ્રકેતુએ ૧૦મા શ્લોકથી લવને આત્મીય ગણ્યો છે. રથમાં બેસવાનો અભ્યાસ–રથ હાંકવાનો પ્રશ્ન નથી, કેમકે રથ મળે તે કુશળ સારથિવાળો જ મળે, પણ રથમાં રહીને બાણ છોડવાનો –લડવાનો મહાવરો પોતાને નથી એમ લવનું કહેવું છે. ૨૯ સુમંત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुमन्त्रः — परिपूतस्वभावोऽयं बत कुमारः प्राचेतसान्तेवासी । वदत्ययमभिसम्पन्नमार्षेण संस्कारेण ।

लवः — यत्पुनश्चन्द्रकेतो, वदसि किं नु भवतस्तातप्रतापोत्कर्षेऽप्यमर्ष इति तत्पृच्छामि किं व्यवस्थितविषयः क्षत्रधर्म इति ।

सुमन्त्रः — नैव खलु जानासि देवमैक्ष्वाकं येनैवं वदसि । तद्विरमातिप्रसङ्गात् ।

सैनिकानां प्रमाथेन सत्यमोजायितं त्वया ।
जामदग्न्यस्य दमने न हि निर्बन्धमर्हसि ॥ ३२ ॥

लवः — (सहासम्) आर्य, जामदग्न्यस्य दमनः स राजेति कोऽयमुच्चैर्वादः ?

सिद्धं ह्येतद्वाचि वीर्यं द्विजानां
ब्राह्मोर्वीर्यं यत्त तत्क्षत्रियाणाम् ।
शस्त्रग्राही ब्राह्मणो जामदग्न्य-
स्तस्मिन्दान्ते का स्तुतिस्तस्य राज्ञः ॥ ३३ ॥

चन्द्रकेतुः — (सोन्माथमिव) आर्य सुमन्त्र, कृतमुत्तरोत्तरेण !

कोऽप्येष संप्रति नवः पुरुषावतारो
वीरो न यस्य भगवान्भृगुनन्दनोऽपि ।
पर्याप्तसप्तभुवनाभयदक्षिणानि
पुण्यानि तातचरितान्यपि यो न वेद ॥ ३४ ॥

લવનો રામ સાથેનો સંબંધ શોધવાના આશયથી રામનો ઉલ્લેખ કરીને બોલે છે, પણ પરિણામે લવ રામનો વિરોધ કરવા પ્રેરાય છે, જો કે તે ક્ષત્રિય છે એટલી માહિતી એમાંથી સુમંત્રને મળી રહે છે. ક્રતુ०—યજ્ઞમાં વિક્ષેપ કરનારા. સૌ ક્ષત્રિયોનું અપમાન કરીને ઘોડાના રક્ષકો જે અસહ્ય શબ્દો બોલ્યા હતા તે, ચોથા અંકના અંતભાગમાંના,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુમંત્ર — પ્રાચેતસનો અંતેવાસી આ કુમાર અતિ પવિત્ર સ્વભાવવાળો છે. આર્ષ સંસ્કારથી યુક્ત એવું એ બોલે છે.

લવ — વળી ચંદ્રકેતુ. તું જે કહે છે કે 'તે શું તને તાતના પ્રતાપનો ઉત્કર્ષ પણ સહન થતો નથી?' — તે વિષે પૂછું છું કે ક્ષાત્રધર્મ શું કોઈ એકમાં જ સમાઈ ગયો છે?

સુમંત્ર — ખરે જ ઇક્ષ્વાકુવંશી રાજાને તું નથી ઓળખતો, માટે આમ બોલે છે. રહેવા દે, માઝા વટાવવી રહેવા દે.

સંહારથી સૈનિકોના સાચે તેં ઓજ દાખવ્યું,
જામદગ્ન્ય દમ્યા જેણે તે પ્રતિ છૂટ ના ઘટે. ૩૨

લવ — (હાસ્યપૂર્વક) આર્ય, એ રાજાએ જામદગ્ન્યનું દમન કર્યું એમાં તે આ શી મોટી બડાશ મારો છો?

વાણીમાં છે વિપ્રનું વીર્ય, ને જે
બાહુમાં તે ક્ષત્રિયોનું, પ્રસિદ્ધ.
શસ્ત્રગ્રાહી વિપ્ર તે જામદગ્ન્ય,
તેને જીત્યે શી સ્તુતિ ભૂપની તે? ૩૩

ચંદ્રકેતુ — (જાણે ખીજવાઈને) આર્ય સુમંત્ર, ઉત્તરપ્રત્યુત્તર બહુ થયા!

આ આજ કો વળી નવો પુરુષાવતાર,
લેખે ન વીર ભગવન્ ભૃગુપુત્રને જે!
જેણે દીધું અભયદાન જ સપ્તલોકે,
તે પુણ્ય તાતચરિતોય ન જાણતો જે! ૩૪

'મહારાજ આગળ ક્ષત્રિયો કેવાક?' તાત–રામ. ૩૧ સર્વ માંગલ્યની જનેતા એવી સૂનૃત–સત્યે ભરી–વાણીને ધીર પુરુષો ધેનુ કહે છે. આર્ષ સંસ્કારથી યુક્ત૦–એના બોલવામાં જરીક ફેરફારથી कामान् दुग्धे, अभिष्टुवन्ति, अनुशुश्रुम જેવા વૈદિક પ્રયોગો છે એથી. ૩૨ ગમે તેમ તોયે પરશુરામ બ્રાહ્મણ હતા ને? ૩૪ તાતચરિતો–રામનાં પરાક્રમો. હવેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लवः — को हि रघुपतेश्चरितं महिमानं च न जानाति ! यदि नाम किंचिदस्ति वक्तव्यम् । अथवा शान्तम् !

वृद्धास्ते न विचारणीयचरितास्तिष्ठन्तु किं वर्ण्यते
सुन्दस्त्रीमथनेऽप्यकुण्ठयशसो लोके महान्तो हि ते ।
यानि त्रीण्यपराङ्मुखान्यपि पदान्यासन्खरायोधने
यद्वा कौशलमिन्द्रसूनुनिधने तत्राप्यभिज्ञो जनः ॥ ३५ ॥

चन्द्रकेतुः — आः तातपत्रादिन्, भिन्नमर्याद, अति हि नाम प्रगल्भसे !

लवः — अये, मय्येव भ्रुकुटीमुखः संवृत्तः !

सुमन्त्रः — स्फुरितमनयोः क्रोधेन ! तथा हि

चूडामण्डलबन्धनं तरलयत्याकूतजो वेपथुः
किंचित्कोकनदच्छदस्य सदृशे नेत्रे स्वयं रज्यतः ।
धत्ते कान्तिमकाण्डताण्डवितयोर्भङ्गेन वक्त्रं भ्रुवो-
श्चन्द्रस्योत्कटलांञ्छनस्य कमलस्योद्भ्रान्तभृङ्गस्य च ॥ ३६ ॥

लवः — कुमार कुमार, एह्येहि । विमर्दक्षमां भूमिमवतरावः ।

[इति निष्क्रान्ताः सर्वे ।]

इति महाकविश्रीभवभूतिविरचित उत्तररामचरिते
कुमारविक्रमो नाम पञ्चमोऽङ्कः ।

ઉક્તિ કટાક્ષમાં છે. ૩૫ રામે સ્ત્રીહત્યા કરી, ખરની સામે પાછે પગે ત્રણ ડગલાં હટી ગયા અને વાલી સુગ્રીવ સાથે લડતો હતો ત્યારે બાણ મારી એનો વધ કર્યો — એ ક્ષાત્રધર્મથી વિરુદ્ધ કૃત્યો. લાગણીના વેગથી ધ્રૂજવાને લીધે કેશબંધ હાલી ઊઠે છે. નેત્રો મૂળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવ — રઘુપતિના ચરિતને કે મહિમાને કોણ નથી જાણતું ?
જો કાંઈ જરી કહેવા જેવું હોય તો — અથવા જવા દો !
વૃદ્ધો તે, ન વિચારવું ચરિત તો; છો ને રહ્યા ! ફહેવું શું ?
સુન્દરસ્ત્રી હણતાંય ઊણપ યશે ના'વી; જગે છે વડા !
ને લીધાં અપરાઙ્મુખે ય ખરના યુદ્ધે ડગો જે ત્રણ,
ને જે કૌશલ વાલિના વધ મહીં, તેયે જનો જાણતા. ૩૫

ચંદ્રકેતુ — આઃ, તાતની નિંદા કરનાર, મર્યાદા તજનાર, કાંઈ વધુ પડતી ધૃષ્ટતા કરે છે !

લવ — અરે, મારી ઉપર ભ્રુકુટિ ચઢાવે છે કે ?

સુમંત્ર — બંનેનો ક્રોધ પ્રજળી ઊઠ્યો છે. કેમકે

ચૂડામંડલબંધ-ને હલવતો આવેગનો કંપ, ને
મૂળે કિંચિત રક્ત ઉત્પલ સમાં તે નેત્ર રાતાં થતાં.
ધારે કાન્તિ અકાણ્ડતાણ્ડવમચ્યા ભ્રૂભંગથી વક્ત્ર તે
જાણે સ્પષ્ટકલંક ચંદ્ર તણી, વા ભૃંગે લચ્યા પદ્મની. ૩૬

કુમારો — (અન્યોન્યને) કુમાર, આવ, આવ ! કુમાર ! સંગ્રામને યોગ્ય ભૂમિ ઉપર જઈએ.

[સૌ જાય છે.]

કુમારવિક્રમ નામે પાંચમો અંક સમાપ્ત.

જ રાતા કમળ જેવાં હતાં તે હવે વધુ રાતાં થાય છે. અકાણ્ડ– એકાએક તાંડવ કરતી–ઊંચી-નીચી થતી ભમરોના ભંગથી મોં કલંક સ્પષ્ટ દેખાતું હોય તે વખતના ચંદ્રની અથવા તો ભમરાઓથી લચેલા કમળની શોભા ધારણ કરે છે. સંગ્રામને યોગ્ય૦– ચંદ્રકેતુ હજી આશ્રમની પાસે હોવા સંભવ છે. હવે બંને આશ્રમથી કાંઈક દૂર જ્યાં સૈન્યો હતાં તે તરફ જાય છે. રંગભૂમિ ઉપર યુદ્ધ થાય નહીં એવા નાટ્યશાસ્ત્રના નિયમનું પણ આ રીતે પાલન થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

षष्ठोऽङ्कः ।

[ततः प्रविशति विमानेनोज्ज्वलं विद्याधरमिथुनम् ।]

विद्याधरः — अहो नु खल्वनयोर्विकर्तनकुलकुमारयोरकाण्डकलह-प्रचण्डयोरुद्योतितक्षत्रलक्ष्मीकयोरत्यद्भुतोद्भ्रान्तदेवासुराणि विक्रान्तचरितानि । तथाहि प्रिये, पश्य

झणज्झणितकङ्कणक्वणितकिङ्किणीकं धनु-
र्ध्वनद्गुरुगुणाटनीकृतकरालकोलाहलम् ।
वितत्य किरतोः शरानविरतस्फुरच्चूडयो-
र्विचित्रमभिवर्तते भुवनभीममायोधनम् ॥ १ ॥

विजृम्भितं च दिव्यस्य मङ्गलाय द्वयोरपि ।
स्तनयित्नोरिवामन्ददुन्दुभेर्दुन्दुमायितम् ॥ २ ॥

तत्प्रवर्ततामनयोः प्रवीरयोरनवरतमविरललितविकचकनक-कमलकमनीयसंहतिरमरतरुतरुणमणिमुकुलनिकरमकरन्दसुन्दरः पुष्पनिपातः ।

विद्याधरी — ता किं त्ति उण अआंडविस्फुरिदतडिच्छडाकडारं विअ अम्बरं झत्ति संवुत्तं ? [तत्किमिति पुनरकाण्डविस्फुरित-तडिच्छटाकडारमिवाम्बरं झटिति संवृत्तम् ?]

વિદ્યાધર – માનવી કરતાં વધુ શક્તિઓ ધરાવનારી અર્ધ દિવ્ય જાતિ છે. નાટ્યાચાર્ય ભરતના કહેવા પ્રમાણે રંગભૂમિ ઉપર યુદ્ધ થઈ શકે નહિ એટલે કવિ યુદ્ધને જોનાર વિદ્યાધરયુગલ દ્વારા એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક છઠ્ઠો

[પછી વિમાનમાં એક ઉજ્જ્વલ વિદ્યાધરયુગલ પ્રવેશે છે.]

વિદ્યાધર — અહો! આ બે એકાએક પ્રચંડ યુદ્ધમાં ઊતરી પડેલા, ક્ષાત્રતેજથી ઝળહળી રહેલા, સૂર્યવંશી કુમારોનાં પરાક્રમકાર્યો કેવાં અદ્‌ભુત છે કે દેવો અને અસુરો પણ આશ્ચર્યથી દિઙ્મૂઢ થઈ ગયા છે! વળી પ્રિયે, જો —

રણે ઘૂઘરી કંકણે ઝણઝણંત એવું ધનુ,
કરે પણછ ને અણી વિપુલ ચંડ કોલાહલ;
શરો સતત વર્ષતાં, ફરકતી ઊડે ચોટલી;
વધે ભુવનમાં કરાલ અતિ યુદ્ધ આ અદ્‌ભુત. ૧
ને દિવ્ય દુંદુભિ કેરો મંગલાર્થે ઉભે તણા,
ગંભીર મેઘના જેવો પ્રગટ્યો દુન્દુભધ્વનિ. ૨

તો, એ બંને વીરો ઉપર અમરતરુની નવીન મણિસમી કળીઓના સમૂહના મકરંદથી સુંદર, અને લલિત પ્રફુલ્લ કાંચનપદ્મને લીધે ગમી જાય એવી ધારાવાળી, અવિરામ પુષ્પવર્ષા શરૂ કરો.

વિદ્યાધરી — ત્યાં, આ વળી અણધારી ફરકવા માંડેલી વીજળીથી આકાશ એકાએક જાણે પીળું કેમ થઈ ગયું?

વિદ્યાધર — તો શું એમ હશે કે આજે –

આપણને ખ્યાલ આપે છે. લવ પણ સૂર્યવંશી છે તે આ વિદ્યાધરો જાણે છે. ૧ (છંદ પૃથ્વી) ૨ ઉભે – ઉભય, બંને. દુન્દુભ – એ શબ્દના અવાજ જેવો. મંગલદુન્દુભિ અને પુષ્પવર્ષાથી યુદ્ધનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्वष्टृयन्त्रभ्रमिभ्रान्तमार्तण्डज्योतिरुज्ज्वलः ।
पुटभेदो ललाटस्थनीललोहितचक्षुषः ॥ ३ ॥

आं ज्ञातम् । जातक्षोभेण चन्द्रकेतुना प्रयुक्तमस्त्रमाग्नेयम्, यस्यायमग्निच्छटासंपातः । संप्रति हि

अवदग्धकर्बुरितकेतुचामरै-
रपयातमेव हि विमानमण्डलैः ।
दहति ध्वजांशुकपटाञ्चलेष्विमाः
क्षणकुङ्कुमच्छुरणविभ्रमं शिखाः ॥ ४ ॥

आश्चर्यम् ! प्रवृत्त एवायमुच्चण्डवज्रखण्डावस्फोटपटुरवस्फुलिङ्गगुरुरुत्तालतुमुललेलिहानोज्ज्वलज्ज्वालासंभारभैरवः भगवानुषर्बुधः । प्रचण्डश्चास्य सर्वतः संपातः ! तत्प्रियामङ्गेनाच्छाद्य सुदूरमपसरामि । (तथा करोति ।)

विद्याधरी — दिट्ठिआ एदेण विमलमुत्तासअसीअलसिणिद्धमसिणमंसलेण णाहदेहप्फंसेण आणन्दमन्दमुऊलिदघुण्णन्तलोअणाए अन्दरिदो मे संदावो ! [दिष्ट्या एतेन विमलमुक्तासरशीतलस्निग्धमसृणमांसलेन नाथदेहस्पर्शेनानन्दमन्दमुकुलितघूर्णमानलोचनाया अन्तरितो मे संतापः !]

સુખકર અન્ત આવશે એવું આરંભથી જ સૂચન કરી દીધું છે. પુષ્પવર્ષા વર્ણવતું વાક્ય એની સુખદ સ્વરવ્યંજનસંકલનાથી જાણે પુષ્પવર્ષાનો ખ્યાલ આપી રહે છે. ૩ ત્વષ્ટા – વિશ્વકર્મા. ત્વષ્ટાની દીકરી સંજ્ઞા સૂર્યને પરણાવેલી. તેનાથી સૂર્યનું તેજ સહન ન થતાં ત્વષ્ટાએ એને સરાણે (યંત્રે) ચઢાવ્યો હતો અને આઠમા ભાગનું તેજ ઓછું કર્યું હતું. નીલલોહિત–શિવ–તેમનું લલાટ–ચક્ષુ, ત્રીજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્વષ્ટાને યંત્ર ઘૂમંતા સૂર્યજ્યોતિથું ઉજ્જવલ
નીલલોહિતનું ત્રીજું લલાટ–ચક્ષુ ઊઘડયું ? ૩

(વિચારીને) અહો! સમજાયું! વત્સ ચંદ્રકેતુએ અગ્નિ–અસ્ત્ર પ્રયોજ્યું છે. તેમાંથી આ અગ્નિધારા વરસી રહી છે. તેથી અત્યારે

સરકી ગયાં સહુ વિમાનમંડળો;
બળી ચીતરાઈ ધ્વજચામરો ઝગે.
સુહતી ધ્વજાંશુકપટો પરે શિખા,
જયમ કુંકુમ ક્ષણ ઊડી ન લાગ્યું હો! ૪

આશ્ચર્ય! પ્રચંડ વજ્રના ટુકડાઓ ફૂટતા હોય એમ તડતડ થતા તણખાવાળો અને ઊંચી લપકતી તુમુલ જ્વાલાઓના જૂથથી ભય ઉપજાવતો આ અગ્નિદેવ સર્વત્ર પ્રસરી રહ્યો છે. અને બધી બાજુ એનો તાપ કારમો છે. તેથી પ્રિયાને મારા શરીર વડે ઢાંકી દઈ દૂર સરકી જાઉં.

[તેમ કરે છે.]

વિદ્યાધરી — હાશ! આ વિમલ મોતીની સેર જેવા શીતળ, સ્નિગ્ધ સુંવાળા અને કોમળ નાથના દેહના સ્પર્શવડે – મારી ઘોળાતી આંખો આનંદથી ઢળી જતાં – તાપ તો ક્યાંય ઓસરી ગયો!

નેત્ર, આમ તો બંધ જ રહે છે; ઊઘડે તો બધે આગ આગ ફેલાઈ જાય. (કામદેવને બાળ્યો એ વખતે એ ઊઘડયું હતું.) ૪ (છંદ પ્રહર્ષિણી.) યુદ્ધ જોવા આવેલા દિવ્યગણોનાં વિમાનોનાં ધજાઓ અને ચામરો બળીને ચીતરાયેલાં જેવાં લાગે છે. ધજાના રેશમી કાપડ પર ઝાળ પહોંચી છે તે જાણે કંકુ ઊડીને ત્યાં લાગ્યું ન હોય. હાશ!— સ્પર્શની અસરનું વર્ણન. ભવભૂતિને એનો શોખ છે એમ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विद्याधरः — अयि, किमत्र मया कृतम् ? । अथवा

न किंचिदपि कुर्वाणः सौख्यैर्दुःखान्यपोहति ।
ततस्य किमपि द्रव्यं यो हि यस्य प्रियो जनः ॥ ५ ॥

विद्याधरी — कहं अविरलविलोलघुण्णन्तविज्जुल्लदाविलासमण्डिदेहिं मत्तमोरकंठसामलेहिं ओत्थरीअदि णभोङ्गणं जलहरेहिं ? [कथमविरलविलोलघूर्णमानविद्युल्लताविलासमण्डितैर्मत्तमयूरकण्ठश्यामलैरवस्तीर्यते नभोऽङ्गणं जलधरैः ?]

विद्याधरः — हन्त, कुमारलवप्रयुक्तवारुणास्त्रप्रभावः खल्वेषः । कथमविरलप्रवृत्तवारिधारासहस्रसंपातैः प्रशान्तमेव पावकास्त्रम् !

विद्याधरी — पिअं मे, पिअं मे । [प्रियं मे, प्रियं मे ।]

विद्याधरः — हन्त भोः, सर्वमतिमात्रं दोषाय । यत्प्रलयवातोत्क्षोभगम्भीरगुलुगुलायमानमेघमेदुरितान्धकारनीरन्ध्रनद्धमिव एकवारविश्वग्रसनविकचविकरालकालकण्ठकन्दरविवर्तमानमिव युगान्तयोगनिद्रानिरुद्धसर्वद्वारनारायणोदरनिविष्टमिव भूतजातं प्रवेपते । साधु चन्द्रकेतो, साधु ! स्थाने वायव्यमस्त्रमीरितम् । यतः

विद्याकल्पेन मरुता मेघानां भूयसामपि ।
ब्रह्मणीव विवर्तानां क्वापि प्रविलयः कृतः ॥ ६ ॥

---

૫ આ શ્લોક બીજા અંકમાં સુંદર સંદર્ભમાં વાપર્યા પછી અહીં તે વાપરવાનો હોય ? શંગારની રેખાથી રૌદ્ર અને અદ્‌ભુતનો કાંઈ પરિપોષ નથી થતો. આકાશના આંગણામાં૦ — વિદ્યાધરો ઊંચે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાધર — અરે, એમાં મેં શું કર્યું? અથવા

> ન કાંઈ કરતું તોયે સૌખ્યથી દુઃખ વારતું,
> તે તેનું કૈંક છે દ્રવ્ય, જેનું જે પ્રિય હો જન. ૫

વિદ્યાધરી — આ વળી નિરંતર ચપળપણે ઘૂમતી વીજળીના ચમકારાથી શોભતાં મત્તમયૂરના કંઠ જેવાં શ્યામલ વાદળો ક્યાંથી આકાશના આંગણામાં પથરાઈ ગયાં?

વિદ્યાધર — અરે, એ તો ખરે જ કુમાર લવે પ્રયોજેલા વરુણાસ્ત્રનો પ્રભાવ. અનરાધાર વરસતી સહસ્ર જળધારાની વર્ષાથી પાવકાસ્ત્ર કેવું શમી પણ ગયું!

વિદ્યાધરી — મને બહુ ગમ્યું, બહુ ગમ્યું!

વિદ્યાધર — અરે! સૌ વધારે પડતું તે ખોટું. જોને! પ્રલય-વાયુના ઝપાટાથી ઊંડો ગડગડાટ કરતાં વાદળાંઓથી છિદ્ર વગરના ગાઢ અંધકારમાં રૂંધાયેલાં પ્રાણીમાત્ર, જાણે એક કોળિયે વિશ્વને ગળી જવા ખૂલેલા કાળના કંઠની વિકરાળ બખોલમાં આવી પડ્યાં હોય એવાં, અથવા તો સૌ દ્વારો રૂંધીને યુગાન્તે યોગનિદ્રામાં પડેલા નારાયણના ઉદર સમાઈ ગયાં હોય એમ થરથર કાંપે છે! ધન્ય, વત્સ ચંદ્રકેતુ, તને ધન્ય છે! યોગ્ય વેળાએ તેં પવનાસ્ત્ર મૂક્યું!

> વિદ્યાસમા વાયુ વડે અસંખ્ય વાદળો તણો
> બ્રહ્મમાં સૌ વિવર્તોશો કર્યો વિલય ક્યાંય તેં! ૬

અને વાદળો તેમની નીચે પથરાય છે તેથી આંગણું કહેવું સાર્થક બને છે. યુગાન્તે યોગનિદ્રા — કલ્પને અંતે વિષ્ણુ યોગનિદ્રા લે છે ત્યારે સૃષ્ટિનો સંહાર થાય છે, એ જાગે ત્યારે ફરી સૃષ્ટિનો ઉદ્ભવ થાય છે. (મનુસ્મૃતિ.) ૬ વિવર્ત — પૃ. ૭૦ ઉપરની નોંધ જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विद्याधरी — णाध, को दाणिं एसो ससंभमोक्खित्तकरब्भमित्तरी-अंचलो दूरदो एव्व महुरसिणिद्धवअणपडिसिद्धजुद्धव्वावारो एदाणं कुमाराणं अन्दरे विमाणवरं ओदरावेदि ? [नाथ, क इदानीमेष ससंभ्रमोत्क्षिप्तकरभ्रमितोत्तरीयाञ्चलो दूरत एव मधुरस्निग्धवचनप्रतिषिद्धयुद्धव्यापार एतयोः कुमारयोरन्तरे विमानवरमवतारयति ?]

विद्याधरः — (दृष्ट्वा) एष शम्बूकवधात्प्रतिनिवृत्तो रघुपतिः ।

शब्दं महापुरुषसंविहितं निशम्य
तद्गौरवात्समुपसंहृतसंप्रहारः ।
शान्तो लवः प्रणत एव च चन्द्रकेतुः
कल्याणमस्तु सुतसंगमनेन राज्ञः ॥ ७ ॥

तदितस्तावदेहि ।

[इति निष्क्रान्तौ ।]

मिश्रविष्कम्भः ।

*

[ततः प्रविशति रामो लवः प्रणतश्चन्द्रकेतुश्च ।]

रामः — (पुष्पकादवतरन्)

दिनकरकुलचन्द्र चन्द्रकेतो
सरभसमेहि दृढं परिष्वजस्व ।
तुहिनशकलशीतलैस्तवाङ्गैः
शममुपयातु ममापि चित्तदाहः ॥ ८ ॥

આ વિષ્કંભક યુદ્ધવર્ણન માટે યોજાયો છે. યુદ્ધવર્ણન ટૂંકું અને રસભર્યું છે, છતાં આત્રેયીવાસન્તી કે સૌધાતકિભાંડાયનની જેમ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાધરી — નાથ, પેલા ઉતાવળે હાથ ઊંચો કરીને ઉત્તરીયનો છેડો ફરકાવતા, દૂરથી જ મધુર વચન વડે યુદ્ધ બંધ કરવાનું કહેતા એ બે કુમારોની વચ્ચે પોતાનું શ્રેષ્ઠ વિમાન ઉતારે છે તે કોણ છે?

વિદ્યાધર — (જોઈને) એ તો શમ્બૂકનો વધ કરી પાછા ફરતા રઘુપતિ છે.

મોટો મહાપુરુષનો સુણતાં જ શબ્દ,
થંભાવી યુદ્ધ દીધું, ગૌરવ એનું માની.
ઠંડો પડ્યો લવ, લળ્યો વળી ચંદ્રકેતુ,
કલ્યાણ હો નૃપનું પુત્રમિલાપ થાતાં. ૭

તો આવ, અહીંથી હવે જઈએ.

[બંને જાય છે.]

વિષ્કંભક

*

રામ — (પુષ્પકમાંથી ઊતરતા)

દિનકરકુલચંદ્ર ચંદ્રકેતુ,
ઝટ ઝટ આવ મને તું ગાઢ ભેટ.
હિમશકલ સમાં શીત અંગ તારાં
થકી શમજો મુજનોય ચિત્તદાહ. ૮

બે વિદ્યાધરોની આપણા મનમાં કોઈ છાપ રહી જતી નથી. એમની પ્રણયચેષ્ટા સ્થાને લાગતી નથી. કવિએ ઉત્તરરામચરિતમાં સદ્ભાગ્યે સમાસબહુલ ભાષા ક્યાંય વાપરી નથી. માલતીમાધવની યાદ આપે એવી ભાષા છે. પુષ્પવર્ષાના વર્ણનમાં છે એવી ભાષાભંગિ આખામાં જળવાઈ શકી હોત તો સમાસપ્રચુર ભાષાનો પણ સુષમાભર્યો પ્રયોગ મળત. ૮ (પુષ્પિતાગ્રા.) સૂર્યના કુળનો ચંદ્ર એ પ્રયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(उत्थाप्य सस्नेहास्त्रं परिष्वज्य) अपि नाम कुशलं तव दिव्यास्त्रधरदेहस्य ?

चन्द्रकेतुः — कुशलमत्यद्भुतक्रियस्य प्रियदर्शनस्य लवस्य लाभाभ्युदयेन। तद्विज्ञापयामि मामिव विशेषेण वा मत्तः स्निग्धेन चक्षुषा पश्यत्वमुं वीरमनरालसाहसं तातः।

रामः — (लवं निरूप्य) दिष्ट्या अतिगम्भीरमधुरकल्याणाकृतिरयं वयस्यो वत्सस्य !

त्रातुं लोकानिव परिणतः कायवानस्त्रवेदः
क्षात्रो धर्मः श्रित इव तनुं ब्रह्मकोशस्य गुप्त्यै।
सामर्थ्यानामिव समुदयः संचयो वा गुणाना-
माविर्भूय स्थित इव जगत्पुण्यनिर्माणराशिः ॥ ९ ॥

लवः — (स्वगतम्) अहो पुण्यानुभावदर्शनोऽयं महापुरुषः !

आश्वासस्नेहभक्तीनामेकमालम्बनं महत्।
प्रकृष्टस्येव धर्मस्य प्रसादो मूर्तिसंचरः ॥ १० ॥

आश्चर्यम् !

विरोधो विश्रान्तः प्रसरति रसो निर्वृतिघन-
स्तदौद्धत्यं क्वापि व्रजति विनयः प्रह्वयति माम्।
झटित्यस्मिन्दृष्टे किमिति परवानस्मि यदि वा
महार्घस्तीर्थानामिव हि महतां कोऽप्यतिशयः ॥ ११ ॥

આકર્ષક છે. ચિત્તદાહ–પંચવટીના ગાઢકરુણ અનુભવને લીધે. દિવ્યાસ્ત્ર ધારણ૦–તારો દેહ દિવ્યાસ્ત્ર ધારણ કરે છે એટલે કુશળ જ હશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઉઠાડીને સ્નેહનાં આંસુ સાથે ભેટીને) દિવ્યાસ્ત્ર ધારણ કરતો તારો દેહ કુશળ છે ને?

ચંદ્રકેતુ — અતિ અદ્‌ભુત પરાક્રમી પ્રિયદર્શન લવ મળવાથી થયેલા અભ્યુદયને લીધે કુશળ છે. તેથી તાતને વિનંતી કરું છું કે જેવી મારી ઉપર આપની સ્નેહદૃષ્ટિ છે તેવી અથવા તેથીય વિશેષ આ કશી કુટિલતા વિના સાહસકાર્યો કરતા વીર ઉપર હજો.

રામ — (લવને ધારીને જોઈ) આનંદની વાત છે કે વત્સનો આ મિત્ર અતિગંભીર મધુર અને મંગલ આકૃતિવાળો છે.

રક્ષી રહેવા જગત, ઊપન્યો કાયવાન્ અસ્ત્રવેદ!
ક્ષત્રીધર્મે તનુ શું ગ્રહ્યું વા રક્ષવા બ્રહ્મકોષ!
સામર્થ્યોનો સમુદય શકે, પુંજ વા સૌ ગુણોનો!
જાણે મૂર્ત સ્થિત જગતનો પુણ્યનિર્માણરાશિ! ૯

લવ — અહો, આ મહાપુરુષ પવિત્રપ્રભાવવંતા અને પુણ્યદર્શન લાગે છે!

એક આલંબન મહા સાન્ત્વના, સ્નેહ, ભક્તિનું,
પ્રકૃષ્ટ ધર્મનો જાણે પ્રસાદ મૂર્તિસંચર. ૧૦

આશ્ચર્ય!

વિરોધો થંભ્યા ને રસ પસરતો ગાઢ મુદનો,
હટ્યો ક્યાંયે દર્પ, પ્રણતિ વિનયે પ્રેરી મુજમાં!
દીઠા ત્યાં તો શાથી પરવશ થયો તુર્ત? શું હશે
અમૂલો તીર્થો શો મહદજનમાં કો અતિશય? ૧૧

એવી શ્રદ્ધાપૂર્વકનો પ્રશ્ન. ૯ ઊપન્યો-પ્રગટયો. બ્રહ્મકોષ- ૧ બ્રહ્માંડ, ૨ વેદવિદ્યા. ૧૦ મૂર્તિસંચર-માનવદેહે હાલતો ચાલતો. ૧૧ મુદ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रामः — तत्किमयमेकपद एव मे दुःखविश्रामं ददान्युपस्नेहयति च कुतोऽपि निमित्तादन्तरात्मानम्। अथवा स्नेहश्च निमित्तसव्यपेक्ष इति विप्रतिषिद्धमेतत्।

व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतु-
र्न खलु बहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते।
विकसति हि पतङ्गस्योदये पुण्डरीकं
द्रवति च हिमरश्मावुद्गते चन्द्रकान्तः॥ १२॥

लवः — चन्द्रकेतो, क एते?

चन्द्रकेतुः — प्रियवयस्य, ननु तातपादाः।

लवः — ममापि तर्हि धर्मतस्तथैव, यतः प्रियवयस्येति भवतोक्तम्। किं तु चत्वारः किल भवतामेकैकपदेशभागिनस्तत्रभवन्तो रामायणकथापुरुषाः। तद्विशेषं ब्रूहि।

चन्द्रकेतुः — ननु ज्येष्ठतातपादा इत्यवेहि।

लवः — (सोल्लासम्) कथं रघुनाथ एव? दिष्ट्या सुप्रभातमद्य यदयं देवो दृष्टः! (सविनयं निर्वर्ण्य) तात, प्राचेतसान्तेवासी लवोऽभिवादयते।

रामः — आयुष्मन्, एह्येहि। (इति सस्नेहमालिङ्ग्य) अयि वत्स, कृतं कृतमतिविनयेन। अनेकवारमपरिश्लथं परिष्वजस्व माम्।

परिणतकठोरपुष्करगर्भच्छदपीनमसृणसुकुमारः।
नन्दयति चन्द्रचन्दननिष्यन्दजडस्तव स्पर्शः॥ १३॥

આનંદ. અતિશય – માહાત્મ્ય. ૫૨ સ્નેહનું સુંદર દર્શન. ધર્મથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ — આ શું? એકાએક જ આ મને દુઃખમાં વિસામો દે છે અને કોઈ અજ્ઞાત કારણે મારા અંતરાત્મામાં એને માટે ઉમળકો થઈ આવે છે. અથવા સ્નેહ અને તે કોઈક કારણની અપેક્ષા રાખે એ તો ઊલટી જ વાત થઈ!

ભીતરમહીંથી કોઈ હેતુ જોડે પદાર્થો,
નહિ નહિ કદી પ્રીતિ બાહ્ય શોધે ઉપાય.
વિકસિત થતું, ઊગે સૂર્ય ત્યાં, પુંડરીક;
વળી શશિયર ઊગે ને દ્રવે ચંદ્રકાન્ત. ૧૨

લવ — ચંદ્રકેતુ, આ કોણ?

ચંદ્રકેતુ — પ્રિય વયસ્ય, પૂજ્ય પિતાજી છે.

લવ — મને 'પ્રિયવયસ્ય' કહ્યો એટલે મારા પણ ધર્મથી પિતાજી જ થયા. પણ, કહે છે કે, તારા એવા ઉદ્બોધનને યોગ્ય તો રામાયણકથાના ચારે નાયકો છે, માટે વિશેષ કહે.

ચંદ્રકેતુ — તો આ મારા જ્યેષ્ઠ તાત એમ જાણ.

લવ — (ઉલ્લાસથી) શું સાક્ષાત્ રઘુપતિ? ધન્ય આજનો દહાડો કે દેવનાં દર્શન થયાં! (વિનય અને કૌતુકથી ધારીને જોઈ) તાત, પ્રાચેતસનો અન્તેવાસી લવ અભિવાદન કરે છે.

રામ — આયુષ્મન્, આવ, આવ! (સ્નેહથી ભેટીને) અરે વત્સ, રહેવા દે અતિવિનય રહેવા દે, અને મને ફરીફરી ગાઢ આલિંગન દે.

પ્રફુલ્લ પૂર્ણકમલના ગર્ભપત્રશો લીસો મૃદુ કુમળો
દે આનંદ શશી વા ચંદનરસશો તવ સ્પર્શ. ૧૩

પિતાજી૦— સાચે જ જે પિતા છે તેને ધર્મપિતા તરીકે લવને ઓળખવાનું થાય છે. કટાક્ષનું એક વધુ ઉદાહરણ. ૧૩ (છંદ આર્યા.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लवः — (स्वगतम्) ईदृशो मां प्रत्यमीषामकारणस्नेहः । मया पुनरेभ्य एवाभिद्रोग्धुमज्ञेनायुधपरिग्रहः कृतः । (प्रकाशम्) मृष्यन्त्विदानीं लवस्य बालिशतां तातपादाः ।

रामः — किमपराद्धं वत्सेन ?

चन्द्रकेतुः — अश्वानुयात्रिकेभ्यस्तातप्रतापाविष्करणमुपश्रुत्य वीरायितमनेन ।

रामः — नन्वयमलंकारः क्षत्रस्य ।

न तेजस्तेजस्वी प्रसृतमपरेषां विषहते
स तस्य स्वो भावः प्रकृतिनियतत्वादकृतकः ।
मयूखैरश्रान्तं तपति यदि देवो दिनकरः
किमाग्नेयो ग्रावा निकृत इव तेजांसि वमति ॥ १४ ॥

चन्द्रकेतुः — अमर्षोऽप्यस्यैव शोभते महावीरस्य । पश्यन्तु हि तातपादाः प्रियवयस्यनियुक्तजृम्भकास्त्रनिष्कम्पस्तम्भितानि सर्वसैन्यानि ।

रामः — (निर्वर्ण्य) वत्स लव, संहियतामस्त्रम् । त्वमपि चन्द्रकेतो, निर्व्यापारतया विलक्षितानि सान्त्वय बलानि ।

[लवः प्रणिधानं नाटयति ।]

चन्द्रकेतुः — यथादिष्टम् । (इति निष्क्रान्तः ।)

लवः — तात, प्रशान्तमस्त्रम् ।

रामः — वत्स, सरहस्यप्रयोगसंहाराण्यस्त्राण्याम्नायवन्ति ।

ब्रह्मादयो ब्रह्महिताय तस्वा
परःसहस्राः शरदस्तपांसि ।

---

१४ અગ્નિગ્રાવા – સૂર્યકાન્તમણિ. १५ પહેલા અંકમાં આ શ્લોક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવ — (સ્વગત) આવો મારી પ્રત્યે આમનો અકારણ સ્નેહ છે. ને મેં અબૂઝે તો એમની સામે શસ્ત્ર ઉપાડીને એમનો દ્રોહ કર્યો છે. (મોટેથી) તાત, હવે લવની બાલિશતાની ક્ષમા આપો!

રામ — વત્સે શો અપરાધ કર્યો છે?

ચંદ્રકેતુ — અશ્વના અનુચરોને મોઢે તાતના પ્રતાપનો ઢંઢેરો સાંભળીને એણે વીરતા બતાવી.

રામ — વાહ! એ તો ક્ષત્રિયનું ભૂષણ થયું.

> ન તેજસ્વી તેજ પ્રસરતું સહે અન્યજનનું,
> ઠરી એ તો વૃત્તિ પ્રકૃતિ થકી સ્વાભાવિક સદા;
> તપે આખો દા'ડો પ્રખર કિરણે દેવ રવિ ત્યાં
> વમે અગ્નિગ્રાવા પરિભવ લહી તેજ કયમ તો? ૧૪

ચંદ્રકેતુ — અસહનતા પણ એવા વીરને જ શોભે. પ્રિયવયસ્યે છોડેલા જૃંભકાસ્ત્રથી નિષ્કંપ અને નિશ્ચેષ્ટ થયેલાં સૌ સૈન્યોને પિતાજી જુઓ.

રામ — (ધારીને જોઈ) વત્સ લવ, અસ્ત્ર પાછું ખેંચી લે. ચંદ્રકેતુ, તું પણ નિશ્ચેષ્ટ બનવાથી વિસ્મય પામેલાં સૈન્યોને સાન્ત્વન આપ.

[લવ ધ્યાનનો અભિનય કરે છે.]

ચંદ્રકેતુ — જેવી આજ્ઞા!

[જાય છે.]

લવ — તાત, અસ્ત્ર શમી ગયું.

રામ — વત્સ, પ્રયોગ અને સંહરણ માટેના મંત્રોવાળાં આ જૃંભકાસ્ત્ર સંપ્રદાય દ્વારા જ મળે છે.

> બ્રહ્માદ્ર તે સૌ ગુરુઓ પુરાણા,
> તપો તપી બ્રહ્મહિતાર્થ, વર્ષો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एतान्यपश्यन्गुरवः पुराणाः
स्वान्येव तेजांसि तपोमयानि ॥ १५ ॥

अथैतन्मन्त्रपारायणोपनिषदं भगवान्कृशाश्वः परःसहस्राधिक-संवत्सरपरिचर्यानिरतायान्तेवासिने कौशिकाय प्रोवाच । स तु भगवान्मह्यमित्येष गुरुपूर्वानुक्रमः । कुमारस्य कुतः संप्रदाय इति पृच्छामि ।

लवः — स्वतःप्रकाशान्यावयोरस्त्राणि ।

रामः — (विचिन्त्य) किं न संभाव्यते ? प्रकृष्टपुण्यपरिपाको-पादानः कोऽपि महिमा स्यात् । द्विवचनं तु कथम् ?

लवः — भ्रातरावावां यमौ ।

रामः — स तर्हि द्वितीयः क ?

[नेपथ्ये]

भाण्डायन, भाण्डायन,
आयुष्मतः किल लवस्य नरेन्द्रसैन्यै-
रायोधनं ननु किमात्थ सखे तथेति ।
अद्यास्तमेतु भुवनेष्वधिराजशब्दः
क्षत्रस्य शस्त्रशिखिनः शममद्य यान्तु ॥ १६ ॥

रामः —

अथ कोऽयमिन्द्रमणिमेचकच्छवि-
र्ध्वनिनैव बद्धपुलकं करोति माम् ।
नवनीलनीरधरधीरगर्जित-
क्षणबद्धकुड्मलकदम्बडम्बरम् ॥ १७ ॥

આવેલો છે. ૧૬ તેમ થયું—એવું, હે મિત્ર, તેં કહ્યું કે ? અધિરાજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહસ્રથીયે વધુ, દેખતા હવા
તપઃસ્વરૂપી નિજ તેજ જાણે. ૧૫

પછી તે મંત્રપારાયણવાળી ઉપનિષદનો ભગવાન કૃશાશ્વે સહસ્ર કરતાં વધુ વર્ષો સુધી પરિચર્યા કરનાર અન્તેવાસી કૌશિક વિશ્વામિત્રને ઉપદેશ કર્યો. અને તે ભગવાને મને એનો ઉપદેશ કર્યો. આમ એની ગુરુપરંપરા છે. કુમારને એ કયા ગુરુએ ઉપદેશ્યાં એમ પૂછું છું.

લવ — અમો બેની સમક્ષ અસ્ત્રો સ્વતઃ પ્રગટ થયાં છે.

રામ — (વિચાર કરીને) શું ન બને? કોઈ ઉત્કૃષ્ટ પુણ્યના પરિપાકથી પ્રગટેલો કોઈ મહિમા હોય! પણ 'અમો બે' એમ કેમ કહ્યું?

લવ — અમે બે ભાઈઓ છીએ – જોડકા.

રામ — તો તે બીજો ક્યાં છે?

[નેપથ્યમાં]

ભાંડાયન, ભાંડાયન,
'દીર્ઘાયુ તે લવનું ભૂપતિસૈન્ય સાથે
જામ્યું'તું યુદ્ધ?' કહ્યું શું, 'થયું તેમ!' — મિત્ર?
હો અસ્ત આજ જગથી 'અધિરાજ' શબ્દ
શસ્ત્રાગ્નિ ક્ષત્રિય તણા શમજો જ આજ. ૧૬

રામ —

વળી કોણ ઇન્દ્રમણિનીલકાન્તિ આ
ધ્વનિથી જ જે પુલક અર્પતો મને!
નવ નીલ મેઘ જયમ ધીર ગર્જને
ક્ષણમાં કળીભર કરે કદંબને. ૧૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लवः—अयमसौ मम ज्यायानार्यः कुशो नाम भरताश्रमात्प्रतिनिवृत्तः ।

रामः—(सकौतुकम्) वत्स, इत एवैतमाह्वयायुष्मन्तम् ।

लवः—एवम् । (इति परिक्रामति ।)

[ततः प्रविशति कुशः ।]

कुशः—(साद्भुतहर्षधैर्यं धनुरास्फाल्य)

दत्तेन्द्राभयदक्षिणैर्भगवतो वैवस्वतादामनो-
र्दृप्तानां दमनाय दीपितनिजक्षत्रप्रतापाग्निभिः ।
आदित्यैर्यदि विग्रहो नृपतिभिर्धन्यं ममैतत्ततो
दीप्तास्त्रस्फुरदुग्रदीधितिशिखानीराजितज्यं धनुः ॥ १८ ॥

[विकटं परिक्रामति ।]

रामः—कोऽप्यस्मिन्क्षत्रियपोतके पौरुषातिरेकः ! तथा हि

दृष्टिस्तृणीकृतजगत्त्रयसत्त्वसारा
धीरोद्धता नमयतीव गतिर्धरित्रीम् ।
कौमारकेऽपि गिरिवद्गुरुतां दधानो
वीरो रसः किमयमेत्युत दर्प एव ॥ १९ ॥

लवः—(उपसृत्य) जयत्वार्यः !

कुशः—नन्वायुष्मन्, किमियं वार्ता युद्धं युद्धमिति ?

लवः—यत्किंचिदेतत् । आर्यस्तु दृप्तं भावमुत्सृज्य विनयेन वर्तताम् ।

સમ્રાટ. ૧૮ દૃપ્તો—અભિમાનીઓ. આદિત્યનૃપો—સૂર્યવંશી રાજાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવ — એ તો મારા મોટાભાઈ આર્ય કુશ ભરતઆશ્રમથી પાછા આવે છે.

રામ — (કૌતુકથી) વત્સ, એ આયુષ્માનને આમ બોલાવ.

લવ — ભલે!

[પરિક્રમણ કરે છે.]

[પછી કુશ પ્રવેશ કરે છે.]

કુશ — (અદ્‌ભુત, હર્ષ અને ધૈર્યથી ધનુષ્ય ટંકારતો)
જેથી નિર્ભય ઇન્દ્ર, જે વળી મનુ વૈવસ્વતેથી થયા,
દૃપ્તોના દહનાર્થ જે દીપવતા ક્ષત્રપ્રતાપાગ્નિને,—
તે આદિત્યનૃપોથી વિગ્રહ મળે તો ધન્ય મારું ધનુ,
જેની જ્યા તણી અસ્ત્રજાળ પ્રજળી ઉતારી રહે આરતી. ૧૮

[આવેશથી પરિક્રમણ કરે છે.]

રામ — આ ક્ષત્રિયબાળમાં પૌરુષનો કોઈક અતિરેક છે. કેમકે

દૃષ્ટિ ગણે તૃણ જગત્‌ત્રયસત્ત્વસાર,
ધીરોદ્ધતા ગર્વિત નમાવતી શું ધરાને?
કૌમારમાંય ગિરિશો ગુરુતા ધરંત,
આવે શું વીર રસ, દર્પ હશે સ્વયં વા? ૧૯

લવ — (પાસે આવી) આર્યનો જય હો!

કુશ — વારુ, આયુષ્મન્, આ યુદ્ધ-યુદ્ધ-એ શી વાત છે?

લવ — એ તો જરીક અમસ્તું! આર્ય દર્પભાવ તજીને વિનયથી વર્તો!

આરતી — અસ્ત્રો ફેંકાય તે વખતે તેમની જ્વાળા જે ધનુષ્યની દોરીની આરતી ઉતારી રહે છે તે. ૧૯ એની દૃષ્ટિ ત્રણે જગતના બળને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कुशः — किमर्थम् ?

लवः — यदत्र देवो रघुपतिस्तिष्ठति । स च स्निह्यत्यावयो-रुत्कण्ठते च युष्मत्संनिकर्षस्य ।

कुशः — (सतर्कम्) स रामायणकथानायको ब्रह्मकोशस्य गोपायिता ।

लवः — अथ किम् ?

कुशः — आशंसनीयपुण्यदर्शनः स महात्मा । किं तु स कथ-मस्माभिरुपगन्तव्य इति संप्रधारयामि ।

लवः — यथैव गुरुस्तथोपसदनेन ।

कुशः — कथं हि नामैतत् ?

लवः — अत्युदात्तः सुजनश्चन्द्रकेतुरौर्मिलेयः, प्रियवयस्येति सख्येन मामुपतिष्ठते । तेन संबन्धेन धर्मतस्तात एवायं राजर्षिः ।

कुशः — संप्रत्यवचनीयो राजन्येऽपि प्रश्रयः ।

[उभौ परिक्रामतः ।]

लवः — पश्यत्वेनमार्यो महापुरुषमाकारानुभावगाम्भीर्यसंभाव्य-मानविविधलोकोत्तरसुचरितातिशयम् ।

कुशः — (निर्वर्ण्य)

अहो प्रासादिकं रूपमनुभावश्च पावनः ।
स्थाने रामायणकविर्देवीं वाचं व्यवीवृतत् ॥ २० ॥

તરણા સમું તુચ્છ લેખે છે. ધર્મપિતા–પોતાના પિતાને લવ 'ધર્મપિતા' તરીકે ઓળખાવે એ ઉપર કહ્યું તેમ કટાક્ષનું ઉદાહરણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુશ — શા માટે?

લવ — આ અહીં મહારાજ રઘુનંદન ઊભા છે. તેમનો આપણા બંને ઉપર સ્નેહ છે અને તમને મળવા તે ઉત્કંઠ છે.

કુશ — (વિચાર કરી) તે રામાયણકથાના નાયક, બ્રહ્મકોશના પરિરક્ષક જ કે?

લવ — હા.

કુશ — મળવાનું મન થાય એવા પુણ્યદર્શન એ મહાત્મા છે, પરંતુ મારે એમને કેમ સંબોધવા એ સમજાતું નથી.

લવ — જેમ ગુરુજનને તેમ જ, — પૂજ્યભાવપૂર્વક.

કુશ — એમ તે હોય?

લવ — ઊર્મિલાપુત્ર ચંદ્રકેતુ અત્યંત ઉદાત્ત-સુજન છે. મને 'પ્રિયવયસ્ય' કહી મૈત્રી દાખવે છે. તેથી એ સંબંધને લીધે આ રાજર્ષિ ધર્મપિતા જ થયા.

કુશ — આવે પ્રસંગે, આપણ ક્ષત્રિયમાં પણ, વિનય ઠપકાપાત્ર વસ્તુ નહિ લેખાય.

[બંને પરિક્રમણ કરે છે.]

લવ — આકૃતિ, પ્રભાવ અને ગાંભીર્યથી જેનાં વિવિધ લોકોત્તર સુચરિતોનો ઉત્કર્ષ સૂચવાય છે એવા આ મહાપુરુષને આર્ય જુઓ.

કુશ — (ધારીને જોઈ)

રૂપ પ્રાસાદિક અહો, પ્રભાવ વળી પાવન,
સ્થાને રામાયણકવિ વાગ્દેવી યોજતા હવા.. ૨૦

ક્ષત્રિયમાં પણ — કેમ કે ક્ષત્રિય આમ તો નમે નહિ, પણ ગુરુજનને જરૂર નમે. ૨૦ યોજતા હવા — મૂળમાં વ્યવીવૃતત્, જેમાંથી વિવર્ત નામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(उपसृत्य) तात, प्राचेतसान्तेवासी कुशोऽभिवादयते ।

रामः—एह्येह्यायुष्मन् ।

अमृताध्मातजीमूतस्निग्धसंहननस्य ते ।
परिष्वङ्गाय वात्सल्यादयमुत्कण्ठते जनः ॥ २१ ॥

(परिष्वज्य, स्वगतम्) तत् किमपत्यमयं दारकः ?

अङ्गादङ्गात्सृत इव निजस्नेहसारस्य सारः
प्रादुर्भूय स्थित इव बहिश्चेतनाधातुरेकः ।
सान्द्रानन्दक्षुभितहृदयप्रस्रवेणेव सृष्टो
गात्राश्लेषे यदमृतरसस्रोतसा सिञ्चतीव ॥ २२ ॥

लवः—तात, ललाटंतपस्तपति घर्मांशुः । तदत्र सालवृक्षच्छायायां मुहूर्तमासनपरिग्रहं करोतु तातः ।

रामः—यदभिरुचितं वत्सस्य ।

[सर्वे परिक्रम्य यथोचितमुपविशन्ति ।]

रामः—(स्वगतम्)

अहो प्रश्रययोगेऽपि गतिस्थित्यासनादयः ।
साम्राज्यशंसिनो भावाः कुशस्य च लवस्य च ॥ २३ ॥
वपुरविहितसिद्धा एव लक्ष्मीविलासाः
प्रतिकलकमनीयां कान्तिमुद्वेदयन्ति ।
अमलिनमिव रत्नं रश्मयस्ते मनोज्ञाः
विकसितमरविन्दं बिन्दवो माकरन्दाः ॥ २४ ॥

સધાય તે ધાતુનું ૩૫, છે. રામાયણને શબ્દબ્રહ્મના 'વિવર્ત' ૩૫ ભવભૂતિ લેખે છે. જુઓ પૃ. ૬૯–૭૦. ૨૧ 'તો આ છોકરો કોનો બાળક હશે ? –એવો અર્થ किमपत्यम्ને સમાસ લેવાથી થાય. બંને છૂટા શબ્દ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પાસે સરીને) તાત, પ્રાચેતસનો અન્તેવાસી કુશ અભિવાદન કરે છે.

રામ — આવ આવ, આયુષ્મન્!

અમીભર્યા મેઘ જેવું ગાત્ર છે જેનું, એહવા
તને આલિંગવાને આ વાત્સલ્યે તલસે જન. ૨૧

(ભેટીને સ્વગત) આ કોનો બાળક હશે?

અંગાંગેથી ઝરી ઝરી ઠર્યો સ્નેહનો સર્વસાર?
કે ચૈતન્ય પ્રકટિત થઈ ઊભું મૂર્ત સ્વરૂપ?
ગાઢાનન્દે ક્ષુભિત ઉરના પ્રસ્રવ્યાથી સૃજાયો!
ગાત્રાશ્લેષે અમૃતરસના સ્રોતથી સિંચી રહેતો! ૨૨

લવ — તાત, લલાટ તપી જાય એવો સૂર્ય તપે છે. તો આમ આ શાલની ઘેરી છાયામાં ઘડીક આસનનો સ્વીકાર કરો!

રામ — વત્સને જેમ રુચતું હોય તેમ.

[પરિક્રમણ કરી યથાયોગ્ય રીતે બેસે છે.]

રામ — (સ્વગત)

અહો વિનયયોગે યે જવું, ઊભવું, બેસવું,
— કુશ ને લવની સર્વે સામ્રાજ્યસૂચક ક્રિયા. ૨૩
પ્રકૃતિ થકી શરીરે સિદ્ધ લક્ષ્મીવિલાસો
ક્ષણક્ષણ કમનીય શ્રી રહેતા પ્રકાશી,
અમલિન જ્યમ રત્ને રશ્મિઓ ચિત્તહારી,
વિકસિત અરવિંદે બિંદુ જેવાં મધુનાં. ૨૪

લેતાં 'તો શું આ છોકરો (મારો) બાળક હશે?' એવો અર્થ થઈ શકે, જે શ્રી કાણેએ આપ્યો છે. તેઓશ્રી ૨૨મા શ્લોકની ચોથી પંક્તિ યત્ના અન્વયમાં આને ઉપવાક્ય ગણે છે: ગાત્રાશ્લેષથી અમૃતરસથી જાણે કે સીંચે છે તો શું આ છોકરો મારો બાળક હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भूयिष्ठं च रघुकुलकौमारमनयोः पश्यामि ।
कठोरपारावतकण्ठमेचकं
वपुर्वृषस्कन्धसुबन्धुरांसकम् ।
प्रसन्नसिंहस्तिमितं च वीक्षितं
ध्वनिश्च माङ्गल्यमृदङ्गमांसलः ॥ २५ ॥

(निपुणं निरूपयन्) अये, न केवलमस्मद्वंशसंवादिन्याकृतिः !

अपि जनकसुतायास्तच्च तच्चानुरूपं
स्फुटमिह शिशुयुग्मे नैपुणोन्नेयमस्ति ।
ननु पुनरिव तन्मे गोचरीभूतमक्ष्णो-
रभिनवशतपत्रश्रीमदास्यं प्रियायाः ॥ २६ ॥

मुक्ताच्छदन्तच्छविसुन्दरेयं
सैवोष्ठमुद्रा स च कर्णपाशः ।
नेत्रे पुनर्यद्यपि नैव नीले
तथापि सौभाग्यगुणः स एव ॥ २७ ॥

(विचिन्त्य) तदेतत्प्राचेतसाध्युषितमरण्यं यत्र किल देवी परित्यक्ता । इयं चानयोराकृतिर्वयोऽनुभावश्च । यदपि स्वतः-प्रकाशान्यस्त्राणीति तत्र विमृशामि । अपि खलु तच्चित्र-दर्शनप्रासङ्गिकमस्त्राभ्यनुज्ञानमुद्भूतं स्यात् । न ह्यसंप्रदा-यिकान्यस्त्राणि पूर्वेषामपि शुश्रुमः । अयं च संप्लवमानमा-

---

२२ अङ्गादङ्गात् – स२० अङ्गादङ्गात्संभवसि हृदयादधिजायसे । आत्मा वै पुत्रनामासि स जीव शरदः शतम् ॥ २४ प्रतिकलम् – क्षणे क्षणे; બીજો અર્થ 'પ્રત્યેક અવસ્થામાં', એટલે કે 'પ્રત્યેક ભાગમાં'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી રઘુકુલ કુમારોમાં હોય એવું ઘણું મને આ બંનેમાં દેખાય છે.

પ્રફુલ્લ પારાવત કંઠશું ભૂરું
શરીર, સ્કંધો વૃષકાંધની સમા,
પ્રસન્ન કો સિંહશી ધીટ દૃષ્ટિ, ને
ગભીર માંગલ્યમૃદંગશો ધ્વનિ. ૨૫

(ઝીણવટથી જોઈને) અરે, આકૃતિ અમારા વંશને મળતી આવે છે એટલું જ કેવળ નથી!

વળી જનકસુતાના જેવું છે આ અને તે
સ્ફુટ અહીં શિશુયુગ્મે ધ્યાનથી જોવું શકય.
પ્રગટ્યું નયન સામે મારી શું તે ફરીથી
અભિનવકમલશ્રીવાળું મોહું પ્રિયાનું? ૨૬

આ મોતીશા દાંતની કાન્તિથી સુહી
એ ઓષ્ઠમુદ્રા, વળી કર્ણપાશ;
નેત્રો વળી જો કદી છે ન નીલ,
સૌભાગ્યનો તે જ તથાપિ છે ગુણ. ૨૭

(વિચાર કરીને) તે આ, પ્રાચેતસ જેમાં વસે છે તે અરણ્ય. ત્યાં જ તો દેવીનો પરિત્યાગ કરવામાં આવ્યો હતો. અને આવાં, આ બંનેનાં આકૃતિ, વય અને પ્રભાવ છે. વળી, અસ્ત્રો આપમેળે પ્રગટ થાય છે એટલે મને વિચાર આવે છે: એમ તો નહીં હોય કે તે ચિત્રદર્શન પ્રસંગે અસ્ત્રોને કરેલી અનુજ્ઞા કામ આવી હોય! અસ્ત્રો

---

૨૫ સર૦ વૃષસ્કન્ધઃ રઘુ૦ ૧–૧૩. ૨૭ ત્રીજી પંક્તિમાં રક્તનીલે પાઠ લેતાં 'રક્તનીલ'. સ્ત્રી જેવાં નીલ જ નહિ પણ યોદ્ધાઓ જેવાં રાતાં નેત્ર છે, તે છતાં સૌભાગ્ય-સૌન્દર્ય તો સીતાના જેવું જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्मानं सुखदुःखातिशयो हृदयस्य मे विस्रंभयते। यमाविति च भूयिष्ठमात्मसंवादः। भूयिष्ठं च मया द्विधा प्रतिपन्नो देव्या गर्भिणीभाव आसीत्। (सास्रम्)

पुरा रूढे स्नेहे परिचयविकासादुपचिते
रहो विस्रब्धाया अपि सहजलज्जाजडदृशः।
मयैवादौ ज्ञातः करतलपरामर्शकलया
द्विधा गर्भग्रन्थिस्तदनु दिवसैः कैरपि तया ॥ २८ ॥

(रुदित्वा) तत्किमेतौ पृच्छामि केनचिदुपायेन?

लवः—तात, किमेतत्?

बाष्पवर्षेण नीतं वो जगन्मङ्गलमाननम्।
अवश्यायावसिक्तस्य पुण्डरीकस्य चारुताम् ॥ २९ ॥

कुशः—अयि वत्स,

विना सीतादेव्या किमिव हि न दुःखं रघुपतेः
प्रियानाशे कृत्स्नं किल जगदरण्यं हि भवति।
स च स्नेहस्तावानयमपि वियोगो निरवधिः
किमित्येवं पृच्छस्यनधिगतरामायण इव ॥ ३० ॥

रामः—(स्वगतम्) अये, तटस्थ आलापः! कृतं प्रश्नेन! मुग्धहृदय, कोऽयमाकस्मिकस्ते पारिप्लवो विकारः! एवं च निर्भिन्नहृदयावेगः शिशुजनेनाप्यनुकम्पितोऽस्मि। भवतु तावदन्तरयामि। (प्रकाशम्) वत्सौ, रामायणमिति श्रूयते भग-

---

२८ विजने – એકાન્તમાં વિશ્રંભના અનુભવમાં ઓગળતી. प्रथम-પહેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપ્રદાય વિના સિદ્ધ થયાં હોય એવું તો પહેલાંનાઓ વિષે પણ સાંભળ્યું નથી. આ સુખદુઃખનો અતિશય પણ વિસ્મયમાં તણાતા હૃદયને વિશ્વાસ આપી રહે છે. જોડકા ભાઈઓ છે એ પણ અનુભવને ખૂબ મળતું આવે છે. દેવીનો ગર્ભિણીભાવ બે-બાળક-વાળો જ કળાતો. (આંસુ સાથે)

પુરા પ્રીતિ જામ્યે પરિચય વિકાસેથી, વિજને
ગળી વિશ્રંભે ત્યાં જડ સહજ–લજ્જા–ઢળી દગ;
હથેળીથી જાણ્યો કળથકી હતો સ્પર્શથી જ મેં
દ્વિધા ગર્ભગ્રંથિ પ્રથમ, પછી એણે કંઈ દિને. ૨૮

(રડીને) તો શું એમને કોઈ પણ ઉપાયે પૂછી જોઉં?

લવ — તાત, આ શું?

અશ્રુ વર્ષી અર્પી આપે જગન્મંગલ તે મુખે
જાણે ઓસથી સિંચાયા પુંડરીકની ચારુતા. ૨૯

કુશ — અરે વત્સ,

વિના સીતાદેવી રઘુનૃપતિને દુઃખ ન કર્યું?
પ્રિયાનાશે આખું જગત વન જેવું બની રહે.
હતી પ્રીતિ એવી, વળી વિરહ આવો નિરવધિ,
પૂછે શે એવું, હો જયમ ન કદી રામાયણ ભણ્યો! ૩૦

રામ — (સ્વગત) અરે, તટસ્થની જેમ વાતચીત કરે છે? પ્રશ્ન પૂછવાથી શું? ઓ મુગ્ધ હૃદય, શું આ એકાએક લાગણીમાં તણાવા લાગ્યું? આમ હૃદયાવેગ કળાઈ જતાં શિશુજન પણ મારી દયા ખાવા લાગ્યા! વારુ, ત્યારે વિષયાન્તર કરું. (મોટેથી) બાળકો, રામાયણ એટલે તો, સાંભળ્યું છે કે, ભગવાન વાલ્મીકિનો સરસ્વતીસ્રોત છે,

---

મેં જણ્યો, પછી કંઈક દિવસે એણે. ૩૦ સ ચ સ્નેહસ્તાવાન્ – સર૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वतो वाल्मीकेः सरस्वतीनिष्यन्दः प्रशस्तिरादित्यवंशस्य, तत्र कौतूहलेन यत्किंचिच्छ्रोतुमिच्छामि ।

कुशः — स कृत्स्न एव संदर्भोऽस्माभिरावृत्तः । स्मृतिप्रत्युपस्थितौ तावदिमौ बालचरितस्यान्त्येऽध्याये द्वौ श्लोकौ ।

रामः — उदीरयतु वत्सः !

कुशः —

"प्रकृत्यैव प्रिया सीता रामस्यासीन्महात्मनः ।
प्रियभावः स तु तया स्वगुणैरेव वर्धितः ॥ ३१ ॥
तथैव रामः सीतायाः प्राणेभ्योऽपि प्रियोऽभवत् ।
हृदयं त्वेव जानाति प्रीतियोगं परस्परम् ॥" ३२ ॥

रामः — कष्टमतिदारुणो हृदयमर्मोद्घातः । हा देवि, एवं किल तदासीत् । अहो निरन्वयविपर्यासविरसवृत्तयो विप्रलम्भपर्यवसायिनस्तापयन्ति संसारवृत्तान्ताः !

क्व तावानानन्दो निरतिशयविस्रम्भबहुलः
क्व तेऽन्योन्ययत्नाः क्व च नु गहनाः कौतुकरसाः ।
सुखे वा दुःखे वा क्व नु खलु तदैक्यं हृदययो-
स्तथाप्येष प्राणः स्फुरति न तु पापो विरमति ॥ ३३ ॥

एतादृशं प्रेम, કુમાર૦ ૩-૫. મુગ્ધ-મૂર્ખ; દગ્ધ પાડ લેતાં 'બળ્યા'. આખો જ ગ્રંથ – એટલે ચોથા અંકમાં લવે કહેલું તેમ 'સીતાદેવીને અરણ્યમાં એકલી છોડી દઈને લક્ષ્મણ પાછા વળ્યા' (પૃ. ૨૦૩) ત્યાં સુધીનો. ૩૧–૩૨ રામાયણની આવૃત્તિઓ(કલકત્તા સિવાયની)માં આ શ્લોકો મળતા નથી. એને મળતા શ્લોકો છે. કદાચ ભવભૂતિએ એ ઉપરથી આ શ્લોકો રચ્યા હોય, જેમ બીજા અંકના ૧૮મા શ્લોકનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિત્યવંશની પ્રશસ્તિ છે. એટલે કુતૂહલને લીધે જરીક કાંઈ સાંભળવાનું મન છે.

કુશ — એ આખો જ ગ્રંથ અમને કંઠે છે. તરત સ્મૃતિમાં ઉપસ્થિત થાય છે એ આ બાલચરિતના છેલ્લા અધ્યાયના બે શ્લોકો જ જુઓને :

રામ — વત્સ એનો પાઠ કરો !

કુશ —

'સ્વભાવથી હતી સીતા મહાત્મા રામને પ્રિય,
ને એણે સ્વગુણોથી જ વધાર્યો પ્રિયભાવ એ. ૩૧
તેવા જ રામ સીતાને પ્રાણથી ય હતા પ્રિય,
હૈયું એ માત્ર જાણે છે પ્રીતિયોગ પરસ્પર.' ૩૨

રામ — હાય રે ! હૃદયમર્મ ઉપર આ ઘા અતિદારુણ છે. હા દેવી ! તે કાળે એમ જ હતું. અહો, આ રસહીન, વિલીન થઈ જનારી, ભ્રમણામાં પરિણમનારી સંસારની ઘટનાઓ અત્યંત તાવે છે.

કહીં તે આનંદો નિરતિશય વિશ્રંભ-ઊભર્યા ?
પ્રયત્નો અન્યોન્યે કહીં, ગહન ક્યાં કૌતુકરસો ?
સુખે વા દુઃખે વા કહીં હૃદયનું ઐક્ય વળી તે ?
ટકી રહે આ પ્રાણો તદપિ, નવ પાપી વિરમતા. ૩૩

પણ લાગે છે. (પૃ. ૮૩–૮૪ ટીકા.) બાલકાંડના અંતભાગમાં નીચેના શ્લોકો છે : मनस्वी तद्गतमनास्तस्या हृदि समर्पितः । प्रिया तु सीता रामस्य दाराः पितृकृता इति ॥ गुणाद्रूपगुणाच्चापि प्रीतिर्भूयोऽभिवर्धते । तस्याश्च भर्ता द्विगुणं हृदये परिवर्तते ॥ अन्तर्गतमपि व्यक्तमाख्याति हृदयं हृदा । तस्य भूयो विशेषेण मैथिली जनकात्मजा ॥ બાલકાણ્ડ ૭૭, ૨૬–૮. हृदयं स्वेव० – દ્વિવચનનો હૃદયે એવો પ્રયોગ નહિ પણ બે વચ્ચે એક જ હૃદય છે એવું સૂચવવા એકવચનનો हृदयम् એવો પ્રયોગ કર્યો છે એના ઔચિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भोः कष्टम् !

प्रियागुणसहस्राणामेकोन्मीलनतत्परः ।
य एव दुःस्मरः कालस्तमेव स्मारिता वयम् ॥ ३४ ॥

यदा किंचित्किंचित्कृतपदमहोभिः कतिपयै-
स्तदीषद्विस्तारि स्तनमुकुलमासीन्मृगदृशः ।
वयःस्नेहाकूतव्यतिकरघनो यत्र मदनः
प्रगल्भव्यापारः स्फुरति हृदि मुग्धश्च वपुषि ॥ ३५ ॥

लव:—अयं तु मन्दाकिनीचित्रकूटवनविहारे सीतादेवीमुद्दिश्य रघुपतेः श्लोकः—

"त्वदर्थमिव विन्यस्तः शिलापट्टोऽयमायतः ।
यस्यायमभितः पुष्पैः प्रवृष्ट इव केसरः ॥" ३६ ॥

रामः—(सलज्जास्मितस्नेहकरुणम्) अतिं हि नाम मुग्धः शिशुजनः विशेषतस्त्वरण्यचरः । हा देवि, स्मरसि वा तस्य तत्समयविस्रम्भातिशयप्रसङ्गस्य ? भोः कष्टम् !

વિષે આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવે ધ્યાન ખેંચ્યું છે. શ્રીનરસિંહરાવ દિવેટિયાએ એક હરિકીર્તનમાં સીતાત્યાગના 'વિવાદના આખા પ્રશ્નને બુદ્ધિની ભૂમિકામાંથી ઉપાડી હૃદયની ભૂમિકા ઉપર મૂકી દીધો' તેનું ગુણદર્શન કરતા આચાર્યશ્રીએ ઉમેર્યું હતું: 'રામ અને સીતાનાં હૃદય–ભૂલ્યો, એમનું હૃદય–એ જ તેઓનો પરસ્પર પ્રીતિયોગ જાણે છે.' (આપણો ધર્મ, પૃ. ૧૬૯–૭૦). સાક્ષરશ્રી નરસિંહરાવ દિવેટિયા પણ રસદર્શન કરાવે છે: 'ભવભૂતિનો મહાકવિત્વપદનો હક અન્ય રીતે સિદ્ધ હશે; પણ મને તો એના રામસીતાનાં હૃદયો આલેખવાની કલાના ઉપર એ હક અચલ સ્થપાયલો જણાય છે. એ બે હૃદયો વચ્ચે દ્વીપરૂપ સ્થિતિ જ નહોતી તો પછી એમને પ્રસંગે સેતુની જરૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરે! કેવું દુઃખ!

પ્રિયા ગુણ સહસ્રોના પ્રકાશને જ તત્પર
એવો દુઃસ્મર જે કાલ દીધો સંભારી તે મને. ૩૪
પછી થોડે થોડે કંઈક દિન વીત્યેથી વધીને
મૃગાક્ષીની પામી સ્તનની કળી વિસ્તાર કંઈક.
વયસ્નેહાવેગે થકી સઘન જ્યારે મદન તે
પ્રગલ્ભા ચેષ્ટાથી ઉર મહીં સ્ફુર્યો, મુગ્ધ વપુમાં. ૩૫

લવ — આ વળી મંદાકિનીતટ ઉપરના ચિત્રકૂટ પર્વત પર વનવિહાર કરતાં સીતાદેવીને ઉદ્દેશીને રઘુપતિનો બોલેલો શ્લોક છે :

'શિલાની પાટ આ પ્હોળી તારે કાજે શું ગોઠવી,
જે પરે બકુલે વર્ષા ચોપાસે પુષ્પની કરી!' ૩૬

રામ — (લજ્જાસ્મિતપૂર્વક, સ્નેહ અને કરુણાથી) શિશુજન એટલે જ અત્યંત મુગ્ધ, વિશેષે કરીને અરણ્યમાં ઉછરેલાં. હા દેવી! તે સમયના અતિશય વિશ્રંભના પ્રસંગો તને સાંભરે છે કે? અરેરે!

જ નહોતી. કદી ક્ષણભર દ્વીપદશા માનીએ તો પણ જેણે લંકાના દ્વીપને સેતુબંધથી સાંધ્યો તેને આ હૃદયસેતુબંધ અસાધ્ય હોય જ શેનો? हृदयं त्वेव . . . એ વચનમાં જ એ સેતુબન્ધ દૃશ્ય થાય છે.' આ રીતે ભ્રમણામાં – વિપ્રલંભનો બીજો અર્થ લેતાં 'વિયોગમાં'. ૩૪ પ્રકાશને–પ્રગટ કરવામાં. દુઃસ્મર–સંભારતાં દુઃખ થાય તેવો. 'દુઃસહ પાઠ ખરાબ છે. સુખના દહાડા અસહ્ય નથી, પણ એમની સ્મૃતિ દુઃસહ છે'. (કાણે.). ૩૫ મદનની ચેષ્ટા હૃદયમાં પ્રગલ્ભ હતી, જ્યારે શરીરમાં કાંઈક હળવી હતી. ૩૬ आयतः ને બદલે अग्रतः પાઠ લેતાં 'સામે'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रमाम्बुशिशिरीभवत्प्रसृतमन्दमन्दाकिनी-
मरुत्तरलितालकाकुललललाटचन्द्रद्युति ।
अकुङ्कुमकलङ्कितोज्ज्वलकपोलमुत्प्रेक्ष्यते
निराभरणसुन्दरश्रवणपाशमुग्धं मुखम् ॥ ३७ ॥

(स्तम्भित इव स्थित्वा, सकरुणम्) अहो नु खलु भोः,
चिरं ध्यात्वा ध्यात्वा निहित इव निर्माय पुरतः
प्रवासेऽप्याश्वासं न खलु न करोति प्रियजनः ।
जगज्जीर्णारण्यं भवति हि विकल्पत्युपरमे
कुकूलानां राशौ तदनु हृदयं पच्यत इव ॥ ३८ ॥

[नेपथ्ये]

वसिष्ठो वाल्मीकिर्दशरथमहिष्योऽथ जनकः
सहैवारुन्धत्या शिशुकलहमाकर्ण्य सभयाः ।
जराग्रस्तैर्गात्रैरथ खलु विदूराश्रमतया
चिरेणागच्छन्ति त्वरितमनसोऽपि श्रमजडाः ॥ ३९ ॥

रामः — कथं भगवत्यरुन्धती वसिष्ठोऽम्बाश्च जनकश्चात्रैव ! कष्टं, कथं खल्वेते द्रष्टव्याः ! (सकरुणं विलोक्य) अहह, तात-जनकोऽपि दैवादत्रैवायात इति वज्रेणेव ताडितोऽस्मि मन्दभाग्यः !

'કહે છે કે આ શ્લોક રામાયણની નકલ કરનારાઓથી લખવો રહી ગયો છે'. (વીરરાઘવ.). આને મળતા શ્લોક રામાયણની નિર્ણયસાગરની આવૃત્તિમાં અયોધ્યાકાણ્ડના ૯૫મા અધ્યાય પછીના પ્રક્ષિપ્ત સર્ગમાં (શ્લોક ૫–૬) મળે છે: परिश्रमविघातार्थं साधु तावदिहास्यताम्। स्वदर्थमिह विन्यस्ता त्वियं श्लक्ष्णसमा शिला ॥ यस्याः पार्श्वे तरुः पुष्पैः प्रवि(वृ)ष्ट

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રમે શિશિર સ્વેદથી, અનિલ-મંદ-મંદાકિની-
વડે ફરકતી લટો તહીં લલાટચંદ્રે ઝૂમે,
ન કંકુ તહીં ચાંદલે, સુભગ ગાલ શા ઊજળા!
ધરેણું નહિ તોય કર્ણ સુહતા! – લહું એ મુખ. ૩૭

(થંભી ગયા હોય એમ રોકાઈને, કરુણ રીતે) અરેરે અહો!

ઘણું ઝંખી ઝંખી સરજી, ધરી સામે નયનની,
વિયોગે યે ના કૈં પ્રિયજન ન આશ્વાસન દિયે.
જગત્ જીર્ણારણ્ય પ્રગટ જ, વિકલ્પો શમી જતાં.
પછી હૈયું, સીઝે જ્વલત કુશકાના જયમ ઢગે. ૩૮

[નેપથ્યમાં]

ત્રણે રાણી, મૈત્રાવરુણિ, ઋષિ વાલ્મીકિ, જનક,
ગુરુપત્ની સાથે શિશુકલહનું સાંભળી, ભયે,
પધારે ધીરેથી, ત્વરિત-મન કિંતુ શ્રમજડ;
વયે ગાત્રો ઢીલાં, નિકટ નથી તે આશ્રમ પણ. ૩૯

રામ — શું ભગવતી અરુન્ધતી અને વસિષ્ઠ, માતાઓ અને જનક, સૌ અહીં જ છે? ભારે થઈ! હું શી રીતે એમને મોં બતાવીશ? (કરુણ રીતે જોઈ) અહહ! તાત જનક પણ દૈવયોગે અહીં જ આવેલા છે એટલે મારી મંદભાગ્યની ઉપર જાણે વજ્રનો જ પ્રહાર થયો!

ઇવ કેસરૈઃ। ૩૭ મંદાકિનીના મંદ અનિલવડે ફરકતી લટો. ઉપરના અધ્યાયના ૧૮મા શ્લોકમાં રામે તિલક કર્યાનું વર્ણન છે. ૩૮ ઝંખના કરી કરીને પોતાની નજર સામે ઊભું કર્યું હોય એવું પ્રિયજન વિયોગમાં પણ આશ્વાસન આપતું નથી એમ નથી. કલત્રવ્યુપગમે પાઠ લેતાં 'થતાં મૃત્યુ પ્રિયનું.' ૩૯ મનથી ત્વરિત, પણ શ્રમને લીધે ધીમી, ગતિએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संबन्धस्पृहणीयताप्रमुदितैर्जुष्टे वसिष्ठादिभि-
र्दृष्ट्वापत्यविवाहमङ्गलविधौ तत्तातयोः संगमम् ।
पश्यन्नीदृशमीदृशे पितृसखं वृत्ते महावैशसे
दीर्ये किं न सहस्रधाहमथवा रामेण किं दुष्करम् ॥ ४० ॥

[नेपथ्ये]

भो भोः, कष्टम् !

अनुभावमात्रसमवस्थितश्रियं
सहसैव वीक्ष्य रघुनाथमीदृशम् ।
प्रथमप्रमूढजनकप्रबोधना-
द्विधुराः प्रमोहमुपयान्ति मातरः ॥ ४१ ॥

रामः—हा तात, हा मातरः,

जनकानां रघूणां च यत्कृत्स्नं गोत्रमङ्गलम् ।
तत्राप्यकरुणे पापे वृथा वः करुणा मयि ॥ ४२ ॥

यावत्संभावयामि । (इत्युत्तिष्ठति ।)

कुशलवौ—इत इतस्तातः ।

[सकरुणाकुलं परिक्रम्य निष्क्रान्ताः सर्वे ।]

इति महाकविश्रीभवभूतिविरचित उत्तररामचरिते
कुमारप्रत्यभिज्ञानो नाम षष्ठोऽङ्कः ।

---

૪૦ જનક અને દશરથનો તે મેળાપ, જેને વસિષ્ઠાદિએ સેવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધ સ્પૃહણીય જાણી જ ભળ્યા જેમાં વસિષ્ઠાદિ, તે
જોયો પુત્રવિવાહમંગલ સમે મેળાપ તાતો તણો.
આવા તાતસખા નિહાળી, ગુજર્યે એ ઘોર હિંસા, અહો
ફાટી શે ન સહસ્રધા હું પડું ? કે શું રામથી દુષ્કર ? ૪૦

[નેપથ્યમાં]

હાય હાય રે !

મહિમાથી કાન્તિ વરતાય એહવા
રઘુનાથ જોઈ સહસા, ઢળેલ જે
કંઈ ભાનમાં જનક તેહ, લાવીને
પછી ભાન ખોતી દુખડૂબી માડીઓ. ૪૧

રામ — હા તાત ! હા માતાઓ !

જનકો ને રઘુઓનું જે સર્વ ગોત્રમંગલ,
તે પ્રત્યે ક્રૂર પાપી હું, દયા છે વ્યર્થ આપની. ૪૨

હું જ જઈને એમનું સન્માન કરું. (ઊઠે છે.)

કુશલવ — આમ, આમ, તાત !

[કરુણ રીતે આકુળતાપૂર્વક પરિક્રમણ કરી સૌ જાય છે.]

કુમારોની ઓળખાણ નામે છઠ્ઠો અંક સમાપ્ત.

---

૪૧ (છંદ મંજુભાષિણી.) જનકને ભાનમાં લાવીને પછી પોતે જ મૂર્છા પામી.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सप्तमोऽङ्कः ।

[ततः प्रविशति लक्ष्मणः ।]

लक्ष्मणः — भो भो अद्य खलु भगवता वाल्मीकिना सब्रह्म-क्षत्रपौरजानपदाः प्रजाः सहास्माभिराहूय कृत्स्न एव सदेवासुरतिर्यग्गुरगनायक्रनिकायः सचराचरो भूतग्रामः स्वप्रभावेण संनिधापितः । आदिष्टश्चाहमार्येण — 'वत्स लक्ष्मण, भगवता वाल्मीकिना स्वकृतिमप्सरोभिः प्रयुज्यमानां द्रष्टुमुपनिमन्त्रिताः स्मः । तद् गङ्गातीरमातोद्यस्थानमुपगम्य क्रियतां समाजसंनिवेशः' इति । कृतश्च मर्त्यामर्त्यस्य भूत-ग्रामस्य समुचितस्थानसंनिवेशो मया । अयं तु —

राज्याश्रमनिवासेऽपि प्राप्तक्रष्टमुनिव्रतः ।
वाल्मीकिगौरवादार्य इत एवाभिवर्तते ॥ १ ॥

અપ્સરાઓ પ્રયોગ ૦– ચોથા અંકમાં જેની વાત થઈ હતી તે. (પૃ૦ ૨૦૧.) વાલ્મીકિએ સીતાત્યાગ અને કુશલવજન્મના પ્રસંગને નાટકરૂપે રજૂ કર્યો હોય એ રીતે ભવભૂતિએ સાતમા અંકમાં ગર્ભાંક ગૂંથીને રજૂઆત કરી છે. ગંગાને તીરે — ગર્ભનાટકમાં, અને ખાસ કરીને ૧૬મા શ્લોકમાં કહ્યા પ્રમાણે સીતા ગંગાનાં જળમાંથી બહાર આવે છે, એમાં સરળતા રહે એ માટે ગંગાને કાંઠે રંગભૂમિ યોજાઈ છે. (વીરરાઘવ.) આદર્શ રાજવીની કલ્પના. ૧. કાલિદાસે પણ રાજાને 'મધ્યમાશ્રમતપસ્વી' કહ્યો છે. વાલ્મીકિ ગુરુ છે એટલે એમના ગૌરવને — ગુરુપણાને અને મોટાઈને–માન આપીને રામ નાટ્ય–પ્રયોગ જોવા આવ્યા છે, નહિ તો કદાચ ભાગ્યે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક સાતમો

[પછી લક્ષ્મણ પ્રવેશ કરે છે.]

લક્ષ્મણ — અરે ઓ! આજે ભગવાન વાલ્મીકિએ બ્રાહ્મણ-ક્ષત્રિય સહિત નગરનિવાસી અને જનપદવાસી પ્રજાને અમારા સમેત બોલાવી છે; અને દેવ, અસુર, પક્ષિવર્ગ, અને નાગલોકના નાયકોના સમૂહ સહિત સ્થાવર જંગમ આખો જ ભૂતસમુદાય પોતાના પ્રભાવ વડે ભેગો કર્યો છે. મને આર્યે આજ્ઞા કરી છે કે 'વત્સ લક્ષ્મણ, ભગવાન વાલ્મીકિએ પોતાની રચનાનો અપ્સરાઓ પ્રયોગ કરવાની છે તે જોવા માટે આપણને નોતર્યા છે, તો ગંગાને તીરે વાદ્યભૂમિએ જઈ પ્રેક્ષકોના બેસવાનો પ્રબંધ કર.' ને એ પ્રમાણે મેં મર્ત્ય અને અમર્ત્ય સર્વ ભૂતસમૂહને યથાયોગ્ય સ્થાને બેસવાની વ્યવસ્થા કરી છે. આ, હવે

રાજ્યાશ્રમ વિષે યે જે પાળે ભારે મુનિવ્રત,
ગુરુશા વાલ્મીકિ એથી આર્ય આંહીં પધારતા. ૧.

આવત. પરીક્ષકો—પ્રેક્ષકાः કરતાં પ્રાશ્નિકાः પાઠ ઠીક છે. પ્રેક્ષકો તો બેઠા હોય જ. રામે ખાસ પૂછવાનું હોય તે તો નાટ્ય-પ્રયોગમાં કાંઈક ઝઘડો થાય તો તે વખતે જેને પૂછવા થાય એવા પ્રાશ્નિકો વિષે. નાટ્યશાસ્ત્ર(૨૭ : ૬૩–૪)માં ભરત દસ પ્રકારના પ્રાશ્નિકો ગણાવે છે: सङ्घर्षे च समुत्पन्ने प्राश्निकान् संनिबोधत ॥ यज्ञविचर्तकश्चैव छन्दोविच्छेदवित्तथा । इष्वस्त्रचित्रविद्वेश्या गन्धर्वो राजसेवकः ॥ સૂત્રકારની ઉક્તિથી ગર્ભનાટકનો આરંભ થાય છે. ઋતથી ભરેલાં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ततः प्रविशति रामः ।]

रामः—वत्स लक्ष्मण, अपि स्थिता रङ्गप्राश्निकाः?

लक्ष्मणः—अथ किम्?

रामः—इमौ पुनर्वत्सौ कुशलवौ चन्द्रकेतुसमां स्थानप्रतिपत्तिं लम्भयितव्यौ ।

लक्ष्मणः—प्रभुस्नेहप्रत्ययात्तथैव कृतम् । इदं चास्तीर्णं राजासनम् । तदुपविशत्वार्यः ।

रामः—(उपविश्य) प्रस्तूयतां भोः!

[प्रविश्य]

सूत्रधारः—भो भो भगवान्भूतार्थवादी प्राचेतसः स्थावरजङ्गमं जगदाज्ञापयति—यदिदमस्माभिरार्षेण चक्षुषा समुद्वीक्ष्य पावनं च करुणाद्भुतरसं च किंचिदुपनिबद्धम्, तत्र कार्यगौरवादवधातव्यमिति ।

रामः—एतदुक्तं भवति । साक्षात्कृतधर्माणो ऋषयः । तेषामृतंभराणि भगवतां परोरजांसि प्रज्ञानानि न क्वचिव्याहन्यन्त इत्यनभिशङ्कनीयानि ।

[नेपथ्ये]

हा अज्जउत्त, हा कुमार लक्खण, एआइणिं असरणं आसण्णप्पसववेअणं अरण्णे हदासं सावदा मं अहिलसन्दि! हा दाणिं मन्दभाइणी भाईरहीए अत्ताणं णिक्खिविस्सं! [हा आर्यपुत्र, हा कुमार लक्ष्मण, एकाकिनीमशरणामासन्नप्रसववेदनामरण्ये हताशां श्वापदा माभिलषन्ति! हा इदानीं मन्दभाग्या भागीरथ्यामात्मानं निक्षेप्स्यामि!]

लक्ष्मणः—(आत्मगतम्) कष्टं बतान्यदेव किमपि!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પછી રામ પ્રવેશ કરે છે.]

રામ — વત્સ, રંગભૂમિના પરીક્ષકો બેઠા કે ?

લક્ષ્મણ — હા.

રામ — પેલા કુશ અને લવ એ બે કુમારોને ચંદ્રકેતુના જેવા માનથી બેસાડવાના છે.

લક્ષ્મણ — એમની પ્રત્યેના મહારાજના સ્નેહની જાણ હોઈ એમ જ કર્યું છે. આ અહીં રાજાસન બિછાવેલું છે. તો, આર્ય બેસો !

રામ — (બેસીને) અરે ઓ ! નાટકનો આરંભ કરો !

[પ્રવેશીને]

સૂત્રધાર — રે રે ! સત્યવાદી ભગવાન પ્રાચેતસ સ્થાવરજંગમ જગતને આજ્ઞા કરે છે કે 'આ જે અમે આર્ષ દૃષ્ટિથી નિહાળીને પુનિત કરનારું અને કરુણ તેમજ અદ્‌ભુત રસવાળું કંઈક રચ્યું છે તેઉપર, તેની અંદરના કાર્યનું ગૌરવ સમજી, લક્ષ આપવાનું છે.'

રામ — એટલે એમ કહે છે કે 'ઋષિઓએ વસ્તુના તત્ત્વનો સાક્ષાત્કાર કર્યો હોય છે. તેમનાં રજસ્-પારનાં, ઋતથી ભરેલાં જ્ઞાનદર્શનો કચાંય અયથાર્થ નીવડતાં નથી.' એથી તેમને વિષે શંકા લાવવી ન ઘટે.

[નેપથ્યમાં]

હા ! આર્યપુત્ર ! હા કુમાર લક્ષ્મણ ! એકાકિની, અશરણ અને જેની પ્રસવવેદના આવી લાગી છે એવી, અરણ્યમાં હતાશ બનેલીને મને ખાવા હિંસક પશુઓ ટાંપી રહ્યાં છે. હા ! તો હવે હું મંદભાગિની મારી જાતને ભાગીરથીમાં ફેંકી દઉં.

લક્ષ્મણ — (આત્મગત) અરેરે ! આ તો કાંઈક જુદું જ છે !

अमृतंभराणि પાઠ લેતાં 'અમૃતથી ભરેલાં;' તો આ પહેલાંની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सूत्रधारः —

विश्वम्भरात्मजा देवी राज्ञा त्यक्ता महावने ।
प्राप्तप्रसवमात्मानं गङ्गादेव्यां विमुञ्चति ।। २ ।।

[इति निष्क्रान्तः ।]

रामः —(सावेगम्) देवि, देवि ! . . . लक्ष्मण, अवेक्षस्व ।

लक्ष्मणः —आर्य, नाटकमिदम् ।

रामः —हा देवि दण्डकारण्यवासप्रियसखि, एष ते रामाद्दैव-दुर्विपाकः ।

लक्ष्मणः —आर्य, दृश्यताम् तावत् प्रबन्धार्थः ।

रामः —एष सज्जोऽस्मि वज्रमयः ।

[ततः प्रविशति उत्सङ्गितैकैकदारकाभ्यां पृथिवीगङ्गा-भ्यामवलम्बिता प्रमुग्धा सीता ।]

रामः —वत्स, असंविज्ञातपदनिबन्धने तमसीवाहमद्य प्रविशामि, धारय माम् ।

देव्यौ —

समाश्वसिहि कल्याणि दिष्ट्या वैदेहि वर्धसे ।
अन्तर्जले प्रसूतासि रघुवंशधरौ सुतौ ।। ३ ।।

सीता —(समाश्वस्य ।) दिट्ठिआ दारअे प्पसूदम्हि ! हा अज्जउत्त ! [दिष्ट्या दारकौ प्रसूतास्मि ! हा आर्यपुत्र !] (मूर्छति ।)

लक्ष्मणः —(पादयोर्निपत्य) आर्य, दिष्ट्या वर्धामहे । कल्याण-प्ररोहो रघुवंशः ! (विलोक्य) हा कथं क्षुभितबाष्पो-त्पीडनिर्भरः प्रमुग्ध एवार्यः ! (वीजयति ।)

વાલ્મીકિની ઉક્તિમાંથી વચનામૃત શબ્દ રદ કર્યો છે તે રાખવો. ૨. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂત્રધાર —

દેવી વિશ્વંભરાપુત્રી નૃપે ત્યાગી મહાવને,
પ્રસૂતિ આવતાં ફેંકે નિજને ગંગદેવીમાં. ૨

[જાય છે.]

રામ — (આવેશથી) દેવી, દેવી!... લક્ષ્મણ, સંભાળ!

લક્ષ્મણ — આર્ય, નાટક છે આ તો!

રામ — હા દેવી, દંડકારણ્યનિવાસ વેળાની પ્રિયસખી, રામને લીધે તારા ભાગ્યની આ દુર્દશા!

લક્ષ્મણ — આર્ય, નાટકનું વસ્તુ તો જરા જોઈએ.

રામ — આ સજ્જ બેઠો, વજ્રમય થઈને.

[પછી ખોળામાં એકેક બાળક રાખેલી પૃથ્વી અને ભાગીરથીનો ટેકો લઈને મૂર્છા પામેલી સીતાનો પ્રવેશ.]

રામ — વત્સ લક્ષ્મણ! ક્યાં પગ મૂકવો! એની ખબર ન પડે એવા કશાક અંધકારમાં જાણે અત્યારે પ્રવેશી રહ્યો છું. મને ટેકો દે!

બંને દેવીઓ —

ખમ્મા વૈદેહિ! કલ્યાણિ! સદ્‌ભાગ્યો ઊઘડ્યાં તવ:
જળમાં પ્રસવ્યા છે તેં પુત્રો-રઘુકુલાંકુરો. ૩

સીતા — (શુદ્ધિમાં આવીને) સદ્‌ભાગ્યે મેં બે બાળકોને જન્મ આપ્યો છે! હા આર્યપુત્ર! (મૂર્છા પામે છે.)

લક્ષ્મણ — (પગે પડીને) આર્ય, આપણાં સદ્‌ભાગ્ય ખીલ્યાં! રઘુવંશને કલ્યાણમય અંકુરો ફૂટ્યા! (જોઈને) અરે! આ શું? ઊછળતાં આંસુના ઊભરાના આવેગથી આર્ય મૂર્છા પામ્યા શું? (પવન નાખે છે.)

શ્લોકને અંતે ગર્ભનાટકની પ્રસ્તાવના પૂરી થાય છે. લક્ષ્મણ, સંભાળ!

— પાઠાંતરો: ૧ लक्ष्मणमवेक्षस्व । લક્ષ્મણ સામું જો! ૨ क्षणमवेक्षस्व ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

देव्यौ — वत्से, समाश्वसिहि, समाश्वसिहि ।

सीता — (समाश्वस्य) भअवदि, का तुमं ? तुमं च ? [भगवति, का त्वम् ? त्वं च ?]

पृथिवी — इयं ते श्वशुरकुलदेवता भागीरथी ।

सीता — णमो दे भअवदि ! [नमस्ते भगवति !]

भागीरथी — चरित्रोपचितां कल्याणसंपदमधिगच्छ ।

लक्ष्मणः — अनुगृहीताः स्मः ।

भागीरथी — इयं तु ते जननी भगवती विश्वम्भरा ।

सीता — हा अम्ब, ईरिसी अहं तुए दिट्ठा ! [हा अम्ब, ईदृश्यहं त्वया दृष्टा !]

पृथिवी — एहि पुत्रि वत्से सीते । (सीतामालिङ्ग्य मूर्च्छति ।)

लक्ष्मणः — (सहर्षम्) कथमार्या गङ्गापृथिवीभ्यामभ्युपपन्ना ।

रामः — (अवलोक्य) दिष्ट्या खल्वेतत् । करुणतरं तु वर्तते ।

भागीरथी — विश्वम्भराऽपि नाम व्यथत इति जितमपत्यस्नेहेन । यद्वा सर्वसाधारणो ह्येष मोहग्रन्थिरान्तरश्चेतनावतामनुपप्लवः संसारतन्तुः । सखि भूतधात्रि, वत्से वैदेहि, समाश्वसिहि ।

पृथिवी — (आश्वस्य) देवि, सीतां प्रसूय कथमाश्वसिमि ?

एकश्चिरं राक्षसमध्यवास-
स्त्यागो द्वितीयस्तु सुदुःश्रवोऽस्याः ।

भागीरथी —

को नाम पाकाभिमुखस्य जन्तु-
र्द्वाराणि दैवस्य पिधातुमीष्टे ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વી — વત્સે, શાન્ત થા ! શાન્ત થા !

સીતા — (શુદ્ધિમાં આવી) ભગવતી, કોણ છો તમે ? ને આ કોણ ?

પૃથ્વી — આ તારી શ્વશુરકુલદેવતા ભાગીરથી.

સીતા — ભગવતી નમસ્તે !

ભાગીરથી — ચારિત્રથી સંચિત કરેલી કલ્યાણલક્ષ્મી તું પામ !

લક્ષ્મણ — આપણી ઉપર અનુગ્રહ થયો.

ભાગીરથી — આ છે તે-તારી જનેતા ભગવતી વસુંધરા.

સીતા — ઓ માડી ! આવી તેં મને જોઈ !

પૃથ્વી — આવ વત્સે, આવ દીકરી ! (સીતાને ભેટી મૂર્છા પામે છે.)

લક્ષ્મણ — (હર્ષથી) શું પૃથ્વી અને ભાગીરથી આર્યાને સહાયભૂત થયાં?

રામ — (જોઈને) સદ્‌ભાગ્યે એમ જ છે! પણ એ જ તો પરમ કરુણતાભર્યું છે!

ભાગીરથી — વિશ્વંભરા પણ વ્યથિત થાય છે એટલી અપત્યપ્રેમની જીત ! અથવા તો આ સંસારતંતુ તે ચેતનાવાળાં સર્વમાં સામાન્ય એવું, હૃદયમાં રહેલું, અભેદ્ય માયા-બંધન છે. પ્રાણીઓને ધારણ કરનારી સખી પૃથ્વી, વત્સે વૈદેહી, શાન્ત થાઓ !

પૃથ્વી — (શુદ્ધિમાં આવી) દેવી, સીતાને જન્મ આપી મારે શાન્તિ કેવી ?

તે એક તો રાક્ષસવાસ લાંબો
બીજો વળી ત્યાગ, ન જાય જે સુણ્યો.

ભાગીરથી — છે કોણ જે દૈવ થતાં ફલોન્મુખ,
એનાં ચહે દ્વાર દઈ જ દેવા? ૪

ક્ષણવાર રાહ જો ! ૪ સુદુઃસહોડસ્યાઃ પાઠ લેતાં 'ને ત્યાગ બીજો વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पृथिवी — भगवति भागीरथि, युक्तं सदृशमेतद्वा रामभद्रस्य ?

न प्रमाणीकृतः पाणिर्बाल्ये बालेन पीडितः ।
नाहं न जनको नाग्निर्नानुवृत्तिर्न संततिः ॥ ५ ॥

सीता — हा अज्जउत्त सुमराविदम्हि ! [हा आर्यपुत्र स्मारितास्मि !]

पृथिवी — आः, कस्तवार्यपुत्रः ?

सीता — (सलज्जास्मम्) जह वा अम्बा भणादि । [यथा वाऽम्बा भणति ।]

रामः — अम्ब पृथिवि, ईदृशोऽस्मि ।

भागीरथी — भगवति वसुन्धरे, शरीरमसि संसारस्य । तत्किमसंविदानेव जामात्रे कुप्यसि ?

घोरं लोके विततमयशो या च वह्नौ विशुद्धि-
र्लङ्काद्वीपे कथमिव जनस्तामिह श्रद्दधातु ।
इक्ष्वाकूणां कुलधनमिदं यत्समाराधनीयः
कृत्स्नो लोकस्तदिह विषमे किं स वत्सः करोतु ॥ ६ ॥

लक्ष्मणः — अव्याहतान्तःप्रकाशा हि देवताः सत्त्वेषु ।

भागीरथी — तथाप्येष तेऽञ्जलिः ।

रामः — अम्ब, अनुवृत्तस्त्वया भगीरथकुले प्रसादः ।

पृथिवी — देवि, नित्यं प्रसन्नास्मि वः । किं त्वसावापातदुःसहः स्नेह-संवेगः । न पुनर्न जानामि सीतास्नेहं रामभद्रस्य ।

दह्यमानेन मनसा दैवाद्वत्सां विहाय सः ।
लोकोत्तरेण सत्त्वेन प्रजापुण्यैश्च जीवति ॥ ७ ॥

रामः — सकरुणा हि गुरवो गर्भरूपेषु ।

જેહ દુઃસહ.' ૫ અનુવૃત્તિ–દરેક વાતમાં અનુસરવું તે. ૬ કુલધનં પ્રયોગ અંક ૧–૧૪માં કુલધનેઃ વાળા પાઠને અનુમોદન આપે. ૭ પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વી — ભગવતી ભાગીરથી, રામભદ્રને એ બધું ઉચિત છે? એમને શોભતું છે?

> ન પ્રમાણ ગણ્યો હસ્ત બાલ્યે ઝાલેલ બાળકે;
> ન હું, જનક કે અગ્નિ, અનુવૃત્તિ, ન સંતતિ! ૫

સીતા — હા! મને આર્યપુત્રનું સ્મરણ કરાવ્યું!

પૃથ્વી — આઃ, તારે આર્યપુત્ર કોણ વળી?

સીતા — (લજ્જાનાં આંસુ સાથે) તો જેમ માડી કહે તેમ.

રામ — મા પૃથ્વી, આવો છું હું.

ભાગીરથી — ભગવતી વસુંધરા, સંસારનું શરીર છો. તો પછી ન જાણતાં હો એમ જમાઈ ઉપર શું કોપો છો?

> લોકે ફેલ્યો અયશ વસમો! અગ્નિથી જે વિશુદ્ધિ
> લંકાદ્વીપે થઈ, અહીં જનો શે કરે એની શ્રદ્ધા?
> ઇક્ષ્વાકુનું કુલધન જ આ — કે સમારાધનીય
> સર્વે લોકો; સ્થિતિ વિષમ એ! વત્સ તે શું કરે ત્યાં? ૬

લક્ષ્મણ — દેવતાઓનો અંતઃપ્રકાશ પ્રાણીઓના વિષયમાં અબાધિત હોય છે.

ભાગીરથી — છતાંય તમને આ મારી અંજલિ!

રામ — મા, ભગીરથના કુળ ઉપર તારી સતત કૃપા ઊતરી છે.

પૃથ્વી — દેવી, તમારી ઉપર હું નિત્યે પ્રસન્ન છું. આ તો અણધાર્યો દુઃસહ એવો સ્નેહનો આવેશ આવી ગયો. તેમ, રામભદ્રનો સીતા પ્રત્યેનો સ્નેહ હું નથી જાણતી એમ પણ નથી.

> બળી જતા ચિત્તથી એ, વત્સા દૈવવશે તજી,
> લોકોત્તર સત્ત્વથી ને પ્રજાપુણ્યોથી જીવતા. ૭

રામ — મોટાંઓ પુત્રતુલ્ય જનો પ્રત્યે ખરે જ કરુણાશાળી હોય છે.

પુત્રતુલ્ય છે એથી પૃથ્વીમાતાએ દયાભર્યું વલણ દાખવ્યું, એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — (रुदती कृताञ्जलिः) णेदु मं अत्तणो अंगेसु विलअं अम्बा । [नयतु मामात्मनोऽङ्गेषु विलयमम्बा ।]

रामः — किमन्यद् ब्रवीतु ?

भागीरथी — शान्तम् । अविलीना वत्से, संवत्सरसहस्राणि भूयाः !

पृथिवी — वत्से, अवेक्षणीयौ ते पुत्रकौ ।

सीता — अणाधम्हि । किं एदेहिं ? [अनाथास्मि । किमेताभ्याम् ?]

रामः — हृदय, वज्रमसि !

भागीरथी — कथं त्वं सनाथाप्यनाथा ?

सीता — कीरिसं मे अभग्गाए सणाहत्तणं ? [कीदृशं मे अभाग्यायाः सनाथत्वम् ?]

देव्यौ —

जगन्मङ्गलमात्मानं कथं त्वमवमन्यसे ।
आवयोरपि यत्सङ्गात्पवित्रत्वं प्रकृष्यते ॥ ८ ॥

लक्ष्मणः — आर्य, श्रूयताम् ।

रामः — शृणोतु लोकः ।

[नेपथ्ये कलकलः ।]

रामः — अद्भुततरं किमपि !

सीता — किं ति सअल अंतरिक्खं पज्जलदि ? [किमिति सकलमन्तरिक्ष प्रज्वलति ?]

देव्यौ–ज्ञातम् ।

कृशाश्वः कौशिको राम इति येषां गुरुक्रमः ।
प्रादुर्भवन्ति तान्येव शस्त्राणि सह जृम्भकैः ॥ ९ ॥

રામ કહે છે. ૮– લોકોને૦– 'લોકો સાંભળે ?' સ્વયં ભાગીરથી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — (રડતી, અંજલિ કરીને) મને પોતાનાં અંગોમાં સમાવી દે, માડી!

રામ — બીજું શું બોલે?

ભાગીરથી — બચ્ચા! બેટા, સમાયા વિના જ સહસ્ર વર્ષો સુધી જીવતી રહે!

પૃથ્વી — વત્સે, બે દીકરાઓની પણ તારે સંભાળ લેવાની છે.

સીતા — અનાથ છું, એમને બેને હું શું કરું?

રામ — હૃદય, તું વજ્રમય છે!

ભાગીરથી — તું સનાથ છે; પછી અનાથ ક્યાંથી?

સીતા — મારે અભાગણીને સનાથપણું કેવું ક?

બંને દેવીઓ —

જગન્મંગલ તારી શે જાતને અપમાનતી,
જેના સંગ થકી વાધે અમારીયે પવિત્રતા? ૮

લક્ષ્મણ — આર્ય, સાંભળો!

રામ — લોકોને સાંભળવા દો!

[નેપથ્યમાં કોલાહલ.]

રામ — કાંઈક વિશેષ અદ્‌ભુત લાગે છે!

સીતા — આખું અંતરિક્ષ કેમ સળગે છે?

બંને દેવીઓ — જાણ્યું!

કૃશાશ્વ, કૌશિક, રામ, — એમ જેનો ગુરુક્રમ,
એવાં જૃંભકની સાથે શસ્ત્રો સૌ પ્રગટી રહ્યાં. ૯

પૃથ્વી પણ સીતા સાથેના સંબંધને લીધે પોતાની પવિત્રતા વધતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[नेपथ्ये]

देवि सीते नमस्तेऽस्तु गतिर्नः पुत्रकौ हि ते ।
आलेख्यदर्शने देवो यथाह रघुनन्दनः ॥ १० ॥

सीता — दिट्ठिआ अत्थदेवताओ एदाओ। हा अज्जउत्त, अज्जावि दे पसादा पडिप्फुरन्दि ! [दिष्ट्या अस्त्रदेवता एताः। हा आर्यपुत्र, अद्यापि ते प्रसादाः परिस्फुरन्ति !]

लक्ष्मणः — उक्तमासीदार्येण सर्वथेदानीं त्वत्प्रसूतिमुपस्थास्यन्तीति ।

देव्यौ —

नमो वः परमास्त्रेभ्यो धन्याः स्मो वः परिग्रहात् ।
अनुध्यातैरुपेतव्यं वत्सयोर्भद्रमस्तु वः ॥ ११ ॥

रामः —

क्षुभिताः कामपि दशां कुर्वन्ति मम सांप्रतम् ।
विस्मयानन्दसंदर्भजर्जराः करुणोर्मयः ॥ १२ ॥

देव्यौ — मोदस्व वत्से, मोदस्व । रामभद्रतुल्यौ ते पुत्रकाविदानीं संवृत्तौ !

सीता — भअवदीओ, को एदाणं खत्तिओइदविहिं कारइस्सदि ? [भगवत्यौ, क एतयोः क्षत्रियोचितविधिं कारयिष्यति ?]

रामः —

एषा वसिष्ठगुप्तानां रघूणां वंशवर्धिनी ।
कष्टं सीतापि सुतयोः संस्कर्तारं न विन्दति ॥ १३ ॥

હોય એમ માને છે એ અંગે રામને પોતાને તો આંતરપ્રતીતિ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[નેપથ્યમાં]

સીતે, નમસ્તે! આ તારા પુત્રો અમારી છે ગતિ,
ચિત્રદર્શન વેળાએ યથા રામ વદ્યા હતા. ૧૦

સીતા — અહો સદ્ભાગ્ય કે અસ્ત્રદેવતાઓ આવેલ છે! હા! આર્ય-પુત્ર! હજીય તમારા અનુગ્રહો પ્રગટ થયાં કરે છે!

લક્ષ્મણ — આર્ય બોલ્યા હતા: 'હવે તે સર્વ પ્રકારે તારી સંતતિની સેવામાં રહેશે.'

બંને દેવીઓ —

પરમાસ્ત્ર, નમો! આવ્યે તમો, ધન્ય થયાં અમે.
ધ્યાન વત્સો કર્યે, આવી પ્હોંચજો! ભદ્ર પામજો! ૧૧

રામ —

શીય મારી દશા હાવાં કરશે ક્ષોભ પામતી
હર્ષ ને વિસ્મયે મિશ્ર વ્યાકુળી કરુણોર્મિઓ! ૧૨

બંને દેવીઓ — આનંદિત થા, વત્સે! આનંદિત થા! હવે તારા બે પુત્રો રામભદ્ર સમોવડા થયા!

સીતા — ભગવતીઓ, એમને ક્ષત્રિયોચિત સંસ્કાર કોણ કરાવશે?

રામ —

આ તે વસિષ્ઠથી રક્ષ્યા રઘુવંશની વર્ધિની
હાય! સીતાય સુતના સંસ્કર્તાને ન પામતી! ૧૩

જ, એ વિષે નવું પ્રતીતિકર વચન સાંભળવા રાહ જોવી પડે એમ નથી, લોકોને એવી પ્રતીતિ ન હોય તો સાંભળે એવું રામનું કહેવું છે. લોકો પ્રત્યે એમાં કટાક્ષ જોવાનો નથી. ૧૦ પાઠાંતર 'ચિત્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भागीरथी — पुत्री, किं तवानया चिन्तया ? एतौ हि वत्सौ स्तन्य-त्यागात्परेण भगवतो वाल्मीकेरर्पयिष्यामि । स एतयो क्षत्रकृत्यं करिष्यति ।

यथा वसिष्ठाङ्गिरसावृषिः प्राचेतसस्तथा ।
जनकानां रघूणां च वंशयोरुभयोर्गुरुः ॥ १४ ॥

रामः — सुविचिन्तितं भगवत्या ।

लक्ष्मणः — आर्य, सत्यं विज्ञापयामि, तैस्तैरुपायैरिमौ वत्सौ कुशलवावुत्प्रेक्षे ।

एतौ हि जन्मसिद्धास्त्रौ प्राप्तप्राचेतसावुभौ ।
आर्यतुल्याकृती वीरौ वयसा द्वादशाब्दिकौ ॥ १५ ॥

रामः — वत्स, इत्येवाहं परिप्लवमानहृदयः प्रमुग्धोऽस्मि ।

पृथिवी — एहि वत्से, पवित्रीकुरु रसातलम् ।

सीता — णेदु मं अत्तणो अङ्गेसु विलअं अम्बा । ण सहिस्सं ईरिसं जीअलोअस्स परिवत्तं अणुभविदुं । [नयतु मामात्मनोऽङ्गेषु विलयमम्बा । न सहिष्ये ईदृशं जीवलोकस्य परिवर्तमनुभवितुम् ।]

रामः — किमुत्तरं स्यात् ?

पृथिवी — वत्से, मन्नियोगतः स्तन्यत्यागं यावत्पुत्रयोरवेक्षस्व । परेण तु यथा रोचिष्यते तथा करिष्यामि ।

દર્શનવેળાથી રામે જેને દીધાં હતાં.' ૧૫ જેમને અસ્ત્રો જન્મથી સિદ્ધ છે એવા. ભાગીરથીની ઉક્તિ પછી બંને દેવીઓ અને સીતા જાય છે ત્યાં ગર્ભનાટક સમાપ્ત થાય છે. કાવ્યનું આ પ્રયોજન ? — લક્ષ્મણના આ પ્રશ્ન દ્વારા જાણે કવિ પોતે વાલ્મીકિઋષિને પૂછતો ન હોય કે સીતા ધરાતલમાં વિલીન થાય એવો રામસીતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગીરથી — પુત્રી, શા માટે તું એ ચિંતા કરે છે? ધાવણ છોડાવ્યા પછી એ બંને દીકરાઓને હું ભગવાન વાલ્મીકિને અર્પણ કરીશ, એ એમના ક્ષાત્ર સંસ્કાર કરશે.

વસિષ્ઠ અંગિરા જેવા, તેવા જ વાલ્મીકિ ઋષિ,
જનકો ને રઘુઓનાં — બંને વંશ તણા ગુરુ. ૧૪

રામ — ભગવતીએ સુંદર વિચાર કર્યો.

લક્ષ્મણ — આર્ય, સાચું કહું છું, તે તે કારણો જોતાં વત્સ કુશલવનો જ વિચાર આવે છે.

આ બંને જન્મસિદ્ધાસ્ત્ર, વીરો વાલ્મીકિ પાસના,
આકારે આર્યને તુલ્ય, વયથી વર્ષ બારના. ૧૫

રામ — વત્સ, એથી જ તો હૃદય તણાયે જાય છે ને હું છેક સૂધબૂધ વિનાનો થઈ ગયો છું.

પૃથ્વી — આવ વત્સે, રસાતલને પાવન કર.

સીતા — માડી, તારાં અંગોમાં મારો વિલય કરી દે! સંસારનાં આવાં દશાપરિવર્તન વેઠવાની મારામાં શક્તિ નથી.

રામ — એમનો ઉત્તર શો હશે?

પૃથ્વી — વત્સે, ધાવણ છોડાવતાં સુધી મારા આદેશથી તારા આ બે બાળકોની સંભાળ રાખ! પછીથી તને જેમ ગમશે એમ કરીશ.

જીવનનો અંત તમે કલ્પ્યો? નાટકનો કરુણ અંત ન યોજી શકાય એવા નાટ્યશાસ્ત્રના નિયમને ભવભૂતિએ સીતાના વિલયને બદલે રામ અને બાળકો સાથેના મેળાપથી નાટકનો અંત સાધીને માન આપ્યું છે. બાર વરસ પૂર્વે પ્રસૂતિ પછી સીતા બાળકો સાથે પૃથ્વીમાં 'વિલય' પામે છે (જુઓ ગર્ભનાટકનો અંત), અને ધાવણ છોડ્યા પછી બાળકોને તો ભાગીરથી વાલ્મીકિને ત્યાં મૂકી આવે છે પણ સીતા બારે વરસ રસાતલમાં રહે છે એ રીતે વિલયની ઘટનાનો ઉપયોગ પણ ભવભૂતિએ કર્યો છે. વાલ્મીકિએ જેને અનુમતિ૦— આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भागीरथी — एवं तावत् ।

[इति निष्क्रान्ते देव्यौ सीता च ।]

रामः — कथं विलय एव वैदेह्याः संपन्नः ? हा देवि, दण्डकारण्यवासप्रियसखि ! हा चारित्रदेवते ! लोकान्तरं पर्यवस्थितासि ? (इति मूर्छति ।)

लक्ष्मणः — भगवन्वाल्मीके, परित्रायस्व परित्रायस्व । एष ते काव्यार्थः ?

[नेपथ्ये]

अपनीयतामातोद्यकम् । भो जङ्गमस्थावराः प्राणभृतो मर्त्यामर्त्याः, पश्यतेदानीं वाल्मीकिनाभ्यनुज्ञातं पवित्रमाश्चर्यम् ।

लक्ष्मणः — (विलोक्य)

मन्थादिव क्षुभ्यति गाङ्गमम्भो
व्याप्तं च देवर्षिभिरन्तरिक्षम् ।
आश्चर्यमार्या सह देवताभ्यां
गङ्गामहीभ्यां सलिलादुदेति ॥ १६ ॥

શબ્દો ગર્ભનાટકનો સૂત્રધાર બોલ્યો હોય એ સંભવિત છે. ગર્ભનાટક તો પૂરું થયું. હવે સાક્ષાત્ ગંગા, પૃથ્વી અને સીતા ગંગાના પાણીમાંથી બહાર આવે છે. ગર્ભનાટક પૂરું થાય એ પ્રસંગે જ તેઓ જળમાંથી પ્રગટ થાય એમ કોણે ગોઠવેલું ? ચોથા અંકમાં વૃદ્ધજનોને વાલ્મીકિએ ગૃષ્ટિદ્વારા કહાવ્યું હતું કે 'અવસર ઉપર સૌ એ જાણશો.' (પૃ. ૨૦૭.) આજે આ 'અવસર' ગોઠવવામાં ત્રણજણ જવાબદાર લાગે છે: વાલ્મીકિ, ભાગીરથી અને અરુન્ધતી. અરુન્ધતી 'ભાગરથીએ નિવેદિત કરેલું કર્ણામૃતસમું રહસ્ય' જાણતાં હતા એ ચોથા અંકમાં (પૃ. ૧૯૧) જ જોયું હતું. ત્રણેએ મળીને રચના એવી કરી છે કે ગંગાતટે વાલ્મીકિનું નાટક ભજવાતું ભજવાતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગીરથી --- એ જ ઠીક છે।

[બંને દેવીઓ અને સીતા જાય છે.]

રામ — શું? વૈદેહીનો વિલય જ થયો? હા! દેવી દણ્ડકારણ્ય-નિવાસ વેળાની પ્રિયસખી, હા! ચારિત્રદેવતા, અન્ય લોકમાં ગઈ! (મૂર્છા પામે છે.)

લક્ષ્મણ — ભગવાન વાલ્મીકિ! રક્ષા કરો, રક્ષા કરો. આપના કાવ્યનું આ પ્રયોજન?

[નેપથ્યમાં]

વાઘ આદિને ખસેડી લો! અરે ઓ સ્થાવરજંગમ સહિત મર્ત્ય અમર્ત્ય પ્રાણધારીઓ, વાલ્મીકિએ જેને અનુમતિ આપી છે એવું આ પવિત્ર આશ્ચર્ય જુઓ!

લક્ષ્મણ — (બરોબર જોઈને)

મથાઈ ગંગાજલ ક્ષોભ પામ્યું,
ને વ્યાપ્ત દેવર્ષિથી અંતરિક્ષ.
આશ્ચર્ય! આવ્યાં દ્વય દેવતા તે
ગંગોર્વી સાથે જળબ્હાર આવે. ૧૬

અમુક બિંદુએ આવે ત્યાં ગંગાના જળમાંથી ગંગા, પૃથ્વી અને સીતાએ બહાર આવવું અને ઋષિની નાટ્યરચના જોવા મળેલા સૌ સમુદાય આગળ અરુન્ધતીએ સીતાને નિવેદિત કરવી. રાજકુમારો વિદ્યાસંપન્ન થયા (પછીથી જણાયું તેમ રાજાના સૈન્યનો સામનો કરે એવા) એ જોઈને, પ્રજાની સેવામાં એ ગૂંથાય એ માટે રાજાને સોંપવા વાલ્મીકિએ સમષ્ટિહિતની દૃષ્ટિએ આ બાબતમાં પહેલ કરી અને નાટકની રચના કરી ભરતમુનિ પાસે ભજવવા મોકલી દીધું. સીતા અને રામનું મિલન પણ ઉપરની ઘટનાના એક અનિવાર્ય અંશ તરીકે સધાયું. એ બધાને જ વાલ્મીકિએ 'અનુમતિ' આપી છે પણ પોતે આગળ આવે છે તે તો લવકુશને સોંપવાના પ્રસંગે જ. ૧૬ ગંગા અને પૃથ્વી એ બે દેવતાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[नेपथ्ये]

अरुन्धति जगद्वन्द्ये गङ्गापृथ्व्यौ जुषस्व नौ ।
अर्पितेयं तवावाभ्यां सीता पुण्यव्रता वधूः ॥ १७ ॥

लक्ष्मणः — अहो आश्चर्यमाश्चर्यम् । आर्य, पश्य पश्य । (विलोक्य) कष्टमद्यापि नोच्छ्वसित्यार्यः !

[ततः प्रविशत्यरुन्धती सीता च ।]

अरुन्धती —

त्वरस्व वत्से वैदेहि मुञ्च शालीनशीलताम् ।
एहि जीवय मे वत्सं सौम्यस्पर्शेन पाणिना ॥ १८ ॥

सीता — (ससंभ्रममुपसृत्य रामं स्पृशन्ती) समस्ससदु समस्ससदु अज्जउत्तो ! [समाश्वसितु समाश्वसित्वार्यपुत्रः !]

रामः — (समाश्वस्य सानन्दम्) भोः, किमेतत् ? (दृष्ट्वा सहर्षाद्भुतम्) कथं देवी जानकी ! (सलज्जम्) अये, कथमम्बारुन्धती सर्वे च प्रहृष्यदृष्यशृङ्गशान्तासमेता गुरवः !

अरुन्धती — वत्स, एषा भगवती भगीरथगृहदेवता सुप्रसन्ना गङ्गा ।

[नेपथ्ये]

जगत्पते रामभद्र, स्मर्यतामालेख्यदर्शने मां प्रत्यात्मवचनम् 'सा त्वमम्ब स्नुषायामरुन्धतीव सीतायां शिवानुध्यानपरा भव' इति । तदनृणास्मि ।

अरुन्धती — इयं ते श्वश्रूर्भगवती वसुन्धरा ।

સાથે આર્યા સીતા બહાર આવે છે. ૧૮ ત્રીજા અંકમાં માત્ર નદી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[નેપથ્યમાં]

અરુન્ધતી જગદ્વન્દ્યે, ગંગાપૃથ્વી પરે કૃપા
કરો! આ આપને અર્પી સીતા પુણ્યવ્રતા વધૂ. ૧૭

લક્ષ્મણ — અહો આશ્ચર્ય, આશ્ચર્ય! આર્ય, જુઓ, જુઓ! (બરોબર જોઈને) હા! હજીય આર્ય શુદ્ધિમાં આવ્યા નથી!

[પછી અરુન્ધતી અને સીતા પ્રવેશ કરે છે.]

અરુન્ધતી —

વત્સે! ત્વરાભરી આવ, સીતા, લજ્જાળુતા તજી;
જીવાડ આ વત્સ મારો કરથી — પ્રિયસ્પર્શથી. ૧૮

સીતા — (ગભરાટપૂર્વક પાસે આવી રામને સ્પર્શતી) આર્યપુત્ર, શાન્ત થાઓ, શાન્ત થાઓ!

રામ — (શુદ્ધિમાં આવી, આનંદથી) અરે! આ શું? (જોઈને, હર્ષ અને આશ્ચર્યથી) કોણ, દેવી જાનકી? (લજ્જાપૂર્વક) અરે, અંબા અરુન્ધતી અને ઋષ્યશૃંગ શાન્તા આદિ સર્વે હર્ષભર્યાં ગુરુજનો અહીં છે!

અરુન્ધતી — વત્સ, આ ભગવતી ભગીરથગૃહની દેવતા, તમો પર સુપ્રસન્ન એવાં, ગંગા.

[નેપથ્યમાં]

જગત્પતિ રામભદ્ર, ચિત્રદર્શન પ્રસંગે મારી પ્રત્યેના 'એવી તું હે મા! અરુન્ધતીની જેમ પુત્રવધૂ સીતાના કલ્યાણની કાળજી રાખતી રહેજે!' — એવા પોતાના વચનને સંભારો! એ વિષયમાં હવે હું ઋણમુક્ત થાઉં છું.

અરુન્ધતી — આ તમારાં સાસુ ભગવતી વસુંધરા.

દેવતા તમસા જુએ એ રીતે જે ઉપાય યોજાયો હતો તે હવે સૌ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[नेपथ्ये]

उक्तमासीदायुष्मता वत्सायाः परित्यागे — 'भगवति वसुन्धरे, श्लाघ्यां दुहितरमवेक्षस्व जानकीम्' इति । तदधुना कृतवचनास्मि प्रभो वत्सायाम् ।

रामः — कथं कृतमहापराधोऽपि भगवतीभ्यामनुकम्पितो रामः ! (प्रणमति ।)

अरुन्धती — भो भोः पौरजानपदाः, इयमधुना जाह्नवीवसुन्धराभ्यामेवं प्रशस्य ममारुन्धत्याः समर्पिता पूर्वं च भगवता वैश्वानरेण निर्णीतपुण्यचारित्रा सब्रह्मकैश्च देवैः संस्तुता सावित्रकुलवधूर्देवयजनसंभवा सीतादेवी परिगृह्यतामिति कथमिह भवन्तो मन्यन्ते ?

लक्ष्मणः — आर्य, एवमम्बयारुन्धत्या च निर्भर्त्सिताः पौरजानपदाः कृत्स्नश्च भूतग्राम आर्यां नमस्कुर्वन्ति । लोकपालाः सप्तर्षयश्च पुष्पवृष्टिभिरुपतिष्ठन्ते ।

अरुन्धती — जगत्पते रामभद्र,

नियोजय यथाधर्मं प्रियां त्वं धर्मचारिणीम् ।
हिरण्मय्याः प्रतिकृतेः पुण्यां प्रकृतिमध्वरे ॥ १९ ॥

सीता — (स्वगतम्) जाणादि अज्जउत्तो सीदाए दुक्खं पडिमज्जिदुं । [जानात्यार्यपुत्रः सीताया दुःखं परिमार्ष्टुम् ।]

रामः — यथा भगवत्यादिशति ।

लक्ष्मणः — कृतार्थोऽस्मि ।

દેવઋષિ પ્રજાજન આદિની હાજરીમાં યોજાય છે. ૧૯ આ આદેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[નેપથ્યમાં]

પૂર્વે વત્સાનો પરિત્યાગ કરતી વેળાએ, આયુષ્માને કહ્યું હતું: 'ભગવતી વસુંધરે, પ્રશંસાયોગ્ય તારી આ દુહિતા જાનકીની સંભાળ રાખજે!' તો હવે, પ્રભુ, વત્સાના વિષયમાં આજ્ઞાપાલન કરી ચૂકી છું.

રામ — શું? મહાન અપરાધ કર્યા છતાં રામ ઉપર બંને ભગવતીઓએ અનુકંપા દાખવી! (પ્રણામ કરે છે.)

અરુન્ધતી — અરે ઓ! પુરજનો અને જનપદવાસીઓ, હમણાં જ ભગવતી ગંગા અને વસુંધરાએ પ્રશંસાપૂર્વક મને અરુન્ધતીને સોંપેલી, અને પૂર્વે ભગવાન વૈશ્વાનરે એના પુણ્ય ચારિત્રનો નિર્ણય આપેલો ત્યારે બ્રહ્મા સહિત સૌ દેવોએ જેની સ્તુતિ કરેલી, તે આ દેવોની યજ્ઞભૂમિમાંથી ઉત્પન્ન થયેલી, સવિતૃવંશની કુલવધૂ સીતા રાણીનો સ્વીકાર થવો ઘટે એ વિષયમાં આપ સૌનું શું માનવું છે?

લક્ષ્મણ — આર્ય, આમ અંબા અરુંધતીનો ઠપકો પામેલા પુરજનો અને જનપદવાસીઓ, અને આખોયે પ્રાણીસમુદાય આર્યાને નમસ્કાર કરે છે. લોકપાલો અને સપ્તર્ષિઓ પુષ્પવૃષ્ટિ કરી રહ્યા છે.

અરુન્ધતી — જગત્પતિ રામભદ્ર,

બેસાડ તું યથાધર્મ પ્રિયા આ ધર્મચારિણી
–હિરણ્મયી પ્રતિમાની પુણ્ય પ્રકૃતિ– યજ્ઞમાં. ૧૯

સીતા — (સ્વગત) સીતાના દુઃખને કેમ ભૂંસી નાખવું તે આર્યપુત્ર જાણે છે.

રામ — જેવી ભગવતીની આજ્ઞા.

રામભદ્રને છે છતાં 'જગત્પતિ' એટલે કે 'રાજા' રામભદ્રને છે. લોકોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — पच्चुज्जीविदम्हि । [प्रत्युज्जीवितास्मि ।]

लक्ष्मणः — आर्ये, एष निर्लज्जो लक्ष्मणः प्रणमति ।

सीता — वच्छ, ईरिसो तुमं चिरं जीअ ! [वत्स, ईदृशस्त्वं चिरं जीव !]

अरुन्धती — भगवन्वाल्मीके, उपनीयेतामिमौ सीतागर्भसम्भवौ रामभद्रस्य कुशलवौ । [इति निष्क्रान्ता ।]

रामलक्ष्मणौ — दिष्ट्या तथैवैतत् !

सीता — (सबाष्पाकुलम्) कहिं मे पुत्तआ ? [कुत्र मे पुत्रकौ ?]

[ततः प्रविशति वाल्मीकिः कुशलवौ च ।]

वाल्मीकिः — कुशलवौ, एष वां रघुपतिः पिता । एष लक्ष्मणः कनिष्ठतातः । एषा सीतादेवी जननी । एष राजर्षिर्जनको मातामहः ।

सीता — (सहर्षकरुणाद्भुतं विलोक्य) कहं तादो ? [कथं तातः ?]

कुशलवौ — हा तात, हा अम्ब, हा मातामह !

रामलक्ष्मणौ — (सहर्षमालिङ्ग्य) ननु वत्सौ, पुण्यैः प्राप्तौ स्थः ।

सीता — एहि जाद कुस, एहि जाद लव, चिरस्स मं परिस्सजह पुणो जम्मन्तरगदं जणणिं ! [एहि जात कुश, एहि जात लव, चिरस्य मां परिष्वजेथां पुनर्जन्मान्तरगतां जननीम् ।]

कुशलवौ — (तथा कृत्वा) धन्यौ स्वः !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મણ — હવે હું કૃતાર્થ થયો.

સીતા — ફરીથી મારામાં જીવ આવ્યો.

લક્ષ્મણ — આર્યે, આ નિર્લજ્જ લક્ષ્મણ પ્રણામ કરે છે.

સીતા — વત્સ, આવો જ તું ચિરંજીવી થજે!

અરુન્ધતી — ભગવાન વાલ્મીકિ, સીતાના ગર્ભથી ઉદ્ભવેલા પેલા કુશલવને રામભદ્રની પાસે લાવો.

[ચાલ્યાં જાય છે.]

રામલક્ષ્મણ — સદ્ભાગ્યે એમ જ નીકળ્યું!

સીતા — (આંસુ અને ક્ષોભથી) ક્યાં છે મારા લાડકડા પુત્રો?

[પછી વાલ્મીકિ અને કુશલવ પ્રવેશે છે.]

વાલ્મીકિ — વત્સ કુશલવ, આ રઘુપતિ, તમારા બંનેના પિતા. આ નાના તાત લક્ષ્મણ, આ સીતાદેવી તમારી જનની અને આ માતામહ રાજર્ષિ જનક.

સીતા — (હર્ષ, કરુણા અને આશ્ચર્યથી નિહાળીને) શું, પિતાજી?

કુશલવ — અહો, તાત! અહો, માતા! અહો, માતામહ!

રામ — (હર્ષથી ભેટીને) અરે પુત્રો, ઘણાં પુણ્યે મળ્યા છો!

સીતા — આવ દીકરા કુશ, આવ બેટા લવ! ફરી નવો અવતાર પામેલી તમારી માતાને ખૂબ ખૂબ ભેટો.

કુશલવ — (તેમ કરીને) અમારાં ધન્યભાગ્ય!

પણ રામ સીતાને પત્ની તરીકે સ્વીકારે એ માટે પ્રશ્ન ન હતો પણ 'સીતા રાણી'નો સ્વીકાર કરવા અંગે હતો. પ્રકૃતિ — જે ઉપરથી પ્રતિમા ઘડાઈ તે મૂળ. સીતા લક્ષ્મણને જવાબ આપે છે તે સામાન્ય ઔપચારિક છતાં દિયરને જવાબ આપવાની એની હમેશની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सीता — भअवं, एसा हं पणमामि । [भगवन्, एषाहं प्रणमामि ।]

वाल्मीकिः — वत्से, ईदृश्येव चिरं भूयाः !

सीता — अम्महे ! तादो कुलगुरू अज्जाअणो सभत्तुआ अ अज्जा सन्तादेवी सलक्खणा सुप्पसण्णा अज्जउत्तचलणा समं कुशलत्ताविं दीसन्ति । ता णिब्भरम्हि आणन्देण । [अम्महे ! तातः कुलगुरुरार्याजनः सभर्तृका चार्या शान्तादेवी सलक्ष्मणाः सुप्रसन्ना आर्यपुत्रचरणाः समं कुशलत्वावपि दृश्यन्ते । तन्निर्भरास्म्यानन्देन ।]

[नेपथ्ये कलकलः ।]

वाल्मीकिः — (उत्थायावलोक्य च) उत्खातलवणो मधुरेश्वरः प्राप्तः ।

लक्ष्मणः — सानुषङ्गाणि कल्याणानि ।

रामः — सर्वमिदमनुभवन्नपि न प्रत्येमि । यद्वा प्रकृतिरियमभ्युदयानाम् ।

वाल्मीकिः — रामभद्र, उच्यतां किं ते भूयः प्रियमुपकरोमि ।

रामः — अतः परमपि प्रियमस्ति ? तथापीदमस्तु

पाप्मभ्यश्च पुनाति वर्धयति च श्रेयांसि सेयं कथा
माङ्गल्या च मनोहरा च जगतो मातेव गङ्गेव च ।

ટીખળી રીત પ્રમાણે પણ છે. તેથી वत्समदृशः — દીકરાસમો.-એવો પાઠ લેવાની જરૂર નથી. પહેલા અંકને અંતે મધુરેશ્વર સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા — ભગવન્ આ હું પ્રણામ કરું છું.

વાલ્મીકિ — વત્સે, આવી જ ચિરકાળ રહે.

સીતા — અહો! તાત, કુલગુરુ, આર્યાઓ, પતિસહિત આર્યા શાંતાદેવી, લક્ષ્મણસહિત સુપ્રસન્ન આર્યપુત્ર, અને સાથે કુશલવ પણ દેખાય છે. એટલે મારો આનંદ માતો નથી.

[નેપથ્યમાં કોલાહલ.]

વાલ્મીકિ — (ઊઠીને, નિહાળી) લવણને નિર્મૂલ કરી મધુરેશ્વર આવી પહોંચ્યો.

લક્ષ્મણ — કલ્યાણો ઉપરાઉપરી આવી લાગતાં હોય છે.

રામ — આ બધું અનુભવતાં છતાં મને તે માન્યામાં આવતું નથી. અથવા તો અભ્યુદયોનો આ સ્વભાવ જ હશે.

વાલ્મીકિ — રામભદ્ર, કહો, તમારું બીજું શું પ્રિય કરું?

રામ — આથી વળી અધિક પ્રિય કાંઈ હશે? તો પણ આટલું હજો :

> શ્રેયોમાં કરી વૃદ્ધિ, પાવન કરે પાપોથી, તે આ કથા
> માંગલ્યા, સુમનોહરા, જગતની માતાશી, ગંગા સમી.

શત્રુઘ્નને મોકલવાની વાત હતી. એને એ કામમાં બાર વરસ થયાં એ વધુ પડતું લાગે છે. પણ વસ્તુસંકલનાની દૃષ્ટિએ નાટકના આ બિંદુએ એનું આગમન રસસમર્પક છે. ૨૦ ભરતવાક્ય. માંગલ્યા અને સુમનોહરા વિશેષણો કથા તેમજ માતા અને ગંગાનાં પણ છે. પરિણતપ્રજ્ઞ — જેની પ્રજ્ઞા પકવ થઈ છે એવા. परिणतां प्राज्ञस्य पाठ લેતાં પ્રાજ્ઞની પરિપક્વ વાણી એમ અર્થ થાય. 'શબ્દબ્રહ્મસુજ્ઞાણ' — મૂળમાં બુધોનું વિશેષણ છે અને પ્રરિણતપ્રજ્ઞનું પણ છે. રામાયણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वाल्मीकेः परिभावयन्त्वभिनयैर्विन्यस्तरूपां बुधाः
शब्दब्रह्मविदः कवेः परिणतप्रज्ञस्य वाणीमिमाम् ॥२०॥

[निष्क्रान्ताः सर्वे ।]

इति महाकविश्रीभवभूतिविरचित उत्तररामचरिते
सम्मेलनं नाम सप्तमोऽङ्कः ।

इति उत्तररामचरितम् ।

શબ્દ–બ્રહ્મનો વિવર્ત છે (અંક ૨), તો આ નાટક તે વળી રામાયણનો અભિનેયાર્થ વિવર્ત છે. ભવભૂતિ પોતાની કૃતિનું શ્રેય વાલ્મીકિને આપે છે. પણ વાલ્મીકેઃને બદલે તામેતાં પાઠ બરોબર હોય તો કવિની એ વાણી એવી છે કે વિદ્વાનો એમાં ભવભૂતિ પોતાને વિષે પરિણતપ્રજ્ઞ તરીકે સૂચન કરે છે એમ જુએ છે એને અનુમોદન મળે. પણ શ્રીશરદરંજન રાય બતાવે છે તેમ ताम् एताम् અને શ્લોકાન્તે इमाम् એમ ત્રણ સરખાં વિશેષણોનો ઢગલો થાય છે એ એવા પાઠની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાલ્મીકિની લહો બુધો, અભિનયે આકાર ધારંતી, આ
શબ્દબ્રહ્મસુજાણ તે પરિણતપ્રજ્ઞે કવેલી ગિરા. ૨૦

[સર્વે જય છે.]

સંમેલન નામે સાતમો અંક સમાપ્ત

ઉત્તરરામચરિત નાટક સમાપ્ત

વિરુદ્ધ જાય છે અને વાલ્મીકેઃ પાઠની સંભાવનાને પુષ્ટ કરે છે. શબ્દબ્રહ્મનો ઇતિહાસરૂપ વિવર્ત રામાયણ, તેનો અભિનેયાર્થ વિવર્ત આ ઉત્તરરામચરિત નાટક — એ ક્રમ ભવભૂતિના વિવર્તવિચારને અનુકૂળ હોઈ વાલ્મીકેઃ પાઠ વધુ ઉચિત લાગે છે. शब्दब्रह्मविद् વિશેષણ બીજા અંકમાં વાલ્મીકિને ઉદ્દેશાયેલા प्रबुद्धोऽसि वागात्मनि ब्रह्मणि । — એ વાક્ય અને ભવભૂતિએ રામાયણને शब्दब्रह्मणस्तादृशं विवर्तम् કહી વર્ણવ્યું છે તે ઉપરથી વાલ્મીકિને જ, ભવભૂતિને મતે, યોગ્ય રીતે લાગુ પડે.

ભાવાર્થબોધિની ટીકા સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૧

કવિજીવન

ભવભૂતિએ પોતાને વિષે મહાવીરચરિતની પ્રસ્તાવનામાં ઠીક ઠીક માહિતી આપી છે.

કવિ દક્ષિણાપથના પદ્મપુર નામના નગરમાં કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાના અને કાશ્યપ ગોત્રના ઉદુમ્બર નામના બ્રાહ્મણોમાં વાજપેય યજ્ઞ કરનાર મહાકવિથી પાંચમી પેઢીએ જન્મ્યો હતો. એ ભટ્ટગોપાલનો પૌત્ર અને નીલકંઠનો પુત્ર હતો. એનું નામ શ્રીકંઠ હતું અને ભવભૂતિ નામે પોતે જાણીતો થયો હતો. માતા જાતુકર્ણ્ય ગોત્રની હતી. પોતે વ્યાકરણ ન્યાય અને મીમાંસાનો જાણકાર હતો. મહાવીરચરિત અને માલતીમાધવની પ્રસ્તાવનામાં કવિ કહે છે તેમ એનો ગુરુ નામ પ્રમાણે ગુણ ધરાવનાર જ્ઞાનનિધિ નામે સંન્યાસી હતો. માલતીમાધવની કેટલીક આવૃત્તિઓમાં પદ્મપુર વિદર્ભમાં આવેલું છે એવો ઉલ્લેખ છે.

વતન

ઉપર જોયું તેમ કવિ દક્ષિણાપથનો હતો. દંડકારણ્ય અને ખાસ કરીને ગોદાવરીના વર્ણનમાં એની વાણી જે સ્વાભાવિકતાથી વહે છે અને પ્રકૃતિના આ એક ઉત્તમ કવિની કવિતા વળી વળીને ગોદાવરી તરફ જે રીતે ઢળે છે તે જોતાં એ દાક્ષિણાત્ય હોવાની વાત પ્રતીતિકર લાગે છે.

કવિની રચનાઓમાં ઉલ્લેખાયેલ બીજાં સ્થળનામો ઉપરથી આ પ્રશ્ન અંગે વિદ્વાનોમાં કેટલીક ચર્ચા થઈ છે. કવિની ત્રણે નાટ્યકૃતિઓ કાલપ્રિય(યા)નાથના મેળામાં પ્રસ્તુત થઈ છે એમ પ્રસ્તાવનાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરથી જાણવા મળે છે. કાલપ્રિયનાથ તે કાલિદાસ-બાણ આદિએ જેનો ઉલ્લેખ કર્યો છે તે ઉજ્જયિનીના મહાકાલેશ્વર એમ કેટલાક કહે છે. એ બરોબર હોય તો કવિ ત્યાંથી દક્ષિણના માર્ગે – દક્ષિણાપથમાં આવેલા વિદર્ભના પદ્મપુરનો છે એ કથન યથાર્થ ઠરે. શ્રી લેલે ઉચ્ચારસામ્ય ઉપરથી યમુના ઉપરના કાલ્પીમાં કાલપ્રિયનાથનું મંદિર હતું એમ સૂચવે છે. ત્યાંથી 'દક્ષિણના માર્ગે' માલતીમાધવમાં જેનું વર્ણન છે તે પદ્માવતી નગરી આવેલી છે અને એ જ કવિનું જન્મસ્થાન પદ્મપુર હોવું જોઈએ એમ પણ એ, पद्मनगरं पद्मावती । — એમ કહેનાર માલતીમાધવના ટીકાકાર જગદ્ધરની પેઠે, સૂચવે છે. પદ્માવતી વિષે માલતીમાધવમાં કહ્યું છે કે તે પારા અને સિંધુના સંગમ ઉપર આવેલી છે અને પાસે જ લવણા નદી વહે છે અને મધુમતી કરીને એક ચોથી નદી સિંધુને મળે છે. સિંદ (સિંધુ) નદી ઉપર આવેલું નરવાર તે પદ્માવતી એમ જનરલ કનિંગહામ કહે છે. એની પાસેમાં જ આવેલી પારબતી, લુણ અને મોહવર એ જ માલતીમાધવની પારા, લવણા અને મધુમતી નદીઓ. પણ નરવાર પારબતી અને સિંદના સંગમથી ૨૫ માઈલ દૂર હોઈ પારાસિંધુ-સંગમ ઉપરની પદ્માવતી તે ન હોઈ શકે એમ ડૉ. રામકૃષ્ણ ભાંડારકર યોગ્ય રીતે જ કહે છે. શ્રી લેલે નરવારની ઈશાને થોડેક દૂર આવેલા પવાયા અથવા પોલા–પવાયા (અથવા પદ્મપુર) નામના નાનકડા ગામડાને પદ્માવતી માને છે. એની આસપાસ કોઈ મોટા નગરનાં ખંડેરો પણ જોવા મળે છે. માલતીમાધવની પદ્માવતીનગરી આ સ્થળે વસેલી હોય એ સંભવિત છે, પણ પદ્માવતી અને પદ્મપુરમાં પદ્મ આવે છે એ એનું સામ્ય કલ્પવા માટે પૂરતું નથી. એવાં મળતાં — લગભગ સરખાં – નામનાં અનેક ગામો હોઈ શકે. આ સ્થળનું સુરેખ વર્ણન કવિએ કરેલું છે એ ઉપરથી તે એનું જન્મસ્થાન પણ હોય એવું અનુમાન કરવું એ પણ કાંઈક વધુ પડતું છે. આવા પુરાવાનો ઉપયોગ પૂરક દલીલ તરીકે કરી શકાય, એની ઉપરથી અનુમાન કરી ન શકાય. દંડકારણ્ય અને ગોદાવરીનાં વર્ણન પણ કવિએ સુરેખ આપ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વિગત ખાસ નોંધપાત્ર છે. પદ્માવતી આસપાસના ગિરિપ્રદેશો સૌદામિનીને ગોદાવરીથી ગાજતા દક્ષિણારણ્યના પર્વતોનું સ્મરણ કરાવે છે — स्मारयन्ति खलु . . . गोदावरीमुखरितस्निग्धविशालमेखला-मुवः दक्षिणारण्यभूधरान् । — એવું માલતીમાધવમાં વર્ણન છે તે સૌદામિની પોતે દક્ષિણની હોય એવું સૂચવવા ઉપરાંત કવિના પોતાના દક્ષિણ તરફના જન્મસ્થાનનો અણસારો પણ આપી રહે છે. ડૉ. રામકૃષ્ણ ભાંડારકર કહે છે કે આજે પણ વિદર્ભ–વરાડ–પ્રદેશમાં અને એની આસપાસ તૈત્તિરીય શાખાના મહારાષ્ટ્રીય અને તૈલંગણ બ્રાહ્મણો વસે છે.

કવિ કનોજના યશોવર્માનો આશ્રિત હતો એટલે ઉત્તરમાં એણે ઠીક ઠીક વરસો ગાળ્યાં હશે અને પારસિંધુ ઉપરની નગરીથી એ પરિચિત હોય એ અસંભવિત નથી. કાલપ્રિયનાથની જગા એક કરતાં અનેક હોવાનો સંભવ વધારે છે. કનોજની પાસે જ દક્ષિણે કાલપ્રિય કરીને નગર હોવાનું રાજશેખર નોંધે છે ત્યાં અથવા એવા કોઈ નજીકના સ્થળે કનોજના રાજાના એક વખતના આશ્રિત ભવ-ભૂતિનાં નાટકો ભજવાયાં હોય એ સંભવિત છે. એથી કેવળ ઉપલક ઉચ્ચારસામ્યથી કાલ્પીને કાલપ્રિયનાથની જગા ઠરાવવાની અને એથી દક્ષિણે નજીકમાં પદ્માવતીને પદ્મપુર માનવાની જરૂર નથી. ઉત્તરના એવા કોઈ પણ મંદિરની દક્ષિણે જ વિદર્ભ (અને તેનું નગર પદ્મપુર) તો રહેવાનું છે. दक्षिणपथे અને दक्षिणापथे એ બે પાઠમાંથી બીજો લેતાં દક્ષિણાપથ એટલે આર્યાવર્તની – વિન્ધ્યની – દક્ષિણનો પ્રદેશવિશેષ એવો અર્થ પણ લેવો રહે, જે કવિ દક્ષ્ખણનો હોવાના અભિપ્રાયને દૃઢ કરે.

પદ્મપુર વરાડનું હાલનું ક્યું સ્થળ તે નક્કી થઈ શક્યું નથી. ડૉ. ભાંડારકર કહે છે કે નાગપુર પાસેના ચંદ્રપુર અથવા ચંદા નજીક તે આવ્યું હશે. શ્રી મિરાશી ભંડારા જિલ્લાના આમગાંવ પાસેનું પદમપુર તે પદ્મપુર એમ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ

કવિનું માબાપે પાડેલું મૂળ નામ શ્રીકંઠ હતું અને ભવભૂતિ નામથી એ પ્રસિદ્ધ થયો એમ મનાય છે. માલતીમાધવ પરની ટીકામાં જગદ્ધર કહે છે તેમ નામ્ના શ્રીકણ્ઠઃ પ્રસિદ્ધ્યા ભવભૂતિરિત્યર્થઃ । મહાવીરચરિત અને ઉત્તરરામચરિતની ટીકામાં વીરરાઘવ પણ શ્રીકંઠ તે પિતૃકૃતન મેદમ્ – પિતાએ પાડેલું નામ છે એમ કહે છે અને 'સામ્ના પુનાતુ ભવભૂતિપવિત્રમૂર્તિઃ ।' – એ શ્લોકરચનાથી સંતુષ્ટ થયેલા રાજાએ 'ભવભૂતિ' નામથી કવિની પ્રસિદ્ધિ કરી એમ પ્રચલિત નામ – ભવભૂતિ – નો ખુલાસો આપે છે. અનન્તપંડિત કવિનું બાળપણનું નામ 'શ્રીધર' આપે છે અને 'ગિરિજાયાઃ કુચૌ વન્દે ભવભૂતિનિતાનનૌ ।' એ પદ્યથી 'ભવભૂતિ'ની પદવી મળી એમ કહે છે. ટીકાકાર ઘનશ્યામ — અને વીરરાઘવ પણ — બીજી એક કથા આપે છે કે ભવ એટલે કે મહાદેવે પ્રસન્ન થઈને ભિક્ષુક બ્રાહ્મણ રૂપે હાજર થઈને કવિને ભૂતિ — સમૃદ્ધિ આપી એથી એ ભવભૂતિ કહેવાયો.

પણ આ બધા ઉપરથી એટલું સમજાય છે કે ટીકાકારોને 'ભવભૂતિ'ને ઉપનામ તરીકે સ્વીકારતાં કલ્પનાને કસવી પડી છે. એમનામાં ઐકમત્ય તો છે જ નહિ. ઉપરાંત ભવભૂતિ પછી તરતના કવિઓ અને વિદ્વાનોએ શ્રીકંઠ નામનો ઉલ્લેખ કર્યો નથી, 'ભવભૂતિ' નામથી જ કવિને ઓળખાવ્યો છે. સમકાલીન કવિ વાક્પતિરાજ મવભૂઇજલહિ૦, ૧૦મી સદીમાં રાજશેખર સ્થિતઃ પુનર્યો મવભૂતિરલયા, ૧૨મી સદીમાં કલ્હણ મવભૂત્યાદિસેવિતઃ અને ૧૪મી સદીમાં ગોવર્ધનાચાર્ય મવભૂતેઃ સંબન્ધાત્ — એ રીતે ભવભૂતિ નામથી જ કવિને ઓળખાવે છે. આથી એનું મૂળ નામ ભવભૂતિ હશે, શ્રીકંઠ એ પાછળથી મળેલું ઉપનામ હશે — એવો મત પણ આગળ ધરવામાં આવે છે. શ્રીકંઠ એટલે કે જેના કંઠે — જિહ્વાએ શ્રી એટલે કે સરસ્વતી છે એવો. કવિના પિતાનું નામ નીલકંઠ હતું તેથી કવિનું નામ શ્રીકંઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે એમ બંનેના નામમાં 'કંઠ' આવે છે એ ઉપરથી માન્યતા બંધાય એ સમજાય એવું છે, પણ પિતામહના નામ – ભટ્ટગોપાલ – માં 'કંઠ' અંશ નથી એટલે એવા કોઈ કારણે નાનપણનું નામ 'શ્રીકંઠ' માનવાની જરૂર નથી. શ્રીકંઠ અંગે श्रीकण्ठपदलाञ्छनः प्रयोग છે જ્યારે ભવભૂતિ સાથે भवभूतिः નામ એવો — એ એનું નામ છે એવો — સ્પષ્ટ ઉલ્લેખ છે. માલતીમાધવમાં भवभूतिनामा પાઠ છે એ ઉપરથી શ્રી શરદરંજન રાય વ્યાકરણની મદદથી દલીલ કરે છે કે સમાસમાં નામ શબ્દ આવે ત્યારે એ વ્યકિતના ચોક્કસ નામનો જ નિર્દેશ કરે છે. भवभूतिर्नामમાં માત્ર સંધિ છે. અને ત્યાં નામનો અર્થ પ્રસિદ્ધિસૂચક છે, જો કે આવા પ્રસંગે પણ હિમાલયો नाम नगाधिराजः (કુમારસંભવ ૧,૧.), गिरिः प्रस्रवणो नाम (ઉત્તરરામ૦ ૧,૨૫–) એવા દાખલાઓમાં નામ તે તે પદાર્થનું ચોક્કસ નામ નિર્દેશે છે.

કવિના નામ અંગે આવી દ્વિધા છે, તેમ છતાં મૂળ નામ શ્રીકંઠ (દક્ષિણમાં શ્રીકંઠૈયા નામનો પ્રચાર છે) હોય અને ઉપનામ ભવભૂતિથી એ સમકાલીન અને અનુકાલીન વિદ્વદ્વર્ગમાં પ્રસિદ્ધ થયો હોય એ સંભવિત છે. મહાવીરચરિત, માલતીમાધવ અને ઉત્તરરામચરિતનો રચયિતા કવિ ભવભૂતિ છે એ નિર્વિવાદ છે. એનું મૂળ નામ – અથવા તો ઉપનામ – શ્રીકંઠ અથવા અનન્તપંડિત કહે છે તેમ શ્રીધર, અથવા ઉત્તરરામચરિતની એક હસ્તપ્રત પ્રમાણે શીલકંઠ હોય.

પણ આ ઉપરાંત પાછળના વિદ્વાનોએ ભવભૂતિનાં બીજાં નામો આપેલાં છે અને એથી તે તે નામ ધરાવનાર અને ભવભૂતિ એ એક જ વ્યકિત હોવાની સંભવિતતા ઊભી થાય છે. માલતીમાધવની શ્રી. શંકર પાંડુરંગ પંડિતની લગભગ પાંચસો વરસ જૂની હસ્તપ્રતમાંની ત્રીજા અને છઠ્ઠા અંકની પુષ્પિકાઓ — इति श्रीमट्टकुमारिलशिष्यकृते मालतीमाधवे तृतीयोऽङ्कः અને इति श्रीकुमारिलस्वामिप्रसादप्राप्तवाग्वैभवश्रीमदुम्बेकाचार्यविरचिते मालतीमाधवे तृतीयोऽङ्कः — જોતાં માલતીમાધવના એ અંકોનો કર્તા કુમારિલભટ્ટનો શિષ્ય છે અને એનું નામ ઉમ્બેકાચાર્ય છે એવું જાણવા મળે છે. બીજા અંકોને અંતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તાનું નામ ભવભૂતિ જ આપલું છે, એટલે આ બે અંકો પોતાની રુચિ પ્રમાણેના ઉમ્વેકાચાર્યે ભવભૂતિના નાટકમાં દાખલ કર્યા હોય અથવા તો કવિનું એ બીજું નામ જ હોય. ઉમ્વેકાચાર્ય કુમારિલભટ્ટનો શિષ્ય હતો એ અંગે શંકા નથી. કુમારિલના શ્લોકવાર્તિક ઉપર ઉમ્વેકે ટીકા લખી છે. મંડનના ભાવનાવિવેક ઉપર પણ એણે ટીકા લખી છે અને તેમાં કુમારિલની એક કારિકામાંથી અવતરણ આપતાં કુમારિલનો ઉલ્લેખ એ ભટ્ટપાદ અને ગુરુ તરીકે કરે છે. આ ટીકાઓ લખનાર ઉમ્વેક એ જ આપણો ભવભૂતિ હશે? – એ પ્રશ્ન છે. શ્લોકવાર્તિકની ટીકાના આરંભમાં ઉમ્વેક માલતીમાધવનો પ્રસિદ્ધ શ્લોક યે નામ કેચિદિહ નઃ પ્રથયન્ત્યવજ્ઞામ્ વગેરે — આપે છે. ચિત્સુખી અથવા તત્ત્વપ્રદીપિકા ભવભૂતિ અને ઉમ્વેક તે એક એવું સૂચન કરે છેઃ स्वकपोलकल्पितमालतीमाधवादिवाक्येषु प्रामाण्याभावादतिव्याप्तिः । न हि पुराप्त एव सन्नाटकादिप्रबन्धे विरचनमात्रेणानाप्तो भवति भवभूतिः । उक्तं चैतदुम्बेकेन – ... । ચિત્સુખીનો ટીકાકાર भवभूतिरुम्बेकः । — ભવભૂતિ એ જ ઉમ્બેક એમ સ્પષ્ટ કહે છે. આ રીતે ઉમ્વેક અથવા ઉમ્બેક — અથવા શાન્તરક્ષિતના તત્ત્વસંગ્રહનો ટીકાકાર કમલશીલ એક મીમાંસકનું નામ આપે છે તે આ જ વિદ્વાનનું હોય તો ઉમ્વેયક – એ અને ભવભૂતિ કવિ બંને એક જ વ્યકિત એમ માનવાના પક્ષમાં ઠીકઠીક સામગ્રી છે. પણ તેમ માનવાની સામે મુશ્કેલી એ છે કે ભવભૂતિ જો મોટો મીમાંસક હોય તો એવું એ પોતે નાટકોની પ્રસ્તાવનામાં કેમ વિગતે કહેતો નથી અથવા તો મીમાંસાનું એનું જ્ઞાન નાટકોમાં કેમ વારંવાર પ્રત્યક્ષ થતું નથી. 'અર્થવાદ' (ઉત્તર-રામ૦ ૧, ૩૯–) જેવા પ્રયોગમાં ક્યાંક એવું જ્ઞાન દેખાય છે એ જ. મોટી મુશ્કેલી તો એ છે કે મહાવીરચરિત અને માલતીમાધવમાં એ પોતાના ગુરુનું નામ કુમારિલભટ્ટ ન આપતાં જ્ઞાનનિધિ આપે છે. જો મીમાંસક ઉમ્બેક એ જ ભવભૂતિ હોય તો એમ માનવું રહે કે પાછળથી કવિ મીમાંસામાંથી ખસીને વેદાન્ત તરફ ઢળ્યો હોય અને એમાં જ્ઞાનનિધિની એને પ્રેરણા હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમ્બેક મંડનમિશ્રનું પણ નામ હતું એમ વિદ્યારણ્યે રચેલા ગણાતા શંકરદિગ્વિજય (૭-૧૧૬) ઉપરથી સમજાય છે: उम्बेक इत्यभिहितस्य हि तस्य लोकैः उम्बेति बान्धवजनैरभिधीयमाना । — અર્થાત્ મંડનમિશ્રને સૌ ઉમ્બેક કહેતું અને એની પત્નીને ઉમ્બા કહીને બોલાવતું. ઉપર જોયું તેમ ઉમ્બેક અને ભવભૂતિને એક માનવાનું કદાચ શક્ય છે, પણ શંકરદિગ્વિજયના ઉપરના શબ્દો જોતાં ભવભૂતિ અને મંડનમિશ્રને પણ એક માનવા રહે. પણ મંડનમિશ્રના ભાવનાવિવેક ઉપરની પોતાની ટીકામાં ઉમ્બેક કેટલાંક પાઠાંતરો ચર્ચે છે તે ઉપરથી જણાય છે કે જો ઉમ્બેક પોતે જ મંડનમિશ્ર હોય તો પોતાના જ શબ્દોના પાઠભેદ ચર્ચવાનો પોતાને પ્રસંગ ન આવે. — બીજા શબ્દોમાં ઉમ્બેક અને મંડન એક નથી અથવા વધારે ચોક્કસાઈથી કહીએ તો મંડનનું નામ ઉમ્બેક હોય તો પણ એ ઉમ્બેક અને મંડનના ભાવનાવિવેકનો ટીકાકાર મીમાંસક ઉમ્બેક એ બંને એક નથી, અર્થાત્ ભવભૂતિ અને મીમાંસક ઉમ્બેક એક હોય તો પણ ભવભૂતિ અને મંડનમિશ્ર એ એક નથી.

ભવભૂતિ અને વિશ્વરૂપ તેમજ સુરેશ્વર તે એક એવી માન્યતા પણ જૂના વિદ્વાનોમાં પ્રવર્તતી લાગે છે. બાલક્રીડા એ યાજ્ઞવલ્ક્યસ્મૃતિ ઉપર વિશ્વરૂપાચાર્યની ટીકા છે, તેની ઉપરની એક ટીકા भवभूतिसुरेशाख्यं विश्वरूपं प्रणम्य तम् । — એ શબ્દોમાં એક જ વ્યક્તિનાં ભવભૂતિ, સુરેશ્વર અને વિશ્વરૂપ એવાં ત્રણ નામ આપે છે. બાલક્રીડા ઉપરની બીજી એક વાચનમાલા નામની ટીકા भवभूतिनिबन्धनोदधौ વગેરે શબ્દોથી બાલક્રીડાને ભવભૂતિની કૃતિ ગણાવે છે. સુરેશ્વરના બૃહદારણ્યકોપનિષદ્ભાષ્યવાર્તિકમાંના એક શ્લોકને પરાશરમાધવીયમાં વિશ્વરૂપનો લેખવામાં આવ્યો છે એ જોતાં સુરેશ્વર અને વિશ્વરૂપ તે એક જ વ્યક્તિ હોય એ સંભવિત છે. પણ એ જ વ્યક્તિ તે ભવભૂતિ એમ માનવાને ઉપરના બે ટીકાકારો સિવાય કોઈ આધાર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરદિગ્વિજયમાં મંડનમિશ્રનું નામ સુરેશ્વર–અને વિશ્વરૂપ પણ–આપવામાં આવ્યું છે. પણ સુરેશ્વરકૃત બૃહદારણ્યકોપનિષદ્-ભાષ્યવાર્તિકની ટીકામાં આનંદજ્ઞાન દર્શાવે છે તેમ સુરેશ્વર કેટલાંક સ્થાનોએ મંડનના મતોની આલોચના કરે છે એ જોતાં સુરેશ્વર અને મંડન એ એક જ વ્યક્તિ હોય એ સંભવિત નથી, અથવા તો મંડનનું નામ સુરેશ્વર હોય તો પણ એ અને ભાષ્ય-વાર્તિકનો સુરેશ્વર એ એક નથી. બીજા શબ્દોમાં, ભવભૂતિ તે સુરેશ્વર કે વિશ્વરૂપ હોય તો પણ ભવભૂતિ અને મંડનમિશ્ર એક નથી એ વાતને સમર્થન મળે છે.

આ બધી ચર્ચા પરથી સમજાય છે કે શ્રીકંઠ (અથવા શ્રીધર અથવા શીલકંઠ) કવિ 'ભવભૂતિ' નામથી પ્રસિદ્ધ થયો છે. કુમારિલ-ભટ્ટનો શિષ્ય ઉમ્વેક (અથવા ઉમ્બેક અથવા ઉવ્વેયક) અને ભવભૂતિ તે એક હોવા સંભવ છે. વિશ્વરૂપ અને સુરેશ્વર તે એક છે, પણ વિશ્વરૂપ અને સુરેશ્વર એ જ ભવભૂતિ કે કેમ એ પ્રશ્નનો નિર્ણય થઈ શકતો નથી. અત્યારે ઉપલબ્ધ માહિતીને આધારે એટલું કહી શકાય કે મંડનમિશ્રનું નામ ઉમ્બેક હોય તો પણ તે અને મીમાંસક ઉમ્બેક કે ભવભૂતિ તે એક નથી અને મંડનમિશ્રનું નામ સુરેશ્વર કે વિશ્વરૂપ હોય તો પણ તે અને જેને ભવભૂતિ માનવામાં આવે છે તે વિશ્વરૂપ કે સુરેશ્વર એ બે એક જ વ્યક્તિ નથી.

આ બધું ઓછું હોય એમ માલતીમાધવની જૂનામાં જૂની પ્રત (ઈ. સ. ૧૧૫૬ની) દસમા અંકની પુષ્પિકામાં કૃતિરિયં મહાવ-(ક)વેર્ભૂગર્ભસ્ય । — એ શબ્દોથી કર્તાનું એક નવું જ નામ–ભૂગર્ભ–આપે છે!

સમય

કથાસાહિત્યમાં ભવભૂતિને કાલિદાસનો સમકાલીન લેખવામાં આવે છે. બલ્લાલકૃત ભોજપ્રબન્ધમાં કથા છે કે ભોજે સૂચવેલા વિષય ઉપર કાલિદાસ અને ભવભૂતિ બંનેએ કાવ્યરચના કરી અને પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને ભુવનેશ્વરીના મંદિરે ગયા. ત્યાં બે પલ્લાંમાં બંનેની રચનાને મૂકવામાં આવી. ભવભૂતિનું પલ્લું ઊંચું ગયું. પરંતુ ત્યાં દેવીએ પોતાના માથા પરના કમલના મધુનું એક બિન્દુ ખેરવીને ભવભૂતિના પક્ષમાં નિર્ણય આવે એમ કર્યું.

બીજી એક કથા છે કે રાજા વિક્રમાદિત્યનાં નવ રત્નોમાંના એક તરીકે કાલિદાસની ગણના થતી હતી તેવામાં નવો કવિ ભવભૂતિ એની પાસે આવ્યો અને એણે પોતાનું કાવ્ય સાંભળવા કવિ કાલિદાસને વિનંતિ કરી. કવિ સાર–ચોપાટ–ની રમત રમતો ગયો અને કાવ્ય સાંભળતો ગયો. સાંભળી રહીને એણે ભારે પ્રસન્નતા બતાવી. માત્ર એક ઠેકાણે જરીક નાનો અમથો સુધારો સૂચવ્યો. રાત્રિરેવં વ્યરંસીત્ હતું તેમાંથી એક અનુસ્વારને દૂર કરી રાત્રિરેવ વ્યરંસીત્ કરવાનું કહ્યું. ઉત્તરરામચરિતના પ્રથમ અંકના ૨૭મા શ્લોકની આ વાત છે.

આ કથાઓ કાવ્યશાસ્ત્રવિનોદ તરીકે સુંદર છે. એ રીતે આપણા કાવ્યરસિકોએ બંને કવિઓને સંસ્કૃતના બે ઉત્તમ કવિઓ તરીકે તારવી કાઢયા છે અને અનુસ્વારવાળા પ્રસંગથી કાલિદાસની ઓછાબોલી પરંતુ માર્મિક કાવ્યશૈલીનું સૂચન કર્યું છે. પણ આમાં કોઈ કાલક્રમ અંગેનું સત્ય શોધવું એ મુશ્કેલ છે. કાલિદાસની કૃતિઓથી ભવભૂતિ જાણકાર લાગે છે. માલતીમાધવમાં માધવ મેઘને દૂત તરીકે યોજવા વિચારે છે. તેના જ બીજા અંકમાં કામંદકી શકુંતલા અને દુષ્યન્ત તેમ જ અપ્સરા અને પુરુરવાનો ઉલ્લેખ કરે છે તે અભિજ્ઞાનશાકુંતલ અને વિક્રમોર્વશીયના ઉલ્લેખ સંભવે છે. માધવના માલતી પાછળના પ્રલાપો તે વિક્રમોર્વશીયમાંના પુરુરવાના પ્રેમપ્રલાપોનું સ્મરણ કરાવે છે. એકલા ઉત્તરરામચરિતનું જ બરોબર અવલોકન કરવામાં આવે તો ભવભૂતિ ઉપર કાલિદાસની ગાઢ અસર પડયાનાં અનેક ઉદાહરણ મળશે. (જુઓ **ભાવાર્થબોધિની** ટીકા.) ભવભૂતિ હર્ષના સમય(ઈ. સ. ૬૦૬–૬૪૮)માં થયેલા મહાકવિ ભટ્ટ-બાણને પરિચિત ન હોય એમ લાગે છે. હર્ષચરિતના આરંભમાં બાણે પ્રસિદ્ધ પૂર્વકવિઓની પ્રશસ્તિના સુંદર શ્લોકો મૂકયા છે, તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાસકાલિદાસ આદિ કવિઓની પ્રશસ્તિ છે, ભવભૂતિની નથી. પણ આવા મૌન ઉપરથી કોઈ નિશ્ચયાત્મક અનુમાન થઈ શકે નહિ. સદ્ભાગ્યે ભવભૂતિના સમયનો નિર્ણય થઈ શકે એવી સ્પષ્ટ માહિતી અન્યત્ર મળે છે.

રાજતરંગિણીકાર કલ્હણ કાશ્મીરના રાજા લલિતાદિત્ય અથવા મુક્તાપીડ(ચીનનાં ઐતિહાસિક લખાણોના Mu-To-Pi)ની વાત કરતાં એક શ્લોકમાં કહે છે કે કવિ વાક્પતિરાજ અને શ્રીભવભૂતિ આદિથી સેવિત એવો રાજા યશોવર્મા જિતાયા પછી મુક્તાપીડના ગુણોનું સ્તુતિગાન કરવા લાગ્યો: कविवाक्पतिराजश्रीभवभूत्यादिसेवितः । जितो ययौ यशोवर्मा तद्गुणस्तुतिवन्दिताम् ॥ યશોવર્મા કનોજનો રાજા હતો. વાક્પતિરાજ (પ્રાકૃતમાં-બપ્પઈરા) કવિએ, ગૌડના રાજાનો યશોવર્માએ લડાઈમાં વધ કરેલો તે વિષે, ગૌડવહો કરીને પ્રાકૃતમાં મોટું કાવ્ય આરંભ્યું હતું. પોતે યશોવર્માનો મિત્ર હતો અને કવિરાજનું પદ ધારણ કરતો એમ ગૌડવહો(શ્લોક ૭૯૭)માં એ કહે છે. પણ કલ્હણ વાક્પતિરાજની સાથે જે ભવભૂતિની વાત કરે છે તે ઉત્તરરામચરિત વગેરેનો કર્તા ભવભૂતિ હશે? ભવભૂતિએ રાજ્યાશ્રયની કેમ ક્યાંય વાત કરી નથી? પોતે રાજ્યાશ્રય પામ્યો હોય એવું સૂચન પણ એની રચનાઓમાં મળતું નથી. કવિનું આવું મૌન હોવા છતાં એને ક્યારેક રાજ્યાશ્રય મળ્યો હોય એ અસંભવિત નથી. વાક્પતિરાજ પોતે ભવભૂતિનો ઉલ્લેખ કરે છે અને જે રીતે એ ઉલ્લેખ કરે છે એ જોતાં ભવભૂતિ તે ઉત્તરરામચરિત વગેરેનો કર્તા જ હોઈ શકે એમ લાગે છે. એ કહે છે કે પોતાની "વિકટ રચનાઓમાં અદ્યાપિ કેટલીક વિશેષતાઓ સ્ફુરે છે જે ભવભૂતિરૂપી સમુદ્રના મંથનમાંથી પ્રગટેલા અમૃતરસના કણો જેવી છે." (भवभूइ-जलहिणिग्गयकव्वामयरसकणा इव फुरन्ति । जस्स विसेसा अज्जवि वियडेसु कहाणिवेसेसु ॥ — भवभूतिजलधिनिर्गतकाव्यामृतरसकणा इव स्फुरन्ति । यस्य विशेषा अद्यापि विकटेषु कथानिवेशेषु ॥ — ગૌડવહો, શ્લોક ૭૯૯.) આ પછી ૮૦૧ થી ૮૦૪ સુધીના શ્લોકમાં પોતાને ભાસ, જ્વલનમિત્ર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલિદાસ, સુબન્ધુ આદિ કવિઓની રચનાઓ આનંદ આપે છે એમ વાક્પતિરાજ કહે છે એ જોતાં ૭૯૯મા શ્લોકમાં જે ભવભૂતિની વાત કરી છે તે ઉત્તરરામચરિત વગેરેનો કર્તા ભવભૂતિ હોય એ પૂરું સંભવિત છે. ભવભૂતિની અસરને લીધે 'અદ્યાપિ' પોતાની રચનાઓમાં વિશેષતાઓ સ્ફુરે છે એમ વાક્પતિરાજ કહે છે, એનો અર્થ એ થાય કે ગૌડવહો લખાયાની ઠીકઠીક પહેલાં ભવભૂતિનો લાભ એને મળેલો છે, અર્થાત્ ભવભૂતિ વાક્પતિરાજથી ઉંમરમાં કાંઈક મોટો સંભવે છે. (આ વાત જો કલ્હણના ખ્યાલમાં બરોબર હોત તો, ડૉ. બેલ્વલકર દર્શાવે છે તેમ વ્યાકરણનો ઝીણો વિવેક સાચવીને એ શ્રીભવભૂતિનું નામ વાક્પતિરાજ પછી નહિ પણ પહેલાં મૂકત.) તો, કનોજના યશોવર્મા અને કાશ્મીરના મુક્તાપીડના સમયનો જો નિર્ણય કરી શકાય તો ભવભૂતિના સમયનો પણ સાથે જ નિર્ણય થઈ જાય.

જનરલ કનિંગહામ મુક્તાપીડના રાજ્યારોહણની સાલ ઈ. સ. ૬૯૩ આપે છે. શ્રી. શંકર પાંડુરંગ પંડિત અને મિ. ટ્રોયર ૬૯૫ આપે છે. આ ગણતરીમાં સંગ્રામપીડનો શાસનકાલ સપ્ત વત્સરાન્ ગણવામાં આવ્યો છે તે જો પાઠાંતર પ્રમાણે સપ્ત વાસરાન્ હોય તો મુક્તાપીડના રાજ્યારોહણની સાલ ઈ. સ. ૭૦૦ લેખવી પડે. આમ મુક્તાપીડનો શાસનકાલ ઈ. સ. ૬૯૩–૭૨૯ અથવા ૭૦૦–૭૩૬ ઠરે. આમાં ચીનના ઐતિહાસિક લેખસંગ્રહોને કારણે કાંઈક ફેરફાર કરવો પડે એમ છે. ચીની ઇતિહાસલેખો પ્રમાણે મુક્તાપીડની પહેલાં રાજ્ય કરનાર એના ભાઈ તારાપીડના પુરોગામી બીજા ભાઈ ચંદ્રાપીડે ઈ. સ. ૭૧૩માં ચીનમાં એલચી મોકલ્યો હતો, એ મુક્તાપીડ જો ૬૯૩ કે ૭૦૦માં ગાદીએ આવે એ વાતથી સુસંગત નથી. ઉપરાંત ચીની ઇતિહાસલેખો મુક્તાપીડે પોતે ઈ. સ. ૭૩૬ પછી ચીનમાં એલચી મોકલ્યાનું કહે છે એ પણ એના રાજ્યકાલની ૭૨૯ કે ૭૩૬માં અવધિ લેખવા સાથે સુસંગત નથી. આ બધી તપાસને પરિણામે ડૉ. રામકૃષ્ણ ભાંડારકર પોતાની માલતીમાધવની બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં કહે છે કે ચીની કાલક્રમ હમેશાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોકસાઈભર્યો નીવડ્યો છે એ જોતાં કલ્હણના કાલક્રમમાં ૩૧ વરસનો તફાવત સ્વીકારવો પ્રાપ્ત થાય છે અને એમ કરતાં મુક્તાપીડનો રાજ્યકાલ ઈ. સ. ૭૨૪–૭૬૦ અથવા ૭૩૧–૭૬૭ ઠરે.

મુક્તાપીડે કનોજના યશોવર્માને પોતે ગાદી પર આવ્યા પછી હરાવ્યો હોય એટલે કે એ બનાવ ઈ. સ. ૭૨૪ અથવા ૭૩૧ પછી બન્યો હોય. ગૌડવહોકાર શ્લોક ૮૨૭–૮૩૧ અમંગલ શુકનનું વર્ણન કરે છે અને શ્લોક ૮૩૨ યશોવર્માની ક્ષણવાર માટેની સ્થાનચ્યુતિનો નિર્દેશ કરે છે તે, સંભવિત છે કે, યશોવર્માને કાશ્મીરરાજ મુક્તાપીડે હરાવ્યાના સંદર્ભમાં હોય. અમંગલ શકુનના શ્લોકોમાં ૮૨૯નું વર્ણન સૂર્યગ્રહણનું જણાય છે તે ઉપરથી ડૉ. યાકોબીએ ગાણિતિક પદ્ધતિથી નિર્ણય આપ્યો છે કે કનોજમાં ઈ. સ. ૭૩૩ના ઑગસ્ટની ૧૪મીએ સૂર્યગ્રહણ દેખાયું હશે. બીજા શબ્દોમાં કનોજના યશોવર્મા ઉપર કાશ્મીરરાજ મુક્તાપીડે (લલિતાદિત્યે) ઈ. સ. ૭૩૩માં આક્રમણ કર્યું હશે. મધ્ય હિંદના I-chan-fon-mo નામના રાજાએ ઈ. સ. ૭૩૧માં ચીનમાં એલચી મોકલ્યાનું ચીની લેખકો કહે છે. આ રાજા I-chan-fon-mo તે યશોવર્મા જ લાગે છે. ઈ. સ. ૭૩૧ સુધી એ સ્વતંત્ર રાજા છે. પછી ઈ. સ. ૭૩૩માં એની ઉપર આક્રમણ થયું હોય એ સંભવિત છે. ઈ. સ. ૭૩૬ પછી કાશ્મીરના મુક્તાપીડે ચીનમાં એલચી મોકલ્યો તેના વર્ણનમાં મધ્યહિંદનો રાજા કાશ્મીરરાજનો મિત્ર હોવાનો ઉલ્લેખ છે. જો ઈ. સ. ૭૩૩માં મુક્તાપીડે યશોવર્મા ઉપર ચઢાઈ કરી હોય તો ૭૩૬માં એ એનો મિત્ર કેમ હોઈ શકે એવો પ્રશ્ન થાય. પણ વાક્પતિરાજના ૮૩૨મા શ્લોક પ્રમાણે યશોવર્મા ક્ષણવાર માટે જ સ્થાનચ્યુત થયેલો એટલે કે મુક્તાપીડે પછી ફરી એને ગાદીએ સ્થાપ્યો હોય અને કલ્હણ કહે છે તેમ યશોવર્મા મુક્તાપીડના ગુણોનું સ્તુતિગાન કરવા લાગ્યો તે જોતાં એ બંનેનો સંબંધ મિત્રતાનો પણ હોય. જૈન સાહિત્યનો — રાજશેખરના પ્રબંધકોશનો — આધાર લેતાં ઉપરની કાલગણનાને પુષ્ટિ મળે છે. યશોવર્માનો ઉત્તરાધિકારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમરાજ સ્વેચ્છાથી ગુજરાતમાં દેશવટે હતો ત્યારે ઈ. સ. ૭૫૧માં દીક્ષા પામેલા જૈન સાધુ બપ્પભટ્ટિએ તેને જૈનધર્મી બનાવ્યો હતો. પિતાના મૃત્યુબાદ આમરાજ ગાદીએ આવ્યા પછી ઈ. સ. ૭૫૫માં એણે બપ્પભટ્ટિને સૂરિની પદવી આપી હતી, અર્થાત્ ઈ. સ. ૭૫૧ અને ૭૫૫ વચ્ચે યશોવર્માનું અવસાન થયું હોવું જોઈએ.

આમ, કાશ્મીરરાજ મુક્તાપીડ(લલિતાદિત્ય)નો રાજ્યકાલ ઈ. સ ૭૨૪-૭૬૦ અથવા ૭૩૧–૭૬૩ છે અને કનોજના યશોવર્માનો પરાજય ૭૩૩ માં થયો હતો અને અવસાન ૭૫૧ થી ૭૫૫ વચ્ચે થયું હતું.

કલ્હણ કહે છે તેમ વાક્પતિરાજની સાથે ભવભૂતિ યશોવર્માનો આશ્રિત હોય તો પણ વાક્પતિરાજ જણાવે છે તેમ ભવભૂતિ એના ગુરુ જેવો છે અને વાક્પતિરાજ ઈ. સ. ૭૩૩ના બનાવનું ગૌડવહોમાં વર્ણન કરે છે એ જોતાં એનો કવનકાળ ૮મા સૈકાના બીજા ચરણમાં હોય અને ભવભૂતિનો કવનકાલ પ્રથમ ચરણ(ઈ. સ. ૭૦૧–૭૨૫)-માં હોય એ સંભવિત છે.

ભવભૂતિ ૮મા સૈકાના આરંભમાં થઈ ગયો એ વાતને બીજા સાહિત્યિક પુરાવાઓથી પણ ટેકો મળે છે. ઈ. સ. ૯૦૦ લગભગ થયેલો કવિ રાજશેખર પોતાને વાલ્મીકિનો, અને વાલ્મીકિના અવતાર ભવભૂતિનો, અવતાર ગણાવે છે. — बभूव वल्मीकभवः पुरा कविस्ततः प्रपेदे भुवि भर्तृमेण्ठताम् । स्थितः पुनर्यो भवभूतिरेखया स वर्तते संप्रति राजशेखरः ॥ રાજશેખર પોતાને ભવભૂતિના અવતારરૂપ ગણાવે છે એ જોતાં ભવભૂતિના અવતારરૂપ થવામાં માન ગણાય એટલી લોકોમાં એ પ્રસિદ્ધિ પામે તેને માટે ઠીક ઠીક સમય વ્યતીત થયો હોય એ અપેક્ષિત છે. ૧૦ મી સદીનો ધનપાલ તિલકમંજરીમાં ભવભૂતિની પ્રશંસા કરે છે. ૮મી સદીના ઉત્તરાર્ધનો વામન કાવ્યાલંકારસૂત્રવૃત્તિમાં ભવભૂતિની રચનાઓમાંથી અવતરણો આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃતિઓ

ભવભૂતિ મહાવીરચરિત, માલતીમાધવ અને ઉત્તરરામચરિત એ ત્રણ નાટ્યકૃતિઓનો કર્તા છે. મહાવીરચરિત અથવા વીરચરિત અને ઉત્તરરામચરિત અથવા ઉત્તરચરિત રામકથા ઉપરથી રચાયાં છે અને એમનાં વસ્તુ તરીકે અનુક્રમે રામનું પૂર્વજીવન અને ઉત્તર જીવન છે. માલતીમાધવ સામાજિક રંગદર્શી 'પ્રકરણ' છે અને કથાસરિતસાગર(૧૩)માંની મદિરાવતીની કથા ઉપરથી એના વસ્તુનું સૂચન મળ્યું હોય એમ સમજાય છે.

કૃતિઓ મહાવીરચરિત, માલતીમાધવ અને ઉત્તરરામચરિત એ ક્રમમાં રચાઈ હોય એમ ડૉ. રામકૃષ્ણ ભાંડારકર આદિ વિદ્વાનો માને છે. પ્રથમ બે કૃતિઓમાં કવિ પોતાને વિષે લંબાણથી હકીકતો આપે છે; પોતે અભિનેતાઓનો 'પ્રિયસુહૃદ્' છે એમ પણ નોંધે છે. ઉત્તરરામચરિતમાં કવિ અંગત માહિતી સંક્ષેપમાં જ આપી છૂટે છે અને અભિનેતાઓ પ્રત્યેનો ભાવ પ્રગટ કરવા પણ રોકાતો નથી. શૈલી ઉપર ઉપલક દૃષ્ટિ નાંખતાં પણ પ્રૌઢિ અને પરિપક્વતાની દૃષ્ટિએ ઉત્તરરામચરિત તરત નોખું તરી આવે છે અને એમાં જણાતી રસજમાવટની હથોટી તે પાછળની કૃતિ હોય એવી પ્રતીતિ કરાવે છે.

માલતીમાધવમાં કવિ પોતાને વગોવનારાઓને ઉદ્દેશીને યે નામ કેચિદિહ નઃ પ્રથયન્ત્યવજ્ઞાં, જાનન્તિ તે કિમપિ તાન્પ્રતિ નૈષ યત્નઃ। ઉત્પત્સ્યતેઽસ્તિ મમ કોઽપિ સમાનધર્મા, કાલો હ્યયં નિરવધિર્વિપુલા ચ પૃથ્વી ॥ — એ શ્લોક પ્રસ્તાવનામાં આપે છે એનો એ અર્થ થાય કે એ પહેલાં એણે કોઈ નાટક આપેલું છે અને તેને માટે એને ટીકાકારોને હાથે ઠીકઠીક સોસવું પડ્યું છે. મહાવીરચરિતમાં આ અંગે બિલકુલ મૌન છે, એથી કદાચ સૌથી પ્રથમ કૃતિ એ હોય અને એની ઉપર ટીકાકારોએ સખ્ત પ્રહારો કર્યા હોય. ઉત્તરરામચરિતમાં કવિ આ દુર્જનોને–અતિદુર્જનોને–હજી ભૂલી ગયો નથી એવું સૂચન સ્ત્રીઓના સારાપણા વિષે ભૂંડું બોલનારાઓને વાણીના સારાપણા વિષે ભૂંડું બોલનારાઓ સાથે એ સરખાવે છે એ ઉપરથી મળી રહે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ટીકાકારોને સંભાર્યા હોય તો પણ એણે આડવાતમાં અને અત્યંત માર્મિક રીતે સંભાર્યા છે, એ જોતાં માલતીમાધવ પછીની એ કૃતિ સંભવે.

શ્રી. શરદરંજન રાય મહાવીરચરિત, ઉત્તરરામચરિત અને માલતીમાધવ એ ક્રમમાં નાટકો ભજવાયાં હોય એમ કહે છે. મહાવીરચરિતમાં કવિ કવિવર વાલ્મીકિની વાણીનો પોતે ભક્ત છે અને એમાં પોતાની પણ વાણી રમી ચૂકી છે — भक्तस्य तत्र समरंसत मेऽपि वाचः । — એમ ભૂતકાળ વાપરે છે તે ઉપરથી શ્રી. રાય સૂચવે છે કે મહાવીરચરિત ભજવાયું તે અગાઉ ઉત્તરરામચરિત લખાઈ ચૂકયું હોવું જોઈએ, માત્ર ભજવાવું બાકી હશે. એ રીતે શ્રી. રાયને મતે રચનાક્રમ ઉત્તરરામચરિત, મહાવીરચરિત અને માલતીમાધવ એમ ઠરે. માલતીમાધવના આરંભની પ્રસ્તાવનામાં ઉત્તરરામચરિતની પ્રસ્તાવના જેવી કચાશ નથી, એકંદર આયોજન અને વસ્તુસંકલના પણ ચઢિયાતાં છે એમ એ કહે છે. ઉત્તરરામચરિતના ભરતવાક્યમાં परिणतप्रज्ञस्य वाणीमिमाम् શબ્દો છે તે વાલ્મીકિ પરત્વે છે એમ શ્રી. રાય સયુક્તિક રીતે બતાવે છે અને શ્રી. ભાંડારકર આદિ ભવભૂતિ પરત્વે એ શબ્દો યોજે છે તેમ કરતાં પણ જે કવિની પ્રજ્ઞા પરિણત થઈ હોય તેણે લખવાનું બંધ કરવાનું ન હોય, આગળ વળી વધુ સારું કાંઈક આપવાનું હોય એમ કહી એ સૂચવે છે કે માલતીમાધવ એવી પાછળની કૃતિ છે. શ્રી. કાળે માલતીમાધવને પ્રથમ કૃતિ ગણાવે છે અને પછી રામકથાની કૃતિઓ મહાવીરચરિત અને ઉત્તરરામચરિત રચાયાનું કહે છે. કૃતિઓ રચાયાના ક્રમનો પ્રશ્ન એવો મોટો મહત્ત્વનો નથી, અને એની ચર્ચા ઘણુંખરું અંગત રુચિનાં ધોરણોથી થતી હોય એવું છેવટે તો બને છે. ડૉ. ભાંડારકરનો અભિપ્રાય ઠીક હોવા સંભવ છે.

વધારે મહત્ત્વનો અને જેનો ઝટ ઉત્તર ન જડે એવો પ્રશ્ન તો મહાવીરચરિત પાંચ અંક પછી અધૂરું કેમ રહ્યું એ છે. છેલ્લા બે અંકો કાશ્મીરની હસ્તપ્રત પ્રમાણે વિનાયકની અને મહીસુરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે પ્રમાણે સુબ્રહ્મણ્યની રચના છે. અધૂરી કૃતિ એ સામાન્યતઃ કવિની છેલ્લી કૃતિ હોય. પણ મહાવીરચરિતની કચાશ જોતાં એવું અનુમાન દૂરાપાસ્ત લાગે છે. કવિને પાંચમા અંકે પહોંચ્યા પછી અસંતોષ થયો હશે? કોઈ વસ્તુસંકલનાની ગૂંચ નડી હશે? — વિદ્વાનોને બતાવતાં, ગોષ્ઠિઓ સમક્ષ પાઠ કરતાં, પ્રતિકૂળ ટીકાઓ મળી હશે? — રસિકમંડળોએ એની 'અવજ્ઞા' કરી હશે? — ગમે તેમ, પણ કવિએ એ કૃતિ અધૂરી મૂકી છે અને તે પછી બીજી બે સુંદર કૃતિઓ રચી છે. પછીથી અધૂરા મહાવીરચરિતને હાથ લેવાનો એને કાં તો અવસર જ મળ્યો નહિ હોય અથવા એમ કરવામાં એને હવે રસ રહ્યો નહિ હોય. આખી રામકથાને નાટકમાં ગૂંથવાનું મન હતું ને? પૂર્વકથામાં પૂરી સફળતા ભલે ન મળી, ઉત્તરરામચરિતના અદ્‌ભુત પ્રથમ અંકમાં પશ્ચાદ્દર્શન (Retrospect) રૂપે અપૂર્વ કલામયતાથી પૂર્વકથાને ગૂંથી લઈને કવિએ સંતોષ માન્યો હશે.

આ ત્રણ નાટ્યકૃતિઓ ઉપરાંત ભવભૂતિએ કાંઈ લખ્યું હશે કે કેમ તે નક્કી થવું મુશ્કેલ છે. વાક્‌પતિરાજ કાવ્યની વાત કરે છે તે આ નાટ્યકૃતિઓ જ નહિ પણ બીજા કાવ્યપ્રબંધો પણ હોય પણ એ વિષે જાણવાનું હવે આપણી પાસે કોઈ સાધન નથી. સુભાષિતોના સંગ્રહોમાં જે શ્લોક એકમાં ભવભૂતિને નામે હોય છે તે બીજામાં નનામો પણ છે. શાર્ઙ્ગધરપદ્ધતિમાં બે શ્લોક ભવભૂતિને નામે છે તેમાંનો એક સૌથી પહેલો સુભાષિતસંગ્રહ કરનાર જલ્હણની સૂક્તિમુક્તાવલિમાં માલતીમાધવ નામના કવિને નામે ચઢેલો છે. આ ઉપરાંત માલતીમાધવને નામે બીજા છ શ્લોક છે. માલતીમાધવ તે ભવભૂતિ નહિ પણ એવા નામનો અન્ય કવિ હોવો જોઈએ (નિદ્રાદરિદ્ર, ઉત્પ્રેક્ષાવલ્લભ, એવાં કવિનામો હોય છે) એમ કહી ડૉ. ભાંડારકર સૂચવે છે કે સુભાષિતસંગ્રહોમાં ભવભૂતિના નામનો શ્લોક આવે એ ભવભૂતિએ નાટકો ઉપરાંત બીજી કૃતિઓ રચી હશે એમ માનવા માટે પૂરતું વ્યાજબી કારણ નથી. પણ ડૉ. બેલ્વલકર બતાવે છે તેમ જલ્હણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવભૂતિના નામે આપેલો બીજો એક શ્લોક એ એની પ્રસિદ્ધ ત્રણ નાટ્યકૃતિઓમાંનો નથી એ જ બતાવે છે કે જલ્હણના માલતીમાધવને ભલે જુદો કવિ ગણીએ તો પણ ભવભૂતિએ ત્રણ નાટ્યકૃતિઓ ઉપરાંત બીજી રચનાઓ કરી હોવી જોઈએ.

કૃતિઓમાંથી સમજાતું કવિજીવન

કવિની રચનાઓ ઉપરથી એના જીવન વિષે અનુમાનો તારવવાની રીત જોખમભરેલી છે. કવિની રચનાઓમાં એના પોતાના જ નહિ પણ જગતસમગ્રના એણે જોયેલા જીવનની વિગતો કલાસર્જનની પ્રક્રિયા દ્વારા એવું રાસાયનિક પરિવર્તન પામેલી હોય છે કે એ પરિવર્તિત અંશો ઉપરથી કવિના વાસ્તવિક જીવનના ઇતિવૃત્ત વિષે અનુમાન કરવું એ ભાગ્યે જ સલાહભરેલું ગણાય. દા. ત. ભવભૂતિએ માલતીમાધવ અને ઉત્તરરામચરિત એ બંને કૃતિઓમાં દામ્પત્યનો પરમશોભન આદર્શ રજૂ કર્યો છે તે ઉપરથી એમ કહેવામાં આવે છે કે કવિનું દામ્પત્યજીવન સુખી સંતોષભર્યું હશે. પણ આદર્શની સુરેખ રજૂઆત માટે એ જાતનું જીવન કવિએ સ્વયં જીવેલું હોવું જોઈએ એવો એ બે વચ્ચે કાર્યકારણ સંબંધ નથી. ઘણી વાર માણસે જે વસ્તુની ઊણપ હાડોહાડ અનુભવી હોય તેનો એને માનસ સાક્ષાત્કાર હોય છે અને એના પોતાના જીવનમાં અભાવ હોવા છતાં એનું સુરેખ વર્ણન એ કરી શકે છે. એક ફ્રેન્ચ લેખક વિષે એવી કથા છે કે એની નિર્વેદભરી મનોરુગ્ણતાના ઇલાજરૂપે એક ડૉક્ટરે એને મોલિયેરનાં નાટકો જોતા રહેવાની સલાહ આપી. દર્દીએ જણાવ્યું કે એ પોતે જ મોલિયેર હતો ! આમ કળાકારે જે ચિત્રો સફળતાપૂર્વક આંક્યાં હોય, જે રસ સફળતાપૂર્વક જમાવ્યો હોય, તે ચિત્રો અને તે રસ સાક્ષાત્ એના જીવનમાં પણ છે એવું અનુમાન — એટલા ઉપરથી જ — બાંધવું ઠીક નથી. ભવભૂતિએ માલતીમાધવ અને ઉત્તરરામ-ચરિતમાં દામ્પત્ય(લગ્નપ્રેમ અને વાત્સલ્ય)નાં સુંદર ચિત્રો રજૂ કર્યાં છે એટલા જ આધાર ઉપરથી એનું દામ્પત્યજીવન સુખમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું એમ કહેવું યથાર્થ ન ઠરે. તેમ જ એ બંને કૃતિઓમાં માધવ–મકરન્દ અને દશરથ–જનકના પરમ મૈત્રીસંબંધનાં ચિત્રો છે એ ઉપરથી જ એને મિત્રસુખ મળ્યું હશે એમ કહેવું એ પણ યથાર્થ ન ઠરે. ભવભૂતિની કાવ્યકૃતિઓ ઉપરથી કાંઈ પણ શાસ્ત્રીયતાસંમત અનુમાન તારવવાનો અવકાશ હોય તો તે માત્ર એટલો છે કે કવિ સમક્ષ સ્ત્રીપુરુષ વચ્ચેના પ્રેમનો દામ્પત્યપ્રેમરૂપે એક પરમ રસસમુજ્જ્વલ આદર્શ છે. બાળકનું દામ્પત્યના વિકાસક તત્ત્વરૂપે શું સ્થાન છે તે પણ એ જાણે છે. ઉદાત્ત મૈત્રીની કિંમત પણ એને સમજાઈ છે. દામ્પત્યપ્રેમની, વાત્સલ્યની અને મૈત્રીની કવિને એવી કોઈ ગાઢ અનુભૂતિ છે કે એનાં એણે કરેલાં વર્ણન કોઈ અલૌકિક આભાથી ખીલી ઊઠયાં છે. 'વર્ણન'ની શક્તિનો પરિચય થતાં કવિના 'દર્શન' અંગે — અનુભૂતિ અંગે આપણે આવું અનુમાન કરી શકીએ, પણ કવિને જે પ્રકારનું દર્શન છે — જેવી અનુભૂતિ છે તેવું જ એનું સાક્ષાત્ વ્યવહારમાં જીવન હશે એમ કહી શકાતું નથી. અને એ નથી કહી શકાતું એથી કાવ્યાસ્વાદમાં કોઈ ઊણપ પણ રહેતી નથી. કવિને એવી અનુભૂતિ છે એ જ કાવ્યાસ્વાદ માટે પૂરતું છે. એવી અનુભૂતિ સાક્ષાત્ એવા જીવનથી કે એવા જીવનના અભાવથી થઈ એ નક્કી કરવાનું ભવભૂતિના દાખલામાં આપણી પાસે સાધન નથી. આવી અનુભૂતિ પામી શકે એટલી આંતર સંવાદિતાની ભૂમિકા એણે સાધી હોવી જોઈએ એમ કહી શકાય. આથી અતિરિક્ત વ્યવહારજીવનની બીજી વિગતો એની કાવ્યકૃતિઓમાં વાંચવી એ સયુક્તિક નથી.

ભવભૂતિ કરુણરસનું ઉત્તમ આલેખન કરે છે એથી એના વાસ્તવિક જીવનમાં કરુણતા હશે એમ કોઈ માને તો તે પણ બરોબર ન ગણાય. એટલું જ કહી શકાય કે કરુણરસની અનુભૂતિ કવિને ગહનરૂપે થયેલી છે. એમાં એના પોતાના જીવનની કરુણતા નિમિત્તરૂપ છે કે કેમ તે જાણવાનું સાધન આપણી પાસે નથી અને કાવ્યરચના ઉપરથી એવું અનુમાન બાંધવું એ શાસ્ત્રસંમત નથી. જગતનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ઉત્તમ હાસ્યરસનો કવિ મોલિયેર વાસ્તવજીવનમાં મનોરુગ્ણતાથી પીડાતો હતો એવું સૂચવાય છે તે હમણાં જ આપણે જોયું. મોલિયેરને હાસ્યરસની ઊંડી અનુભૂતિ હતી એટલું જ એનાં હાસ્યરસનાં નાટકો પરથી કહેવું હોય તો કહી શકાય, એ આખો દિવસ હસમુખો રહેતો એમ કહી ન શકાય. ભવભૂતિની કરુણરસની સમજ અને હથોટી જોતાં એની કરુણની અનુભૂતિ ગાઢ છે એટલું જ ઉત્તરરામચરિત નાટક ઉપરથી તો અનુમાન બાંધી શકાય.

કવિએ માલતીમાધવમાં પોતાની અવજ્ઞા કરનાર વર્ગ અંગે શ્લોક મૂકેલો છે તે ઉપરથી ટીકાકારોએ એને રંજાડયો હોય અને એના મનમાં એનો કાંટો રહી ગયો હોય એમ માનવામાં આવે છે. જગતમાં ભાગ્યે જ એવો કોઈ કવિ થયો હશે જેની ક્યારેક પણ ટીકાકારોએ ખબર લીધી ન હોય. કાલિદાસની આરંભની કૃતિમાં पुराणमित्येव न साधु सर्वम् ઇત્યાદિ — શબ્દોથી નવી કૃતિ સામેના પૂર્વગ્રહનો સામનો કર્યો હોય એવું દેખાય છે. કૃતિને વખોડી કાઢનાર વર્ગ સામે પોતાની કૃતિના કાવ્યત્વ પર નિર્ભર રહીને અડગ રહેનારા કવિમાં જે આત્મશ્રદ્ધા હોય છે તેનો ચિરંજીવ ઉદ્‌ગાર ભવભૂતિમાં મળે છે. એ ઉદ્‌ગારની ઉત્તમતાને લીધે કવિને સારો વખત અવજ્ઞાનો અનુભવ થતો એવી એને વિષે છાપ પડી ગઈ છે. માલતીમાધવનો ઉદ્‌ગાર વાસ્તવમાં કવિની ક્યારેક થયેલી અવજ્ઞાના પ્રતિઘોષ રૂપે છે એમાં શંકા નથી. ઉત્તરરામચરિતમાં (અંક ૧–૫) પણ આડકતરી રીતે ટીકાકારોનું સૂચન આવે છે એ ઉપરથી કવિ એમને ભૂલ્યો નથી એમ કહી શકાય. કાલિદાસ નવા કવિ સામેના પૂર્વગ્રહથી અકળાતો દેખાય છે, પણ પછી અંતે आपरितोषाद् विदुषाम् – એ શબ્દોથી શાકુંતલમાં જાણકારોને સંતોષ આપવાની વૃત્તિ બતાવે છે અને રઘુવંશમાં તો પોતાને मन्दः कवियशःप्रार्थी કહી उद्बाहुरिव वामनः એ રીતે પોતાને સરખાવી નમ્રપણે રસિકસમાજ સામે ઊભો રહે છે. ભવભૂતિ यं ब्रह्माणमियं देवी वाग्वश्येवानुवर्तते એવા શબ્દોથી ઉત્તરરામચરિતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પોતાની વડાઈ બતાવે છે. એના અને કાલિદાસના સ્વભાવમાં એટલો ફેર છે એ બંનેના ઉદ્ગારો પરથી પ્રતીત થાય છે.

ઉત્તરરામચરિતના ત્રીજા અંકને અંતે અહો સંવિધાનકમ્ ! – એવો તમસાનો ઉદ્ગાર છે તેમાં અને સાતમા અંકને અંતે વાલ્મીકિ માટે યોજેલા પરિણતપ્રજ્ઞ વિશેષણમાં પોતાને વિષેનો ઊંચો અભિપ્રાય કવિએ વ્યક્ત કર્યો છે એમ માનવા કેટલાક પ્રેરાય છે એમાં ભવભૂતિનો એ સ્વભાવ કારણભૂત છે. પણ તમસાનો ઉદ્ગાર પ્રસંગપ્રાપ્ત લેખીએ એ જ પૂરતું છે. અને પરિણતપ્રજ્ઞ વિશેષણ વાલ્મીકિ સાથે જાય એ રીતે તામેતામ્‌ને બદલે વાલ્મીકેઃ પાઠ લેવો એ જ ઠીક છે એમ શ્રી. શરદરંજન રાયે યોગ્ય રીતે બતાવ્યું છે.

મહાવીરચરિત(અંક ૧–૪)માં વશ્યવાચઃ કવેર્વાક્યમ્ એવા શબ્દો છે. ઉત્તરરામચરિતમાં પણ વાચાને વશ્યા (પોતાને વશ) ગણાવી છે, પણ તે ઉપરાંત બ્રહ્માને જેમ વાગ્દેવી વશ છે તેમ પોતાને પણ છે એમ કહી એનો પોતાની સાથેનો પત્ની તરીકેનો સંબંધ કવિએ સૂચવ્યો છે. આ ઉપરથી પણ કવિજીવન વિષે એક સંભાવના જાગે છેઃ કવિની પત્નીનું નામ સરસ્વતીનું કોઈ એક નામ હશે ? શંકરાચાર્ય અને મંડનમિશ્ર વચ્ચે વાગ્દ્વંદ્વ થયું ત્યારે પ્રમુખસ્થાને શારદા નામની મંડનમિશ્રની વિદુષી પત્ની હતી એ ઉપરથી મંડનમિશ્ર એ જ ભવભૂતિ હશે એમ માનવા એક નવું સૂચન મળે છે. પણ ઉપર જોયું છે તેમ મંડનમિશ્ર અને ભવભૂતિ એ એક વ્યક્તિ હોય એમ માનવા માટે અનુકૂળ પુરાવો નથી. ભવભૂતિના શબ્દોમાં એની પત્નીના નામનો નિર્દેશ થાય છે એમ માનવું જ હોય તો મંડનમિશ્રની પત્નીનું નામ શારદા હતું તેમ ભવભૂતિ કવિની પત્નીનું નામ પણ શારદા, સરસ્વતી, ભારતી, વાચાદેવી કે એવું કાંઈક હશે એમ માનવું જોઈએ.

કવિને નટમંડળ સાથે મિત્રતાનો સંબંધ હતો એમ મહાવીરચરિત અને માલતીમાધવની પ્રસ્તાવનાઓ ઉપરથી જાણવા મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૨

ઉત્તરરામચરિતની સામગ્રી

ઉત્તરરામચરિત નાટક એના નામ પ્રમાણે રામના જીવનના પાછલા ભાગને વસ્તુ તરીકે લઈને રચાયેલું છે. વાલ્મીકિ રામાયણમાં રામના પાછલા જીવનનું જે રીતે નિરૂપણ થયું છે એ કરતાં ઉત્તર-રામચરિતમાં કાંઈક જુદી રીતે થયું છે એથી કવિએ કાં તો કલ્પનાને આધારે અથવા તો રામકથાના કોઈક પ્રચલિત રૂપાન્તરને આધારે પોતાની કૃતિમાં નિરૂપણ કર્યું હોય.

વાલ્મીકિકૃત ગણાતા રામાયણના બાલકાંડનો મોટો ભાગ અને આખો ઉત્તરકાંડ વાલ્મીકિની કૃતિ ન હોય એમ વિદ્વાનો માને છે. એ ભાગો પાછળથી ઉમેરાયા હોવાનો પૂરો સંભવ છે. પણ આ જાતની શંકા તો પાશ્ચાત્ય અસર નીચે શાસ્ત્રીયતાનો આગ્રહ રાખતી દૃષ્ટિને લીધે આધુનિક સમયમાં ઉઠાવવામાં આવી છે. અત્યાર સુધી તો રામાયણ આખું વાલ્મીકિની કૃતિ લેખાતું અને 'વાલ્મીકિ-રામાયણ' કહેવાતું. ઉત્તરરામચરિતના ચોથા અંકમાં લવ કહે છે કે વાલ્મીકિએ સીતાત્યાગ સુધી રામાયણ લખ્યું છે અને પ્રસિદ્ધ કર્યું છે અને તે પછીનો ભાગ કવિએ લખ્યો તો છે પણ પ્રકાશિત કર્યો નથી. એ અપ્રકાશિત ભાગના કોઈ એક અંશનું કવિએ નાટ્યપ્રકારે પણ આલેખન કર્યું હોવાના અને તે ભરતમુનિને ભજવવા માટે સોંપાયાના સમાચાર લવ પાસેથી મળે છે. સીતાત્યાગ સુધીનો ભાગ વાલ્મીકિએ લખ્યો છે એમ ભવભૂતિ કહે છે એટલે ઉત્તરકાંડ સમેત આખું 'વાલ્મીકિરામાયણ' એમની આગળ છે એમ માનવું રહે છે. વાલ્મીકિરામાયણને અંતે સીતાના વિલયની ઘટના છે તેને બદલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે રામસીતામિલનરૂપ સુખાન્ત કલ્પ્યો છે–અને વાલ્મીકિએ જ પોતે એને અનુમોદન આપ્યું હોય એમ એમણે રજૂ કર્યો છે–તેમ છતાં સીતાના વિલયની ઘટના એમની નજર આગળ છે એમ એમણે સીતા પ્રસૂતિ પછી બાર વરસ રસાતલમાં રહે એવી રચના કરી છે અને રામનો પણ એ વખતે 'શું વૈદેહીનો વિલય થયો?' એવો ઉદ્‌ગાર છે (અંક ૭)–એ ઉપરથી સમજાય છે. લવકુશ બાર વરસના થયા તેટલો સમય 'વાલ્મીકિરામાયણ' પ્રમાણે સીતા વાલ્મીકિ-આશ્રમમાં રહી હતી, પણ ભવભૂતિએ અહીં 'વાલ્મીકિરામાયણ'થી આગળ જઈને સીતાને વિલય (રસાતલ નિવાસ) આપ્યો છે. સીતાનો પૃથ્વીમાં અંતે વિલય થાય એ રીતે નિરૂપાયેલી રામકથા ભવભૂતિ સમક્ષ હોવી જોઈએ એમ સમજાય છે અને એ અત્યારનું પ્રચલિત 'વાલ્મીકિરામાયણ' પણ હોય. તો પછી ભવભૂતિએ 'વાલ્મીકિ-રામાયણ'થી ભિન્ન એવો રામકથાનો સુખાન્ત પોતાની પ્રગલ્ભ કલ્પના વડે જ રજૂ કર્યો કે એને કોઈ બીજો આધાર હશે?

રામકથા મહાભારત તેમ જ બ્રહ્મ, ગરુડ, અગ્નિ, સ્કંદ, કૂર્મ, ભાગવત, પદ્મ આદિ પુરાણોમાં પણ આલેખાયેલી છે. પદ્મમાં ત્રણ ઠેકાણે એનું આલેખન થયું છે. તેમાંના પાતાલખંડના પ્રથમ ૬૮ અધ્યાયમાં જે રીતે રામકથા રજૂ થઈ છે તેમાં અને ઉત્તરરામચરિતમાં મળતાપણું છે. સીતાનો ત્યાગ થયા પછી તે વાલ્મીકિના આશ્રમમાં લવકુશને જન્મ આપે છે. અશ્વમેધના ઘોડાને ૧૬ વરસનો લવ પકડે છે. યુદ્ધ થાય છે. કુશ બધાને પકડે છે. સીતા વચ્ચે પડે છે અને સૌને છોડાવે છે. યજ્ઞમાં વાલ્મીકિને રામ વીર કુમારો વિષે પૂછે છે ને ખરી હકીકત એમની જાણમાં આવે છે. સીતાને બોલાવી મંગાવ-વામાં આવે છે અને વાલ્મીકિ-શત્રુઘ્ન આદિ એના શીલને અનુમોદન આપતાં તેનો સ્વીકાર થાય છે અને પતિપત્ની પછીથી સુખે આયુષ્ય નિર્ગમન કરે છે. આમ, પદ્મપુરાણ રામકથાના સુખાન્ત ઉપરાંત અશ્વમેધયજ્ઞના ઘોડા અંગેની લડાઈની ઘટના પણ વીગતથી આપે છે. જો કે એમાં પણ ચંદ્રકેતુ નહિ પણ ભરતનો પુત્ર પુષ્કલ અશ્વ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષક તરીકે છે, લવકુશની ઉંમર બાર વરસની નહિ પણ સોળની છે, સીતા વાલ્મીકિ આશ્રમમાં જ છે અને તે—નહિ કે રામ—લડાઈમાં વચ્ચે પડે છે—એવો કેટલોક ઉત્તરરામચરિતથી ફેર છે. રામકથાનાં બૌદ્ધ અને જૈન રૂપાન્તરો સીતાના વિલયની ઘટના આપતાં નથી. બ્રાહ્મણ પરંપરામાં પણ સ્વતંત્ર રીતે અથવા બૌદ્ધ-જૈન અસર નીચે વિલયના પ્રસંગને જેમાંથી ગાળી નાખવામાં આવ્યો હોય એવું સુખાન્તવાળું રામકથાનું રૂપાન્તર પ્રચલિત હોવા સંભવ છે. એવા કોઈ રૂપાન્તરના આધારે ભવભૂતિએ તેમ જ પદ્મપુરાણકારે રામકથાનું પોતપોતાનું નિરૂપણ કર્યું હોય. પદ્મપુરાણ ઉપરથી ભવભૂતિએ નિરૂપણ કર્યું એમ નક્કી કહી શકાતું નથી. પુરાણો પ્રસિદ્ધ સાહિત્ય-કૃતિઓને અનુસરીને પણ આખ્યાનો આપે છે. કુમારસંભવના કાલિદાસના નિરૂપણને મળતું શિવપુરાણનું નિરૂપણ છે, ક્યાંક શાબ્દિક સામ્યો પણ છે, પણ કાલિદાસે પુરાણ ઉપરથી નહિ પણ પુરાણે કાલિદાસ ઉપરથી કથા આલેખી હોય એવું જ વધારે તો દેખાય છે. પદ્મપુરાણ જેવું વિશાલોદર પુરાણ, જેમાં જમાને જમાને નવા નવા અંશો ઉમેરાતા જ ગયા છે, તેના જુદા જુદા થરોનો કાળ નક્કી કરવો મુશ્કેલ છે. ભવભૂતિએ પદ્મપુરાણનો આધાર લીધો એમ નિશ્ચયપૂર્વક કહેવાનું કોઈ સાધન નથી. ઘણું તો એટલું કહી શકાય કે ભવભૂતિ અને પદ્મ એ બંનેની પાછળ રામકથાનો સુખાન્ત યોજતી કોઈક બ્રાહ્મણ કે ઇતર પરંપરા હોય.

મુખ્યત્વે એવી કોઈ બ્રાહ્મણ પરંપરાના આધારે કે બૌદ્ધ-જૈન અસર નીચે ભવભૂતિએ રામકથાનો સુખાન્ત યોજ્યો હોય. નાટ્ય-શાસ્ત્રના નિયમ પ્રમાણે નાટકનો સુખાન્ત હોવો જોઈએ એટલા માટે ભવભૂતિએ સુખાન્ત યોજ્યો એમ પણ કહેવામાં આવે છે. પણ ભરતનાટ્યશાસ્ત્ર(૧.૧૦૫) क्वचिद्धास्य क्वचिद्युद्धं क्वचित्कामः क्वचिद्वधः॥ - એ શબ્દોથી યુદ્ધ, વધ આદિના નિરૂપણને પણ અનુમતિ આપે છે, અને ભાસરચિત ગણાતા 'ઉરુભંગ'માં દુર્યોધનના મૃત્યુનું નિરૂપણ થયેલું પણ જોવા મળે છે. તેમ છતાં પાંચમા અને છઠ્ઠા અંકમાં કવિએ પ્રત્યક્ષ યુદ્ધનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરૂપણ કર્યું નથી અને રંગભૂમિ પર યુદ્ધ ન બતાવવાની નાટ્યશાસ્ત્રની સામાન્ય પ્રણાલિકાનું પાલન કર્યું છે તેમ સાતમા અંકને અંતે પણ સીતાનો વિલય ન નિરૂપીને એ સામાન્ય પ્રણાલિકાનું જ અનુસરણ કર્યું હોય.

મૂળ રામાયણ યુદ્ધકાંડ આગળ પૂરું થતું લેખાય છે. યુદ્ધકાંડને અંતે રાવણવધ પછી સીતાને પાછી મેળવીને રામ 'ચારિત્રસંદેહ પામેલી' પત્નીને યથેચ્છ રીતે બીજા કોઈને પરણવા કહે છે અને સીતા તેનો પ્રત્યુત્તર આપે છે તે પ્રસંગના પડઘા ઉત્તરકાંડના સીતાપરિત્યાગના પ્રકરણમાં પડયાં જ કરે છે. રામે 'પ્રાકૃત'જન પેઠે અણછાજતું વચન કહ્યું તેમ છતાં સીતા मदधीनं तु यत्तस्मे हृदयं त्वयि वर्तते એવું જે પ્રેમમૃદુ શ્રદ્ધાવચન કહે છે તે ભવભૂતિની નાટ્ય-સૃષ્ટિના પણ પાયામાં છે. ઉપરાંત સીતાનું

न प्रमाणीकृतः पाणिर्बाल्ये मम निपीडितः ।
मम भक्तिश्च शीलं च सर्वं ते पृष्ठतः कृतम् ॥

—આ વચન પણ ઉત્તરરામચરિતના સાતમા અંકમાં (શ્લોક ૫) સહેજ ફેરફારથી પૃથ્વીના મુખે ઉચ્ચારાતું સાંભળવા મળે છે.

શ્રી રામકૃષ્ણકવિ અને રામનાથ શાસ્ત્રીએ ઈ. સ. ૧૯૨૩માં પ્રગટ કરેલ દિઙ્નાગ(વિદ્વાનોને મતે તેનું નામ ધીરનાગ છે)નું 'કુન્દમાલા' નાટક સીતાપરિત્યાગને જ વિષય બનાવીને પ્રવર્તે છે. આવા દાખલાઓમાં કેટલીક વાર ઉત્તમ કૃતિની સામાન્ય કૃતિ ઉપર અસર હોય એવું પણ જોવા મળે છે. કુન્દમાલાની ઉક્તિઓની અને સંવિધાનની ક્યાંક ઉઘાડી છે. કોની કોના ઉપર અસર એ અંગે દૃઢાગ્રહ ન સેવાય:તો પણ બંનેમાં જોવા મળતાં કેટલાંક શાબ્દિક સામ્યો નીચે નોંધ્યાં છે તે પૂરતાં રસપ્રદ છે. કુ. કુન્દમાલામાંનો ફકરો અને ઉ. તેને મળતો ઉત્તરરામચરિતનો ફકરો નિર્દેશે છે.—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(१) सीता — एवं संदिशतार्यपुत्रेण परित्यागदुःखं मयि निरवशेषमपनीतम् । कु. १.१३–

(१) सीता — . . . उत्खातमिदानीं मे परित्यागलज्जाशल्यमार्यपुत्रेण । उ. ३.४५–

(२) लक्ष्मणः— नृत्तं त्यजन्ति शिखिनोऽपि विलोक्य देवीं
तिर्यग्गता वरमभी न परं मनुष्याः ॥ कु. १.१७

(२) रामः— हन्त, तिर्यञ्चोऽपि परिचयमनुरुन्धन्ते ! उ. ३.१९–

(३) लक्ष्मणः— सर्वपश्चिमोऽयं लक्ष्मणस्य प्रणामाञ्जलिः । कु. १.१७–

(३) रामः— . . . अयं पश्चिमस्ते रामस्य शिरसा पादपङ्कजस्पर्शः । उ. १.४९–

(४) वाल्मीकिः— वीरप्रसवा भव । उ. १.२८

(४) अष्टावक्रः — '. . . केवलं वीरप्रसवा भूयाः ।' उ. १.९–

(५) सीता — . . . इति परित्यागदुःखतो लज्जा एव मामधिकतरं बाधते । कु. २.१–

(५) सीता — . . . परित्यागलज्जाशल्यम् . . . । उ. ३.४५–

(६) सीता — कथं तस्य हृदयं सीतायाः परकीयं भविष्यति ? कु. २.१–

(६) सीता — . . . अहमेतस्य हृदयं जानामि, . . . । उ. ३.१२–

(७) सीता — . . . अथवा तथा पराङ्मुखे जने एवमभिमुखीभवामीति यत्सत्यमात्मनोऽपि अहं लज्जितास्मि । . . . . . अहो दृष्ट इति परितोषः, चिरप्रवास इति मन्युः, परिक्षाम इत्युद्वेगः, निरनुक्रोश इत्यभिमानः, चिरपरिचित इत्यनुरागः, दर्शनीय इत्युत्कण्ठा, स्वामीति बहुमानः, कुशल्वयोस्तात इति कुटुम्बिनीसद्भावः, अपराधं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रवेशितास्मीति लज्जा; न जानामि आर्यपुत्रदर्शनेन कीदृशीमवस्थामनुभवामीति । कु. ३.११–

(७) सीता — . . . किमिति किलैषा मंस्यत एष ते परित्याग एषोऽभिषङ्ग इति । उ. ३.४२–

तमसा — तटस्थं नैगश्यात् . . . वगेरे उ. ३.१३

सीता — . . . एतस्यैवंविधेन दर्शनेन कीदृशी मे हृदयावस्था! उ. ३.१२–

(८) ऋषिः— व्यक्तं सोऽयमुपागतो वनमिदं रामाभिधानो हरिः ॥ कु. ३.१४

(८) वासन्ती — पुनरिदमयं देवो रामः स्वयं वनमागतः॥ उ. ३.२४

(९) सीता — . . . अथवा यदि संलक्षित आर्यपुत्रः पुनरपि कोपिष्यति । . . .

. . . सर्वथा न शक्नोमि एतादृशामवस्थां गतमार्यपुत्रमुपेक्षितुम् । कु. ४.१४–

(९) सीता — मां प्रेक्ष्यानभ्यनुज्ञातेन संनिधानेनाधिकं मम राजा कोपिष्यति । उ. ३.१२–

रामः— . . . न मामेवंविधं परित्यक्तुमर्हसि । उ. ३.४२–

(१०) सीता — आर्यपुत्र, विपरीतः खलूपालंभः । कु. ४.१५–

(१०) सीता — अयि आर्यपुत्र, विपरीतमिदंतत् । उ. ३.४२–

(११) रामः— . . . सर्वथा वञ्चितोऽस्मि कामरूपिण्या तिलोत्तमया । कु. ४.२१–

(११) रामः— . . . स एवैष भगवाननेकवारपरिकल्पनानिर्मितो विप्रलम्भः पुनःपुनरनुबध्नाति माम् । उ. ३.४२–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(१२) रामः— आपातमात्रेण कयापि युक्त्या
सम्बन्धिनः संनमयन्ति चेतः ।
विमृश्य किं दोषगुणानभिज्ञ-
श्चन्द्रादये श्च्योतति चन्द्रकान्तः ॥ कु. ५. १०

(१२) रामः— व्यतिषजति पदार्थान् वगेरे उ. ६.१२

(१३) रामः— गिरां सन्दर्भोऽयं प्रथममवतीर्णो वसुमतीम् । . . .
वयस्य, अपूर्वोऽयं मानवानां सरस्वत्यवतारः ॥ कु. ६.१–

(१३) आत्रेयी — . . . प्रथमं मनुष्येषु शब्दब्रह्मणस्तादृशं विवर्त-
मितिहासं प्रणिनाय । उ. २.५–

(१४) कण्वः— . . . एतत्सज्जमास्थानमण्टपम्, एतदासनं च । कु. ६.१

(१४) लक्ष्मणः— . . . कृतश्च . . . समुचितस्थानसंनिवेशो मया ।
उ. ७.१ पूर्वे.

लक्ष्मणः— इदं चास्तीर्णं राजासनम् । उ. ७.१–

(१५) रामः— आर्यौ प्रस्तूयताम् । कु. ६.२–

(१५) रामः— प्रस्तूयतां भोः । उ. ७.१–

(१६) रामः— (आत्मगतम्) नियतं मध्यमाम्बा निन्द्यते । (प्रकाशम्)
तमुद्देशमुल्लङ्घ्य सीतापहरणात्प्रभृति गीयताम् । कु. ६.८–

(१६) लक्ष्मणः— अये मध्यमाम्बावृत्तमन्तरितमार्येण । उ. १.२१–

(१७) कुशलवौ — परित्यज्य महारण्ये लक्ष्मणोऽपि न्यवर्तत ॥ कु. ६.१६

(१७) लवः— . . . सीतामासन्नप्रसववेदनामेकाकिनीमरण्ये परित्यज्य
लक्ष्मणः प्रतिवृत्तः इति । उ. ४.२४–

(१८) सीता — . . . श्रुण्वन्तु भवन्तो लोकपालाः . . . सीता
चारित्रशुद्धिमन्तरेण एवं सत्यापयति । कु. ६.२२–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(१८) अरुन्धती—भो भोः पौरजानपदाः . . . सीतादेवी परिगृह्यतामिति कथमिह भवन्तो मन्यन्ते? उ. ७.१८–

(१९) सर्वे — आश्चर्यमाश्चर्यम् । एष हि देवीवचनस्य समनन्तरं दत्तावधान इव निःशब्दप्रशान्तो निवृत्तसर्वारम्भः कृत्स्न एव स्थावरजङ्गमो लोकः संप्रवृत्तः । कु. ६.२२–

(१९) लक्ष्मणः— . . . पौरजानपदाः कृत्स्नश्च भूतग्राम आर्यां नमस्कुर्वन्ति लोकपालाः सप्तर्षयश्च पुष्पवृष्टिभिरुपतिष्ठन्ते । उ. ७.१८–

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar